NEW COURSE

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના
જૂન - 2015ના પ્રવર્તમાન નવા અભ્યાસક્રમ અનુસાર બી.એડ્.ના
વિદ્યાર્થીઓ માટે ઉપયોગી સંદર્ભ પુસ્તક

(SEMESTER - II)

EDPE - 2108

જ્ઞાન અને અભ્યાસક્રમ-A

KNOWLEDGE AND CURRICULUM - A

● અદ્યતન આવૃત્તિ : 2016 **(બી.એડ્.)** ● ₹. 130/-

: લેખકો :

ડૉ. એચ. ઓ. જોષી
(નિવૃત પ્રોફેસર અને અધ્યક્ષ)
શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
મુ. રાજકોટ.

ડૉ. દક્ષાબેન એચ. જોષી
જિલ્લા શિક્ષણ તાલીમ ભવન,
મુ. પોરબંદર.

પ્રિ. ડૉ. એસ. એમ. પટેલ
શ્રી એ. એમ. પટેલ (અવની સીડ)
મહિલા બી.એડ્. કોલેજ, મુ. ઊંઝા.

પ્રિ. ડૉ. એમ. કે. પટેલ
ધી ન્યુ પ્રોગ્રેસિવ કોલેજ ઑફ એજ્યુકેશન,
મુ. મહેસાણા.

પ્રિ. ડૉ. પ્રફુલ્લાબેન પટેલ
સ્વામી વિવેકાનંદ સર્વોદય બેંક એજ્યુકેશન
કોલેજ, મુ. મહેસાણા.

પ્રિ. ડૉ. પારૂલબેન જે. શાસ્ત્રી
દિવ્ય ચેતના કોલેજ ઑફ એજ્યુકેશન,
મુ. ભેટાલી.

પ્રિ. ડૉ. હર્ષદ કે. પ્રજાપતિ
શ્રી અમરદીપ બી.એડ્. કોલેજ,
મુ. પિલવાઈ.

ડૉ. જયેન્દ્ર એન. અમીન
શ્રીમતી બી.વી.પી.પી. કોલેજ ઑફ એજ્યુકેશન,
મુ. વડુ.

પ્રિ. ડૉ. કેતન કે. મહેતા
કોલેજ ઑફ એજ્યુકેશન,
મુ. વડસ્મા.

પ્રા. મનોજકુમાર એસ. ચોખાવાલા
(કાર્યકારી આચાર્ય)
શ્રી નવજીવન બી.એડ્. કોલેજ, મુ. ડીસા.

પ્રિ. મૌલિકકુમાર એચ. ભોજક
કોલેજ ઑફ એજ્યુકેશન,
મુ. બાસ્પા.

પ્રા. તિરૂપતીસિંહ વી. મકવાણા
સરસ્વતી બી.એડ્. કોલેજ,
મુ. વિરાવાડા.

પ્રા. ભગવતીબેન બી. પટેલ
સહજાનંદ કોલેજ ઑફ એજ્યુકેશન, મુ. બેચરાજી.

પ્રા. ભરતભાઈ જે. દેસાઈ
માતૃતિનંદન કોલેજ ઑફ એજ્યુકેશન, મુ. ઉમતા.

નીરવ® પ્રકાશન

-: પ્રકાશક :-

નીરવ પી. શાહ

નીરવ® પ્રકાશન

(એજ્યુકેશનલ પબ્લિશર્સ)

29, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ - 1.

ફોન નં. : (079) 25352172, 25323659, 25353320

E-mail : info@niravprakashan.com

કિંમત ₹. 130/-

-: ચેતવણી :-

આ પુસ્તકના લખાણ કે તેના કોઇપણ ભાગને તેમજ તેની શૈલી, ગોઠવણી તથા રજૂઆતને બીજા કોઇપણ પાઠ્યપુસ્તક, ગાઇડ, મેગેઝિન, સજેશન, કસોટીપત્ર, પેમ્ફલેટ્સ કે અન્ય કોઇપણ પ્રકારના સ્વરૂપે છાપતાં કે ઉપયોગ કરતાં પહેલાં લેખકોની લેખિત પૂર્વ મંજૂરી મેળવવી ખાસ આવશ્યક છે.

-: પ્રકાશકની નોંધ :-

નીરવ પ્રકાશન દ્વારા પ્રકાશિત આ પ્રકાશનમાં શક્ય તેટલી ચોક્સાઇ રાખી વિષયને ન્યાય આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આમ છતાં, કોઇ સંભવિત ત્રુટિ કે હકીકત દોષ રહી ગયેલાં હોય તો તેને કારણે પરીક્ષાનાં પરિણામો તેમજ અન્ય કોઇ બાબતો અંગે લેખક / પ્રકાશકની કોઇ જવાબદારી રહેતી નથી.

-: ગ્રાફિક્સ :-

મૌર્ય ગ્રાફિક્સ

44 - 45, કલ્યાણ ભવન, હેવમોર રેસ્ટોરન્ટ પાસે, રીલિફ રોડ, અમદાવાદ - 1

Course Title : જ્ઞાન અને અભ્યાસક્રમ - A

(Knowledge and Curriculum - A)

Course Code : EDPE - 2108 Semester–II

હેતુઓ : પ્રશિક્ષણાર્થીઓ....

- કેળવણીની જ્ઞાનમીમાંસાત્મક આધારશિલાઓ સમજે.
- આધુનિક બાળકેન્દ્રી શિક્ષણ વિશે જાણે.
- કેળવણીમાં પ્રવૃત્તિ, ખોજ / શોધ અને સંવાદનો ઉપયોગ કરે.

એકમ	વિષયવસ્તુ	કલાક	ગુણ
1.	**કેળવણીની જ્ઞાનમીમાંસાકીય આધારશિલાઓ**	**12**	**15**
	1. જ્ઞાનમીમાંસા - અર્થ, સંકલ્પના અને સ્વરૂપ	01	
	2. જ્ઞાન અને કૌશલ્યો, અધ્યાપન અને તાલીમ, જ્ઞાન અને માહિતી, વિચારશક્તિ (તર્ક) અને માન્યતા વચ્ચેના ભેદો જાણે.	04	
	3. નિમ્ન સંદર્ભમાં બાળકેન્દ્રી શિક્ષણનો અર્થ અને મહત્ત્વ : પ્રવૃત્તિ (ગાંધીજી અને ટાગોર) ખોજ / શોધ (જહોન ડ્યૂઈ) સંવાદ (પ્લેટો અને ફેયર)	07	

ક્ષેત્ર સાથે વિનિયોગ :

- જ્ઞાન અને કૌશલ્ય, અધ્યાપન અને તાલીમ, જ્ઞાન અને માહિતી, તાર્કિકતા અને માન્યતા વચ્ચે જ્ઞાનમીમાંસાકીય તફાવતની ચર્ચા.

•	નિમ્ન સંદર્ભમાં આધુનિક બાળકેન્દ્રી શિક્ષણ પર સમૂહ સ્વાધ્યાય અને પ્રસ્તુતિકરણ પ્રવૃત્તિ (ગાંધીજી અને ટાગોર) ખોજ / શોધ (જહોન ડયુઈ) સંવાદ (પ્લેટો અને ફેયર) (પુસ્તકાલય કાર્ય)		
2.	**કેળવણીની સામાજિક આધારશિલાઓ**	**20**	**20**
	1. સમાજની સંકલ્પના અને સ્વરૂપ	01	
	2. ઔદ્યોગિકીકરણને લીધે આવેલ ઐતિહાસિક પરિવર્તનો, વ્યક્તિગત સ્વાયત્તતાની લોકશાહી અને વિચારો અને સમાજ, સંસ્કૃતિ અને આધુનિકતામાં વિચારશક્તિ	03	
	3. ડૉ. આંબેડકરના સંદર્ભમાં સમન્યાય (Equity) અને સમાનતા (Equality), વ્યક્તિગત તક અને સામાજિક ન્યાય અને ગૌરવ જેવા આધુનિક મૂલ્યોના સંદર્ભમાં કેળવણી	03	
	4. સંસ્કૃતિની સંકલ્પના અને સ્વરૂપ	01	
	5. સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન અને સંસ્કૃતિને અસર કરતાં પરિબળો	02	
	6. સંસ્કૃતિ અને સમાજ વચ્ચેના આંતર આધારિતતા (પરાવલંબિતા)	01	
	7. બહુસંસ્કૃતિવાદ અને લોકશાહીનું શિક્ષણ (સંકલ્પના અને ઉદ્‌ભવ) – નિમ્ન મુજબ અધ્યયનની સંકલ્પનાઓ • પરંપરાગત વિચારધારા વિરુદ્ધ વિવેચનાત્મક બહુસંસ્કૃતિવાદ • પરંપરાગત વિચારધારા વિરુદ્ધ લોકશાહીનું શિક્ષણ	06	
	8. રાષ્ટ્રવાદ, સાર્વત્રિકવાદ અને બિનસાંપ્રદાયિકતાની સંકલ્પના	01	
	9. ટાગોર અને કૃષ્ણમૂર્તિના સંદર્ભમાં રાષ્ટ્રવાદ, સાર્વત્રિકવાદ, બિનસાંપ્રદાયિકતા અને કેળવણી વચ્ચેનો આંતરસંબંધ.	02	
ક્ષેત્ર સાથે વિનિયોગ : • ઔદ્યોગિકીકરણ દ્વારા સમાજ અને સંસ્કૃતિમાં આવેલા ઐતિહાસિક પરિવર્તનો પરનો સેમિનાર (સેમિનાર) • આધુનિક મૂલ્યોના સંદર્ભમાં સમાજનું અવલોકન (સમાજ સાથેનું ક્ષેત્ર કાર્ય) • આધુનિક મૂલ્યો પરના ડૉ. આંબેડકરના વિચાર – વિષય પર સ્વાધ્યાય (પુસ્તકાલય કાર્ય) • પરંપરાગત વિચારધારા વિરુદ્ધ વિવેચનાત્મક બહુસંસ્કૃતિવાદ અને લોકશાહી શિક્ષણ પરની ચર્ચા (સમૂહ ચર્ચા) • રાષ્ટ્રવાદ, સાર્વત્રિકવાદ, બિનસાંપ્રદાયિકતા અને કેળવણી વચ્ચેની આંતર-આધારિતતા પરની સમૂહ ચર્ચા. (સમૂહ ચર્ચા)			

References :

- Bhatia & Bhatia (1990) ***The Philosophical and Scoicogical Foundation of Education.*** Delhi : Doaba House.
- બાલગોવિંદ તિવારી (અનુવાદક) *શિક્ષાની દાર્શનિક પ્રણાલીયાઁ : **સાંસ્કૃતિક પરિપ્રેક્ષમાં***, જયપુર : રાજસ્થાન હિન્દી ગ્રંથ અકાદમી.
- બુદ્ધિચંદ્ર વી. શાહ અને કૌશલ્યા શાહ : ***શિક્ષણનું સમાજશાસ્ત્ર.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ : ગુજરાત રાજ્ય.
- દેસાઈ ડી. બી. અને દેખતવાલા એમ. પી. (1984). ***અભ્યાસક્રમ : સિદ્ધાંતો અને અભ્યાસક્રમ સંરચના***, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ : ગુજરાત રાજ્ય.
- શાસ્ત્રી જયેન્દ્ર દવે. ***કેળવણીના તાત્ત્વિક આધારો.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ : ગુજરાત રાજ્ય.
- Sonia Aggrawal (2010), ***Philosophical & Sociological Foundation of Education***, Delhi : Neha Publishers & Distirbuters
- S. P. Ruhela and R. K. Nayak (2012) ***Philosophical Foundation of Education***. Agra : Agrawal Publication.
- શર્મા રામનાથ અને શર્મા રાજેન્દ્રકુમાર (1996) ***શૈક્ષિણક સમાજશાસ્ત્ર.*** એટલાન્ટિકા પબ્લિશર્સ અને ડીસ્ટીબ્યુટર્સ.
- ચંદ્રવદન શાહ (અનુવાદક) મુ. બે. બટ્રાન્ડ રસેલ. ***શિક્ષણ અને સામાજિક વ્યવસ્થા.*** ભાષાનિધિ, ભાવનગર.
- વ્યાસ કે. સી. : ***કેળવણીના પાયા.*** અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ : ગુજરાત રાજ્ય.
- Pandya L. M. (1964) ***Curriculum Planning and Classroom***, Process of Education.
- Sabyasachi, B. (1997) ***The Mahatma and the Poet : Letters and debates between Gandhi and Tagore***, Natioanl Book trust.
- Apple M. W. & Beane, J. A. (2006), ***Democratic Schools : Lessons in Powerful Education***. Eklavya Retrieved from http://www.arvindguptatoys.com/
- Parekh S. C. (2000) ***Rethinking Multicultaralism Cultural Diversity and Political Theory*** (pp. 213-230) Palgrave.
- Kumar, K. (2004) ***What is worth teaching ?*** (3rd ed.) Orient Blackswan.
- Apple, M. W. (2008). ***Can Schooling contribute to a more just society ? Education Citizenship and Social Justice***, 3(3), 239-261

* * *

અનુક્રમણિકા

એકમ : 1

કેળવણીની જ્ઞાનમીમાંસાત્મક આધારશિલા 1-46

1.1 જ્ઞાનમીમાંસા : સ્વરૂપ, અર્થ અને સંકલ્પના 1-10
- 1.1.1 તત્ત્વજ્ઞાનનો અર્થ 2
- 1.1.2 તત્ત્વમીમાંસા 5
- 1.1.3 જ્ઞાનમીમાંસા : સંકલ્પના 6
- 1.1.4 મૂલ્યમીમાંસા 9

1.2 જ્ઞાનમીમાંસાની વિભાવનાઓ 11-25
- (અ) જ્ઞાન અને માહિતી 11
- (બ) જ્ઞાન અને કૌશલ્ય 16
- (ક) અધ્યાપન અને તાલીમ 20
- (ડ) વિચારશક્તિ (તર્ક) અને માન્યતા 22

1.3 બાળકેન્દ્રી શિક્ષણ 26-46
- 1.3.1 પ્રવૃત્તિ પદ્ધતિ : Activity Method 28
- 1.3.2 શોધ પદ્ધતિ : Discovery Method 35
- 1.3.3 સંવાદ પદ્ધતિ : Dialogue Method 38

એકમ : 2

કેળવણીની સામાજિક આધારશિલાઓ 47-126

2.1 ઔદ્યોગિકીકરણ – સામાજિક પ્રક્રિયા 48-76
- 2.1.1 પ્રસ્તાવના 48
- 2.1.2 સમાજની સંકલ્પના અને સ્વરૂપ : 52
- 2.1.3 સંસ્કૃતિ 57
- 2.1.4 લોકશાહી વ્યવસ્થાતંત્ર 63
- 2.1.5 આધુનિકીકરણ 68

2.2 લોકશાહી મૂલ્યો અને કેળવણી 77-89
- 2.2.1 સમતા અને સમાનતા 78
- 2.2.2 શૈક્ષણિક તકોની સમાનતાની જરૂરિયાત 80
- 2.2.3 સામાજિક ન્યાય અને શૈક્ષણિક તકોની સમાનતાના સંદર્ભમાં પ્રવર્તમાન સ્થિતિ 85
- 2.2.4 ડૉ. આંબેડકરનું પ્રદાન 87

2.3 બહુસંસ્કૃતિવાદ 90-103
- 2.3.1 બહુસંસ્કૃતિનું શિક્ષણ 91
- 2.3.2 બહુસંસ્કૃતિવાદ અને શિક્ષણ 94
- 2.3.3 બહુસંસ્કૃતિવાદી સમાજમાં શિક્ષણકાર્ય 97
- 2.3.4 પરંપરાગત વિ. બહુસંસ્કૃતિવાદ શાળેય પ્રવૃત્તિઓ 99

2.4 શૈક્ષણિક ફિલસૂફીની વિસ્તરતી ક્ષિતિજો 104-126
- 2.4.1 રાષ્ટ્રવાદ 104
- 2.4.2 આંતરરાષ્ટ્રીયતાવાદ (સાર્વત્રિકવાદ) 109
- 2.4.3 બિનસાંપ્રદાયિકતા 119

❖ અભ્યાસક્રમ આધારિત વિશેષ માહિતી 127-140

❖ સંદર્ભસૂચિ 141-142

એકમ : 1

કેળવણીની જ્ઞાનમીમાંસાત્મક આધારશિલા

1.1 જ્ઞાનમીમાંસા : સ્વરૂપ, અર્થ અને લક્ષણો

1.2 જ્ઞાનમીમાંસાની વિભાવનાઓ

1.3 બાળકેન્દ્રી શિક્ષણ

☆ પ્રાસ્તાવિક

શિક્ષણ, તાલીમ, પ્રશિક્ષણ એટલે કે અધ્યયન-અધ્યાપનના પાયામાં વિવિધ વિજ્ઞાન છે. દા.ત. તત્ત્વજ્ઞાન, સમાજશાસ્ત્ર, રાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ભાષાશાસ્ત્ર, વગેરે. આ બધાં જ શાસ્ત્રોની સંકલ્પનાઓ, સિદ્ધાંતો અને તથ્યો 'શિક્ષણશાસ્ત્ર'ના વિષયવસ્તુને આધાર પૂરા પાડે છે. તે અભ્યાસક્રમના આધારસ્તંભો રચી અધ્યયનનું પરિરૂપ નક્કી કરવામાં સહાય કરે છે અને શાળેય પ્રવૃત્તિઓ સૂચવે છે. ટૂંકમાં કહીએ તો, ભૌતિક, માનવીય અને શૈક્ષણિક સ્રોતો ઓળખાવી, તંત્રાભિમુખ કરી અધ્યયનનું ઉદાત્તીકરણ અને અધ્યાપનનું વ્યાવસાયીકરણ કરવામાં આધારરૂપ છે.

જ્ઞાન, માહિતી, માન્યતા, મત, અભિપ્રાય, મનોવલણ તેમજ જ્ઞાતા, વિદ્યાર્થી, અધ્યેતા, શિક્ષક, પ્રશિક્ષક આ બધી તત્ત્વજ્ઞાનની જ્ઞાનમીમાંસાત્મક વિભાવનાઓનો શિક્ષણ સાથે ગાઢ સંબંધ છે. તેનું સ્વરૂપ જાણવા તત્ત્વજ્ઞાનની એક શાખા – જ્ઞાનમીમાંસાનો અભ્યાસ જરૂરી છે. અધ્યાપન માટેની સ્વતઃ સિદ્ધ સ્વરૂપની માન્યતા ભ્રામક છે. અધ્યાપન વિશે શિક્ષકે પહેલાં વિચારવાની જરૂર છે : **શું ? શા માટે ? અને કેવી રીતે**ની તાલીમ જરૂરી છે ? અભ્યાસની જરૂર છે. માહિતી વિતરણ માટે નહીં, જ્ઞાન કૌશલ માટે અને ખરા અર્થમાં અધ્યાપન માટે છે – આ વિભાવનાઓનો અભ્યાસ જ્ઞાનમીમાંસા દ્વારા થઈ શકે.

જ્ઞાનમીમાંસાનું સ્વરૂપ, અર્થ અને તેની કેટલીક સંકલ્પનાઓનો અભ્યાસ કરીએ.

1.1 જ્ઞાનમીમાંસા : સ્વરૂપ, અર્થ અને સંકલ્પના

જ્ઞાનના વિસ્ફોટને કારણે અભ્યાસ માટેના વિષયવસ્તુનો વ્યાપ વધ્યો છે, એટલું જ નહિ પણ વિષયવસ્તુનું ઊંડાણ પણ વિશેષ સ્પષ્ટ થયું છે. પરિણામે અભ્યાસની શાખાઓ અને ઉપશાખાઓ વિશેની માહિતી, તે પરનું ચિંતન અને તેના વિષયવસ્તુની કાર્યાન્વિતીનો અભ્યાસ આવશ્યક બન્યો છે. એક ઉદાહરણ લઈએ તો, 'તત્ત્વજ્ઞાન'ના વિષયવસ્તુના સંદર્ભમાં તેની શાખાઓના અધ્યયન તરફ અધ્યેતાઓ આકર્ષાયા છે. તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસા નામની પ્રમુખ શાખાઓના ઊંડાણભર્યા અધ્યયનને સમાવતા પાઠ્યક્રમનો આજે વિવિધ વિદ્યાશાખાઓમાં સમાવેશ થયો છે, જેની સંકલ્પનાઓ, સિદ્ધાંતો અને માહિતીના પાયામાં 'તત્ત્વજ્ઞાન' છે.

1.1.1 તત્ત્વજ્ઞાનનો અર્થ

આપણે તત્ત્વજ્ઞાનનો શાબ્દિક, વિવરણાત્મક અને વ્યવહારુ અર્થ સમજીએ.

તત્ત્વજ્ઞાન, દર્શનશાસ્ત્ર, Philosophyના શાબ્દિક અર્થ આ પ્રમાણે છે : તત્ત્વજ્ઞાન એટલે 'તત્ત્વ' સંબંધી જ્ઞાન. તત્ત્વ એટલે સાર, મૂળ રહસ્ય, અસલ સ્વરૂપ. એ દૃષ્ટિએ સૃષ્ટિ પરના વિવિધ અસ્તિત્વ વિષેનું મૂળભૂત અને વિશ્વસનીય જ્ઞાન તત્ત્વજ્ઞાન આપે છે. દર્શનશાસ્ત્રમાં પ્રયોજાયેલો શબ્દ 'દર્શન' એ 'દૃશ' ધાતુ પરથી 'જોવું' કે 'દેખવું' તેવો અર્થ આપે છે. એ દૃષ્ટિએ દર્શનશાસ્ત્ર અસ્તિત્વ પાછળના મૂળભૂત અને વિશ્વસનીય જ્ઞાનનું દર્શન કરાવે છે. Philosophy એ ગ્રીક શબ્દો Philos + sophiaનું નિરૂપણ છે. Philos એટલે પ્રેમ, તીવ્ર ઝંખના, અદમ્ય આરઝૂ. Sophia એટલે જ્ઞાન, વિવેક, ડહાપણ વગેરે. એ દૃષ્ટિએ વ્યક્તિની જે (જ્ઞાન) માટેની તીવ્ર ઝંખના હોય અને વિવેક તથા ડહાપણ તેની પાછળનું કારણ હોય તે Philosophy છે.

તત્ત્વજ્ઞાનના કેટલાક વિવરણાત્મક અર્થ આ પ્રમાણે છે :

(1) સામાન્ય અર્થમાં વ્યક્તિનાં વર્તન અને વિચાર પ્રેરનાર અંગત દૃષ્ટિબિંદુ તત્ત્વદર્શન છે. – **શૈક્ષણિક પરિભાષા અને વિભાવના કોષ : (દેસાઈ અને શાહ, 1984)**

(2) દર્શનશાસ્ત્ર એ યથાર્થવાદના સ્વરૂપનું તાર્કિક વિવેચન છે. **– ડૉ. રાધાકૃષ્ણન્**

અહીં તત્ત્વજ્ઞાન એટલે અસ્તિત્વ પાછળનું વાસ્તવિક વિવેચન કે જેમાં તર્ક હોય અને તે દ્વારા તેની સત્યતા અને વિશ્વસનીયતા સ્પષ્ટ થાય.

(3) Knowledge of the eternal nature of things, which is in fact knowledge of the true nature of different things is philosophy. **- Plato**

વસ્તુ (કે અસ્તિત્વ)નું આંતરિક સ્વરૂપ કે જે સાચું (સત્ય) જ્ઞાન અને વિવિધ વસ્તુઓના સત્ય સ્વરૂપને તાદૃશ કરે તે ફિલોસોફી છે.

दर्शन उस निरन्तर प्रयास को कहते हैं जिसके द्वारा हम अपनी और संसार की प्रकृति के सम्बन्ध में क्रमबद्ध ज्ञान द्वारा एक सूक्ष्म दृष्टि प्राप्त करने की चेष्टा करते हैं, वह चिंतन ही दर्शन है । **– आर. डबल्यु. सेलर्स**

તત્ત્વજ્ઞાનની વ્યવહારુ વ્યાખ્યા જ્હોન ડ્યૂઈએ બહુ સરળ અર્થમાં આપી છે : "જ્યારે સમજી - વિચારીને નિશ્ચિત સ્વરૂપે કોઈ વિષયનાં બધાં પાસાંઓ વિષે સમીક્ષાત્મક પ્રક્રિયા થાય તે દર્શન છે." જગતની વાસ્તવિકતાને ઓળખીને તેનું અર્થઘટન કે અનુભવ કરીને તેમાં સમાવિષ્ટ બધા જ જ્ઞાનને જાણવાની ક્રિયા થાય અને જે જ્ઞાન સ્પષ્ટ થાય તે તત્ત્વજ્ઞાન છે. અહીં વાસ્તવિકતા ભૌતિક, વૈચારિક કે આધ્યાત્મિક હોઈ શકે. તેની સાથેની આંતરક્રિયા તત્ત્વજ્ઞાન છે.

શાસ્ત્રી જયેન્દ્ર દવે શિક્ષણદર્શન પરિભાષા કોષમાં સોક્રેટીસના વિચારને ટાંકીને લખે છે કે, તેને માટે દર્શન એક પ્રવૃત્તિ હતી. દાર્શનિક જે તત્ત્વાલોચના કરે છે તે જ દર્શન. દાર્શનિકોના કર્તૃત્વને મહત્ત્વ આપી તેઓ શિક્ષક-વિદ્યાર્થીની દાર્શનિક (વૈચારિક) પ્રવૃત્તિઓ પર વિશેષ ઝોક મૂકવાનું સૂચવે છે. દર્શનનો ઇતિહાસ નહીં પણ તત્ સંલગ્ન પ્રવૃત્તિ જેવી કે 'તારી જાતને ઓળખ'ની પ્રવૃત્તિ એ જ દર્શન છે.

તાત્ત્વિક વ્યવહારની સમજ માટે ગૌતમ બુદ્ધનું ઉદાહરણ મદદરૂપ થાય. "જ્યારે ગૌતમબુદ્ધ નગરચર્યા માટે નીકળ્યા ત્યારે તેણે એક મૃત વ્યક્તિ, એક રોગી, એક વૃદ્ધ અને એક સંન્યાસીને જોયા. તેનાથી તેઓ દુઃખી થયા. તેમણે અનુભવ્યું (દૃશ એટલે કે જોયું) કે સંસારમાં દુઃખ છે, દુઃખનું કારણ છે, દુઃખનો ઉપાય છે અને દુઃખ મુક્ત આચરણ છે."..... ગૌતમ બુદ્ધે દુઃખના સંદર્ભમાં જે દૃષ્ટિકોણ રજૂ કર્યો તે જ તત્ત્વવેત્તાનું કાર્ય અને તે જ તત્ત્વજ્ઞાન.

તત્ત્વજ્ઞાનની ઉપર્યુકત ત્રણેય વ્યાખ્યાઓ કે જે શાબ્દિક, વિવરણાત્મક અને વ્યવહારુ અર્થ દ્વારા રજૂ કરી છે તેને માટેના અહીં નમૂનારૂપ સંદર્ભો જ આપ્યા છે. તત્ત્વજ્ઞાનની કોઈપણ વિભાવનાનો શાબ્દિક અર્થ તે વિભાવનાના શબ્દ-સંકેતનો શબ્દકોષ આધારિત અર્થ છે. અહીં આપેલા વિવરણાત્મક અર્થ તત્ત્વજ્ઞાનના અર્થના અભ્યાસને અંતે વિવેચના રજૂ કરે છે. જ્યારે વ્યવહારુ અર્થ તત્ત્વજ્ઞાનનું વ્યવહારમાં પ્રયોજનકેન્દ્રી ઉદાહરણ છે. સઘળાં જીવનકાર્યો પાછળ તાત્ત્વિક માન્યતાઓ રહેલી છે, એ માન્યતાઓ જ હકીકતમાં તત્ત્વજ્ઞાન છે.

☆ **કેળવણી અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ :**

કેળવણી અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ હેતુપૂર્વકનો છે તેમ શિક્ષણશાસ્ત્રીઓ તો કહે પણ લગભગ બધા જ તત્ત્વજ્ઞાનીઓ આ બન્ને વચ્ચે ગાઢ સંબંધ છે તેમ સ્વીકારે છે. કેળવણી અને તત્ત્વજ્ઞાન વચ્ચેનો સંબંધ આ પ્રમાણે છે :

(1) તત્ત્વજ્ઞાન એ કેળવણીએ અનુસરવાનો માર્ગ સૂચવે છે – કેળવણી એટલે વર્તનમાં પરિવર્તન. પરંતુ કયા વર્તનમાં કેવું પરિવર્તન એ પ્રશ્નનો જવાબ તત્ત્વજ્ઞાન આપે છે.

(2) તત્ત્વજ્ઞાનના પ્રસાર માટેનું સૌથી મહત્ત્વનું માધ્યમ કેળવણી છે – જ્ઞાન, માહિતી, કૌશલ્ય, અધ્યાપન, વગેરે તાત્ત્વિક ચિંતનને પ્રવાહિત કરવાનું કામ કેળવણી કરે છે.

(3) ફિલસૂફી કેળવણીની યોજનાઓમાં તાદૃશ થાય છે – પ્રવૃત્તિકેન્દ્રી શિક્ષણ, સંવાદ પદ્ધતિ, પ્રોજેક્ટ, વગેરે યોજનાઓની રૂપરેખા ફિલસૂફી આપે છે.

(4) કેળવણીના પ્રશ્નો ફિલસૂફી ઉકેલે છે – શું, શા માટે અને કેવી રીતે શિક્ષણ તે પ્રશ્નોના જવાબ ફિલસૂફી આપે છે.

(5) ફિલસૂફીની વિચારાત્મકતાના કારણે કેળવણીની સંકલ્પનાઓ સાર્થક બને છે – વિષયકેન્દ્રી, શિક્ષકકેન્દ્રી અને બાળકેન્દ્રી શિક્ષણની સંકલ્પના કેળવણીના એક લાંબા પ્રયોજનસભર ક્રિયાકલાપને કારણે સ્પષ્ટ થઈ છે, ઉદ્ભવેલ છે.

☆ **તત્ત્વજ્ઞાનની શાખાઓ**

તત્ત્વજ્ઞાનની પ્રમુખ ત્રણ શાખાઓ છે : (1) તત્ત્વમીમાંસા, (2) જ્ઞાનમીમાંસા અને (3) મૂલ્યમીમાંસા.

1.1.2 તત્ત્વમીમાંસા

સૃષ્ટિ પરના સઘળા અસ્તિત્વના મૂળભૂત દ્રવ્યને તથા તેના અસ્તિત્વ પાછળનાં કારણોને ખોળવાની ઉત્સુકતામાંથી આ મીમાંસા કે શાસ્ત્ર ઉદ્ભવેલ છે. અસ્તિત્વની વાસ્તવિકતા, ભૌતિક ગુણવત્તા અને તેનાથી પર એવી પાર-ભૌતિક બાબતોની ચર્ચા કરતું આ શાસ્ત્ર છે. આ દૃષ્ટિએ અસ્તિત્વ એટલે સત્નું નિરૂપણ, એ વાસ્તવમીમાંસા તેના ભૌતિક અને પાર-ભૌતિક સત્નું દર્શન આપે છે. એરિસ્ટોટલે વાસ્તવમીમાંસાને પ્રથમ દર્શન કહ્યું. તત્ત્વજ્ઞાન સંબંધી આ જ્ઞાન ભૌતિકતાથી પર વિચારવા માટે પ્રેરે છે. It inquires what is real and what actually seems. એટલે કે, તે વાસ્તવમાં શું છે અને જગતમાં તે કયા સ્વરૂપે જોવા મળે છે, તેની તપાસ આ મીમાંસા કરે છે.

માનવ-સત્‌ની મીમાંસા કરતા તત્ત્વચિંતકો એટલે જ તેનું સંઘટના સ્વરૂપે નિરૂપણ કરી ભૌતિક અને આત્મીય સત્ સ્વરૂપે નિરૂપી પાર-ભૌતિક મીમાંસાની ચર્ચા કરે છે.

પ્લેટોનું ખુરશીનું ઉદાહણ તો સુપરિચિત છે. તત્ત્વચિંતકો પરિપ્રશ્નની પ્રક્રિયા દ્વારા તેના અસ્તિત્વ પાછળનું કારણ કુદરત કે પંચમહાભૂત તેમ સ્પષ્ટ કરે છે અને વિચારવાદના મતે તેના અસ્તિત્વ પાછળનું કારણ વિચાર છે, તેમ દર્શાવે છે.

વિનયન વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ તત્ત્વજ્ઞાનનો અર્થ કે શાખાઓ જ નહીં પણ તત્ત્વચિંતન, તેનું પ્રક્રિયા સ્વરૂપ તાત્ત્વિક વિશ્લેષણ, તેના કૌશલ, તેના સિદ્ધાંતો (Theory) અને કાર્યાન્વિતીનો અભ્યાસ કરે છે.

1.1.3 જ્ઞાનમીમાંસા : સંકલ્પના

આ મીમાંસાને માનવીય જ્ઞાનના સ્વરૂપની ખોજ સાથે સંબંધ છે. જ્ઞાનનું સ્વરૂપ, જ્ઞાનનો અર્થ, જ્ઞાનના સ્રોત અને વ્યાપ, જ્ઞાન મેળવવાની રીત વગેરે બાબતો અંગે જુદી જુદી વિચારસરણીઓના તેમજ જુદા જુદા તત્ત્વચિંતકોના વિચારોનો અભ્યાસ જ્ઞાનમીમાંસાને કારણે શક્ય બને છે.

જ્ઞાનમીમાંસા માટે અંગ્રેજી શબ્દ 'Epistemology' છે. આ શબ્દ મૂળ ગ્રીક શબ્દ 'episteme' એટલે 'જાણવું' પરથી આવ્યો છે. માણસે શું જાણવું જોઈએ, તે ક્યાંથી મળે, તે માટે શી ક્રિયા કરવી પડે, વગેરે ચિંતન જ્ઞાનમીમાંસાના ફલિતાર્થો છે.

આપણે આગળ જોયું કે, જ્ઞાનમીમાંસા એ તત્ત્વજ્ઞાનની એક શાખા છે, પરંતુ તેની શોધ (તારણો) પ્રત્યેક વિજ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે. માનવીને માટે જ્ઞાનાર્જન પરમ આવશ્યક છે. એક અર્થમાં તે જીવન ધ્યેય છે. જ્ઞાન એ જીવનનાં કાર્યો માટે પથદર્શક છે. જીવનકાર્ય કે શિક્ષણની પ્રત્યેક યોજના જ્ઞાનમીમાંસાની ધારણાઓ, આદર્શો અને વિવેચના પર આધારિત હોય છે, એ અર્થમાં જ્ઞાનમીમાંસાનો અભ્યાસ જરૂરી છે. શિક્ષક જે અભ્યાસક્રમ પર કાર્ય કરે છે તે કાર્ય માટે શું, શા માટે અને શી રીતે નક્કી કરે છે. જ્ઞાનમીમાંસાનો અભ્યાસ આ કાર્યોમાં મદદરૂપ થાય છે.

☆ **અર્થ :**

જ્ઞાન એટલે શું ? તે પ્રશ્નનો જવાબ તમે પાયાનું તથ્ય, વિશિષ્ટ વિચાર (જ્ઞાન) કે વિજ્ઞાન, પૂર્વ પ્રસ્થાપિત વિગત વગેરે આપી શકો. શિક્ષક શિક્ષણકાર્ય પહેલાં શું શીખવવા જઈ રહ્યા છે, તેનો નિર્ણય જ્ઞાનની વિભાવના સ્પષ્ટપણે જાણતા હોય એટલે કે તેણે જ્ઞાનમીમાંસાનો અભ્યાસ કર્યો હોય તો જ વિદ્યાર્થીઓ સમક્ષ સ્પષ્ટ કરી શકે. જ્ઞાન એટલે શું ? તેનો અર્થ જ શિક્ષકને વિષયવસ્તુના અભ્યાસમાં મદદરૂપ થાય. જ્ઞાન શા માટે ? – એ પ્રશ્નને લઈએ તો શિક્ષકને પોતે કોઈપણ કાર્ય શા માટે કરવા માગે છે તેનું જ્ઞાન આપે છે. સરળ અર્થમાં ઇરાદો અને શિક્ષણ વિદ્યાશાખાની વિભાવનાની દૃષ્ટિએ કાર્યનો હેતુ સ્પષ્ટ કરે છે. અહીં કારણો ઘણાં હોઈ શકે, જેવાં કે, માહિતી આપવા માટે, સમજ વિકસાવવા માટે, જ્ઞાનનો ઉપયોગ કરતા કરવા માટે, તર્ક માટે પ્રેરવા, કૌશલ હસ્તગત કરવા માટે, વગેરે. જ્ઞાનમીમાંસા શિક્ષકને શિક્ષણને માટે પસંદ કરેલું વિષયવસ્તુ શા માટે તે વિચારવા અને નક્કી કરવા માટે પ્રેરે છે.

શિક્ષકે શિક્ષણકાર્ય શી રીતે કરવું, તે માટેનો વિચાર, જ્ઞાન શી રીતે, તે પ્રશ્નને સંબંધિત છે. જ્ઞાનમીમાંસાના જણાવ્યા પ્રમાણે, માહિતી કે અભિપ્રાયનું વિતરણ વ્યાખ્યાન દ્વારા, સંશયયુક્ત વિગત ચર્ચા દ્વારા જ્યારે પ્રમાણભૂત વિગત ક્રિયા દ્વારા સ્પષ્ટ કરી શકાય.

ઉપર્યુક્ત ચર્ચાને અંતે ફલિત થાય છે કે, 'જ્ઞાન'ના સંદર્ભમાં જ્ઞાનમીમાંસા શિક્ષકને માટે વિશેષ ઉપયોગી છે. એ દૃષ્ટિએ જ્ઞાનમીમાંસાની કેટલીક સંકલ્પનાઓ અત્રે નોંધીશું. .

જ્ઞાનમીમાંસાની પ્રમુખ સંકલ્પનાઓ ત્રણ છે : જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય. **જ્ઞાન એટલે અનુભવોનું પાયાનું તથ્ય, જ્ઞાતા એટલે જે (જ્ઞાન) જાણે છે તે વ્યક્તિ અને જ્ઞેય એટલે જે (જ્ઞાન) જાણવું છે તે.** વિવિધ વિચારસરણી અને તત્ત્વજ્ઞાનીઓએ વિવિધ અર્થ આપેલા છે. તે અર્થોનો કેન્દ્રવર્તી વિચાર અહીં નોંધેલો છે.

☆ **સ્વરૂપ :**

(1) **જ્ઞાન એટલે શું ?** જ્ઞાન એ પાયાનું તથ્ય, અસ્તિત્વ સાથેના અનુભવોની નીપજ, વિશિષ્ટ માહિતી, પૂર્વ પ્રસ્થાપિત વિગત, તાર્કિક અભિપ્રાય, કોઈ વિચારસરણી / તત્ત્વવેત્તાની માન્યતા છે.

(2) **જ્ઞાન શા માટે ?** જ્ઞાન એ માહિતીના વિતરણ, વિશિષ્ટ સમજ કે સ્પષ્ટીકરણ, કૌશલ પ્રાપ્તિ, તર્કની રજૂઆત, વિચાર પ્રેરવા માટે છે.

(3) **જ્ઞાન શી રીતે મેળવી શકાય ?** જ્ઞાનપ્રાપ્તિ માટે ભાષાકીય વિશ્લેષણ, વિભાવના વિશ્લેષણ અને તાર્કિક વિશ્લેષણની રીત મદદરૂપ થાય. ભાષાકીય વિશ્લેષણ વિધાનમાં ખરેખર શો અર્થ છે તેનું પરીક્ષણ કરે છે. વિભાવના વિશ્લેષણ વિચાર, વિભાવના, અમૂર્ત શબ્દની સમજ આપે છે. જ્યારે વિધાનમાં સમાવિષ્ટ હકીકતને ચકાસીને પરિપ્રશ્નની પ્રક્રિયાને અનુસરીને ચિંતનએ તાર્કિક વિશ્લેષણ છે. વિભાવના તરીકે 'મનુષ્ય', વિધાન તરીકે 'સંસારમાં દુઃખ છે, દુઃખનું કારણ છે અને ઉપાય છે.' – વગેરેના ચિંતનની પ્રક્રિયા એ જ્ઞાનક્રિયા છે.

(4) **જ્ઞાનના સ્રોત કયા છે ?** (1) શાસ્ત્ર, (2) આધારભૂત જ્ઞાતા, (3) સંસ્કૃતિ, (4) જીવનના વિવિધ અનુભવો, (5) સામાન્ય સમજ, (6) આંતઃસૂઝ, (7) બુદ્ધિ, (8) જાગતિક અનુભવો, વગેરે છે.

(5) **જ્ઞાનનું સ્વરૂપ શું છે ?** જ્ઞાન એ શક્તિ છે. જ્ઞાન એ નિયંત્રિત કાર્યની આડપેદાશ છે. અસ્તિત્વના ઇન્દ્રિય પ્રત્યક્ષ, તર્ક, ચિત્ત, વગેરેની નિષ્પત્તિ છે.

ઉપર્યુક્ત ચર્ચાને અંતે જ્ઞાનમીમાંસાનો અભ્યાસ કે તે વિષયક ચિંતન શિક્ષણમાં વિશેષ ઉપયોગી છે, જે આ પ્રમાણે છે :

- અસ્પષ્ટ અમૂર્ત શબ્દોના અર્થ તારવવા.
- વિચાર કે દલીલના સમર્થનમાં હકીકત શોધવી.
- પરિણામના મૂલ્યાત્મક આધારોની તપાસ કરવી.

- સંવાદ કે વિશિષ્ટ કૃતિઓના વિચાર-એકમોનું તાર્કિક સંધાન કરવું.
- કાર્યયોજનાનું યથાર્થ મૂલ્યાંકન કરવું.

1.1.4 મૂલ્યમીમાંસા

આ મીમાંસાની બે ઉપશાખાઓ – **આચારમીમાંસા અને સૌંદર્યમીમાંસા** છે. વ્યક્તિની વર્તણૂંકની યોગ્યાયોગ્યતાની ચર્ચા આચારમીમાંસાને અંતર્ગત અને અસ્તિત્વના સારા કે ખરાબપણાના ગુણની ચર્ચા સૌંદર્યમીમાંસાને અંતર્ગત તત્ત્વજ્ઞાન કરે છે.

☆ **અર્થ :**

મૂલ્યમીમાંસા એ માનવીની નીતિવિષયક અને સૌંદર્યવિષયક માન્યતાઓને મૂલવવાનો પ્રયત્ન કરે છે. એ દૃષ્ટિએ મૂલ્યમીમાંસા વિષયક વ્યક્તિના આધારતથ્યો પર જીવનનિર્વાહ નિર્ભર છે.

☆ **સંકલ્પના :**

મૂલ્યમીમાંસાને અંતર્ગત કેટલાક નિર્દેશો આ પ્રમાણે છે :

- વ્યવહારમાં સફળ થાય તે નીતિ.
- જે પ્રાકૃતિક હોય તે વર્તન કરવા યોગ્ય.
- પંડિતોએ એટલે કે શાસ્ત્રોએ પ્રબોધેલી નીતિ પ્રમાણે વર્તન કરવું.
- સૌંદર્ય એ વ્યક્તિનિષ્ઠ માનવીય નિર્ણય છે.
- વસ્તુની સંઘટનાત્મક ગુણવત્તા એ સૌંદર્યનો માપદંડ છે.
- અસ્તિત્વમાં અખિલાઈનું દર્શન એ જ તેનું સૌંદર્ય.

તત્ત્વમીમાંસા, જ્ઞાનમીમાંસા અને મૂલ્યમીમાંસાના ફલિતાર્થો શિક્ષણમાં વિશેષ ઉપયોગી છે. શિક્ષણશાસ્ત્રે આધારશિલાઓના સ્પષ્ટીકરણમાં જ્ઞાનમીમાંસાને અને પ્રક્રિયાત્મક બાબતોના સંદર્ભમાં મૂલ્યમીમાંસાને પ્રાધાન્ય આપેલું છે. જો કે મૂળભૂત રીતે તત્ત્વદર્શન

કેળવણીના ધ્યેયોની પસંદગીમાં, અભ્યાસક્રમના નિર્ધારણમાં, શિક્ષણ વ્યવહારની ઉચિતતામાં નિર્ણયાત્મક ભાગ ભજવે છે.

સારાંશ

✣ **જ્ઞાનમીમાંસાનું સ્વરૂપ**

જ્ઞાનમીમાંસા એ તત્ત્વજ્ઞાનની એક શાખા છે. આ મીમાંસાને માનવીય જ્ઞાનના સ્વરૂપની ખોજ સાથે સંબંધ છે. જ્ઞાનનું સ્વરૂપ, જ્ઞાનનો અર્થ, જ્ઞાનના સ્રોત, જ્ઞાનક્રિયા વગેરે જ્ઞાનામીમાંસાત્મક આધારશિલાઓ અંગે જુદી જુદી વિચારસરણીઓ અને તત્ત્વચિંતકોનું ચિંતન આ શાસ્ત્રનો શાસ્ત્રાર્થ છે.

✣ **જ્ઞાનમીમાંસાનો અર્થ**

જ્ઞાનમીમાંસા માટે અંગ્રેજી શબ્દ 'Epistemology' એ મૂળ ગ્રીક શબ્દ 'Episteme' એટલે જાણવું પરથી આવ્યો છે. માણસે શું જાણવું જોઈએ, તે ક્યાંથી મળે અને તે માટે શી ક્રિયા કરવી પડે, વગેરે બાબતોનું દર્શન જ્ઞાનમીમાંસા છે.

✣ **જ્ઞાનમીમાંસાની સંકલ્પનાઓ**

જ્ઞાનમીમાંસાની સંકલ્પનાઓ જ્ઞાન, માહિતી, કૌશલ્ય, અધ્યાપન, તાલીમ, તર્ક, માન્યતા વગેરે છે. જ્ઞાન એટલે અનુભવોનું પાયાનું તથ્ય, જ્ઞાતા એટલે જે જ્ઞાનવિષયક જાણે છે તે અને જ્ઞેય એટલે જેનું જ્ઞાન મેળવવું છે તે.

સ્વાધ્યાય

(1) જ્ઞાનમીમાંસાનું સ્વરૂપ સ્પષ્ટ કરી જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયના અર્થ આપો.

(2) "જ્ઞાન એટલે અનુભવોનું પાયાનું તથ્ય" - નો અર્થ સ્પષ્ટ કરો.

(3) જ્ઞાનના સ્રોત કયા છે ?

(4) જ્ઞાનમીમાંસાનો અભ્યાસ શિક્ષકે શા માટે કરવો જોઈએ ?

✲ ✲ ✲

1.2 જ્ઞાનમીમાંસાની વિભાવનાઓ

જ્ઞાનામીમાંસાત્મક વિભાવનાઓ માટે વિભાવના વિશ્લેષણ જરૂરી છે. વિભાવના વિશ્લેષણમાં કોઈ વિભાવના માટે જુદી જુદી વિચારસરણી કે જુદા જુદા તત્ત્વવેત્તાઓના અર્થઘટનોનો અભ્યાસ કરવાનો રહે. તે અર્થઘટનો સર્વાંગસત્ય કે સર્વસ્વીકૃત ન પણ હોઈ શકે. શિક્ષક પ્રશિક્ષણના વિષયવસ્તુના અભ્યાસમાં કેટલાક સંકલ્પનાકીય અર્થ-સંદર્ભો જાણી તેની સમજ મેળવવી જોઈએ. વિભાવનાઓના સરળતમ અર્થ જાણી તેની સમજ મેળવવાના પ્રયત્નો અધ્યયન-અધ્યાપનની સમજ આપતા શિક્ષક પ્રશિક્ષણમાં આવશ્યક છે.

શિક્ષણ વ્યવહારમાં જ્ઞાન અને માહિતી, જ્ઞાન અને કૌશલ્ય, વિદ્યાર્થી અને અધ્યેતા, તાલીમ અને પ્રશિક્ષણ, વગેરે શબ્દો ઘણા સમાનાર્થી ગણે છે. કોઈ વળી એ માટે સરળ અને ગૂઢ એવા સંદર્ભો આપે છે. તે અર્થો આ પ્રમાણે છે : માહિતીનું વિતરણ એ શિક્ષણ નથી પણ જ્ઞાનાર્જન શિક્ષણ છે. શિક્ષકે વિદ્યાર્થીને જ્ઞાનકોષ બનાવવાનો નથી પણ તેનું કૌશલધારી વ્યક્તિત્વ તૈયાર કરવાનું છે. માહિતી શબ્દને માટે કોઈ વિદ્યા શબ્દ પસંદ કરી વિદ્યાર્થી અને અધ્યયનને પસંદ કરી અધ્યેતાનો અર્થ આપે છે. તાલીમાર્થી માટે સર્વાંગીણ કેળવણીના સંદર્ભમાં પ્રશિક્ષણ શબ્દ પ્રયોજાય છે અને એકાંગીના અર્થમાં તાલીમને સ્વીકારાય છે. આ બધા જ અર્થો સ્વયં સ્પષ્ટ નથી. અર્થોને માટે વિભાવના વિશ્લેષણ જરૂરી છે.

અહીં કેટલીક જ્ઞાનમીમાંસાત્મક સંકલ્પનાઓનાં અર્થઘટનો આપેલ છે.

(અ) જ્ઞાન અને માહિતી

સાર્થ જોડણીકોશ 'જ્ઞાન' શબ્દનો અર્થ આ રીતે આપે છે : જ્ઞા સંસ્કૃત ધાતુ પરથી જ્ઞાન એટલે જાણવું તે. અહીં તેનો અર્થ જાણ, ખબર, માહિતી, ભાન, પ્રતીતિ એમ આપવામાં આવ્યા છે. જ્ઞાન શબ્દ સંસ્કૃત ક્રિયાપદ 'જ્ઞા' વર્ણ 'જ્' અને 'ઞ' એ અનુનાસિકની સંધિથી બનેલો સંયુક્ત વર્ણ છે.

સંસ્કૃત શબ્દકોશ જ્ઞાનનો અર્થ આ રીતે આપે છે : જાણવું, સમજવું, પરિચિત થવું, કુશળતા મેળવવી, પ્રવીણ થવું, વિદ્યા, શિક્ષણ, કલા અને કૌશલ્યોમાં પારંગતતા પ્રાપ્ત કરવી, વગેરે.

વિશાળ અર્થમાં પ્રયોજાયેલ (કદાચ 'શિક્ષણ'ના સંદર્ભમાં પ્રયોજાયેલ) આ શબ્દના કોશ આધારિત અર્થ વ્યાપક છે. વ્યવહારુ અર્થમાં, જ્ઞાન, સમજ, માહિતી, કૌશલ્ય વગેરે શબ્દોના અર્થ અલગ કરવા હોય તો અધ્યયન-અધ્યાપનના જ્ઞાનાત્મક ક્ષેત્રના હેતુઓના વર્ગીકરણમાંથી તેના અર્થ તારવી શકાય. જ્ઞાનનો અર્થ "શૈક્ષણિક માપન અને મૂલ્યાંકન ચોક્કસ વિષયવસ્તુને સંલગ્ન વિગત કે સર્વસામાન્ય બાબતો, આ વિગતને સંલગ્ન પદ્ધતિ કે પ્રક્રિયાની રીત અને સિદ્ધાંતો કે નિયમોની પુનઃસ્મૃતિનો જ્ઞાનમાં સમાવેશ થાય છે" એમ આપે છે. અહીં વ્યવહારુ અર્થમાં માહિતીનો આ અર્થ સંદર્ભ છે.

વિષયવસ્તુની કેટલીક વિગત માહિતીપ્રધાન હોય છે એટલે કે, તેમાં ચોક્કસ માહિતી કે સર્વસામાન્ય વિગતો કે નિયમો સમાવિષ્ટ હોય છે. આ વિશિષ્ટ વિગતને માહિતી તરીકે સ્વીકારાયેલ છે.

મેઘધનુષ્યના રંગો 'જાનીવાલીપીનાલા' કે 'VIBGYOR' ની વિગત માહિતી છે. આંકડાઓ, શબ્દો, કોઈ વિગત, કોઈ રીત કે જે પુનઃસ્મૃતિ સાથે સંકળાયેલ છે, તેને માહિતી તરીકે સ્વીકારવામાં આવે છે.

રસેલ ઉપર્યુક્ત વિગત (માહિતી)ને માટે સુનિશ્ચિત જ્ઞાન કહે છે. જે પ્રશ્નોના ઉત્તર વ્યવહારમાંથી મેળવી શકાય, કાયમી ધોરણે સ્વીકૃત થયેલા હોય તેવા પ્રશ્નો કે જે આનુભવિક પ્રશ્નો (empirical questions) છે તેના ઉત્તર આ પ્રકારનું સુનિશ્ચિત જ્ઞાન ધરાવે છે. અહીં 'empirical' શબ્દ મૂળ ગ્રીક સંજ્ઞા 'emperia' માંથી ઉત્પન્ન થયો છે, જેનો અર્થ થાય છે અનુભવ. આનુભવિક પ્રશ્નોના ઉત્તર આપણા સીધા અનુભવ કે વ્યવહાર પ્રચલિત વિગત દ્વારા જ અભિવ્યક્ત કરી શકાય કે તે ઉત્તરની ખાતરી કરી શકાય. આપણે ઉત્તર હાજર સ્રોતમાંથી જ મેળવવાનો હોય. અહીં જ્ઞાનેન્દ્રિયોને જ્ઞાનનું (માહિતીનું) ઉદ્‌ભવસ્થાન ગણ્યું છે.

શિક્ષણદર્શન પરિભાષા કોશમાં ડૉ. **જયેન્દ્ર શાસ્ત્રી** જ્ઞાનનો અર્થ 'તથ્ય, ભાવ, વસ્તુ, વિચાર આદિની પ્રકૃતિ અને તેનાં આંતરિક સંબંધોની બાબતમાં વ્યવસ્થિત અને સ્થાયી કહી શકાય તેવો પરિચય... એ જ્ઞાન છે' એમ દર્શાવે છે. જ્ઞાનના અધિકૃત (authoritative) અંતઃસ્ફૂરિત (intuitive), તર્કસંગત (rational) અને પ્રકટીકૃત (revealed) એમ પ્રકાર સ્પષ્ટ કર્યા છે. તેના વ્યવહારુ અર્થ અનુક્રમે જ્ઞાનકોશમાંથી પ્રાપ્ત થતું જ્ઞાન, સ્વયં પ્રમાણીભૂત જ્ઞાન, ગાણિતિક અને તાર્કિક સત્ય આધારિત જ્ઞાન અને ગીતા, બાઈબલ, કુરાન, વગેરેમાં પ્રગટ થયેલું ઈશ્વરીય જ્ઞાન એમ દર્શાવ્યા છે. આ દરેક પ્રકારના સંદર્ભમાં માહિતી, ચિંતન, તર્ક અને ધર્માર્થ એમ જ્ઞાનનું વર્ગીકરણ કરી શકાય.

- જ્ઞાન પરમાર્થ સ્વરૂપ છે એટલે કે પરમ અર્થ આપે તે નિરપેક્ષ સત્ય જ્ઞાન છે. આપણે ભાષા, વિજ્ઞાન, ગણિત, વેદ, વેદાંત વગેરેને જ્ઞાન કહીએ છીએ. આ બધી શબ્દ રાશિ (શાસ્ત્રો) એ જ્ઞાન (સાપેક્ષ જ્ઞાન) ને આદર્શવાદ સ્વીકારતું નથી. પરંતુ તે જ્ઞાનથી જે બ્રહ્મવિદ્યા (ચૈતન્ય, અનુભૂતિ, બ્રહ્મવૃત્તિ) પ્રાપ્ત થાય છે તે જ્ઞાન છે. "બુદ્ધિ (સર્વ પ્રકારનું જ્ઞાન) આત્મામાં લીન થઈ જાય તે આત્માનંદ (આનંદ સ્વરૂપનું જ્ઞાન) યથાર્થ જ્ઞાન છે" – તેવો આદર્શવાદનો મત છે.
- પ્રકૃતિવાદીઓ પણ જ્ઞાન અંગે એક વિચારસરણી ધરાવે છે. તેના મતે જ્ઞાન કુદરતમાંથી પ્રાપ્ત થાય છે. કુદરતમાં પ્રવર્તમાન સત્યો જાણવાં અને તે માટે ઇન્દ્રિયો દ્વારા કુદરત (જ્ઞાન) નો સંપર્ક કરવો જોઈએ તેવી પ્રકૃતિવાદની માન્યતા છે. કાર્યકારણના સંબંધ દ્વારા ઉત્પત્તિ, સ્થિતિ અને નાશ થવું સમજાવી શકાય છે. તે 'વિષયવસ્તુ જ્ઞાન' છે. જ્ઞાન પ્રાકૃતિક છે, પ્રત્યક્ષ છે. ભૌતિક એવા કુદરતી અસ્તિત્વને જાણવું તે જ્ઞાન છે. બાળકનું પોતાની જાત (શારીરિક વારસો) સાથે, પોતાના મૂળભૂત સ્વભાવ સાથે અને કુદરત સાથે અનુકૂલન થાય તે માટે જ્ઞાન છે. જ્ઞાન વર્તમાન માટે છે, ભાવિ માટે નહિ. કુદરતના નિયમો જાણવા અને તેની સાથે અનુકૂલન સાધી તેનો ઉપયોગ કરી સારી રીતે જીવન જીવવું તે જ્ઞાન છે.

✣ **વ્યવહારવાદ જ્ઞાન અને માહિતીને અલગ કરે છે.** વિષયવસ્તુ કે જે વિષયજ્ઞાનના આધારે મળે છે, તે માહિતી છે. અનુભવમાંથી માહિતી પસાર થાય છે ત્યારે તે જ્ઞાન બને છે અને એટલે જ 'જ્ઞાન એટલે અનુભવોનું પાયાનું તથ્ય' એવો અર્થ વિશેષ સ્વીકૃત છે.

બીજા એક અર્થમાં બ્રુબેકરના મતે કહીએ તો, "જે ક્રિયામાંથી મળ્યું હોય તે જ્ઞાન છે પણ તેનો પ્રયોગ કરતાં પહેલાં તો તે કેવળ માહિતી જ છે." **– જહોન બ્રુબેકર**

"Information, when tested in the crucible of experience becomes knowledge. Knowledge is the result of successful experimentation of hypothesis." માહિતી જ્યારે અનુભવની સરાણે ચડે છે ત્યારે તે જ્ઞાન બને છે. પ્રશ્નો / ઉત્કલ્પનાઓના સંદર્ભમાં કરેલા સફળ પ્રયત્નો (માહિતી પરની જ્ઞાનક્રિયા)નું પરિણામ જ્ઞાન છે.

જ્ઞાન અંખડ અને એક છે. તેને વિષયોના કૃત્રિમ ભાગલામાં ન વહેંચાય. જ્ઞાનની અખંડિતતાનો સ્વીકાર માહિતીના અંશોનો નહિ, **જ્ઞાન અને માહિતી વચ્ચેનો ભેદ એ વ્યવહારવાદનું વિશિષ્ટ પ્રદાન છે.**

વિચારની એક સંપૂર્ણ ક્રિયા પૂર્ણ થાય ત્યારે તે માહિતી જ્ઞાનમાં પરિણમે. જ્ઞાન સર્જન એ વિચારો પરની મનન ક્રિયાથી શક્ય બને છે.

✣ વાસ્તવવાદની વિચારસરણીના મત મુજબ, જ્ઞાતાથી નિરપેક્ષ જ્ઞાનનું અસ્તિત્વ છે. આનો અર્થ એ થયો કે, જ્ઞાતા આ જ્ઞાન છે તેમ આંગળી ચીંધીને કહી શકે. તે મત મુજબ જ્ઞાન પૂર્વનિર્ણિત છે. જે જ્ઞાન મેળવવાનું છે તેનું અસ્તિત્વ છે જ. માત્ર જ્ઞાતા, તે જાણતો નથી, એ અર્થમાં પૂર્વનિર્ણિત છે, તેમ કહેલું છે. અગણિત પદાર્થો, વસ્તુઓ, પ્રક્રિયાઓ સાથે રહીને ઈન્દ્રિયાનુભવો દ્વારા તેને અભ્યાસતા જઈએ તેમ તે પ્રાપ્ય વિગત (માહિતી) જ્ઞાનમાં પરિણમે છે. તે મેળવવા માટે પરલક્ષિતા અને બિનઅંગતતા હોવી જોઈએ, તો જ સાચું જ્ઞાન મળે છે.

ઉપરના પરિચ્છેદોમાં જુદી જુદી વિચારસરણીઓના જ્ઞાન વિષેના ખ્યાલો રજૂ કર્યા છે. અહીં કહેવાનો એવો કોઈ આશય નથી કે કોઈ એક કે વધુ વિચારસરણી જ્ઞાનનો અર્થ માહિતી કરે છે અને અન્ય જ્ઞાનને માહિતી પરના તાત્ત્વિક વિશ્લેષણ તરીકે રજૂ કરે છે. આપણને વિવિધ વાચન સાહિત્યમાંથી જ્ઞાનનો વિશાળ અર્થ અને સાંકડો અર્થ એમ બન્ને અર્થો મળે છે તેમ કહી શકાય.

જ્ઞાનાર્જનની પ્રક્રિયાનાં સોપાનો માંહેનું પહેલું સોપાન અવલોકન અને નિરીક્ષણ છે. અન્ય સોપાનો – કાર્યકારણ સંબંધનું પ્રસ્થાપન, ભૌતિક કે વૈચારિક સાબિતીઓ દ્વારા તેની ખરાઈ અને સામાન્યીકરણ – એમ છે. જ્ઞાનની નિષ્પત્તિમાં તથ્ય, માહિતી વગેરેને સ્થાન છે. સોપાનો આ ક્રમે છે :

(1) અવલોકન અને નિરીક્ષણ
(2) કાર્યકારણ સંબંધનું પ્રસ્થાપન
(3) ભૌતિક કે વૈચારિક સાબિતી
(4) નિષ્પત્તિ (પરિણામ)
(5) સામાન્યીકરણ

માહિતી ટેક્નોલોજી એટલે કે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (દોંગા, 2005) એ માહિતીને ચાર કક્ષાઓમાં વર્ગીકૃત કરેલ છે : હકીકત (Fact), વિગત (Information), જ્ઞાન (Knowledge) અને ડહાપણ (Wisdom).

માહિતીના અર્થો અહીં આ પ્રમાણે દર્શાવ્યા છે :

➳ માહિતી એ કોઈ ભાવ, વસ્તુ કે વિચારની મદદથી પ્રાપ્ત થયેલી કે પ્રાપ્ત કરવામાં આવેલી હકીકત (fact) છે. જેમ કે, ભૂકંપની તીવ્રતા 7.1 હતી. ચોમાસામાં 22 ઈંચ વરસાદ વરસ્યો.

➳ તે અક્ષરો, આંકડાઓ, ચિત્રો, શબ્દો.... વગેરે સંજ્ઞાઓનું આલેખન કે પ્રાપ્ય વિગતનું સંકેતીકરણ છે. ગુ.મા.શિ. બોર્ડમાં બેઠેલા વિદ્યાર્થીઓની સંખ્યા. સ્લેટ, નેટ, TAT, TET, HTATની સંખ્યા.

- માહિતી એ ચોક્કસ બાબતની જાણકારી સ્વરૂપે છે.
- માહિતી કે હકીક્તનું (વિષયવસ્તુનું) માળખાગત, સુસંગત અને વિશ્વસનીય અર્થઘટન સ્વરૂપ જ્ઞાન (Knowledge) છે.
- જ્ઞાનના કારણે પ્રાપ્ત થતી બૌદ્ધિકતા ડહાપણ (wisdom) સ્વરૂપ છે.

(બ) જ્ઞાન અને કૌશલ્ય

જ્ઞાનની સરળ અને ગહન બન્ને વિભાવનાઓ આપણે જાણી. જ્ઞાનનો સાંકડો અર્થ 'માહિતી' કે 'વિષયવસ્તુ વિગત' એવો કર્યો અને વિશાળ અર્થમાં જ્ઞાન એટલે અનુભવોનું પાયાનું તથ્ય એમ કહી માહિતી સાથે ચિંતનને સાંકળ્યું. અંગ્રેજીમાં "Knowledge is no longer treated as information but performativity" એમ કહેવાયું છે. આ અર્થમાં જ્ઞાનને માટે 'માહિતી' એવો શબ્દાર્થ યોગ્ય નથી પણ તે માટે 'આવડત' છે એમ કહીએ એટલે તરત જ એક નવી વિભાવના કૌશલ્યનું પ્રત્યક્ષીકરણ થાય. શિક્ષણ એટલે શું અને તે કેવું હોવું જોઈએ, તેની ચર્ચામાં તેનો અર્થ માહિતી આપવી તેમ ન કરતાં, આવડત કેળવવી તેવો અર્થ આ અર્થમાં સમાવિષ્ટ છે. જ્ઞાનનો અર્થ સાહજિકતા, ચોકસાઈ અને નિપુણતાના સંદર્ભમાં કરીએ એટલે કૌશલ્યની વિભાવના સ્પષ્ટ થાય છે.

"Knowledge is the theoretical or practical understanding of a subject. Skills are the proficiencies." વેબ-ડિક્ષનેરીમાં જ્ઞાન અને કૌશલ્ય વચ્ચેનો તફાવત એમ ટાઈપ કરીએ એટલે મળતું આ પરિણામ છે. આપણે કોઈ શબ્દકોશ અર્થ કે જે આપણે વ્યવહારુ સમજ દ્વારા પ્રાપ્ત કરીએ તે જ્ઞાન અને તત્સંલગ્ન આવડત એટલે કૌશલ્ય એવું અર્થઘટન અહીં કરી શકાય. વેબ-ડિક્ષનેરીમાં આપણે હજી તપાસ આગળ વધારીએ :

"Knowledge refers to learning concepts, principles and information regarding a particular subject(s) by a person through books, media, encyclopedias, academic institutions and other sources..... Skill refers to the ability of using the information and applying it in a context..... Knowledge refers to theory and skill referes to successfully applying that theory in practice and getting expected results." અહીં આપણા પાઠ્યક્રમના કોઈપણ વિષયમાં સમાવિષ્ટ સંકલ્પનાઓ, સિદ્ધાંતો અને માહિતીયુક્ત બંધારણીય વિગતના સંદર્ભમાં જ્ઞાનનો અર્થ સ્વીકારાયો છે. જ્ઞાનનો સરળ અર્થ 'વિષયવસ્તુ માંહેની વિગત' એમ આપણે કર્યો. તે જ સંદર્ભમાં વિષયવસ્તુ એટલે તેમાં સમાવિષ્ટ સંકલ્પનાઓ, સિદ્ધાંતો અને માહિતી એમ કહી તે જ અર્થને વિશેષ સ્પષ્ટ કરેલ છે. પુસ્તક, કોઈ પ્રત્યાયન - વિગત (માધ્યમ ગમે તે હોય), એન્સાઈક્લોપિડીયા, સંસ્થાગત વિગત કે અન્ય સ્રોતોમાંથી માહિતી મેળવેલી હોઈ શકે. આ જ્ઞાનના ઉપયોગની આવડત કે જે કોઈ ચોક્કસ સંદર્ભ (કાર્ય)માં ઉપયોગમાં લેવાયેલ હોય તે કૌશલ છે. જેમ કે, થર્મોમીટર વિશેની માહિતી આપણને હોય પણ કોઈ દરદીનું ઉષ્ણતામાન માપી તેને તાવ છે કે નહિ કે કેટલો છે અને સામાન્ય રીતે કેટલો હોવો જોઈએ, તે બધી જાણકારી અને તે માટે તેનો ઉપયોગ તે આવડત છે, તે કૌશલ છે. બીજું એક ઉદાહરણ લઈએ તો, ચેકનો અર્થ, પ્રકાર, કેમ લખાય, આ બધું શિક્ષક શીખવે છે. તે વિગત છે એટલે કે વિદ્યાર્થી ભણ્યા પછી તે માહિતી ધરાવે છે, તેમ કહેવાય. બેંકમાં જઈને ચેકનો ઉપયોગ કરી પૈસાની લેવડદેવડ કરી શકવી તે કૌશલ્ય છે. આપણે ઘણા વક્તાઓને કહેતા સાંભળીએ છીએ કે, આજનો બાળક એન્સાઈક્લોપિડીયા બનતો જાય છે. ઘણું બધું વિષયવસ્તુ-જ્ઞાન તે મગજમાં ઠાંસી ઠાંસીને ભરી દે છે પણ જ્યારે તેનો ઉપયોગ કરવો હોય ત્યારે તે કરી શકતો નથી. ખરા અર્થમાં જ્ઞાનનો ઉપયોગ કરવાની આવડતને કૌશલ્ય કહેવાય છે. માર્કેટિંગના ઘણા-બધા સિદ્ધાંતો કોમર્સનો વિદ્યાર્થી જાણતો હોય છે. આ સિદ્ધાંતોમાં ગ્રાહક સમક્ષ રજૂઆતના વિનય-વિવેકથી માંડીને પસંદ કરેલી ચીજવસ્તુઓની વિશેષતાઓના નિદર્શનનો સમાવેશ થાય છે. સેલ્સમેન જ્યારે તે ચીજ-વસ્તુ વેચવા બેસે છે કે ઘરેઘરે તે લઈને ફરે છે ત્યારે આ જ સિદ્ધાંતોને સ્વીકારી તે પ્રમાણે કરવાની કાર્યરીતિ તે કૌશલ્ય. એટલે જ "Practice goes with skill, whereas information goes with knowldge" એમ કહીને પ્રેક્ટિસને મહત્ત્વ અપાય છે, માહિતી ધરાવવી કે હોવી તે નહિ.

જ્ઞાનનું કૌશલમાં રૂપાંતર માટે એટલે જ આપણે મહાવરો (practice), પ્રયત્ન અને ભૂલ (trial and error), અનુભવ (experience) અને નિષ્ણાતીકરણ (expertization) ને મહત્ત્વનાં ગણ્યાં છે.

માત્ર કૌશલ્યનો અર્થ કરીએ તો, "A skill is a learned ability to carry out a task with predetermined results often within a given amount of time, energy or both" એમ છે. શીખેલી આવડત કે જે કોઈ કાર્ય અને અગાઉથી નક્કી કરેલી નિષ્પત્તિ માટે જરૂરી હોય અને તે ચોક્કસ સમય અને શક્તિ સાથે નિરૂપણ માગી લે છે તે કૌશલ્ય છે. કૌશલ્યનું ક્રમવાર સુયોજિત તંત્રનું સરળ મૉડેલ આ પ્રમાણે તૈયાર કરી શકાય :



ઉપરની આકૃતિ અર્થઘટનની દૃષ્ટિએ સુસ્પષ્ટ છે. વિદ્યાર્થી જે જાણે છે તેનો ઉપયોગ કરે ત્યારે તે ઉપયોગકર્તા કહેવાય અને સતત એ જ પ્રકારના કાર્યને અંતે તે નિષ્ણાત કૌશલ્યધારી બને છે. આમ જાણવું એ જ્ઞાનની પ્રારંભિક કક્ષા છે. કાર્ય કરવું તે તેનું ઉપયોજન છે અને જ્યારે કોઈ સમસ્યાના સંદર્ભમાં જ્ઞાનનો ઉપયોગ કે જે ઉકેલમાર્ગ છે તે જ્ઞાનનું કૌશલ્યમાં રૂપાંતર છે. આ પિરામીડ કે જે કૌશલ્યનું એક મૉડેલ રજૂ કરે છે તે અહીં સરળ સ્વરૂપે રજૂ કરેલું છે. અભ્યાસુ તેનું ગહનતમ સ્વરૂપ

પાંચ ક્રમમાં પણ અભ્યાસી શકે કે જે Know → Play → Work → Solve → Invent સ્વરૂપે છે કે જેથી Student → appreciator → specialist → expert → craftsmanની કક્ષા મેળવી શકે. જ્ઞાનનો અર્થ વિષયવસ્તુની માહિતી એમ લઈએ તો તેનો અનુવાદ, અર્થઘટન અને અર્થ વિસ્તરણને **સમજ** એમ કહી શકાય. માહિતીનો તદ્દન નવી જ પરિસ્થિતિમાં ઉપયોગ કરવાની આવડત તે **કૌશલ્ય** છે.

શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં વિવિધ વિષયોનો પાઠ્યક્રમ કે જેમાં જુદાજુદા વિષયવસ્તુ એકમો આપેલા હોય છે તે વિષયવસ્તુઓની સંકલ્પનાઓ, સિદ્ધાંતો અને હકીકતો એ જ્ઞાન છે. 'શિક્ષણ'ની વ્યાખ્યામાં પણ જ્ઞાન અને કૌશલ્યનો સમાવેશ આ પ્રમાણે કર્યો છે : "Education (KAS) is a process by which human being acquire knowledge, form attitude and master the skills."

ઉપર્યુક્ત ચર્ચામાં કૌશલ શબ્દ કેન્દ્રસ્થાને રહ્યો છે. શિક્ષક પ્રશિક્ષણમાં આ જ અર્થમાં અધ્યયન કૌશલ્યો હસ્તગત કરવાનાં હોય છે.

કાર્ટર વી. વુડ 'શિક્ષણ પરિભાષા કોશ'માં અધ્યાપન કૌશલ્યની વ્યાખ્યા આ પ્રમાણે આપે છે : "સૈદ્ધાંતિક માહિતી અને અનુભવ તથા અધ્યાપન ઝોક આધારિત અધ્યાપન વર્તનો કે જે વિદ્યાર્થી પર અધ્યયનની અસર ઊભી કરે છે તે અધ્યાપન કૌશલ્યો કહેવાય." અહીં સૈદ્ધાંતિક માહિતી એ શબ્દ સમૂહ માટે આપણે જ્ઞાન શબ્દ પ્રયોજ્યો છે અને તેની આવડત માટે અનુભવ અને મહાવરાને મહત્ત્વના ગણ્યા છે કે જે કૌશલ્ય પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય. ભાષા શિક્ષણમાં આપણે અમૂર્ત શબ્દ કે અર્થસભર વિધાનનું ઉદાહરણ સાથે વિવેચન કરવાની આવડતનું શિક્ષણ મેળવીએ છીએ એટલે કે કૌશલ્ય પ્રાપ્ત કરીએ છીએ. ગણિત અને વિજ્ઞાન એ વિષયોનું વિષયવસ્તુ ચોક્કસ પ્રક્રિયા સ્વરૂપ અધ્યયન અને અધ્યાપનના પદ્ધતિશાસ્ત્રને સમાવે છે એટલે કે તે કૌશલલક્ષી શિક્ષણના વિષયો છે, તે આપણે સ્વીકારી લીધું છે. સમાજશાસ્ત્ર આપણને માત્ર સમાજના સંદર્ભમાં વિભાવનાઓના 'શિક્ષણની હિમાયત કરે છે અને

સામાજિક કૌશલ્યો પ્રાપ્ત કરવાનાં કાર્યો સૂચવે છે. જ્ઞાન વિજ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજોએ કૌશલ્યોમાં પણ ગાણિતિક કે ભાષાકીય જ નહિ પણ વિવિધ કૌશલ્ય જેવાં કે સામાજિક, વ્યવસ્થાકીય, સર્જનાત્મક, વગેરે કૌશલ્યોની આવડત કેળવવાની ભલામણ કરેલી છે.

(ક) અધ્યાપન અને તાલીમ

શૈક્ષણિક તેમ જ મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના કોશમાં શીખવવું, માટે અંગ્રેજીમાં બે શબ્દો છે : (1) Teaching અને (2) Instruction. આ બંને શબ્દોનો ઉપયોગ ઘણીવાર એકબીજાના પર્યાય તરીકે કરવામાં આવે છે. પરંતુ આ બન્ને શબ્દો એકબીજાના પર્યાય નથી. અહીં Teaching એ શબ્દ Education માટે પ્રચલિત છે. શિક્ષણની પરિભાષામાં અધ્યાપન માટે Instruction શબ્દ સ્વીકારાયો છે. જેમ શિક્ષણના સંદર્ભમાં જ્ઞાન, સમજ, માહિતી, કૌશલ્ય વગેરે કૌશલ્યલક્ષી વિભાવનાઓ છે અને તેઓની વચ્ચે વ્યવહારુ એવી ભેદરેખા છે તેમ અધ્યાપન માટે પણ શીખવવું, અધ્યાપન, તાલીમ વગેરે શબ્દો વચ્ચે ભેદ છે. શિક્ષક પ્રશિક્ષણના અભ્યાસક્રમમાં આ જ્ઞાનમીમાંસાત્મક વિભાવનાઓના અભ્યાસની જોગવાઈ છે. આ વિભાવનાઓની ચર્ચામાં શિક્ષણવિદોમાં એકમતી ન હોઈ શકે પરંતુ વિભાવનાઓનું વિશ્લેષણ કરવાનો ક્રિયા-કલપ કરનાર શિક્ષકોએ આ વિભાવનાઓનો અભ્યાસ કરવો જોઈએ અને પોતાની માન્યતા વિકસાવવી જોઈએ.

અધ્યાપનનો અર્થ કરનારા શિક્ષણવિદો અધ્યયનમાં મદદરૂપ બનતી તમામ બાબતોનો અધ્યાપન શાસ્ત્રમાં સમાવેશ કરે છે. આ બાબતોમાં શિક્ષક, વિદ્યાર્થી અને વિષયવસ્તુ સંબંધિત બાબતો કે ભૌતિક, સામાજિક તેમજ શૈક્ષણિક સ્રોતોને સંબંધિત બાબતોનો સમાવેશ થાય છે.

અધ્યાપન એ સંસ્કૃત ભાષાનો અધ્યયન ઉપરથી બનેલો શબ્દ છે. 'અધિ + ઈ' ધાતુ આ શબ્દના મૂળમાં છે. 'અધિ + ઈ'નું પ્રેરકરૂપ શીખવું / શીખવવું એ અધ્યાપન. અધ્યાપન એટલે 'શીખે તેમ કરવું.' હવે જો 'Instruction' શબ્દ લઈએ તો 'instruct' એટલે 'સૂચવવું' એમ અર્થ

લઈ શકાય. આમ શીખે તેમ કરવું અને સૂચવવું (કે બતાવવું) એમ બે અર્થ લઈ શકાય. અધ્યાપન એ વિભાવનાનું વિશ્લેષણ આમ તેનું સ્વરૂપ અને તેનો વ્યાપ એમ બે બાબતોને સમાવે છે એમ કહીએ તો શું શીખે તેમ કરવું તે માટે અધ્યયનમાં મદદરૂપ તમામ બાબતો લઈ શકાય. આ બાબતો શૈક્ષણિક, સામાજિક, ભાવાત્મક, કૌશલલક્ષી, આધ્યાત્મિક, વગેરે હોઈ શકે. આપણે શૈક્ષણિક સંદર્ભમાં થોડા વધુ આલેખન જોઈએ.

અધ્યાપનનનો અર્થ આપતાં જુદા જુદા લેખકો તેનો અર્થ જ્ઞાનનું વિતરણ, માહિતીની આપ-લે, કૌશલ્યની તાલીમ, શિક્ષણ આપવું ... વગેરે કરે છે. અહીં પણ માહિતીની આપ-લે - જ્ઞાનનું વિતરણ, શિક્ષણ આપવું - કૌશલ્યની તાલીમ વગેરે સરળતમ - ગહનતમ સ્વરૂપ છે. અહીં શબ્દાર્થોના અર્થઘટનો કરીએ તો તે શીખવવુંના પર્યાયવાચી શબ્દોની વચ્ચેના અંતરનું સ્પષ્ટ દર્શન કરાવી શકતા નથી. અહીં અધ્યાપન એ જ્ઞાનનુ વિતરણ અર્થમાં લઈએ કે કૌશલ તાલીમ પ્રક્રિયા સ્વરૂપે લઈ શકાય તેવું તારવવું સહેલું પડે. જો કે ખરા અર્થમાં, અધ્યાપન નામની વિભાવનાનું આ વિશ્લેષણ નથી. શાસ્ત્રી જયેન્દ્ર દવે અધ્યાપન અને તાલીમનો અર્થ સંદર્ભ યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ પ્રકાશિત પુસ્તક કેળવણીના તાત્ત્વિક આધારોમાં આ પ્રમાણે આપે છે : "શિક્ષકનું પ્રાથમિક કાર્ય વિદ્યાર્થીને ઔપચારિક રીતે જાણતા કરવાનું તથા અમુક પ્રવૃત્તિ કરતા કરવાનું છે. એટલે કે જ્ઞાન તથા કૌશલની સંરચના કરે છે જેથી તે વિદ્યાર્થીને માત્ર શીખવાનું જ નહિ પણ યાદ રાખવાનું તેનો ઉપયોગ કરવાનું સૂચન કરે છે." .... તે ક્રિયા અધ્યાપન માટે અભિપ્રેત છે."

કેળવણીની પ્રક્રિયા એટલે કે શિક્ષણની ચર્ચા અધ્યાપન, અધ્યાપક, વિદ્યાર્થી અને વિષયવસ્તુને સંબંધિત છે. અધ્યાપનને શિક્ષણના સંદર્ભમાં લઈએ તો, સંકલ્પનાઓ, સિદ્ધાંતો અને તથ્યો જાણવા તથા સમજવાની પ્રક્રિયાભિમુખતાને સ્વીકારવાની રહે. જ્યારે તાલીમ શબ્દની વ્યુત્પત્તિ 'Traning' કે 'to train' ના સંદર્ભમાં લઈએ તો, તાલીમ એટલે શારીરિક કે માનસિક ક્રિયા કરતાં થાય તે રીતે શીખવવું એવો અર્થ થાય.

શીખવવું નો વ્યાપક અર્થ અધ્યા ન અને સાંકડો અર્થ તાલીમ એવો પણ ઘણા કરે છે. સર્વાંગીણ કેળવણીની વ્યાખ્યામાં જુદા જુદા વિકાસ ક્ષેત્રોના સંદર્ભમાં સર્વાંગીણ શિક્ષણ માટે અધ્યાપન અને શારીરિક વિકાસના સંદર્ભમાં શિક્ષણને માટે તાલીમ શબ્દ પ્રયોજે છે. જો કે જ્ઞાન વિજ્ઞાનના વિકસતા જતા ક્ષેત્રો એ શારીરિક એટલે કે માત્ર વ્યાયામ નહિ પણ વૈચારિક, ધાર્મિક તેમજ વ્યક્તિત્વ વિષયક કેટલાંક વર્તન-પરિવર્તનો માટે પણ તાલીમની જોગવાઈ સ્વીકારી છે.

ઉપર્યુક્ત ચર્ચાને અંતે શીખવવું માટે અધ્યાપન વિભાવના સ્વીકારીએ (અન્ય વિભાવનાઓ છે જ) તો વિષયવસ્તુનું શિક્ષણ (જ્ઞાન, સમજ અને ઉપયોગ) અને કૌશલ્યની તાલીમ એ બે શિક્ષક ક્રિયાઓને સાંકળે છે. કૌશલ્યની તાલીમ અપેક્ષિત વર્તન-પરિવર્તનોના સંદર્ભમાં શિક્ષક ક્રિયાઓને સાંકળે છે અને શારીરિક, સામાજિક, માનસિક તેમજ અન્ય વિવિધ ક્ષેત્રોના સંદર્ભમાં અપેક્ષિત વર્તન-પરિવર્તનોને સ્વીકારે છે.

(૬) વિચારશક્તિ (તર્ક) અને માન્યતા (Logical Thinking and Belief)

પ્રવર્તમાન સમયમાં અનુભવવાદ અને બુદ્ધિવાદ (વિચારસરણી)ની કેળવણી પર ગાઢ અસર છે. અનુભવવાદીઓ જ્ઞાનનો અર્થ 'અનુભવોનું પાયાનું તથ્ય' એ શબ્દસમૂહમાંથી અનુભવને આગળ ધરે છે જ્યારે બુદ્ધિવાદીઓ તથ્ય એટલે કે વિષયવસ્તુ – હકીકતને આગળ ધરે છે.

'શું વિચારવું' અને 'કેવી રીતે વિચારવું' એ શીખવાના પ્રકલ્પોમાં વિષયવસ્તુ અને તાલીમ એ બે બાબતો જ્ઞાનના અર્થમાં પ્રભાવી રહે છે. એક મત 'વિચાર' જ જ્ઞાનનું કેન્દ્રવર્તી તત્ત્વ છે તે સિદ્ધાંત બુદ્ધિવાદ તરીકે ઓળખાય છે જ્યારે સુનિશ્ચિત જ્ઞાનને જ સ્વીકારનારાઓ તેની માન્યતાના સ્વરૂપને જ જ્ઞાન તરીકે સ્વીકારે છે. વિચારશક્તિ માટે મનનો વિકાસ થવો જોઈએ. વિષયવસ્તુ કે જે જાણવાનું નક્કી થાય તે પૂર્વે તેની સાથે જોડાયેલી સંકલ્પનાઓ, સિદ્ધાંતો કે તથ્યોની અર્થપૂર્ણ તરેહ વ્યવસ્થા દ્વારા મન સ્પષ્ટ થવું જોઈએ. ઇન્દ્રિય

અનુભવ વિનાના વિચાર પર બુદ્ધિવાદીઓ ભાર મૂકે છે. તત્ત્વજ્ઞાનની અંતિમ સત્યની વિભાવનાની વિગત સમજાવતા ઘણા પુસ્તકોમાં પરિપ્રશ્નની પ્રક્રિયા અનુસરાય છે. અનુભવવાદીઓ માન્યાતાયુક્ત ઇન્દ્રિયાનુભવો સાથેની પ્રણાલિ અનુસરે છે, જ્યારે બુદ્ધિવાદીઓ તર્ક આધારિત વિચારને અનુમોદન આપે છે.

ખુરશીના ઉદ્‌ભવ માટે લાકડું, વૃક્ષ, ... એ પ્રથમ વિચારસરણી અને વિચારવાદના મતે વિચાર એ ઉદ્‌ભવ પાછળનું કારણ એ બીજી વિચારસરણી એમ સ્વીકારીએ તો પ્રથમ વિચારસરણીમાં અસ્તિત્વવિષયક માન્યતાઓ છે જ્યારે બીજી વિચારસરણીમાં અનુભવ નિરપેક્ષ તર્કને એટલે કે 'વિચાર'ને સ્વીકારાયેલો છે.

કાર્લયુંગને God વિષે પૂછવામાં આવ્યું ત્યારે તેનો જવાબ આ હતો : I don't believe, I know ! એ વિભાવનાનું વિશ્લેષણ પણ માન્યતા અને સૃષ્ટિના અસ્તિત્વ પાછળના આદર્શ તર્કને આગળ ધરે છે. અસ્તિત્વ ધરાવતી વસ્તુનું તથ્યાત્મક વિધાન એ માન્યતા (કોઈએ આપેલું તથ્ય) છે, પણ ઘટનાક્રમને કે અસ્તિત્વ બંધારણને ધ્યાનમાં લીધા વિના અનુભવ નિરપેક્ષ વિચાર એ તર્ક છે કે જેમાં વિચારશક્તિને સ્વીકારાયેલ છે.

જ્ઞાનના સ્રોત ગુરુમત, શાસ્ત્ર પ્રમાણ, સામાન્ય બુદ્ધિ, આંતરસૂઝ, વગેરેને અનુસરતા અનુમાન કે તર્ક વિનાનું અર્થઘટન મળે છે. અહીં જ્ઞાનેન્દ્રિયોને જ્ઞાનનું ઉદ્‌ભવસ્થાન ગણ્યું છે. અનુભવથી નિરપેક્ષ વિચારશક્તિ-તર્કને જ્ઞાનનું ઉદ્‌ભવસ્થાન ગણતાં જહોન ડ્યૂઈ જ્ઞાનપ્રાપ્તિની પ્રક્રિયાને વિચારની એક સંપૂર્ણ પ્રક્રિયા તરીકે પણ સમજાવે છે, તે આપણે જોયું.

માહિતી કે પૂર્વજ્ઞાનના સંદર્ભમાં અટકળની ચકાસણી વિચારની પ્રક્રિયામાં સામેલ છે. અનુભવવાદીઓ ભૌતિક ચકાસણીને સ્વીકારે છે જ્યારે બુદ્ધિવાદીઓ વૈચારિક પ્રક્રિયાને સ્વીકારે છે. અનુભવવાદીઓ સીધેસીધું કશું જ સ્વીકારી ન લે, પરંતુ મેળવેલી માહિતીને પ્રયોજે તેના

આધારે સ્વીકૃત માન્યતાઓ પૈકી સામાન્યીકૃત જ્ઞાન પુરવાર કરતી માન્યતાઓને જ્ઞાન તરીકે સ્વીકારે છે. માન્યતાઓ પાછળ અસ્તિત્વના ભૌતિકવિજ્ઞાનનું વિષયવસ્તુ જેમ છે તેમ જ હોય છે કે વ્યવહારુ પ્રયોજનથી પ્રાપ્ત થયેલી વિગત હોય છે. જ્યારે .... મનને એકાગ્ર કરી આવેગ-રહિત પ્રજ્ઞાને અનુસરી અખિલાઈની દૃષ્ટિથી અનુભવાતો વિચાર કે જે ભૌતિકની પછીતે રહેલા અમૂર્ત તત્ત્વ કે તર્કને જ્ઞાન મેળવવા માટે સ્વીકારે છે. આદર્શવાદીઓ ચિંતનની આ પ્રક્રિયાને મહત્ત્વની ગણી પ્રાપ્ત થતી ફળશ્રુતિને, વિચારને જ્ઞાન તરીકે સ્વીકારે છે. જ્યારે વાસ્તવવાદીઓ અસ્તિત્વના સ્વરૂપ સાથે જોડાયેલી ઘણી બધી સુનિશ્ચિત વિગતોને માન્યતાઓ સ્વરૂપે લઈ મળેલી માન્યતાઓ એટલે કે અટકળને તાત્ત્વિક નહીં પણ વૈજ્ઞાનિક અનુશીલનથી સ્વીકૃત એવું સામાન્યીકરણ તારવે છે. માહિતી આધારિત વિગત માન્યતાઓ છે, અને તે માન્યતાઓમાંથી નિષ્કર્ષ તારવવાની ચિંતન પ્રક્રિયા તર્ક છે કે જે સામાન્યીકરણ તારવવામાં મદદરૂપ થાય છે.

સારાંશ

(અ) જ્ઞાન અને માહિતી

વિષયવસ્તુમાં સમાવિષ્ટ સંકલ્પના, સિદ્ધાંતો અને તથ્યો કે જે શબ્દવિદ્યા તરીકે છે તે માહિતી. માહિતી અનુભવમાંથી પસાર થાય / ચકાસાય તે નિષ્પત્તિ જ્ઞાન. અસ્તિત્વને સંબંધિત આનુભવિક પ્રશ્નોના ઉત્તર માહિતી દ્વારા વ્યક્ત થાય તે સુનિશ્ચિત વિગત માહિતી છે. જ્ઞાનવિષયક ચિંતનાત્મક પ્રશ્નો કે જેના દ્વારા સ્વયંપ્રમાણીભૂત વિગત નિરૂપાય તેને જ્ઞાન કહી શકાય.

(બ) જ્ઞાન અને કૌશલ્ય

Knowledge is the theoretical or practical understanding of a subject. Skills are the performances.

વિષયવસ્તુમાં સમાવિષ્ટ વિગત / વિચાર જ્ઞાન છે, અને તેના સંદર્ભમાં તેના ઉપયોજનની આવડત તે કૌશલ્ય છે.

(ક) અધ્યાપન અને તાલીમ

અધ્યાપનનો સરળ અર્થ જ્ઞાનનું વિતરણ, માહિતીની આપ-લે, શિક્ષણ આપવું એ છે. શારીરિક અને માનસિક આવડતના સંદર્ભમાં અધ્યાપન તાલીમ છે. વ્યાયામ શિક્ષક માટે શિક્ષણ તાલીમના સંદર્ભમાં વ્યાખ્યાયિત કરાય છે જ્યારે સર્વાંગીણ વિકાસના સંદર્ભમાં અપેક્ષિત વર્તન-પરિવર્તનો માટે અધ્યાપન શબ્દ પ્રયોજાય છે.

(ડ) વિચાર અને માન્યતા

અસ્તિત્વ વિષયક અનુભવમુક્ત નિરપેક્ષ સત્ય વિચાર છે જ્યારે વિષયવસ્તુ આધારિત સુનિશ્ચિત સ્વરૂપના જ્ઞાનની સ્વીકૃતિ માન્યતા છે. જ્ઞાનપ્રાપ્તિ માટે વિષયવસ્તુ સંબંધિત સુનિશ્ચિત વિગતો માન્યતાઓ ઘડે છે અને આ માન્યતાઓનું અનુશીલન, આંતરસંબંધો દ્વારા સામાન્યીકરણ તર્ક પ્રાપ્ત છે.

સ્વાધ્યાય

(1) અર્થ સ્પષ્ટ કરો :

(અ) જ્ઞાન અને માહિતી

(બ) જ્ઞાન અને કૌશલ્ય

(2) કોઈ એક 'માહિતી' લખો. વિદ્યાર્થીઓ તેના સંદર્ભમાં 'કૌશલ' પ્રાપ્ત કરે તે માટે શું કરી શકાય ?

(3) અધ્યાપન અને તાલીમ વચ્ચે શો ભેદ છે ?

(4) પ્લેટોના ખુરશીના ઉદાહરણ દ્વારા 'અનુભવમુક્ત નિરપેક્ષ સત્ય' એટલે શું ? તે સ્પષ્ટ કરો.

* * *

1.3 બાળકેન્દ્રી શિક્ષણ

શિક્ષણમાં કેન્દ્રસ્થાને વિષય, શિક્ષક અને બાળક હોય તેવો શિક્ષણશાસ્ત્રીઓનો મત છે. પ્રાચીન ભારતમાં વેદો, ઉપનિષદો અને ધર્મ તથા શાસ્ત્રોના સંદર્ભમાં વિષયજ્ઞાનને મહત્ત્વ અપાતું હતું. તે વિષયકેન્દ્રી શિક્ષણ કહેવાય. ત્યાર બાદ શાળાકીય સંસ્થાનો સ્વીકાર થતાં શિક્ષણમાં કેન્દ્રસ્થાને શિક્ષક રહ્યા. વર્ગમાં અધ્યયન દરમિયાન શિક્ષક સર્વજ્ઞાતા, સર્વ સત્તાધીશ અને સમગ્ર વ્યવસ્થાતંત્રના કેન્દ્રસ્થાને હતા. આજે પણ શિક્ષક બોલીબોલીને ભણાવે અને માહિતીને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડે તેવું શિક્ષકકેન્દ્રી અધ્યયન - અધ્યાપનનું અસ્તિત્વ છે. વીસમી સદીથી શિક્ષણમાં બાળકને કેન્દ્રસ્થાને મૂકી બાળકેન્દ્રી શિક્ષણની હિમાયત કરવામાં આવી.

બાળકેન્દ્રી શિક્ષણની હિમાયત કરનારાની માન્યતા છે કે જ્ઞાન જે જાણવું છે તે અનુભવો દ્વારા પ્રાપ્ત થાય. શારીરિક અને મનોવૈજ્ઞાનિક વિકાસને અનુરૂપ બાળક ક્રિયા કરે છે અને એ ક્રિયા-પ્રવૃત્તિ બાળકને શીખવે છે. પ્રવૃત્તિ દ્વારા તે નવું નવું શોધે છે. એક અર્થમાં, પ્રવૃત્તિ એ બાળકની 'વિષય' સાથેની આંતરક્રિયા છે. 'Learning by doing'ની આ વિચારસરણી બાળકેન્દ્રી શિક્ષણનો આધારસ્તંભ છે. બાળકેન્દ્રી શિક્ષણ એટલે બાળકની જ્ઞાનાત્મક પ્રવૃત્તિ, તે દ્વારા ખોજ કે તપાસ કે તેની સાથેનો સંવાદ (આંતરક્રિયા) છે.

✯ બાળકેન્દ્રી શિક્ષણનો અર્થ

શિક્ષણ સાથે મનોવિજ્ઞાનનો સંબંધ જોડતાં શૈક્ષણિક મનોવિજ્ઞાનની એક શાખા અસ્તિત્વમાં આવી જેને પરિણામે બાળક ચેતનવંતુ છે, સર્જનશીલ છે, ક્રિયાશીલ છે તેવી સમજનો આવિષ્કાર થયો. ત્યારથી શિક્ષણમાં બાળકનાં રસ, રુચિ, વલણ, ગમો-અણગમો વગેરેનો વિચાર કરવાની શરૂઆત થઈ. શિક્ષણ શિક્ષકકેન્દ્રી મટી વિદ્યાર્થીકેન્દ્રી બન્યું.

શિક્ષણ સાથે તત્ત્વજ્ઞાનનો સંબંધ જોડતાં શૈક્ષણિક તત્ત્વજ્ઞાનની એક શાખા અસ્તિત્વમાં આવી. પ્રત્યેક બાળક 'પૂર્ણ માનવીય સત્' (whole human being) તરીકે કઈ રીતે વિચારવું તેનું અધ્યયન કરે છે, એ

બાબત પર તત્ત્વજ્ઞાનીઓ ભાર મૂકે છે. બાળકના વિકાસમાં તેના કેન્દ્રીય સત્ સ્વરૂપનું પરિવર્તનશીલ સમાજમાં તાદાત્મ્ય અસરકારક ભાગ ભજવે છે, એ અર્થમાં બાળક કેન્દ્રસ્થાને છે.

શિક્ષણ સાથે સમાજશાસ્ત્રનો સંબંધ જોડતાં શૈક્ષણિક સમાજશાસ્ત્રની શાખા અસ્તિત્વમાં આવી. વિદ્યાર્થી વર્ગખંડ ઉપરાંત શાળામાં કે શાળા બહાર સમાજમાં વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા શૈક્ષણિક અનુભવો મેળવે તે અર્થમાં બાળકેન્દ્રી શિક્ષણની સંકલ્પના અસ્તિત્વમાં આવી.

આમ, બાળકેન્દ્રી શિક્ષણના મનોવૈજ્ઞાનિક, તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારસ્તંભો છે.

શિક્ષણશાસ્ત્રનું જ્ઞાન શિક્ષકને એ હકીકતનો સ્પષ્ટ નિર્દેશ કરે છે કે અધ્યયન-પ્રક્રિયામાં શીખનાર કેન્દ્રસ્થાને છે. શીખનારને માત્ર માહિતી આપવાથી અધ્યાપનકાર્ય પૂરું થતું નથી. વિદ્યાર્થીની મૂળભૂત જરૂરિયાતો અને શીખનારની બૌદ્ધિક, સામાજિક, સાંવેગિક પરિસ્થિતિ પ્રમાણે શિક્ષક શિક્ષણ પદ્ધતિમાં ફેરફાર કરે છે. વિદ્યાર્થીકેન્દ્રી અધ્યયન - અધ્યાપનમાં આ વિચાર છે. તે માટે (1) વિદ્યાર્થીઓના 'વૈયક્તિક તફાવતો' ધ્યાનમાં લેવા. (2) 'પ્રવૃત્તિ'નો એક અધ્યાપન પ્રયુક્તિ તરીકે સ્વીકાર કરવો. (3) વિદ્યાર્થી પોતે જ પોતાની કુતૂહલવૃત્તિ જિજ્ઞાસાવૃતિથી જાતે જ કશીક 'તપાસ' કરી જ્ઞાન મેળવે તેવું આયોજન કરવું. (4) વિદ્યાર્થી જે શીખવાનું છે તેની સાથે જોડાઈ 'આંતરક્રિયા' કરે. (5) બાળક અનુકૂલન સાધી વિષયને બરાબર આત્મસાત્ કરે તેવી તક પૂરી પાડવી.

ઉપર્યુક્ત સંકલ્પનાનાં તારણો આ પ્રમાણે છે :

(1) જ્ઞાન જે જાણવું છે તેની સાથેના ક્રિયાના અનુભવો દ્વારા પ્રાપ્ત થાય. શારીરિક અને મનોવૈજ્ઞાનિક વિકાસને અનુરૂપ બાળક ક્રિયાઓ કરે છે, એ પ્રવૃત્તિ તેને શીખવે છે.

(2) બ્રુબેકર આ જ વિગતને ભિન્ન અર્થમાં સ્પષ્ટ કરે છે. તેમના મતે, "Truth is to be conceived dynamically." જ્ઞાન સ્વ-પ્રમાણિત નથી, તે ક્રિયાને અંતે સ્પષ્ટ થાય છે.

(3) **જહોન ડ્યૂઈએ** બાળકેન્દ્રી શિક્ષણના સંદર્ભમાં એક ગૃહીત આ રીતે સ્પષ્ટ કર્યું છે. "બાળકની પ્રવૃત્તિઓ અનિવાર્યતઃ એ (જ્ઞાન-પ્રાપ્તિની) દિશા તરફ વળે એ રીતની પ્રવૃત્તિઓનું નિર્માણ કરવું જોઈએ." એ દૃષ્ટિએ જ્ઞાન **મેળવવાની** વસ્તુ છે તથા તે કંઈક એવું અમૂર્ત છે, જે શિક્ષક દ્વારા મનમાં **ઠસાવી** શકાય છે, એ માન્યતાનો વિરોધ ડ્યૂઈ કરે છે. જ્ઞાનપ્રાપ્તિ એટલે અનુભવોને કાબૂમાં લઈ વ્યવસ્થિત કરવા માટેની એક **સ્વ-ક્રિયા** છે. આ અર્થમાં, વિષયકેન્દ્રી એટલે કે જ્ઞાન મેળવવાની વસ્તુ છે. શિક્ષકકેન્દ્રી પ્રવૃત્તિ શિક્ષક દ્વારા મનમાં ઠસાવી શકાય છે અને વિદ્યાર્થીકેન્દ્રી એટલે કે વિદ્યાર્થીઓ તેમની પોતાની પ્રવૃત્તિ દ્વારા; સમજીને ગ્રહણ કરવાની બાબત છે.

(4) **ડ્યૂઈના દર્શનમાં** 'અનુભવ' શબ્દ વિશેષ અર્થમાં સૂચિત છે : તે માટે ક્રિયા કરવી (doing), અનુભવમાંથી પસાર થવું (undergoing), અનુભવ મેળવવો (having) અને અનુભવી હોવું (being) – એ ચારેય મળીને અનુભવ બને છે.

બાળકેન્દ્રી શિક્ષણની સંકલ્પના શિક્ષણમાં પ્રવૃત્તિ, શોધ કે તપાસ અને સંવાદને મહત્ત્વ આપે છે.

1.3.1 પ્રવૃત્તિ ઉદાહરણ પદ્ધતિ : Activity Method

☆ અર્થ

વિદ્યાર્થી જાતે કંઈક, કશુંક કરીને શીખે એવી ધારણા એ પ્રવૃત્તિનો પાયો છે. બાળકેન્દ્રી અભિગમમાં પ્રવૃત્તિ દ્વારા અધ્યયન પર ઝોક છે. શિક્ષણના મૂળ અભિગમો ચાર છેઃ (1) સંભાષણ, (2) ચર્ચા, (3) પ્રવૃત્તિ અને (4) સ્વઅધ્યયન. શાળા કક્ષાએ વ્યાખ્યાન પદ્ધતિ, સંવાદ પદ્ધતિ, પ્રયોગ પદ્ધતિ અને સ્વઅધ્યયન સાહિત્ય દ્વારા અધ્યાપન એ આ ચારેય અભિગમને અનુરૂપ શિક્ષણ પદ્ધતિઓ છે. પ્રવૃત્તિ એટલે કે 'Activity'માં 'Act' શબ્દ ક્રિયા માટેનો છે. સામાન્ય રીતે ક્રિયાનો જે અર્થ ઘટાવાય છે, તે આ શબ્દની દાર્શનિક સંકલ્પના સ્પષ્ટ કરે છે. દર્શનના મતે 'કૃતિ' યા

'ક્રિયા' એટલે જે કંઈ વિષયને પૂર્ણત્વ પ્રદાન કરે તે. અહીં પ્રવૃત્તિ (વસ્તુ સાથેની કે વિષય સાથેની) તે વિષય-પૂર્ણતા પ્રદાન કરે છે અને બાળક પૂર્ણ સ્વરૂપમાં વિષયને જાણી શકે છે.

પ્રવૃત્તિ વ્યક્તિગત કે સામૂહિક સ્વરૂપે હોઈ શકે. પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થી વિષયને સમગ્રતયા સમજી શકે છે. સમગ્રના ઘટકોનું સંકલન કરી તેની હકીકત જણાવે છે, તેઓની વચ્ચેના સંબંધોને ઓળખાવે છે, અને વિષયનો પ્રત્યક્ષીકરણનો હેતુ સિદ્ધ થાય છે.

☆ પ્રવૃત્તિનું ઉદાહરણ

નાનાં બાળકોને ભાષા શિક્ષણમાં ચારેય ભાષાકૌશલ્યોના સંદર્ભમાં પ્રવૃત્તિઓ આપવામાં આવે છે. વાંચવું, લખવું, સાંભળવું અને કથન કરવું તે માટે મૂળાક્ષરોનું પુસ્તક, ખાસ પ્રકારની લેખન બુક, શિક્ષકોના વાચનને સાંભળવું અને પ્રશ્નોના જવાબ આપવા કે ગણિતના અંકોનું ઉચ્ચારણ એ બધી પ્રવૃત્તિઓ બાળકના ભાષા કૌશલ્યોના વિકાસ માટે છે. મૂળાક્ષરની પેટીમાંથી અક્ષર શોધવા, ભૌમિતિક આકૃતિઓના ખાડાવાળી પેટીમાં ભૌમિતિક આકૃતિઓ ગોઠવવી, અક્ષરોના સમૂહમાંથી ચોક્કસ શબ્દો સ્પષ્ટ કરવા માટે અક્ષરો શોધી શબ્દો બનાવવા વગેરે કાર્યો પ્રવૃત્તિલક્ષી છે. પક્ષીઓ કે પ્રાણીઓના ચિત્રો ટપકાં જોડી તૈયાર કરવાં, રંગ પૂરવા, ભૌમિતિક આકૃતિઓ કાપીને અન્ય પૂંઠા પર ચોડવી.... આ બધી પ્રવૃત્તિઓ વિષયની ઓળખ, સમજ અને પ્રત્યક્ષીકરણનું કાર્ય કરી આપે છે.

જહોન ડ્યૂઈ એ "Learning by doing"ના સિદ્ધાંત દ્વારા અધ્યયનમાં ક્રિયાને મહત્ત્વ આપ્યું છે. ડ્યૂઈની મૂળ માન્યતા હતી : સ્થાયિત્વ (Permanence) એ વાસ્તવિકતાનું સત્ત્વ કદાપિ નથી. વાસ્તવિકતાનું સત્ત્વ તો છે ક્રિયા, વાસ્તવ સાથેની ક્રિયા. તેના મત પ્રમાણે 'અનુભવ અને અનુભવની અખંડતા' (exprience and experiential continum) વિકાસને માટે પાયાની બાબત છે. "જે અનુભવ જિજ્ઞાસા જગાડે, પહેલ કરવાની વૃત્તિને પ્રબળ બનાવે, અભિલાષાઓને નિશ્ચિત

બનાવે તથા આશયો નક્કી કરાવડાવે તે અનુભવ ભવિષ્યમાં માણસને નિર્જીવ બનવામાંથી બચાવી શકે અને એ જ અનુભવ વિકાસનો સ્રોત બની શકે." શિક્ષકે વર્ગમાં એવી પરિસ્થિતિનું નિર્માણ કરવાનું છે, જેમાં વિદ્યાર્થીઓએ કશુંક કરવાનું હોય. શિક્ષક પોતે પણ વર્ગજૂથનો સહયોગી સભ્ય બની રહી વિદ્યાર્થીને મહત્તમ અનુભવો પૂરા પાડે તે જ શીખવા માટેની સાચી પરિસ્થિતિ હોઈ શકે.

પ્રવૃત્તિ વિદ્યાર્થીઓને અધ્યયન પ્રક્રિયામાં જોડે છે. તે માટેનાં કાર્યો યોગ્ય કઠિનતાને ધ્યાનમાં રાખીને પસંદ થયેલાં હોવાં જોઈએ. વિજ્ઞાનના વિષયમાં આકૃતિ દોરવી, પ્રયોગ કરવો, નિદર્શન તૈયાર કરવું વગેરે પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને વિષયવસ્તુની સંપૂર્ણ સમજ આપે છે અને વિષયમાં રસ વિકસાવે છે. જેમ કે, ગણિતમાં સમસ્યા ઉકેલ કે કોયડા પ્રશ્નો, કૂટપ્રશ્નો, વ્યવહારુ વિગત આધારિત - જ્ઞાન સાથેની ગમ્મતના પ્રશ્નો જે-તે વિષય તરફનું હકારાત્મક વલણ ઘડતર કરે છે. સમાજશાસ્ત્ર જેવા વિષયોમાં સ્થળ પર્યટન અહેવાલ લેખન, મુલાકાત વગેરે પ્રવૃત્તિઓ શિક્ષક પ્રયોજી વિષયને આત્મસાત્ કરાવી શકે.

(1) પ્રવૃત્તિ બાળકને અધ્યયનમાં રસ વિકસાવી અધ્યયન પ્રક્રિયામાં જોડે છે. જેમ કે જુદા જુદા અંકમાંથી રકમ બનાવવી, ચિત્રો સાથે શબ્દો જોડવા.

(2) અધ્યેતાની સર્જનશક્તિને ઉત્તેજે છે.

(3) વિદ્યાર્થીના વ્યક્તિગત તફાવતોને ધ્યાનમાં રાખીને અપાયેલી પ્રવૃત્તિઓ સૌને એક સાથે સફળ પરિણામનો સંતોષ આપે છે.

(4) વિષયની સંપૂર્ણ કાર્યવિધિની તાર્કિકતાનો ખ્યાલ આપે છે.

(5) વિચારશક્તિને તથા તર્કશક્તિને ઉત્તેજે છે.

☆ પ્રવૃત્તિનો પ્રકાર

પ્રવૃત્તિઓ સામાન્ય રીતે ત્રણ પ્રકારની હોઈ શકે : (1) પ્રારંભિક (Basic), (2) મધ્યમ (Intermediate) અને (3) વિશિષ્ટ

(Advance). વિષયના વિષયવસ્તુના સંદર્ભમાં સામાન્ય માહિતી કે જે તેની સંકલ્પનાઓ, સિદ્ધાંતો કે તથ્યો સાથે જોડાયેલી હોય તેની શોધ કરી તેનું આલેખન કરવું તે સામાન્ય પ્રવૃત્તિ છે. જ્યારે વિષયમાં સમાવિષ્ટ બાબતોનો નવી જ પરિસ્થિતિમાં ઉપયોજનને સાંકળતી પ્રવૃત્તિ વિશિષ્ટ - Advance ગણાય. અહીં સંકલ્પના, સિદ્ધાંત કે તથ્યોનું ઉપયોજન નિદર્શનમાં દર્શાવવામાં આવે છે. ડાયનેમો જોડીને બલ્બ કે દાદરા પરની લાઈટની રૂપરેખા આપવી, પવનચક્કીનું મૉડેલ તૈયાર કરવું, $(a^2 - b^2) = (a + b)(a - b)$નું મૉડેલ તૈયાર કરવું, વગેરે વિશિષ્ટ પ્રવૃત્તિઓ છે. સામાન્ય અને વિશિષ્ટ આ બન્નેની સાપેક્ષ કૌશલના સંદર્ભમાં વચગાળાની પ્રવૃત્તિ એટલે વાર્તાલેખન, અહેવાલ લેખન, પાઠ્યપુસ્તકમાંના પ્રયોગનું નિદર્શન .... વગેરે મધ્યમ પ્રકારની પ્રવૃત્તિઓને ગણાવી શકાય.

શિક્ષણશાસ્ત્રના કેટલાક લેખકો અહીં દર્શાવી તે ત્રણ પ્રકારની પ્રવૃત્તિઓને જ્ઞાનાત્મક કે ક્રિયાત્મક, રચનાત્મક કે સર્જનાત્મક એ રીતે દર્શાવે છે. અહીં સામાન્ય, વિશેષ કે સવિશેષ એ ત્રણેય બાબતો પૈકી કોઈ બે બાબતોને સાથે જોડે છે. વિષયવસ્તુ પર આધારિત સીધું લેખન જ્ઞાનાત્મક કે વિષયવસ્તુના એકમની ક્રિયામૂલક (પ્રયોગ, આકૃતિ વગેરે) વિગત આધારિત ક્રિયાત્મક પ્રવૃત્તિ સૂચવેલી છે. વિષયવસ્તુના સંદર્ભમાં જ્ઞાનનો ઉપયોગ રચનાત્મક છે. જ્યારે વિશેષ એવી કૃતિની રચના માટે – જ્ઞાનના ઉપયોગ માટે સર્જનાત્મક શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે. પહેલી પ્રવૃત્તિ પૂર્વશરત કે પ્રારંભ છે જ્યારે બીજી પ્રવૃત્તિ પ્રારંભ સાથે સાંકળ રચી વિષયના સમગ્ર ખ્યાલનું પ્રત્યક્ષીકરણ કરાવે છે.

પ્રવૃત્તિકેન્દ્રી અધ્યાપનની મર્યાદાઓમાં તે માટે શિક્ષક અને વિદ્યાર્થીએ વિશેષ સમય ફાળવવો પડે (Time factor), મોટા વર્ગના બધા વિદ્યાર્થીઓ માટે તે માટેની કાર્યાન્વિતી મુશ્કેલ બને (Large class) વિષયના સંદર્ભમાં વિષયાંતર થઈ જાય (Digression) અને કેટલાક વિદ્યાર્થીઓમાં નિષ્ક્રિયતા (Passivity) જોવા મળે, તેને ગણાવી શકાય.

☆ ત્રણેય વિભાગ પ્રમાણેની પ્રવૃત્તિઓનાં ઉદાહરણ આ પ્રમાણે છે :

(1) વિષયવસ્તુ સ્વાધ્યાય તૈયાર કરવો, ચિત્રોનું આલ્બમ બનાવી એક પરિદૃશ્ય તૈયાર કરવું અને વર્તમાનપત્રોમાંથી ચોક્કસ આલેખનો જોડી ચાર્ટ્સ તૈયાર કરવો. સામાન્ય રીતે એકમ શિક્ષણના અંતે શિક્ષક જે-તે વિષયવસ્તુ પર સ્વાધ્યાય કે નિબંધ લખવાનું કહે છે. હીરોસીમા કે અન્ય કોઈ ઐતિહાસિક સ્થળ વિષે પ્રકાશિત સાહિત્ય કે તેનાં ચિત્રો એકઠાં કરીને સમગ્રતયા તે વિગત રજૂ કરવાનું સૂચવે છે. જુદાજુદા વર્તમાનપત્રોમાં આવેલા ધરતીકંપ, પૂર, વાવાઝોડાં કે અન્ય કોઈ સમાચારના કટિંગ્ઝ એકઠાં કરી ચાર્ટ્સ તૈયાર કરે છે. આ પ્રારંભિક કે સામાન્ય પ્રકારની પ્રવૃત્તિ કહેવાય. અહીં સ્રોત સંપૂર્ણપણે ઉપલબ્ધ હોય છે.

(2) દ્વિતીય કક્ષાની પ્રવૃત્તિઓમાં નકશામાં ચોક્કસ સ્થાન સાથે વ્યક્તિ વિશેષ કે પ્રખ્યાત સ્થળને જોડવા, બ્રેનો બનાવવો કે જેમાં કોલમમાં સ્થાન હોય અને બીજી કોલમમાં તે સ્થાને આવેલું સ્થળ હોય અને કાર્ડ બૉર્ડ કે થર્મોકોલમાં તે આડાઅવળા દર્શાવ્યા હોય. જ્યારે સાચા બન્ને ઉપર 'કી' મૂકીએ ત્યારે લાઈટ થાય તે બ્રેનો છે. વિજ્ઞાનમાં પ્રયોગકાર્યની પ્રવૃત્તિ બાળકોને ખૂબ ગમે છે. મીઠામાંથી રેતી છૂટી પાડવી, કાર્બન ડાયોક્સાઈડ બનાવવો, લોહચુંબક અને લોખંડનો વહેર લઈ તેની મદદથી ચુંબકીય રેખાઓ તૈયાર કરવી વગેરે પ્રવૃત્તિ આ કક્ષાની પ્રવૃત્તિ છે. અહીં પ્રવૃત્તિ માટેની કાર્યરેખા ઉપલબ્ધ હોય છે.

(3) ત્રીજા પ્રકારની પ્રવૃત્તિઓ સર્જનાત્મક પ્રવૃત્તિઓ વિશિષ્ટ (advance) છે. સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવું, સમાજના કોઈ સ્થાનની મુલાકાત લઈ પ્રવૃત્તિ અહેવાલ તૈયાર કરવો, કોઈ વૈજ્ઞાનિક સિદ્ધાંતને અનુરૂપ વર્કિંગ મૉડેલ તૈયાર કરવું, વગેરે ઉદાહરણો આ માટે લઈ શકાય.

☆ ગાંધીજી : પ્રવૃત્તિકેન્દ્રી શિક્ષણ

ગાંધીજી ભારતની વિરલ વિભૂતિ હતા. ભારતને ગુલામીમાંથી મુક્તિ અપાવનાર મુક્તિદાતા હતા. ગાંધીજી રાજકારણી સાથે શિક્ષણકાર પણ હતા. દક્ષિણ આફ્રિકામાં ટૉલ્સટૉય ફાર્મમાં તેમણે શિક્ષણની પ્રવૃત્તિઓનો આરંભ કર્યો હતો. ભારતની શિક્ષણ વ્યવસ્થા અંગ્રેજોએ ગોઠવી હતી. આ શિક્ષણ વ્યવસ્થામાં ગાંધીજીને ઓછો વિશ્વાસ હતો. એટલે જ અમદાવાદમાં તેમણે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી હતી.

ગાંધીજીએ પોતાના શિક્ષણ વિષયક વિચારો 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' દ્વારા પ્રજા સમક્ષ રજૂ કર્યા હતા. શિક્ષણ અંગે એક સંમેલન તેમણે વર્ધા ખાતે યોજ્યું હતું. આ સંમેલનમાં ગાંધીજીના શિક્ષણના વિચારોની ચર્ચા થઈ હતી. આ સંમેલનમાં ડૉ. ઝાકીરહુસેનના અધ્યક્ષપદે એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ સમિતિએ શિક્ષણની જે યોજના રજૂ કરી તે વર્ધા યોજના, નઈ તાલીમ કે બુનિયાદી શિક્ષણ તરીકે ઓળખાય છે. આ બધી જ યોજના કે તેની પાછળની ફીલસૂફીનો પ્રવૃત્તિ આધારસ્થંભ છે.

બુનિયાદી શિક્ષણ એ પ્રવૃત્તિકેન્દ્રી શિક્ષણ છે. બુનિયાદી શિક્ષણમાં કેન્દ્રસ્થાને કોઈ એક ઉદ્યોગ હોય છે. ગાંધીજીના શિક્ષણ ચિંતન અનુસાર, બાળકના શિક્ષણનો પ્રારંભ કોઈ હસ્તોદ્યોગ દ્વારા થવો જોઈએ. શિક્ષણ પ્રાપ્ત કરનાર વ્યક્તિ આર્થિક રીતે સ્વાવલંબી હોવી જોઈએ. બુનિયાદી વિદ્યાલયો, ઉત્તર બુનિયાદી વિદ્યાલયો, ગ્રામ વિદ્યાપીઠો અને ગાંધી વિચારને વરેલી શિક્ષણ સંસ્થાની પ્રવૃત્તિઓ જોતાં ક્રિયા દ્વારા શિક્ષણ કે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ સ્પષ્ટ જોવા મળે છે. સમવાય શિક્ષણ પદ્ધતિમાં પ્રારંભમાં જીવન સાથે સંકળાયેલ પ્રવૃત્તિ અને તે પછી તે અંગેનું શિક્ષણ અપાય છે. સમાજજીવનનું પ્રતિબિંબ રજૂ કરતો પ્રારંભિક તાસ સંસ્થાની સફાઈનો છે, જેમાં સંસ્થાના તમામ વ્યક્તિઓ જોડાય છે. શિક્ષણ પદ્ધતિઓમાં ક્રિયા દ્વારા શિક્ષણ કે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ અપાય છે.

આમ, પ્રવૃત્તિકેન્દ્રી શિક્ષણ ગાંધીજીના શિક્ષણ ચિંતનમાં કેન્દ્રસ્થાને છે. કાંતણ-વણાટ, ખેતીવાડી અને પશુપાલન જેવા ઉદ્યોગો કેન્દ્રસ્થાને રાખી શિક્ષણ ગોઠવાય એવી વાતને પ્રાધાન્ય હતું.

તેથી ગાંધીજીના વિચારો અનુસાર બુનિયાદી શિક્ષણ ભારતની પ્રાથમિક શાળાઓમાં અમલી બન્યું, પરંતુ તેની સાચી સમજને અભાવે એક ઉપયોગી વિચાર નિષ્ફળતા નીવડ્યો.

જો કે અગ્રગણ્ય કેળવણીકારોએ પ્રવૃત્તિકેન્દ્રી શિક્ષણ કે Learning by doingને કેન્દ્રસ્થાને સ્વીકાર્યું છે. યુનેસ્કોના સમગ્ર વિશ્વના દેશો માટે રચાયેલ ડેલોર્સ શિક્ષણ પંચે પણ કેળવણીના ચાર આધારસ્તંભોમાં Learning to know, do, learn, live & be દ્વારા કાર્ય કરવા માટે અધ્યયનને મહત્ત્વ આપ્યું છે. કોઠારી શિક્ષણપંચે પણ શિક્ષણમાં કાર્યાનુભવો – Work experienceને મહત્ત્વ આપ્યું હતું. આમ ગાંધીજી ક્રિયા દ્વારા શિક્ષણ કે પ્રવૃત્તિ દ્વારા શિક્ષણના હિમાયતી હતા.

☆ ટાગોર : પ્રવૃત્તિકેન્દ્રી શિક્ષણ

શ્રી રવીન્દ્રનાથ ટાગોર પ્રકૃતિવાદી હતા. ગીતાંજલિ નામના તેમના કાવ્યસંગ્રહને સાહિત્ય માટેનું નોબેલ પારિતોષિક મળ્યું હતું. ટાગોર ચિત્રકાર, સંગીતકાર, કવિ અને શિક્ષણકાર એવી બહુમુખી પ્રતિભા ધરાવનાર વ્યક્તિ હતા. તેમના શિક્ષણ ચિંતન અનુસાર શિક્ષણ પ્રકૃતિના સાનિધ્યમાં પ્રવૃત્તિઓ દ્વારા અપાવું જોઈએ. બાળકોને નદીના કિનારે, પર્વતની તળેટીમાં લઈ જઈ શિક્ષણ આપવું જોઈએ. પુસ્તકિયા શિક્ષણના તે વિરોધી હતા. શિક્ષણ બાળકના અનુભવોમાંથી નીપજવું જોઈએ. આ અનુભવો પ્રવૃત્તિકેન્દ્રી હોવા જોઈએ.

ટાગોરે તેમના વિચારોને મૂર્તિમંત કરવા શાંતિનિકેતન સંસ્થાની સ્થાપના કરી હતી, જે આજે વિશ્વભારતી તરીકે ઓળખાય છે. આ સંસ્થામાં શિક્ષણ અનુભવોમાંથી મળે એવી પદ્ધતિઓ અજમાવાય છે. બાળકમાં રહેલી સર્જનાત્મકતા બહાર આવે એવી પ્રવૃત્તિઓથી સભર શિક્ષણ અપાવું જોઈએ. કલા, ચિત્રકળા, સંગીત, પ્રવાસ-પર્યટનો,

અભિનય, બાગકામ, ક્ષેત્રીય અધ્યયન, આ બધા ઉપર ટાગોર વિશેષ ભાર મૂકતા. તેમના મતાનુસાર, શિક્ષણ માનવજીવનની પ્રવૃત્તિ સાથે સંબંધિત હોવું જોઈએ. શિક્ષણ જીવંત, ગતિશીલ અને જીવનલક્ષી હોવું જોઈએ. બાળકો અવલોકનો દ્વારા સ્વયં શીખે તેના પર વિશેષ ભાર આપવો જોઈએ.

આમ રવીન્દ્રનાથ ટાગોર પણ શિક્ષણમાં પ્રવૃત્તિઓને વિશેષ મહત્ત્વ આપતા હતા.

1.3.2 શોધ પદ્ધતિ : Discovery Method

☆ અર્થ

આ શબ્દનો પ્રયોગ જ્ઞાનની પ્રત્યેક શાખાઓમાં વિષયના ગહન અધ્યયનના સંદર્ભમાં કરવામાં આવે છે. જેનો અર્થ કોઈ વસ્તુની શોધ માટે નહીં પણ એક એવી ક્રિયા (તપાસ) માટે કરવામાં આવે છે કે જે વણી હકીકતોનું એકત્રીકરણ અને તેના આધારે એક 'સમગ્ર'ની તારવણીના હેતુથી હાથ ધરવામાં આવે છે. વિદ્યાર્થીઓને માટે 'Part to Whole' નો દૃષ્ટિકોણ અહીં સ્વીકારાયો છે. શોધ અજ શબ્દ કંઈક અંશે તપાસ ઉદ્દેશની પ્રવૃત્તિને આગળ ધરે છે. તે કોઈ વસ્તુ, પદાર્થ કે વિગતના સંદર્ભમાં નવી શોધને માટે છે. અહીં માહિતીને એકઠી કરવી, તેનું સંકલન કરવું, અને એક કૃતિ કરવાના અર્થમાં શોધ શબ્દને પ્રયોજેલો છે.

☆ જહોન ડ્યૂઈની શોધ-સંકલ્પના

તપાસ કે શોધ એ જહોન ડ્યૂઈએ અનુભવ મેળવવાના સંદર્ભમાં વિશેષ પ્રવૃત્તિ તરીકે સ્વીકારેલ છે. ડ્યૂઈનું શૈક્ષણિક દર્શનશાસ્ત્ર વ્યાવહારિક છે. ડ્યૂઈની વિશેષતા એ હતી કે, તેણે પોતાના દર્શનમાં વિજ્ઞાનના પ્રયોગનિષ્ઠ અભિગમને સાંકળી લેવાનો પ્રયત્ન કર્યો. એણે સમાજમાં રહીને તેની પ્રાવિધિકતા (Technology) નો અનુભવ મેળવવાનું સૂચવ્યું છે. તે માટે એક પ્રક્રિયા કરવાની રહે. ધારો કે, કોઈ એક પ્રયોગ કે ઘટના કે પ્રક્રિયાનું પરિણામ સારું, સાચું, યોગ્ય કે ધાર્યું ન આવ્યું તો એ પ્રક્રિયાને

સુધારવાની જરૂર છે. ડ્યૂઈ શિક્ષણને વ્યાવહારિક સ્વરૂપમાં આ રીતે સંયોજવાનું જણાવે છે.*

ડ્યૂઈના મતે, જીવનમાં વાસ્તવિક પરિસ્થિતિની વચમાં જ્ઞાન મેળવનાર વિદ્યાર્થી જ્ઞેય સાથેની આંતરક્રિયાથી શીખે છે. અહીં શીખવાની આ ક્રિયા તપાસની પ્રક્રિયા - શોધ બની રહે છે.

વિચારની એક સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે તે માહિતી જ્ઞાનમાં પરિણમે. જ્ઞાન અને સર્જન એ વિચારો પરની મનન ક્રિયાથી એ શક્ય બને છે.

ડ્યૂઈના ગ્રંથ 'How we think' માં આ પ્રક્રિયા આ રીતે સ્પષ્ટ કરી છે :

(1) વ્યક્તિની સંતુલનની સ્થિતિમાં કશોક વિક્ષોભક અનુભવ થવો અને સમસ્યા ઉદ્ભવવી. પ્રથમ સોપાન ગૂંચવણભરી મનઃસ્થિતિ હોય, શંકા અને વિમાસણનું કારણ એવી પરિસ્થિતિ (સમસ્યા) છે.

(2) પૂર્વજ્ઞાનના આધારે અટકળોની રચના કરવી. બીજા સોપાનમાં કામચલાઉ અર્થઘટનો કે જે કેટલાંક પરિણામો તરફ દૃષ્ટિપાત અને વિચારવાનું ઉત્તેજન આપતા હોય.

(3) અટકળની અપ્રત્યક્ષ, તાર્કિક ચકાસણી કરવી. અહીં કાર્ય-કારણના સંદર્ભમાં તર્ક કે વિચારણા કરી સમસ્યા ઉકેલના નિર્ણયો તારવવાના રહે છે. અહીં આ સોપાનમાં પરીક્ષણ, પૃથક્કરણ, અવલોકનો, વગેરે સમસ્યા માટે પૂરતા પ્રમાણમાં હોય તે પર વૈચારિક પ્રક્રિયાનું સૂચન છે.

(4) સમસ્યા ઉકેલમાં પરિણમતી અટકળનું જ્ઞાન તરીકે સામાન્યીકરણ કરવું. આ સોપાનમાં અટકળની ચકાસણી અને સમસ્યાનું સમાધન યા ઉકેલ પ્રાપ્ત થાય છે.

* જુઓ જહોન ડ્યૂઈની શિક્ષણ વિચારધારા પુસ્તક, મેસર્સ બી. એસ. શાહ પ્રકાશન, લેખકો : આર. એસ. ત્રિવેદી, શાસ્ત્રી જયેન્દ્ર દવે, મોતીભાઈ પટેલ, 1978.

ઉપર્યુક્ત સોપાનો પૈકી ત્રીજું સોપાન વિશેષ અગત્યનું છે. અહીં અટકળ કરવી અને તેને અપ્રત્યક્ષ અને તાર્કિક રીતે ચકાસવા માટે પૂર્વાનુભવો હોવા એ જરૂરી છે. અનુભવી જ આ કાર્ય કરી શકે. અનુભવી હોવા માટે ક્રિયા કરવી, અનુભવોમાંથી પસાર થવું અને અનુભવો મેળવવા એ ત્રણ બાબતો અગત્યની છે. અનુભવી વ્યક્તિ જ્યારે કોઈ પ્રશ્ન ઉદ્ભવે ત્યારે તેની પાછળનાં કારણોની યાદી બનાવે છે. પ્રત્યેક અટકળ એક પછી એક તાર્કિક રીતે ચકાસતાં સમસ્યા ઉકેલ આપતી અટકળ નિષ્કર્ષ તરીકે સ્વીકારાય છે, અને આ પ્રકારની તપાસશ્રેણીનું પરિણામ સિદ્ધાંત તરીકે પ્રસ્થાપિત થાય છે.

આ શોધપ્રણાલિ વિવેચનાત્મક ચિંતન પ્રણાલિ તરીકે ઓળખાય છે. આ પ્રણાલિ આગમનાત્મક અને નિગમનાત્મક એમ બે પ્રકારની તપાસનું સૂચન કરે છે. આગમનવિધિ અટકળોને માટે આધાર આપે છે. અને નિગમન તાર્કિક નિષ્કર્ષ માટેના સાધન (તથ્ય) પ્રસ્તુત કરે છે. જે તર્ક આગમન સિદ્ધાંતને (વિચાર પ્રણાલિને) સમર્થન ન આપે તેનો અસ્વીકાર કરાય છે અને બાકી રહેલા નિષ્કર્ષને પરિણામ તરીકે જાહેર કરવામાં આવે છે. આમ વૈજ્ઞાનિક રીતે સમસ્યા સ્પષ્ટીકરણ, હકીકતોનો સંગ્રહ, અટકળોનું નિર્માણ અને તેનું પરીક્ષણ અને પરિણામ મેળવવાની એક સોપાન શ્રેણીયુક્ત ક્રિયા શોધમાં અનુસરાય છે. સમગ્ર પ્રક્રિયા એક તપાસની પ્રક્રિયા છે. સમસ્યા ઉકેલની અટકળોની તપાસ કરે છે અને વિશ્વસનીય જ્ઞાન પ્રાપ્ત કરે છે.

વ્યવહારવાદના સમર્થકોના મત મુજબ, આપણા અનુભવની નિરંતર પ્રક્રિયા યા ઘણા બધા માનવીય અનુભવોની પ્રજ્ઞા સ્વરૂપે આપણામાં એક સંરચના તૈયાર થયેલી હોય છે જે આપણને તપાસ માટે દોરે છે. આમ, શોધ કે તપાસમાં અનુભવો એ જ પ્રક્રિયાના ઉદ્દીપક છે.

☆ શોધકાર્યનું મહત્ત્વ

આ તપાસ વિદ્યાર્થી માટે નીચેની બાબતોમાં મહત્ત્વની છે :

➳ અભિપ્રેરિત કરે તેવા અનુભવોનું મહત્ત્વ સમજે છે.

- સમસ્યા ઉકેલ પરત્વે વિધાયક દૃષ્ટિકોણ વિકસે છે.
- સમસ્યા ઉકેલમાં મદદરૂપ થાય તેવી તાર્કિક વિચારણાને ઉત્તેજન પૂરું પાડે છે.
- અધ્યયન પોતાના અનુભવો સાથે સંકળાયેલું છે તે વિદ્યાર્થી સ્વીકારતો થાય છે.
- અનુભવોને વ્યવસ્થિત કરવાનું શીખે છે.
- અધ્યયન જીવનાભિમુખ અને જીવન અનુભવોના સમુચ્ચય માટે છે, તેવો દૃષ્ટિકોણ વિકસે છે.
- નવાં જ્ઞાન અને નવાં મૂલ્યોનું સર્જન કરવાની શક્તિ ખીલે છે.
- સર્જનાત્મકતા, બુદ્ધિનો કાર્યક્ષમ ઉપયોગ, ચિંતનશક્તિ, વિકસાવવામાં મદદરૂપ થાય છે.

1.3.3 સંવાદ પદ્ધતિ : Dialogue Method

☆ અર્થ

દર્શનશાસ્ત્રના મત મુજબ, તર્ક - બુદ્ધિ આધારિત પ્રયોજાયેલી એક પ્રવૃત્તિ સંવાદ છે. જેમાં પરસ્પરાવિરોધક એવા વિશિષ્ટ વિચારોને જોડવામાં આવે છે. સિદ્ધાંત (Thesis) કે જે એક માન્યતા સ્વરૂપે સ્થાપન થયેલો હોય છે. તેમાંથી પ્રતિસિદ્ધાંત (Antithesis) એટલે કે પ્રતિસ્થાપના તૈયાર કરી બન્ને વિશ્લેષણો આધારિત સંયોજન (Synthesis) કરવામાં આવે છે, તે સંવાદ નિષ્કર્ષ તરીકે સ્વીકારાય છે.

એક ચોકમાં મંદિર અને શાળા બન્ને છે. અહીં સવારમાં ઘણો જ ટ્રાફિક હોઈ અવારનવાર અકસ્માત સર્જાય છે. આ સંદર્ભમાં શાળા કે મંદિરને ત્યાંથી હટાવવાના નિર્ણયો માટે 'અ' અને 'બ' કે 'અ જૂથ' અને 'બ-જૂથ' પોતપોતાની પરિકલ્પનાઓ રજૂ કરે છે. $અ_1$ અને $બ_1$, $અ_2$ અને $બ_2$ .... આ પ્રત્યેક બાબતમાં બન્નેનો સ્વીકૃત સિદ્ધાંત (ધર્મને મહત્ત્વ, શિક્ષણને મહત્ત્વ) તૈયાર કરવામાં આવે છે. જે સંદર્ભમાં સમન્વયી એવો અન્ય પ્રતિસિદ્ધાંતને સ્વીકારી (અલબત્ત, માન્યતા સ્વરૂપે જ) પ્રસ્થાપિત કરવામાં આવે છે. અહીં સ્વીકૃત સિદ્ધાંતોનું સંયોજન સંવાદ નિષ્કર્ષ હોઈ શકે.

એક બીજું ઉદાહરણ નારીવાદની સંકલ્પનાના સંદર્ભમાં લઈએ.

રાજકીય હક્કોની માગણીના સંદર્ભમાં સમાનતા માટેનો વિચાર – Equality, A Thesis ની સાપેક્ષ સમાનતાના સંદર્ભમાં પુરુષ અને સ્ત્રીની ક્રિયાશીલતાનો વિચાર (Difference; An Anti-thesis). વૈચારિક તર્ક સ્ત્રી અને પુરુષના કાર્યોમાં તફાવત ન હોઈ શકે તેવા વિચાર સાથે કાર્યોની અસમાનતાનો વિરોધ રજૂ કર્યો. હક્કોની માગણી જ નહીં પણ તે પાછળની વૈચારિકતાને પ્રાધાન્ય અપાયું... આ જ વિચાર ત્રીજું ચર્ચા જૂથ સમાનતા કે તફાવતના સંદર્ભમાં નહીં પણ સ્વતંત્ર ઓળખનો વિચાર - Identity, A synthesis તરીકે રજૂ કરે છે. આ વિચાર પ્રક્રિયા 'નારીવાદ'ની સમજ આપતા પુસ્તકોમાં છે.

દર્શનશાસ્ત્ર વિચાર સિદ્ધાંતોનું તાત્ત્વિક વિશ્લેષણ કરી 'વિચાર'ને તર્કબદ્ધતા આપે છે. સંવાદને આવા ગહન અર્થમાં ન લઈએ તો કોઈ એક વિચાર, વિગત, ઘટના કે સમસ્યાના સંદર્ભમાં બે કે વધુ પાત્રો તેની વિશેષ સંમતિમૂલક સમજૂતી તૈયાર કરે તે પ્રક્રિયા સંવાદની પ્રક્રિયા છે.

☆ સંવાદનું સામાન્ય સ્વરૂપ :

સંવાદ દરમિયાન સામાન્ય રીતે પાંચ પાસાંઓમાં કાર્ય હાથ ધરાય છે :

(1) સંવાદ બેઠકના ઘટકો : સંયોજક (કે અધ્યક્ષ) શિક્ષક, ભાગ લેનાર પાત્રો અને અહેવાલ તૈયાર કરનાર.

(2) સંવાદનું આયોજન : કયા હેતુ માટે સંવાદ કરવાનો છે, કેટલો સમય, કઈ રીતે, ... વગેરે બાબતો.

(3) સંવાદ બેઠકનો અમલ : સંયોજક (કે શિક્ષક) વિષયને રજૂ કરે છે કે જે વિચાર, વિગત, ઘટના કે સમસ્યાના સંદર્ભમાં હોય છે અને ભાગ લેનાર પાત્રો તે સંદર્ભે જવાબ આપે છે કે રજૂઆત કરે છે.

(4) સંવાદ બેઠકનું અનુકાર્ય : આ માટે અહેવાલનું નિરૂપણ. જરૂર જણાય તો ગ્રંથાલય કે નિષ્ણાતની મુલાકાત વગેરે હોઈ શકે.

(5) સંવાદ બેઠકનું મૂલ્યાંકન : પ્રારંભે નક્કી કરેલા હેતુઓના સંદર્ભમાં નિષ્કર્ષ તારવવામાં આવે છે.

ચોક્કસ જૂથના વિચારો અને અનુભવોને એકઠા કરવા, અસરકારક રજૂઆતના વિશ્લેષણ માટે એક પ્રણાલિ - પ્રક્રિયામાં જૂથના બધા પાસાંઓની આંતરક્રિયાના અર્થમાં સંવાદને સ્વીકારાય છે.

ડૉ. બી. કે. પાસીએ AIAER ની કોન્ફરન્સમાં પેપર રજૂ કરવાનો એક નવો અભિગમ રજૂ કર્યો હતો. (બેંગકોક 18-22 એપ્રિલ, 2005) જેને તેઓએ સંવાદ અભિગમ (Dialogue Approach) તરીકે ઓળખાવેલ છે. આ અભિગમનું એક મૉડેલ તેમણે આ રીતે રજૂ કર્યું હતું.

(1) સંવાદ બેઠક માટે પૂર્વ તૈયારી : અધ્યક્ષ, બેઠક વ્યવસ્થા, રજૂઆત માટેના માધ્યમો, સભ્યો, વગેરે.

(2) વિષયની રજૂઆત : વિષયની સ્પષ્ટતા માટે ભાગ લેનાર પ્રશ્નો પૂછી શકે.

(3) વિષય પર સંવાદ પ્રક્રિયા : રજૂ કરનારના સંવાદાત્મક પ્રશ્નો (Dialetic Question) : 'આ કે તે', 'આમ શા માટે કે આમ શા માટે નહિ', 'શું યોગ્ય કે શું અયોગ્ય', 'શું કરવું કે શું ન કરવું.'....

(4) પ્રતિભાવ : ભાગ લેનારા, ચેરમેન કે જે વિષયના અનુસંધાને સૈદ્ધાંતિક ધારણાઓ, માન્યતાઓ, અનુભવોને જોડીને દર્શાવે

અને સર્વસ્વીકૃત પ્રતિભાવોનું વિશ્લેષણ કે જે પ્રસ્થાપના અને પ્રતિપ્રસ્થાપના સાથે અહેવાલમાં રજૂ થાય.

☆ **સંવાદનું મહત્ત્વ**

સંવાદ પદ્ધતિનું મહત્ત્વ આ પ્રમાણે છે :

(1) વિદ્યાર્થીઓ પ્રત્યાયનમાં અસરકારકતા જાણે છે, અનુભવે છે અને કેળવે છે.

(2) અધ્યયન અને અધ્યાપનમાં જરૂરી મૉડેલ કે પ્રણાલિ અભિગમથી માહિતગાર થાય છે.

(3) વિદ્યાર્થીઓ વિષયને સંલગ્ન મુદ્દાઓ સ્પષ્ટ રીતે, મુદ્દાસર અને તાર્કિક રીતે રજૂ કરતાં શીખે છે.

(4) વિદ્યાર્થીઓમાં વિશ્લેષણાત્મક, સમીક્ષાત્મક અને સર્જનાત્મક રીતે સાંભળવાનાં કૌશલ્યો વિકસાવવાં.

(5) વ્યાવસાયિક કંપનીઓમાં ચોક્કસ કૌશલ્યોના સંદર્ભમાં ઉમેદવારોની પસંદગી કરવા.

(6) વિષયવસ્તુના માધ્યમ દ્વારા વિષયવસ્તુ વ્યાપ સમજવા, સર્જનાત્મક વિચાર કૌશલ્યો, પ્રત્યાયન કૌશલ્યો, આંતર વૈયક્તિક સંબંધ કૌશલ્યો, ઇચ્છનીય વલણોનો વિકાસ કરવા.

એક વધુ ઉદાહરણ લઈએ.

વ્હોટ્સઅપમાં એક નાનકડી વીડિયો ક્લિપ હતી. એક અતિ સામાન્ય માણસ અંધારી શેરીમાં મેસીને પોતાના પગ પર દોરી બાંધે છે. હાથમાં લાકડી રાખે છે અને રોડ પર આવીને ભીખ માગે છે. ભીખ મળે છે. એક કાર તે જે મંદિર પાસે ઊભો છે ત્યાં આવી ચડે છે. પેલો માણસ ભીખ માટે હાથ લંબાવે છે પણ ભીખ મળતી નથી. તે જુએ છે કે કારનો દરવાજો ખૂલે છે અને એક અપંગ ઑફિસર નીચે ઉતરે છે. તેનો ડ્રાયવર

તેને લાકડી આપે છે, મોટરમાંથી પર્સ કાઢીને તેના હાથમાં આપે છે અને આદરસહ બે ડગલાં પાછળ જઈ તે અધિકારીને માર્ગ આપે છે. આ ક્લિપના સંદર્ભમાં સંવાદના પ્રશ્નો આ પ્રમાણે રહ્યા :

અપંગ અધિકારી અન્ય અપંગને કેમ મદદ નથી કરતા : (1) સમદુઃખિયા પરત્વેની લાગણી વિ. સ્વાભિમાન, (2) અભણ વિ. જ્ઞાનીની ઉત્કૃષ્ટતા, (3) જીવન માટે જેમ છે તે પરિસ્થિતિનો સ્વીકાર વિ. તકોની સંભાવના .... વગેરે.

સારાંશ

✤ બાળકેન્દ્રી શિક્ષણ

શિક્ષણમાં કેન્દ્રસ્થાને વિષય, શિક્ષક અને વિદ્યાર્થી હોય તેવો શિક્ષણશાસ્ત્રનો મત રહ્યો છે. પ્રાચીન સમયમાં વેદો, ઉપનિષદો, શાસ્ત્રો, વગેરે ધર્મ વિષયક જ્ઞાનને મહત્ત્વ અપાતું હતું. તે વિષયવસ્તુકેન્દ્રી શિક્ષણ કહેવાય. ત્યારબાદ શાળકીય સંસ્થાનો સ્વીકાર થતાં શિક્ષણમાં કેન્દ્રસ્થાને શિક્ષક રહ્યા. વર્ગમાં અધ્યયન દરમિયાન શિક્ષક સર્વજ્ઞાતા, સર્વસત્તાધીશ અને સમગ્ર વ્યવસ્થા તંત્રના કેન્દ્રસ્થાને હતા. આજે પણ શિક્ષક બોલીબોલીને ભણાવે અને માહિતીને વિદ્યાર્થીઓ સુધી પહોંચાડે તેવું શિક્ષકકેન્દ્રી અધ્યયન-અધ્યાપનનું અસ્તિત્વ છે. વીસમી સદીથી શિક્ષણમાં બાળકને કેન્દ્રસ્થાને મૂકી બાળકેન્દ્રી શિક્ષણની હિમાયત કરવામાં આવી છે. આ અભિગમ બાળકને પ્રવૃત્તિ, શોધ કે તપાસ અને તેના જ્ઞેય સાથેના સંવાદને મહત્ત્વ આપે છે.

✤ પ્રવૃત્તિ

વિદ્યાર્થી જાતે કંઈક, કશુંક કરીને શીખે એવી ધારણા પ્રવૃત્તિનો પાયો છે. પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થી વિષયને સમગ્રતયા સમજી શકે છે. સમગ્ર ઘટકોનું સંકલન તેને હકીકત જણાવે છે, તેઓની વચ્ચેના સંબંધોને ઓળખાવે છે, સંકલ્પના અને સિદ્ધાંતો સ્પષ્ટ કરે છે અને વિષયના

પ્રત્યક્ષીકરણનો હેતુ સિદ્ધ થાય છે. પ્રારંભિક એટલે કે વિષયવસ્તુ આધારિત જ્ઞાનાત્મક, મધ્યમ પ્રકારની પ્રવૃત્તિ માહિતી આધારિત રચનાત્મક અને સર્જનાત્મક એવી વિશેષ પ્રવૃત્તિઓ શિક્ષક યોજે છે. પ્રવૃત્તિ વિદ્યાર્થીને અધ્યયનમાં રસ ઊભો કરે છે, સર્જનશક્તિને ઉત્તેજે છે, વિષયનું જ્ઞાનાત્મક બંધારણ સ્પષ્ટ કરે છે, વિચારશક્તિને ઉત્તેજન પૂરું પાડે છે. વિષયની સમજ, હકારાત્મક મનોવલણ અને કૌશલક્ષમતાના હેતુઓ સિદ્ધ કરે છે.

✤ શોધ

જહોન ડ્યૂઈના મત પ્રમાણે, વિચારની એક સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થાય ત્યારે તે માહિતી જ્ઞાનમાં પરિણમે છે. આ ચિંતનાત્મક પ્રક્રિયા શોધ છે. તેમાં (1) સમસ્યા ઉદ્‌ભવવી. (2) પૂર્વજ્ઞાન (અનુભવ)ને આધારે અટકળોની રચના કરવી. (3) અટકળોની અપ્રત્યક્ષ અને તાર્કિક ચકાસણી કરવી, (4) ઉકેલનો નિર્દેશ કરતી અટકળનું નિષ્કર્ષ તરીકે સામાન્યીકરણ કરવું - એ સોપાનો છે. આ પ્રક્રિયાત્મક ચિંતન વિદ્યાર્થીઓને ..... (1) અનુભવોનું મહત્ત્વ સ્પષ્ટ કરે છે. (2) સમસ્યા ઉકેલ પરત્વે વિધાયક દૃષ્ટિકોણ વિકસાવે છે. (3) અનુભવોને વ્યવસ્થિત કરવાનું શીખવે છે. (4) કાર્યાન્વિત માનસ પ્રકૃતિનો વિકાસ કરે છે. (5) અનુભવોનું સંકલન, બુદ્ધિનો કાર્યક્ષમ ઉપયોગ અને ચિંતનશક્તિ વિકસાવે છે.

✤ સંવાદ

તર્ક બુદ્ધિ આધારિત પ્રયોજાયેલી બે કે તેથી વધુ પાત્રોની કોઈ વિચાર, ઘટના, કાર્ય, પ્રવૃત્તિ પર દ્વંદ્વાત્મક ચર્ચા સંવાદ છે. પસંદ કરેલા વિષયને માટેની માન્યતાઓ રજૂ થાય છે, તેને સુધારવામાં આવે છે અને સિદ્ધાંતને સ્પષ્ટતા અપાય છે. જે પ્રક્રિયા Thesis, Anti-thesis અને Synthesis એમ તબક્કાઓ અનુસરી 'વિગત વિશ્લેષણ' સૂચવે છે. સંવાદ પદ્ધતિ વિદ્યાર્થીઓને પ્રત્યાયનમાં અસરકારકતા બક્ષે છે. અધ્યયન-અધ્યાપનના પ્રણાલિ અભિગમથી માહિતગાર કરે છે. વિષયને સંલગ્ન

મુદ્દાઓ તાર્કિક રીતે રજૂ કરતાં શીખવે છે. વિશ્લેષણાત્મક સમીક્ષા પરત્વે હકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવે છે. અધ્યાપન એ વિચાર કૌશલ્યોના શિક્ષણનો પ્રયોગ બની રહે છે.

✤ પ્લેટો અને સંવાદ તથા પાવલો ફેરિનો મત :

શિક્ષણશાસ્ત્રથી પરિચિત સૌ કોઈ 'સંવાદ'ને પ્લેટો સાથે સાંકળે છે. હકીકતે એક ગ્રંથ 'Dialogues of Plato' પુસ્તકના શીર્ષકને કારણે જોડાણ વધુ પ્રચલિત થયું છે. પ્લેટોએ પોતાના વિદ્યાર્થીઓ સાથે સંવાદને સ્વીકારી જ્ઞાનાર્જનની પ્રક્રિયા કરી કે જે મૂલતઃ તેના ગુરુ એરિસ્ટોટલે તેની સાથે (સંવાદ) કરેલ. પ્લેટોનું આદર્શનગર નામના પુસ્તકમાં કેટલાક પ્રકરણોના પરિચ્છેદોમાં આત્માનું સ્વરૂપ, સદ્‌ગુણોનું પૃથક્કરણ, સદ્‌ગુણ અને કલા, વ્યક્તિ અને સમાજ, વગેરે ચર્ચા (સંવાદ)નો ઉલ્લેખ છે. પ્લેટોની જ વાત કરીએ તો પ્લેટોના આદર્શનગર પુસ્તકમાં પ્લેટોના સંવાદો વિષે આ પ્રમાણેની નોંધ છે :

એપોલૉજી : સોક્રેટિસનો બચાવ
પ્રોટેગોરાસ : સદ્‌ગુણ શીખવી શકાય ખરો ?
યુથિફ્રો : દયાભાવનો ખરો અર્થ
મીનો : પૂર્વજન્મના અનુભવની સ્મૃતિ
ક્રીટો : કાયદા પ્રત્યેનું માન
યુથીડેમસ : વિતંડાવાદ અને આન્વીક્ષિકી
ખારમાઈડીઝ : મિતત્ત્વ
ગોર્જિયસ : સોફિસ્ટોનો વિતંડાવાદ
લેખીસ : શૌર્ય

પ્લેટોનું પ્રદાન સંવાદ એટલે શું, સંવાદ કેવી રીતે કે સંવાદનું મહત્ત્વ જેવા પદ્ધતિશાસ્ત્રના ક્ષેત્રમાં નથી. તેના સંવાદો વાંચતાં આપણે એટલું જ કહી શકીએ કે, સંવાદ એટલે દ્વંદ્વાત્મક વિચારોનું આકલન અને

સંશ્લેષણ. અહીં સંવાદનો અર્થ, પદ્ધતિ જે અર્થમાં વ્યાખ્યાયિત કરેલ છે તે પ્લેટોનો મત છે, એવું નથી.

પ્રાચીન ભારતમાં શિક્ષણ વિષયકેન્દ્રી હતું. શિક્ષણકાર્યમાં 'પરિપ્રશ્નેન્ સેવયાત્'ની રીત આશ્રમી પદ્ધતિમાં હતી. આ પ્રકારના સંવાદના ઉદાહરણ આપણા શાસ્ત્ર 'બ્રહ્મસૂત્ર'માં છે. પ્લેટો કરતાં એરિસ્ટોટલને સંવાદના પ્રણેતા કહી શકાય અને પાઉલો ફેરિ (Paule Freire), શંકરાચાર્ય, વગેરેને પણ તેમાં મૂકી શકાય.

☆ સંવાદ અંગે પાઉલો ફેરિના વિચારો :

પાઉલો ફેરિ પ્રૌઢ શિક્ષણ સાથે સંકળાયેલ વિદ્વાન હતા. તેમના વિચારોથી લેટિન અમેરિકા અને આફ્રિકાના દેશો પ્રભાવિત છે. તેમણે ઘણાં મહત્ત્વનાં શૈક્ષણિક નવિનીકરણોની મદદથી 'સંવાદ' પદ્ધતિને મહત્ત્વ આપ્યું છે. આ સંવાદમાં અધ્યેતા અને અધ્યાપકના માનવીય તત્ત્વને મહત્ત્વનું ગણ્યું છે. તેમના મતે અધ્યેતા અને અધ્યાપક તેમજ અધ્યેતાઓની અંદરો-અંદરના સંવાદ ઘણા મહત્ત્વના અને ઉપયોગી છે. આનાથી એક વ્યક્તિના વિચારનો લાભ અન્ય વ્યક્તિને પણ મળે છે. સંવાદ એ એક સહકારી પ્રક્રિયા છે. સંવાદમાંથી જ્ઞાનનું સર્જન થાય છે. અધ્યેતા અને અધ્યાપક વચ્ચેના સંવાદથી અર્થપૂર્ણ અધ્યયન નિપજે છે. ફેરિ માનતા હતા કે શિક્ષક જ્ઞાનનો જાણકાર અવશ્ય છે પણ તે સત્તાધિશ ન બનવો જોઈએ. અધ્યેતા પોતાના વિચારો જાતિ, લિંગ અને ધર્મથી પર રહી - રજૂ કરવા જોઈએ. તેના વિચારો તેના અનુભવ રજૂ કરવા જોઈએ. ફેરિ પ્રારંભમાં પ્રૌઢ સાક્ષરતા સાથે સંકળાયેલા હતા. તેઓ માનતા હતા કે પરંપરાગત શિક્ષણ પ્રણાલિ યંત્રવત્ છે. તેનાથી દૂર થઈ શિક્ષણ આપવું જોઈએ. તેઓ માનતા કે પરંપરાગત શિક્ષણ પ્રણાલિ અવલોકનની અને વિચાર કરવાની પ્રક્રિયાને અવરોધે છે. તેઓ દૃઢપણે માનતા હતા કે વ્યક્તિએ હંમેશાં પોતાનું પુનઃ પરીક્ષણ કરવું જોઈએ. તેઓ જૂથ-સંવાદ (Group Dialogue) ને મહત્ત્વ આપતા હતા. શિક્ષકે

અધ્યેતાઓની ચર્ચાને સમજીને તેના સારરૂપ જ્ઞાનનું સ્વરૂપ આપવું જોઈએ. સંવાદ પરસ્પર સહકારી, ગતિશીલ અને સમજ વિકસાવે તેવા હોય એ જરૂરી છે.

સ્વાધ્યાય

(1) બાળકેન્દ્રી શિક્ષણનો અર્થ સમજાવો.

(2) પ્રવૃત્તિ પદ્ધતિ એટલે શું ? તેનાં લક્ષણો જણાવો.

(3) શોધ પદ્ધતિ એટલે શું ? જહોન ડ્યૂઈની શોધ સંકલ્પના જણાવો.

(4) સંવાદ પદ્ધતિ સમજાવો.

(5) સંવાદ અંગે પ્લેટો અને પાઉલો ફ્રેરિના વિચારો દર્શાવો.

* * *

એકમ : 2

કેળવણીની સામાજિક આધારશિલાઓ

2.1 ઔદ્યોગિકીકરણ એક સામાજિક પ્રક્રિયા

2.2 લોકશાહી મૂલ્યો અને કેળવણી

2.3 બહુસંસ્કૃતિવાદ

2.4 શૈક્ષણિક ફિલસૂફીની વિસ્તરતી ક્ષિતિજો

☆ પ્રાસ્તાવિક

શૈક્ષણિક મનોવિજ્ઞાનની સાથે સાથે શૈક્ષણિક સમાજશાસ્ત્ર બીજા વિશ્વયુદ્ધ પહેલાં શૈક્ષણિક પર્યાવરણમાં વિશેષાધિકાર ભોગવતું હતું અને શીખવવામાં આવતું હતું. બીજા વિશ્વયુદ્ધને પ્રારંભે શૈક્ષણિક સમાજશાસ્ત્રને કેળવણીના ઇતિહાસ સાથે કે કેળવણીના તત્ત્વજ્ઞાન સાથે જોડવાનું શરૂ થયું. હમણાં હમણાં શૈક્ષણિક સમાજશાસ્ત્રના અભ્યાસક્રમને કેળવણીની સામાજિક આધારશિલા એવા નામે ઓળખવામાં આવે છે. આ શાસ્ત્રની કેટલીક સંકલ્પનાઓ, વ્યવહારો અને પ્રક્રિયાઓના જ્ઞાનનો સમાવેશ આ વિષયમાં કરવામાં આવે છે. આ અભ્યાસ એકમો કેળવણીની આધારશિલા છે. તે એકમો સમાજ, કુટુંબ સંસ્કૃતિ જેવી સંકલ્પનાઓ અને સમાનતા, સમન્યાય જેવા વ્યક્તિ - વ્યક્તિ વચ્ચેના વ્યવહારો તથા લોકશાહી, રાષ્ટ્રવાદ, બિનસાંપ્રદાયિકતા જેવી સામાજિક પ્રક્રિયાઓ કેળવણીની સામાજિક આધારશિલાઓ છે. શિક્ષણના સમાજશાસ્ત્ર વિષયના અભ્યાસનું આ વિષયવસ્તુ છે. શિક્ષણના સંદર્ભમાં સમાજ, સમાજ વ્યવહાર અને સામાજિક પ્રક્રિયાઓને સમજવી - સમજાવવી શિક્ષક પ્રશિક્ષણમાં આવશ્યક છે.

સમાજશાસ્ત્રીય અભિગમ પ્રમાણે ભારતીય સમાજને (1) ખેત સમાજ, (2) ઔદ્યોગિક સમાજ અને ટેક્નોલોજિકલ સમાજના સંદર્ભમાં

પરિવર્તનો અને તેની શિક્ષણ પર અસરની અત્રે નોંધ તૈયાર કરી છે. વિશેષ કરીને ઔદ્યોગિકીકરણને લીધે શિક્ષણમાં આવેલાં પરિવર્તનો જેવાં કે ઔદ્યોગિકીકરણ અને સામાજિક પરિવર્તન, સમાજ અને શિક્ષણ, સંસ્કૃતિ અને શિક્ષણ તેમજ લોકશાહી - વ્યક્તિગત સ્વાયત્તતા અને આધુનિકીકરણ વિષયવસ્તુમાં રજૂ કરેલ છે. ભવિષ્યવેત્તાઓ (futurist) નું કહેવું છે કે પોસ્ટ - ઇન્ડસ્ટ્રીયલ સંસ્કૃતિ તરીકે નવસર્જન એક સામાજિક પ્રક્રિયા કે ક્રાંતિ તરીકે હવે પછી હશે.

2.1 ઔદ્યોગિકીકરણ – સામાજિક પ્રક્રિયા

2.1.1 પ્રસ્તાવના

ભારતમાં સામાજિક - આર્થિક પરિવર્તનોને કારણે શિક્ષણ વ્યવસ્થાતંત્રમાં સમયાનુરૂપ ઘણા ફેરફારો આવ્યા. એક લાંબા સમયગાળા સુધી ચોક્કસ અને મર્યાદિત લોકોના સમૂહ માટે શિક્ષણ રહ્યું અને હવે પ્રવર્તમાન સમયમાં 'સૌને શિક્ષણ'ની વ્યવસ્થા સ્વીકારાઈ.

આપણે ભારતીય સમાજને .... (1) ખેત સમાજ, (2) ઔદ્યોગિક સમાજ અને ટેક્નોલોજિકલ સમાજ એમ ઐતિહાસિક સંદર્ભે અભ્યાસી શકીએ. સમગ્રતયા જોતાં 1950* થી લોકશાહી સમાજ ખેતીપ્રધાન અર્થતંત્ર અને ત્યારબાદ ઔદ્યોગિક અર્થતંત્ર નીચે વિકસ્યો છે.

ભારતમાં સત્તરમા અને અઢારમા દાયકા દરમિયાન વિવિધ સામાજિક વ્યવસ્થાતંત્રમાં શિક્ષણ વ્યવસ્થાતંત્ર આ રીતે ગોઠવાયેલું હતું.

☆ **ખેતીપ્રધાન સમાજ વ્યવસ્થા અને શિક્ષણ**

➤➤ શિક્ષણ ધાર્મિક કેળવણીને કેન્દ્રિત હતું. તેનો હેતુ વેદ જાણવાનો, પવિત્ર આચરણનો, ફિલસૂફી અને કાયદાનું જ્ઞાન મેળવવાનો,

* આ એકમના વિષયવસ્તુ એકમોના લેખનમાં હરિપ્રસાદ જોષીના પુસ્તક – 'કેળવણીના સામાજિક પાયા' (2006) કે જે લેખકનું પ્રકાશન છે, તેનો ઉપયોગ કર્યો છે. વિષયવસ્તુ એકમોના વિશેષ વાચનમાં તેનો ઉપયોગ કરવાનું સૂચન છે.

દૈહિક અને ચેતસિક પિતા તરફ સન્માન ધરાવવાનો અને બ્રહ્મ સાથે સંવાદિતાનો હતો. પ્રાથમિક શિક્ષણ વેદજ્ઞાન, યોગની પ્રવૃત્તિઓ અને ઇતિહાસ શીખવા આશ્રમી પ્રથાને અનુરૂપ આપવામાં આવતું હતું.

➤➤ શિક્ષણ ઇતિહાસ કેન્દ્રિત હતું. તેનો હેતુ તમામ દેશોની માહિતી, યુદ્ધકળા, રીતભાત, ધર્મો, સરકારના સ્વરૂપો, તેમના વિશિષ્ટ કાર્યક્ષેત્રો, પરિવર્તનો અને ક્રાંતિઓ જાણવાનો હતો. પાઠશાળા અને મદરેસામાં સામાન્ય ફી ભરી ઇતિહાસ, ફિલસૂફી અને ભાષાનું શિક્ષણ નિયુક્ત શિક્ષકો દ્વારા આપવામાં આવતું હતું.

➤➤ શિક્ષણ તાલીમકેન્દ્રી હતું. સામાન્ય જ્ઞાન અને નોકરીની તાલીમ આપવામાં આવતી. પરંપરાગત વિષયોને બદલે અંગ્રેજી, અર્થશાસ્ત્ર, વિજ્ઞાન વગેરેને અભ્યાસક્રમમાં સ્થાન હતું. શિક્ષણની ફી ભરીને સર્ટિફિકેટ પ્રાપ્ત થતું. શિક્ષણ માટે અર્થપ્રધાન વ્યવસ્થા અમલમાં આવી હતી.

➤➤ સ્વતંત્ર ભારત પ્રારંભિક તબક્કામાં અર્થતંત્ર પર નિર્ભર હતું. લોકશાહી માટે જરૂરી શિક્ષણનો પ્રસાર એ સર્વસ્વીકૃત કાર્ય હતું. સરકાર દ્વારા સૂચિત ધારાધોરણો સાથેની શાળાઓ અને તેમાં સર્વગ્રાહી સ્વરૂપનો અભ્યાસક્રમ ભણાવવામાં આવતો હતો. પ્રાદેશિક ભાષાઓનો શિક્ષણના માધ્યમ તરીકે સ્વીકાર અને શિક્ષણ કાર્યક્રમ માટે વ્યવસ્થિત અર્થવ્યવસ્થા અમલમાં મૂકાઈ હતી.

☆ **ઔદ્યોગિકીકરણ અને સમાજિક પરિવર્તનો**

1980ના દાયકામાં ભારતીય અર્થતંત્રે ઔદ્યોગિકીકરણ તરફ દોટ મૂકી છે પરિણામે તેની વિશિષ્ટ અસર શિક્ષણમાં જોવા મળી છે. ઔદ્યોગિકીકરણે પ્રારંભે ટેક્નોલોજી તરફ ગતિ કરી અને વીસમી સદીમાં આ દોટ અદ્યતન ટેક્નોલોજી તરફ અગ્રેસર થઈ છે. ઔદ્યોગિક અર્થતંત્રમાં શિક્ષણ માહિતીલક્ષી, તાલીમકેન્દ્રી અને સમગ્રતયા અર્થવ્યવસ્થા સાથે

જોડાયેલ છે. શિક્ષણનો હેતુ પણ ખરા અર્થમાં ચોક્કસ, મૂર્ત અને વાસ્તવિક સ્વરૂપે પ્રાપ્ત છે. દા.ત. પ્રમાણપત્ર, વ્યવસાય, તાલીમ, વગેરે. અભ્યાસક્રમ જ્ઞાનના જાગતિક વિશિષ્ટીકરણના સિદ્ધાંતને અનુરૂપ અને ટેક્નિકલ બાબતોને કેન્દ્રમાં રાખીને રચાયેલ છે. સંસ્થાગત શિક્ષણ વ્યવસ્થાના વધુ ખાનગીકરણના પરિણામે 'Give and Take'ના શિક્ષક-વિદ્યાર્થી સંબંધો જોવા મળે છે. વ્યાખ્યાનને બદલે ટેક્નોલોજીનો સ્વીકાર શિક્ષણ પદ્ધતિમાં થતાં આજે તો વૈયક્તિક પદ્ધતિને મહત્ત્વ અપાય છે.

પુરાતન સમાજવ્યવસ્થામાંથી ઐતિહાસિક પરિવર્તનને કારણે શિક્ષણના આયામોમાં થયેલાં પરિવર્તનો અહીં દર્શાવ્યાં છે :

ક્રમ	સમાજ → શિક્ષણ વ્યવસ્થા ↓	ખેત સમાજ અને સ્વતંત્ર ભારત	ઔદ્યોગિક સમાજ અને ટેક્નોલોજી સમાજ
1.	શિક્ષણના આધાર	- ધર્મજ્ઞાન - ધાર્મિક કર્મકાંડ - હુન્નર ઉદ્યોગ	- માહિતી - તાલીમ - જ્ઞાનનું વિશિષ્ટીકરણ
2.	શિક્ષણનો હેતુ	- ધાર્મિક સાધના - આત્મજ્ઞાન - જ્ઞાન પ્રભુત્ત્વ	- મૂર્ત શિક્ષણ - પ્રમાણપત્ર/વ્યવસાયી તાલીમ - કૌશલરૂપી જ્ઞાન
3.	અભ્યાસક્રમ	- 3R - વેદજ્ઞાન - ઇતિહાસ - ફિલસૂફી	- જાગતિક વિશિષ્ટીકરણ - ટેક્નોલોજી - સર્વાંગીણ સ્વરૂપ

4.	સંસ્થા	- આશ્રમ (સંસ્થાઓ નહિ) - પાઠશાળા - મદ્રેસા	- સરકારી અને ખાનગી સંસ્થાઓ - આધારભૂત સંસ્થાઓ
5.	શિક્ષણ પદ્ધતિ	- કથન, - શ્રવણ, મનન અને નિદિધ્યાસન - યોગ	- વ્યાખ્યાન, ચર્ચા અને નિદર્શન / પ્રયોગો - વૈયક્તિક સ્વરૂપ - E-Learning E-Teaching - ઉદા. Video conference સંધાનમાં અપાતા વ્યાખ્યાનો
6.	શિક્ષક-વિદ્યાર્થી સંબંધો	- આધ્યાત્મિક - ઘનિષ્ઠ સંબંધ - ગુરુની સ્વીકૃતિ - મફત શિક્ષણ	- સામાન્ય અને ઔપચારિક - ફી અને પગારનું અર્થતંત્ર - 'ગીવ અને ટેઇક' (Give & Take)ના સંબંધો
7.	માધ્યમ	- સંસ્કૃત - પર્શિયન અને અરેબિક	- અંગ્રેજી અને પ્રાદેશિક - હિંદી સર્વસ્વીકૃત ભાષાઓ
8.	વિશેષ બાબતો	- પસંદિત વર્ગને શિક્ષણ - જ્ઞાનને ખાતર જ્ઞાન - આયુર્વેદ - શિલ્પવિદ્યા	- સૌને શિક્ષણ - ઔપચારિક શિક્ષણ વ્યવસ્થાતંત્ર - સર્ટિફિકેટ વ્યવસ્થા - કામ મેળવવા શિક્ષણ

ટોફલર કથિત ત્રીજું મોજું, લેખન - કાંતિ શાહ, યજ્ઞ પ્રકાશન, વડોદરા (1996)ની નોંધ અનુસાર, પરિવર્તનનાં મોજાં ઊઠતાં રહે છે. માનવજીવનને તેમજ માનવસમાજને બદલતાં રહે છે. તેમાં નોંધાયું છે કે....

"પહેલું મોજું ઊઠ્યું કૃષિ-ક્રાંતિનું. માણસના ભટકુ જીવનને તેણે નવો ઘાટ આપ્યો. દુનિયા આખીમાં ખેતી પ્રધાન સંસ્કૃતિ ઊભી થઈ. તેમાં મનુષ્યનું શરીરબળ અને પશુબળ ઊર્જાના મુખ્ય સ્રોત હતા. કુંભારનો ચાકડો ને ગાડાનું પૈડું નવી સંસ્કૃતિની આધારશિલા બની રહ્યાં."

"બીજું મોજું આવ્યું ઔદ્યોગિક ક્રાંતિનું. તેનો વેગ બેસુમાર હતો. ઉદ્યોગવાદને ભૌતિકવાદના ઘોડાપુરે બધું જ પલટી નાખ્યું. એક બજારુ સંસ્કૃતિ ઊભી થઈ. કોલસો, ગેસ અને તેલ ઊર્જાના મુખ્ય સ્રોત હતા. ફેકટરીના સાંચાનું ચક્ર નવી સંસ્કૃતિની આધારશિલા બની રહ્યું."

"હવે ત્રીજું મોજું ઊઠી રહ્યું છે - માનવીય ક્રાંતિનું. બજારુતાનો અંત આવશે અને વિજ્ઞાન, ટેકનોલોજી, ઉદ્યોગ-ધંધા બધાંને જ માનવીય સ્વરૂપ તેમજ માનવીય પરિમાણ સાંપડશે, જેને અસલ માનવીય કહી શકાય એવી નૂતન સંસ્કૃતિ પાંગરશે. ઊર્જાનો મુખ્ય સ્રોત સૂર્ય બનશે. સૂર્ય, સમગ્ર સૃષ્ટિ તેમજ બ્રહ્માંડ સાથેનો સુસંવાદ નવી સંસ્કૃતિની આધારશિલા બની રહેશે."

આ એક સામાજિક પરિવર્તન સમાજ, સંસ્કૃતિ, લોકશાહી અને મૂલ્યોમાં ક્રાંતિકારી પરિવર્તનો લાવશે.

2.1.2 સમાજની સંકલ્પના અને સ્વરૂપ

☆ સમાજ : સંકલ્પના :

માનવી એ સામાજિક પ્રાણી છે. તે પોતાનું અસ્તિત્વ સમાજ વિના ટકાવી શકે નહિ અને એટલે જ તેણે સમાજની રચના કરી. **સમાજ એટલે પરસ્પર સંબંધ ધરાવતા વ્યવહારોનું આદાન-પ્રદાન કરતો અને પોતાના હક્ક અને હિસ્સાઓનું રક્ષણ કરતો માનવસમૂહ.** આ દૃષ્ટિએ ચોક્કસ

વ્યક્તિઓનો, કુટુંબોનો, જ્ઞાતિનો, રાજ્યનો, દેશનો અને વિશ્વનો માનવસમૂહ સમાજ દ્વારા વ્યાખ્યાયિત કરી શકાય. આપણે ભારતીય સમાજને ખેતસમાજ, ઔદ્યોગિક સમાજ અને ટેકનોલોજી સમાજ એ સંદર્ભમાં ઓળખીએ છીએ તે ઐતિહાસિક સંકલ્પનાનો અર્થ વિસ્તાર વધતો જ જાય છે. "A group of person, living in a geographical area preserves certain common or specific cultural tradition and ideals may be regarded as forming a society." - એવો માનવસમૂહ કે જે ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં રહેતો હોય, વિશિષ્ટ સાંસ્કૃતિક પરંપરાઓ અને આદર્શ ધરાવતો હોય - તે એક સમાજ તરીકે પ્રસ્થાપિત થયેલો સમૂહ કહેવાય. આપણે વિવિધ ભૌગોલિક વિસ્તાર, રાજ્યવ્યવસ્થા અને વ્યવસાય જીવનના સંદર્ભમાં આજે વિવિધ સમાજ વ્યાખ્યાયિત કરીએ છીએ. દા.ત. હિંદુ, મુસ્લિમ, આદિવાસી સરમુખત્યારશાહી, લોકશાહી, શિક્ષક સમાજ, વેપારી સમાજ, વગેરે.

પ્રત્યેક સમાજની પરંપરાગત એવી સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક એવી વ્યાવહારિક પરંપરા હોય છે, જેની અસર બાળક પર હોય છે. બાળકના ઔપચારિક શિક્ષણમાં ઔદ્યોગિક સમાજે એક ચોક્કસ વ્યવસ્થાતંત્ર સ્વીકારતાં આ અસર થોડી ઓછી થઈ પણ અનૌપચારિક શિક્ષણમાં સવિશેષ જોવા મળે છે. બાળકના વર્તન-વ્યવહારમાં, વ્યવસાય પસંદગીના નિર્ણયમાં, જીવનમૂલ્યોના પ્રસ્થાપનમાં અને વિકાસમાં આપણને આ અસર તાદેશ થાય છે. સમાજ તેના માનવબળને કારણે જ વિકસિત, શિક્ષણ પામેલો, સાંસ્કૃતિક વગેરે બાબતોના સંદર્ભમાં ઓળખાય છે. આમ, શિક્ષણ અને સમાજમાં પરસ્પર વ્યવહાર અને જીવનાભિમુખ ક્રિયાઓમાં હકારાત્મક અભિગમ સમાજ-શિક્ષણને કારણે હોય તે સ્વાભાવિક છે.

☆ સમાજનું સ્વરૂપ

ચોક્કસ ઘટકો, ધ્યેય અને વ્યવહાર ક્રિયા જે સમુદાય માટે ઓળખી શકાય તે સમાજ છે. લોકોનો એવો સમૂહ જે ચોક્કસ હેતુપૂર્વકની ક્રિયા

કરે છે અને તે માટે ચોક્કસ વ્યવહારનો આશરો લે છે. આ અર્થમાં સમાજ એ વ્યાપક શબ્દ છે. જેમાં સામાજિક જૂથ, સામાજિક વર્ગ, વિભાગો તેમ જ વિવિધ એકમોનો સમાવેશ થાય છે. નાના સાદા સમાજ (કુટુંબ), વિશિષ્ટ સમાજ (સમવયસ્ક જૂથ) અને જટિલ આધુનિક સમાજ (આંતરરાષ્ટ્રીય જૂથ)નું આજે અસ્તિત્ત્વ છે.

સમાજનું કાર્ય સામાજિકીકરણનું છે. વ્યક્તિ સમાજના ઘટકો સાથે આંતરક્રિયા કરે, સામાજિક ધ્યેયો સાથે પોતાનું લક્ષ સાધે અને સામાજિક પ્રક્રિયામાં જોડાય તે સામાજિકીકરણ. એ દૃષ્ટિએ ભિન્ન-ભિન્ન સામાજિક પરિસ્થિતિઓમાં સમાજના એકમો સમૂહની પરંપરાઓ, માન્યતાઓ, વલણો અને કૌશલ્યો સમાજમાં પહોંચાડે છે. શિક્ષણનું કાર્ય પણ કંઈક અંશે જ્ઞાન, કૌશલ્યો, માન્યતાઓ, વલણો વગેરે બાળકમાં વિકસાવવાનું છે એ દૃષ્ટિએ શિક્ષણ અને સમાજ પૂરક કાર્યો કરે છે. એ બન્ને અભિન્ન છે અને એટલે જ **શિક્ષણ એ સામાજિક પ્રક્રિયા અને સામાજિકીકરણ એ શિક્ષણ પ્રક્રિયા છે.**

પ્રભાવક સમાજ શિક્ષણ પર વિશિષ્ટ અસર કરે છે. ખેત સમાજ, ઔદ્યોગિક સમાજ અને ટેક્નોલોજી સમાજની પ્રભાવી અસર શિક્ષણમાં જોવા મળે છે. ઔદ્યોગિકીકરણના સંદર્ભમાં સમાજમાં નવા વિચારો, મૂલ્યો, વિચારધારાઓ જોવા મળી છે.દા.ત. શિક્ષણનો પ્રચાર પહેલાનાં સમયમાં સીમિત હતો. સ્ત્રી શિક્ષણને પ્રાધાન્ય આપવામાં આવતું ન હતું. વ્યવસાય કાર્ય પુરુષાભિમુખ હતું. ઔદ્યોગિક સમાજે તાલીમને મહત્ત્વ આપ્યું અને ટેક્નોલોજીનો અદ્યતન સમાજમાં પ્રવેશ થયો. માત્રા જ્ઞાનાત્મક નહીં પરંતુ ભાવાત્મક અને કૌશલયુક્ત તાલીમ ઔદ્યોગિકીકરણને કારણે મહત્ત્વ અપાયું છે. સ્ત્રી શિક્ષણ જ નહીં સૌને શિક્ષણનો વ્યવહાર શિક્ષણતંત્રે સ્વીકાર્યો.

☆ **શિક્ષણ પર સમાજની પ્રભાવી અસર આ પ્રમાણે છે :**

- **સામાજિક ધ્યેયની પૂર્તિ માટે શિક્ષણ**

શિક્ષણ સમાજની જરૂરિયાતોને સંતોષે છે. શિક્ષણના કારણે સલામતી, નિભાવ, પર્યાવરણ, વ્યવસાયક્ષમતા જેવાં ધ્યેયો સિદ્ધ થાય છે.

- **નાગરિકતાની કેળવણી માટે શિક્ષણ**

શિક્ષણ સમાજના નાગરિકોને કેળવે છે. સમાજને જે પ્રકારના નાગરિક જરૂરી હોય તે પ્રકારે આપણે શિક્ષણ વ્યવસ્થામાં ફેરફાર કરીએ છીએ. ઔદ્યોગિકીકરણને કારણે ટેક્નોલોજી અને કૌશલમૂલક અભ્યાસક્રમનું મહત્ત્વ વધ્યું છે.

- **સામાજિક સમસ્યા ઉકેલ**

સમાજને બાધારૂપ સમસ્યાઓના ઉકેલ શિક્ષણ સૂચવે છે. બાળમજૂરી, સ્ત્રી શોષણ, પછાત વર્ગના લોકોનું અશિક્ષિતપણું વગેરે વિકાસને બાધારૂપ થયું એટલે મફત - ફરજિયાત શિક્ષણ, સ્ત્રી શિક્ષણને મહત્ત્વ, નવા વ્યવસાયો તેમજ કેટલાક વર્ગો માટે ખાસ સવલતોની જોગવાઈ અસ્તિત્વમાં આવી.

- **પ્રગતિલક્ષી કાર્ય**

સમાજમાં શિક્ષણ ગતિશીલતા લાવે છે. સમાજના જે ઘટકો સ્થિર છે, તેને ઊંચે લઈ જવામાં મદદ કરે છે. વ્યાવસાયિક વિકાસ, સામાજિક ગતિશીલતા, ટેક્નોલોજીકલ આવિષ્કાર વગેરે કાર્યો શિક્ષણને કારણે જ જોવા મળે છે.

- **વિશિષ્ટ શિક્ષણની જોગવાઈ**

નૂતન પ્રવાહોથી શિક્ષણ સમાજને વાકેફ કરે છે. દા.ત. વૈશ્વિકીકરણ, શહેરીકરણ, જનરેશન ગેપ, પ્રત્યાયન ક્ષમતા, વગેરે. જ્ઞાનના વિસ્ફોટને કારણે નવા તૈયાર થયેલા વિષયોના શિક્ષણની જોગવાઈ સમાજ સંસ્થાઓમાં થઈ છે. દા.ત વસતિ શિક્ષણ, પર્યાવરણ શિક્ષણ, કમ્પ્યૂટર શિક્ષણ, મૂલ્યશિક્ષણ વગેરે.

- **સંસ્કૃતિકરણ**

શિક્ષણ આપણને સંસ્કૃતિ સમજાવે છે. સંસ્કૃતિનું સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ તેમજ બહુસંસ્કૃતિનો આદર શિક્ષણને કારણે સમાજમાં જોવા મળે છે.

☆ **સમાજની શિક્ષણ પર અસર આ પ્રમાણે છે :**

- **શિક્ષણ સમાજની જરૂરિયાતોની પૂર્તતા માટે**

સમાજની જરૂરિયાતોમાં ઉદ્યોગો લઈએ તો શિક્ષણ ટેક્નોલોજીયુક્ત બન્યું. સમાજની જરૂરિયાત રોજી રોટીલઈએ તો આર્થિક વ્યવસ્થાતંત્ર ઊભું થયું. પ્રત્યાયન વ્યવસ્થાતંત્ર, વ્યવસાયતંત્ર, વગેરેના ઉદ્ભવનું કારણ સમાજની જરૂરિયાતો છે.

- **શિક્ષણનો અભ્યાસક્રમ સમાજ**

સમાજની પરંપરાઓ, માન્યતાઓ અને વલણોનું પરિવહન કે સ્થાનાંતર કાર્ય શિક્ષણ કરે છે. સમાજની સંસ્થાઓ, સામાજિક વ્યવહારો, માનવબળ, વગેરેને કેન્દ્રસ્થાને લઈને કેન્દ્રવર્તી શિક્ષણ આપણી શિક્ષણ વ્યવસ્થામાં જોવા મળે છે. સંસ્કૃતિ, સામાજિક ભાગીદારી, સામાજિક સંવેદનશીલતા, ઉદ્યોગો, ઉદ્યોગોનો સામાજિક પ્રભાવ, વગેરે શિક્ષણના અભ્યાસક્રમમાં સમાવિષ્ટ છે.

- **શિક્ષણનું કાર્ય સામાજિકીકરણ**

સમાજના માનવ-વ્યવહારો શિક્ષણ દ્વારા બાળક સમક્ષ મુકાય છે. માનવે કેવો વ્યવહાર કરવો, તે શિક્ષણ શીખવે છે. અપેક્ષિત વર્તન-પરિવર્તનોના નિર્ણયમાં સમાજ જ માપદંડ હોય છે.

- **શિક્ષણ - સામાજિક ધ્યેયોની પૂર્તિ**

સલામતી, નિભાવ, પર્યાવરણ સાથેનો વ્યવહાર અને સામાજિકીકરણ એ સામાજિક ધ્યેયો છે. સમાજ આ ચાર બાબતો દરેક વ્યક્તિને આપવા ઇચ્છે છે અને વ્યક્તિ પણ તે માટે જ સમાજમાં રહે છે. આ ધ્યેયોની સિદ્ધિ શિક્ષણ દ્વારા શક્ય બને છે.

ઉપરના બન્ને વિચારનો સાર કંઈક અંશે આ પ્રમાણે છે :

➳ શિક્ષણનો ઉગમ વ્યક્તિની વ્યક્તિગત જરૂરિયાતમાંથી થતો નથી, પરંતુ વ્યક્તિ જે સમાજનો સભ્ય હોય તેની જરૂરિયાતમાંથી થાય છે.

➳ શિક્ષણનો હેતુ જે-તે સમાજનાં ધ્યેયો કે જેનો સામાન્ય રીતે રાષ્ટ્રીય હેતુઓમાં નિર્દેશ હોય છે, તેની સિદ્ધિ માટે છે.

➳ શિક્ષણનો અભ્યાસક્રમ સામાજિક વારસો, મૂલ્યો, ધોરણો, સંસ્કૃતિ અને માન્યતાઓના સંક્રમણ, સામાજિક સ્થિરતા, ઔદ્યોગિક વિકાસ તથા સામાજિક કાર્યોની પૂર્તિ માટે છે. સમાજનો સર્વાંગીણ અભ્યાસ કરવા માટે શિક્ષણ છે.

2.1.3 સંસ્કૃતિ

સંસ્કૃતિ શબ્દ સંસ્કૃત सम् + कृ પરથી બન્યો છે, જેમાં મનુષ્યની બધા પ્રકારની ક્રિયાઓનો સમાવેશ થાય છે. મનુષ્ય એક સામાજિક પ્રાણી છે. તે સમાજથી અલગ રહી શકતો નથી અને વળી જીવનકાર્યો દ્વારા એક નિશ્ચિત વ્યવસ્થાને વિકસાવે છે. આના કારણે પ્રજા રીતરિવાજો, માન્યતાઓ, આદર્શો, જીવનમૂલ્યો, વગેરે કાળક્રમે અપનાવે છે અને વિકસાવે છે. પરિણામ સ્વરૂપ સમાજનું સાહિત્ય, કળા, સ્થાપત્ય, વિજ્ઞાન, તત્ત્વચિંતન વગેરે ક્ષેત્રોમાં એક વ્યક્તિત્ત્વ ઘડાય છે અને તે સાંસ્કૃતિક વારસા તરીકે ઓળખાય છે. આ વારસો સંસ્કૃતિ છે.

સંસ્કૃતિનું માપ જૂથમાં બુદ્ધિમત્તા, જૂથમાં વ્યક્તિઓનો વ્યવહાર, સમાજના આધારસ્તંભો (ખેતી, ઉદ્યોગો, ટેક્નોલોજી વગેરે) અને કલાના ધોરણોમાં આપણને જોવા મળે છે. તે એક એવું તત્ત્વ છે જે માણસને આપસ-આપસમાં બાંધી રાખે છે. **સંસ્કૃતિ એટલે વ્યક્તિ સમાજ પાસેથી જે કાંઈ પ્રાપ્ત કરે છે તે સામાજિક વારસો કે વિરાસત.**

આપણી સંસ્કૃતિ પ્રાચીન છે : (1) દ્રવિડ સંસ્કૃતિ : સિન્ધુ તટનો સમાજ, (2) આર્ય સંસ્કૃતિ : વેદકાલીન સમાજ, (3) આર્ય - અનાર્ય સમન્વય સંસ્કૃતિ : રામાયણ અને મહાભારત કાલિન સમાજ, (4) બ્રાહ્મણ સંસ્કૃતિ : બ્રહ્મ સમાજનો વારસો કે વિરાસત, (5) જૈન - બૌદ્ધ સંસ્કૃતિ, - વગેરે. આ સંસ્કૃતિઓનું નામાભિધાન પ્રાચીન, કૃષિ, ઔદ્યોગિક અને વિજ્ઞાન સંસ્કૃતિ તરીકે પણ કરી શકાય.

☆ **વ્યાખ્યાઓ**

(1) "લોકોનું એક જૂથ, એક રાજય અથવા એક રાષ્ટ્રના સભ્યોની સામાજિક, બૌદ્ધિક, કલા, રાજયવહીવટ અને ઔદ્યોગિક વિકાસ વિષયક સિદ્ધિઓનો સરવાળો તે તેની સંસ્કૃતિ." – કાકા કાલેલકર

(2) "Culture is the way of life". – **John Adams**

(3) "સંસ્કૃતિ એ સમાજના એક જૂથની કુલ વર્તનતરેહ છે."

"Culture is a total behaviour of the group of a society". – **Brown**

(4) "કોઈ વિશિષ્ટ સમયમાં વિશિષ્ટ સ્થળે નિવાસ કરનારા વિશિષ્ટ લોકોની જીવન વ્યતિત કરવાની જીવનશૈલીને સંસ્કૃતિ કહેવામાં આવે છે." – રસ્ક

(5) "સંસ્કૃતિ એ મૂર્ત અને અમૂર્ત એવી લોકોના એક જૂથ કે સમૂહની સિદ્ધિઓ છે જે એક પેઢીથી બીજી પેઢીમાં હસ્તાંતરિત થાય છે અને વિરાસત તરીકે ઓળખાય છે." – **ઇન્દિરા ગાંધી**

☆ **ભારતીય સંસ્કૃતિ**

માણસો જ્યારે સાથે સમૂહમાં રહે છે ત્યારે તે સમૂહમાં એક વિશિષ્ટ પ્રકારનું અને સર્વસ્વીકૃત જીવનદર્શન કેળવાય છે / જોવા મળે છે. **ભારતીય સમાજનું જીવનદર્શન એ ભારતીય સંસ્કૃતિ છે.** ભારતીય સંસ્કૃતિની ભવ્યતા તેના સામાજિક, નૈતિક, બૌદ્ધિક અને કલાવિષયક વારસામાં છે.

ભારતીય સંસ્કૃતિની વિશેષતા તરીકે (1) પ્રાચીનતા, (2) નૈતિક બાબતોનું જીવનમાં પ્રાધાન્ય, (3) વેદકાલીન આધ્યાત્મિક બાબતોની સ્વીકૃતિ, તથા (4) વર્ણ વ્યવસ્થા અને પુરુષાર્થ, (5) કુટુંબ વ્યવસ્થા .... વગેરે છે.

આધુનિક ભારતીય સંસ્કૃતિ જે પ્રાચીન વેદકાલિન સંસ્કૃતિના પાયા પર ઊભેલી છે તેની વિશેષતાઓ આ પ્રમાણે છે : (1) બિનસાંપ્રદાયિકતા

અને સર્વધર્મ સમભાવ, (2) પૌર્વત્ય અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો સમન્વય, (3) ભૌતિક અને અધ્યાત્મનો સમન્વય, (4) ઉપસંસ્કૃતિઓનો સ્વીકાર, (5) પંચશીલના સિદ્ધાંતો અને (6) સાંસ્કૃતિક નવજાગૃતિ.

☆ **સંસ્કૃતિ અને કેળવણી વચ્ચેનો સંબંધ**

કેળવણી ત્રણ રીતે સંસ્કૃતિને અસર કરે છે. સંસ્કૃતિનું સંરક્ષણ, સંસ્કૃતિનું સંક્રમણ અને સસ્કૃતિનું સંવર્ધન. બીજા અર્થમાં કહીએ તો, સંસ્કૃતિના સંદર્ભમાં કેળવણીનાં બે કાર્યો છે : સંચયાત્મક કાર્યો અને રચનાત્મક કાર્યો.

કેળવણીનું સંચયાત્મક કાર્ય એટલે એવું કાર્ય કે જે પરિવર્તનની અવગણના કરીને સંસ્કૃતિને જેમ છે તેમ એક પેઢીમાંથી બીજી પેઢીમાં હસ્તાંતરિત કરે. આર્ય - અનાર્ય, બ્રાહ્મણ અને શ્રમણ સંસ્કૃતિમાં વર્તનવ્યવહારો, મૂલ્યો, માન્યતાઓ, રીતરિવાજો, શાશ્વત મૂલ્યોને જાળવી રાખવાનું - પરંપરાગત જીવનશૈલીનું સંરક્ષણ કરવાનું કાર્ય કેળવણીએ કરવાનું છે. માતા-પિતાનું, ગુરુનું, કુટુંબનું આ કાર્ય સંસ્કૃતિનું સંરક્ષણ કરે છે.

કેળવણીનું રચનાત્મક કાર્ય સાંસ્કૃતિક વારસાના સંક્રમણને અને સંવર્ધનને સ્વીકારે છે. સંસ્કૃતિની પાયાની બાબતોનો સ્વીકાર અને સાથોસાથ તેના નવિનીકરણ એટલે નવી સિદ્ધિ, જૂની સિદ્ધિના સ્વીકાર સાથે સમાજમાં જોવા મળે તે સંક્રમણ છે. સ્ત્રી-કાર્યમાં ફેરફાર થયો પણ તેનો મોભો, માન, સ્થાપનને સ્વીકાર્યા. પહેરેવેશમાં આવેલ ફેરફાર તે સંવર્ધન તરીકે ગણાય છે. ગાંધીજી દ્વારા સૂચિત અસ્પૃશ્યતા તેમજ પરદેશમાં રહેતા ભારતીયોની આદર્શવાદો સ્થાપનને સ્વીકારતી અસ્તિત્વવાદી વિચારસરણી સંસ્કૃતિના સંવર્ધનનાં ઉદાહરણો છે.

કેળવણીનું એક ચોથું અગત્યનું કાર્ય છે જે પ્રવર્તનમાન સમયમાં કેળવણી વિષે ચિંતિત લોકોના ધ્યાન પર આવ્યું છે, તે છે સાંસ્કૃતિક સભાનતાનું. મનુષ્યના વર્તન ફેરફારો, રાજકીય, આધ્યાત્મિક મૂલ્યોમાંના

પરિવર્તનો વ્યક્તિને શેનું સંરક્ષણ, કયાં સંક્રમણ અને ઉચિત સંવર્ધનની દિશામાં વિચારતા કરે તે જ સાંસ્કૃતિક સભાનતા છે.

સંસ્કૃતિ કેળવણીને પણ વિશિષ્ટ રીતે અસર કરે છે.

- જે વર્તનો દ્વારા વિદ્યાર્થી / વ્યક્તિ અનુભવો મેળવે અને કેળવાય તે પ્રમાણે વર્તનોનું પરિવર્તન કેળવણીકારો સંસ્કૃતિને આધારે મેળવે છે. શાળામાં પ્રાર્થનાસભા, નિયમો, હક્કો, ફરજો, વગેરેને લગતા વર્તનવ્યવહારો નક્કી કરવામાં સંસ્કૃતિ આધાર બને છે.
- સંસ્કૃતિના આપણા ખ્યાલો, મૂલ્યો, માન્યતાઓ અને સંકુચિત અર્થમાં કહીએ તો, આપણી સિદ્ધિઓ અભ્યાસક્રમનો એક ભાગ બને છે અને તે અભ્યાસક્રમ કેળવણી આપવામાં ઉપયોગમાં લેવાય છે અને તેનો પ્રસાર થાય છે.
- કેળવણીના પ્રશ્નોના ઉકેલ સમયે સંસ્કૃતિનો આધાર કે અવલંબન લેવાય છે. ધાર્મિક શિક્ષણ શી રીતે આપવું ? ધર્મ દ્વારા સૂચિત જીવનપ્રણાલિ, સમયપત્રક, સ્પેશ્યલ ધાર્મિક સંકૂલ, સ્કૂલના કાર્યક્રમો, વગેરેને લગતા પ્રશ્નોના ઉકેલ સમયે કોઈ એક જૂથની સંસ્કૃતિને બદલે ભારતીય સંસ્કૃતિનું અવલંબન લેવાય છે.
- કેળવણીનું સમગ્ર વ્યવસ્થાતંત્ર હેતુઓ, અભ્યાસક્રમ, કાર્યક્રમો, પદ્ધતિ, પ્રત્યાયન અભિગમો - જેવી તંત્રની વ્યવસ્થાનો આધાર સંસ્કૃતિ હોય છે.

☆ સંસ્કૃતિને અસર કરતાં પરિબળો

સંસ્કૃતિ પરિવર્તનશીલ છે. વિશ્વમાં અનેક સંસ્કૃતિઓ ઉદય પામી છે અને કાળક્રમે તેનો અસ્ત પણ થયો છે. વિશ્વના વિવિધ પ્રદેશોમાં, વિવિધ સંસ્કૃતિઓ અસ્તિત્વ ધરાવે છે. ભારતમાં અનાર્ય સંસ્કૃતિ, આર્ય

સંસ્કૃતિ, બૌદ્ધ સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ, મુસ્લિમ સંસ્કૃતિ, યુરોપિયન સંસ્કૃતિ અને અત્યારની બહુવિધ સંસ્કૃતિ અને વિવિધ સંસ્કૃતિઓ ઉદ્‌ભવી છે. સંસ્કૃતિ પર અસર કરતાં મહત્ત્વનાં પરિબળો આ મુજબ છે :

(1) ભૌગોલિક પરિસ્થિતિ

કોઈ પણ સંસ્કૃતિ તેની ભૌગોલિક પરિસ્થિતિથી ચોક્કસ અસર પામે છે. કારણ કે ભૌગોલિક પરિબળો માનવજીવન ઉપર નોંધપાત્ર અસર કરે છે. પહાડી જીવન અને મેદાન પ્રદેશ જીવન, દરિયા કિનારાનું જીવન અને રણપ્રદેશનું જીવન આ દરેકની અસર માનવજીવન ઉપર થાય છે. એસ્કિમો લોકો શાકાહારની કલ્પના ન કરી શકે કારણ કે તેમની ધરતી પર કાંઈ પાકતું જ નથી. આથી ઊલટું રણપ્રદેશના લોકો ભટકતું જીવન ગાળે છે. જ્યાં જમીન સમૃદ્ધ હોય, પાણી વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ હોય ત્યાંની પ્રજા સ્થિર, સુખી અને સમૃદ્ધ હોય છે. તેની સંસ્કૃતિ રણપ્રદેશના લોકોની સંસ્કૃતિથી ભિન્ન હોય છે.

(2) ધર્મ અને ધાર્મિક માન્યતાઓ

સંસ્કૃતિ ધર્મથી ખૂબ પ્રભાવિત થાય છે. લોકોની ભાવનાઓ, લાગણીઓ ધર્મથી અસર પામે છે. ઘણા ધર્મો અતિ સંકુચિત હોય છે તો ઘણા ધર્મો વિશાળ ભાવનાઓ ધરાવે છે. લોકોના આચાર, વિચાર, લાગણીઓ, આહાર ટેવો, માન્યતાઓ ધર્મથી પ્રભાવિત થાય છે. ધર્મ ઘણીવાર પૂર્વગ્રહો પોષે છે. તેના કારણે ધાર્મિક કટ્ટરતા ઊભી થાય છે. વિશ્વમાં ધર્મના નામે ઘણાં યુદ્ધો લડાયાં છે. પ્રજાના વિચારો, લાગણીઓ, માન્યતાઓ ધર્મથી પ્રભાવિત થાય છે.

(3) ધર્મ પરંપરાઓ અને ધર્મગુરુઓ :

ઘણા ધર્મ સંસ્થાપકો ખૂબ વિશાળ ભાવનાઓ અને ઉત્તમ વિચારો ધરાવતા હોય છે. જો કે તેમના અનુયાયીઓ ઘણીવાર તેમનો વાતોને ઊલટી-સૂલટી રજૂ કરી ધાર્મિક સંકુચિતતા ઊભી કરે છે.

(4) આર્થિક પરિસ્થિતિ

સમાજની આર્થિક પરિસ્થિતિ સંસ્કૃતિના વિકાસ સાથે સંકળાયેલી છે. આર્થિક રીતે સંસ્કૃત સમાજમાં કળાઓ, સાહિત્ય, સંગીત, ખેલકૂદ, સ્થાપત્ય ખૂબ સારી રીતે વિકાસ પામે છે. શિક્ષણ પણ આર્થિક બાબતોથી પ્રભાવિત થાય છે. સારી આર્થિક પરિસ્થિતિ ધરાવનાર સમાજની શિક્ષણ વ્યવસ્થા ઉત્તમ પ્રકારની હોય છે. તેઓ શિક્ષણ પાછળ પૂરતાં નાણાં ખર્ચી શકે છે. આથી સમાજ પ્રગતિશીલ બને છે.

(5) જ્ઞાનનો વિકાસ

સમાજ અને સંસ્કૃતિનો વિકાસ સીધી રીતે જ્ઞાન સાથે સંકળાયેલો છે. જ્ઞાનના વિકાસને કારણે અવનવી વૈજ્ઞાનિક શોધોને કારણે સમાજ ઝડપથી વિકસ્યા છે. આથી તેની સંસ્કૃતિ વિકસી છે. સંસ્કૃતિમાં ઝડપથી પરિવર્તનો આવ્યાં છે. આજના યુગમાં જ્ઞાન એ જ શક્તિ 'Knowledge is power' સૂત્ર પ્રચલિત બન્યું છે. વિકસિત રાષ્ટ્રોએ વૈજ્ઞાનિક સંશોધનોના પરિણામે ઝડપથી ઔદ્યોગિક વિકાસ કર્યો છે. જ્ઞાન એ સંસ્કૃતિનો પાયો છે. જ્ઞાની સમાજની સંસ્કૃતિ ઉદાત્ત અને ઉત્તમ હોય છે.

(6) વિદેશો સાથેના સંપર્કો અને વિદેશ વ્યાપાર

આજનો યુગ બહુસંસ્કૃતિ (Multi-culture) યુગ છે. આનું કારણ વિદેશો સાથેના સંપર્કો અને વિદેશ સાથેનો વેપાર છે. આજે ભારત બહુસાંસ્કૃતિક દેશ છે. તેમાં મુસ્લિમ, યુરોપીય અને ભારતની સંસ્કૃતિઓનો સમાવેશ થયો છે. વિવિધ ભાષાઓ બોલતા, વિવિધ ધર્મો પાળતા અને વિવિધ પોશાક, આહાર ટેવો, જીવનશૈલી ધરાવતા લોકો આપણા દેશમાં વસે છે. આ બધા લોકો હળીમળી પરસ્પર સહકારથી રહે એવો બહુસાંસ્કૃતિક સમાજ હવે રચાયો છે. તેથી ભારતમાં હવે આંતર-સંસ્કૃતિ લગ્નો પણ થવા લાગ્યાં છે.

આ ઉપરાંત રાજ્ય વ્યવસ્થા કે રાજ્ય સંચાલનની વિચારધારા પણ સંસ્કૃતિને અસર કરે છે. રાજાશાહી, સરમુખત્યારશાહી, સામ્યવાદ વગેરે રાજકીય વિચારધારાઓએ પણ સંસ્કૃતિ પર નોંધપાત્ર અસર કરી છે.

☆ **સંસ્કૃતિના સંદર્ભમાં શાળા-કર્તવ્ય**

- રાષ્ટ્ર કે સમાજમાં જે કાંઈ ઉદાત્ત તત્ત્વ છે, તેની બાળકને જાણ કરવી.
- શાળા એ સમાજની લઘુ આવૃત્તિ તરીકે કાર્ય કરી સામાજિક વારસાનું વિદ્યાર્થીઓને જ્ઞાન આપવું.
- શાલેય પ્રવૃત્તિઓ સંસ્કૃતિમૂલક હોય. જેમ કે, ઈદ, રક્ષાબંધન, નાતાલ, નવરાત્રિ, દીપોત્સવી, પર્યૂષણ, નવરોઝ જેવાં તહેવારોની ઉજવણીનો ખ્યાલ આપી મહત્ત્વ સમજાવવું.
- શાળાએ સામાજિક, નૈતિક, આધ્યાત્મિક નેતૃત્વનો સ્વીકાર કરવો અને તે માટે સેકન્ડ રેન્ક ઓફ લીડર તૈયાર કરવા અને તે માટે ફર્સ્ટ રેન્ક ઓફ લીડરનો પરિચય કરાવવો.
- શાળા એક સામાજિક અનુભવ-શાળા બની રહે.
- વિજ્ઞાન, કલા, ભાષા, વગેરે વ્યવસ્થાતંત્રમાં સંસ્કૃતિના વાહક બને.
- પરિવર્તનના સંદર્ભમાં સંસ્કૃતિનું સંરક્ષણ, સંક્રમણ, સંવર્ધન અને સાંસ્કૃતિક સભાનતાનાં કાર્યો હાથ પર લેવાં.

2.1.4 લોકશાહી વ્યવસ્થાતંત્ર

ઔદ્યોગિકીકરણ બાદ ભારતીય રાજ્ય વ્યવસ્થાતંત્રમાં પણ ઐતિહાસિક પરિવર્તનો જોવા મળ્યાં છે. સરમુખત્યારશાહી વ્યવસ્થાતંત્ર તેના ચોક્કસ સ્વરૂપમાં જોવા મળ્યું, સામ્યવાદી વ્યવસ્થાતંત્ર પણ કેટલાંક રાજ્યોમાં હતું અને એક અદ્વિતીય સિદ્ધિ તરીકે સ્વાતંત્ર્ય બાદ લોકશાહી વ્યવસ્થાતંત્રની સ્થાપના થઈ.

☆ **સરમુખત્યારશાહી રાજ્યવ્યવસ્થા**

સરમુખત્યારશાહી રાજ્યમાં એક વ્યક્તિ કે કોઈ એક રાજકીય પક્ષ તમામ સત્તાઓ ધારણ કરીને તેનો ઉપયોગ નિરંકુશ રીતે કરે છે. પ્રજાની સ્વતંત્રતાનો તેમ જ વ્યક્તિત્વનો જરા પણ વિચાર કરવામાં આવતો નથી.

આ નિરંકુશ સત્તાધારી વ્યક્તિ કે પક્ષ સરમુખત્યાર ગણાય છે, અને તેની શાસનપદ્ધતિ સરમુખત્યારશાહી કહેવામાં આવે છે.

આ પ્રકારના વ્યવસ્થાતંત્રમાં બે પ્રકારની શિક્ષણ યોજના હતી : (1) કેટલાક લોકોને રાજ્ય ચલાવવામાં અને સત્તામાં મદદરૂપ થવા માટે તૈયાર કરવા. (2) સામાન્ય જનતાને આજ્ઞાકારી અને અનુયાયી સ્વરૂપના તૈયાર કરવા અને એટલે જ પબ્લિક સ્કૂલ અને સામાન્ય સ્કૂલની જોગવાઈ હતી.

☆ સામ્યવાદી રાજ્યવસ્થા

થોડાકના હાથમાં સત્તાને બદલે કામદારોની સત્તા એટલે કે સત્તાનું સામાજિકીકરણ એ સામ્યવાદી સ્વરૂપ તરીકે ગણાય. જે માર્કસવાદી ચિંતન તરીકે રાજકારણ અને અર્થકારણમાં સારું પ્રદાન કરી શક્યું છે.

આ પ્રકારના તંત્રમાં શિક્ષણ વ્યવસ્થાતંત્રમાં સમાજનો કાબુ અને દરેકને પોતાની શક્તિ અનુસાર શિક્ષણની સમાન તકો રહે છે. શિક્ષણનું એક ન્યૂનતમ ધોરણ જાળવી સામાન્ય શિક્ષણ, વ્યાવસાયિક શિક્ષણ અને ઉચ્ચ શિક્ષણની યોજના અસ્તિત્વમાં હતી.

☆ લોકશાહી અને શિક્ષણ

લોકશાહી માટે અંગ્રેજીમાં 'democracy' શબ્દ છે. 'demos' એટલે લોકો અને 'cracy' એટલે રાજ્ય, એ અર્થમાં લોકશાહી એટલે લોકોનું રાજ્ય. લોકોના પ્રતિનિધિઓની શાસન વ્યવસ્થા કે જે શાસક (Ruler) અને શાસિત (Ruled) વચ્ચેની તૂટેલી દીવાલને કારણે ઊભું થયેલું વ્યવસ્થાતંત્ર છે. **લોકશાહીના આધાર સ્તંભો ચાર છે :** (1) વિચાર અને વાણી સ્વતંત્રતા, (2) કાયદા આગળ પ્રત્યેક નાગરિકની સમાનતા, (3) વ્યક્તિત્વના વિકાસ માટેની સમાન તક અને (4) દેશના કાયદાને અને સમાજની નીતિમત્તાને અવિરોધી એવી મનપસંદ પ્રવૃત્તિ કરવાની છૂટ : Freedom, Justice, Opportunity and Faternity - સ્વાંતત્ર્ય, ન્યાયયુક્તતા, સમાન તક અને વ્યવહાર સ્વાતંત્ર્ય.

☆ શિક્ષણના હેતુઓ

(1) લોકશાહી નાગરિક તરીકેનો વિકાસ કરવો (ચાર આધાર સ્તંભો).

(2) વ્યવસાયમાં નવોન્મેષ - સુધારાઓ વિકસાવવા.

(3) વ્યક્તિના વ્યક્તિત્વનો વિકાસ કરવો.

(4) સમાજમાં નેતાગીરીના ગુણોનો વિકાસ કરવો.

(5) સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરવું.

(6) રાષ્ટ્રીય વિકાસનાં ધ્યેયોની પૂર્તિ માટેની તાલીમ આપવી.

☆ લોકશાહી સમાજમાં વ્યક્તિગત સ્વાયત્તતા

લોકશાહીના પ્રમુખ ચાર આધારસ્તંભો આપણે જોયા : (1) વિચાર અને વાણી સ્વતંત્રતા, (2) કાયદા આગળ પ્રત્યેક નાગરિકની સમાનતા, (3) વ્યક્તિત્વના વિકાસ માટેની સમાન તક અને (4) દેશના કાયદાને અને સમાજની નીતિમત્તાને અવિરોધી એવી મનપસંદ પ્રવૃત્તિ કરવાની છૂટ. આ ચારેય આધારસ્તંભો વ્યક્તિસ્વાતંત્ર્ય, ન્યાયયુક્તતા, સૌને સમાન તક અને વ્યવહાર સ્વાતંત્ર્ય એ સંકલ્પનાઓ દ્વારા વ્યાખ્યાયિત કરી શકાય. આ સંકલ્પનાઓનાં અર્થઘટનો વ્યક્તિગત સ્વાયત્તતામૂલક છે.

લોકશાહી સમાજે વ્યક્તિગત સ્વાયત્તતાના શિક્ષણ માટે શિક્ષણનું સ્વરૂપ આ પ્રમાણે સુસ્પષ્ટ કર્યું છે :

- લોકશાહી રાજ્ય બંધારણમાં શિક્ષણ એ પ્રત્યેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર હોય છે. વ્યવસ્થાતંત્રે વ્યક્તિ વિકાસ એટલે કે નાગરિકતાની કેળવણી માટે મફત-ફરજિયાત શિક્ષણ, સૌને શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, વગેરેની જોગવાઈ કરી છે.
- લોકશાહીમાં શિક્ષણનું ફલક ઘણું વિશાળ હોય છે. દર્શનશાસ્ત્ર, સમાજવિજ્ઞાન, પ્રાકૃતિક વિજ્ઞાન, ટેક્નોલોજી, ભાષાશાસ્ત્ર વગેરે વિષયોમાંથી વિષય પસંદગીની તક મળે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવ્યું છે.

- શિક્ષણ બાળકેન્દ્રી બન્યું છે. વ્યક્તિગત ક્ષમતા અને રસ પ્રમાણે વિવિધ પ્રવૃત્તિઓ અને તે દ્વારા અનુભવો પૂરા પાડવામાં આવે છે એટલે કૌશલધારી વ્યક્તિત્વનું નિર્માણ શક્ય બને છે.
- વ્યક્તિને સમાજ, પર્યાવરણ અને જીવનવ્યવહારના અનુભવો આપીને અનુકૂલન સાધવામાં શિક્ષણમાં પૂરતી તકો હોય છે.
- સમાજ ધર્મનિરપેક્ષ, સ્વાસ્થ્યપ્રદ, વ્યાવસાયિક ક્ષમતા ધરાવનારા સમાજ તરીકે વિકાસ પામે એ માટે શિક્ષણના અભ્યાસક્રમમાં વિવિધ વિષયોને સ્થાન આપવામાં આવ્યું છે. સંસ્થાકીય ઇતરપ્રવૃત્તિઓમાં પણ આ બધી બાબતોને પ્રાધાન્ય આપવામાં આવે છે.
- લોકશાહી સમાજે સમગ્રતયા જોતાં 'Democracy is the way of life'નું શિક્ષણમાં પ્રતિબિંબ પડે તે માટે ભાવિ જીવન માટે, સ્વતંત્ર માનવ પ્રકૃતિના વિકાસ માટે શિક્ષણમાં પરિવર્તનો આણ્યાં છે.

લોકશાહી સમાજમાં શિક્ષણ સવિશેષ અગત્યનું છે, કારણ કે ....

(A) વિચારશીલ નાગરિકો એ લોકશાહીની સફળતાની પૂર્વશરત છે. વિચારશીલ નાગરિકો તૈયાર કરવાનું કામ શિક્ષણનું છે. શિક્ષણ જ સાચી લોકશાહીનો શ્વાસ છે.

(B) લોકશાહીમાં લોકમત સાથે લોકમન કેળવવાની જરૂર છે. શિક્ષણ જ લોકમન કેળવી શકે, 'સર્વાનુમતિ' નહિ, 'સુમતિ' માટે શિક્ષણ હોય.

(C) લોકશાહી હક્કો જરૂર આપે છે, પરંતુ શિક્ષણ લોકોને ફરજોનું ભાન કરાવે તો જ હક્કોનો સુસંવાદી ઉપયોગ થઈ શકે.

(D) લોકશાહી સ્વયં લોકકેળવણીનું માધ્યમ છે : સામાજિક સંવેદના, વૈચારિક જાગૃતિ, વિચારોની પરિપક્વતા, સામાજિકતા, લોકકેળવણી, વગેરે શિક્ષણના ધ્યેયો છે.

(E) પ્રજા જેટલી શિક્ષણ પ્રાપ્ત કરેલ હોય તેટલી નિર્ણયો લેવામાં અને પાળવામાં સહભાગી થાય. એટલે જ કહેવાયું છે કે - It is not the form of Government only, but it is the way of life.

શાળાએ લોકશાહી વલણ ઘડતર કરવું જોઈએ તેના દ્વારા વ્યક્તિગત સ્વાયત્તતાની વિચારસરણી ઘડી શકાય અને કાર્યરીતિ સાર્થક નીવડે. આ માટે....

લોકશાહી તરેહ વિકસાવવા જવાબદારી માટેની તાલીમ, અનુગામી નેતૃત્વપણું, વહેંચણીનો ભાવ, વર્તન અને વ્યવહારનું સ્વાતંત્ર્ય - નું શિક્ષણ જરૂરી છે. શિક્ષણના એવા કાર્યક્રમો યોજવા જેથી આ પ્રકારનું બીજારોપણ શક્ય બને.

લોકશાહી સમાજમાં શિક્ષણ કાર્યક્રમ સામાન્ય રીતે આ પ્રમાણે હોય છે :

(1) પૂર્વપ્રાથમિક શિક્ષણ : 3 થી 5 વર્ષ : કેન્દ્ર, રાજ્ય, જિલ્લા પંચાયત, ગ્રામ પંચાયત જેવા સરકારી અને ખાનગી સાહસ - ફરજિયાત નહીં.

(2) સાર્વત્રિક, મફત અને ફરજિયાત કેળવણી (પ્રાથમિક શિક્ષણ) 5 થી 12 વર્ષ

(3) માધ્યમિક શિક્ષણ (સૌને માટે)

(4) ઉચ્ચતર માધ્યમિક અને વ્યવસાય શિક્ષણ : વિદ્યાકીય વિષયો, કૌશલ્ય તાલીમ, ડિપ્લોમા, ધંધાકીય તાલીમ, પોલીટેક્નિક સર્ટીફિકેટ કોર્સિઝ.

(5) ઉચ્ચ શિક્ષણ - સૌને સમાન તક અને નબળાને વિશેષ તક (SC - ST / NT / DNT - SEBC - બહેનો) - શિક્ષણમાં વિષયપસંદગીને અવકાશ.

(6) આજીવન કેળવણીનાં કેન્દ્રોની જરૂરિયાત (આ કેન્દ્રો કે સંસ્થાઓનું કાર્ય વિશેષ કૌશલ આધારિત).

2.1.5 આધુનિકીકરણ

ભારતનો ઇતિહાસ અને વારસો બહુ જૂનો છે. પરંપરાગત કે પ્રણાલીગત વિચારધારાઓ અને માન્યતાઓ આજે પણ સમાજમાં જોવા મળે છે. પ્રાચીન અને મધ્યકાલીન સમાજની પરંપરાગત કે પ્રણાલિગત વિચારસરણી અને માન્યતાઓમાં અર્વાચીન સમાજમાં પરિવર્તનો જોવા મળે તે પણ સ્વાભાવિક છે. પરંપરાગત ખ્યાલો, માન્યતાઓ, વ્યવહારો, વિધિનિષેધો, સામાજિક પ્રક્રિયાઓને સ્થાને આવેલાં પરિવર્તનો આધુનિકીકરણ કે અદ્યતનીકરણ (Modernization) તરીકે ઓળખાય છે એક અન્ય અર્થમાં આધુનિક વિચારધારા સાથે અનુકૂલન સાધવું તે આધુનિકીકરણ છે. આધુનિકીકરણ એ એક એવી પ્રક્રિયા છે કે જેમાં વ્યક્તિ, સમાજ, દેશ કે સમગ્ર રાષ્ટ્ર પ્રવર્તમાન સમયને અનુરૂપ બનવાનો પ્રયત્ન કરે છે.

☆ આધુનિકીકરણનો અર્થ

- આધુનિકીકરણ એ એવી ગતિશીલ પ્રક્રિયા છે જે પરંપરાગત કે પ્રણાલીગત વ્યવહારો પરથી વિશિષ્ટ એવા સમકાલીન ધોરણો તરફ ગતિ કરે છે. **– એસ. સી. ચૌબે**
- પરંપરાગત કે અર્ધ-પરંપરાગત વ્યવહારો તરફથી નૂતન સામાજિક વ્યવહારનો સ્વીકાર કે જે પ્રવર્તમાન વ્યવહારાધિત મૂલ્ય નિર્દેશકો તરફનો ઝુકાવ હોય તેના તરફ જવાનું પ્રેરણ એ આધુનિકીકરણ છે. **– સમાજશાસ્ત્રી મૂર**

ઉપર્યુક્ત બન્ને નિર્દેશ પરથી ફલિત થાય છે કે, આધુનિકીકરણ એ વિકાસશીલ, અર્ધ વિકસિત કે અલ્પવિકસિત દેશોએ વિકસિત એવા પાશ્ચાત્ય દેશોએ જે ખ્યાલો સ્વીકાર્યા છે, સંસ્થાઓ - સમૂહો વિકસાવ્યા છે, વ્યવહારો કેળવ્યા છે, પ્રક્રિયાઓ આરંભી છે તેની સ્વીકૃતિ. આ અર્થમાં આધુનિકીકરણ એ પરિવર્તન છે, ક્રાંતિ છે. જે તે સમાજમાં તે સમયે વ્યવહાર ચલાવવા ઉચિત ગણાતી હતી તે પ્રણાલીને બદલે આર્થિક, સામાજિક, રાજનૈતિક તેમજ શૈક્ષણિક દૃષ્ટિએ અદ્યતનીકરણ તરફના અનુકૂલનની હરણફાળ છે.

☆ આધુનિકીકરણનાં લક્ષણો

આધુનિકીકરણ એ સામાજિક પરિવર્તન છે - ગતિશીલ સામાજિક પ્રક્રિયા છે, બહુલક્ષી પ્રક્રિયા છે, જેના દ્વારા સમાજમાં પ્રવર્તમાન....

- પરંપરાગત ખ્યાલો અને વ્યવહારોમાં પરિવર્તન આવે છે.
- માન્યતાઓ, વલણો, મૂલ્યોમાં પરિવર્તન આવે છે.
- સામાજિક ખ્યાલો, સમૂહો, સંસ્થાઓ, પ્રક્રિયાઓમાં નૂતન દૃષ્ટિકોણ આવે છે.
- સમાજને વૈજ્ઞાનિક, ટેક્નોલોજીકલ જ્ઞાનનો વિનિયોગ કરવાનું સૂચવે છે.
- આર્થિક સમૃદ્ધિ અને રાજકીય સ્થિરતા લાવે છે.
- વ્યક્તિ વિકાસ અને તે માટે વિચાર પરિવર્તન, સંસ્થા પરિવર્તન અને સમાજ પરિવર્તન લાવે છે.
- રાષ્ટ્રીયધ્યેયો અને સામાજિક વ્યવહારોનું અનુકૂલન સધાય છે.
- નીતિ, ધર્મ, આદર્શ જેવાં મૂલ્યોનું સંક્રમણ જોવા મળે છે.

☆ આધુનિકીકરણનું સ્વરૂપ

ખેત સમાજ, ઔદ્યોગિક સમાજ અને ટેક્નોલોજીકલ સમાજ આ

છે – સમાજમાં આવેલાં પરિવર્તનો. સમાજમાં આવેલાં આ પરિવર્તનોએ જબરદસ્ત ક્રાંતિ આણી છે. સૈકાઓ જૂની સમાજની રાજયવ્યવસ્થા, અર્થવ્યવસ્થા, કુટુંબવ્યવસ્થા અને શિક્ષણવ્યવસ્થામાં આધુનિકીકરણના પ્રવેશને કારણે આમૂલ પરિવર્તનો જોવા મળે છે.

સમાજની પેટા વ્યવસ્થા ઘર અને કુટુંબ 'સંયુક્ત કુટુંબ'માંથી 'વિભક્ત કુટુંબ' પ્રણાલી અપનાવી ચૂક્યા છે. ખાણીપીણી, રીતભાત, આચાર-વિચારમાં અસમાનતા સર્જાઈ રહી છે. કોઈ લાંબાગાળાનું લક્ષ્ય નહીં પરંતુ વિકાસના નામે આપણે વધુ ને વધુ મૂર્ત સ્વરૂપમાં કંઈક પ્રાપ્ત કરવા આ દોટ મૂકી છે. ઔદ્યોગિક ક્ષેત્રે પણ આપણી હરણફાળ અદ્વિતીય છે. સામાન્ય એવા ટ્રેડમાર્ક પર નિર્ભર એવો આપણો પ્રાચીન સમાજ ઉદ્યોગને જરૂરી ટેક્નોલોજી અને યંત્રોનો નિકાસ કરતો થઈ ગયો છે. ધર્મ અને તાત્ત્વિક ચિંતને પણ આધુનિક રૂપ ધારણ કર્યું છે. વિષયવસ્તુ અભિમુખતાને બદલે પ્રક્રિયાભિમુખતા તેમાં જોવા મળે છે. રાજકીય રીતે એક જ પક્ષની સત્તાને બદલે બહુપક્ષીય વહીવટી વ્યવસ્થા કે શાસન-વ્યવસ્થાને આપણે સ્વીકારતા થયા. અર્થવ્યવસ્થામાં પણ મૂડીના ખ્યાલો બદલાયા છે, વ્યવહારો બદલાયા છે, અને તેની પ્રાપ્તિ માટેના પ્રયત્નો અદ્યતનીકરણ સાથે સમાજમાં જોવા મળે છે. પ્રાચીન શિક્ષણવ્યવસ્થાનું સ્વરૂપ આજે તો પુસ્તકોમાં જ રહ્યું છે. આ વ્યવસ્થાએ પણ 'ગીવ એન્ડ ટેઇક'નું ધોરણ સ્વીકારી લીધું છે. જ્ઞાન અને મૂડી વિષેનો ખ્યાલ મૂળભૂત રીતે પરિવર્તન પામતો જોવા મળે છે.

આધુનિકીકરણ કે અદ્યતનીકરણનું કારણ વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ આવિષ્કાર પ્રથમ છે. વિકસિત દેશોની હરોળમાં સ્થાન પ્રાપ્ત કરવા માટે વૈશ્વિક અર્થકારણમાં પ્રવેશ કરવો તેટલું જ પૂરતું નથી પરંતુ તેમાં અગ્રિમ હરોળ પ્રાપ્ત કરવી તે પણ છે. સામાન્ય એવી અર્થવ્યવસ્થા (કૃષિ, સમુદ્રી કે ખાણ આધારિત પેદાશો)નાં પરિમાણો બદલાય એટલે બહુ-પરિમાણીય ઔદ્યોગિક વ્યવસ્થાતંત્રો અસ્તિત્વમાં આવે

છે અને તે ઔદ્યોગિક પુનઃસ્થાપન અને પરિણામ સ્વરૂપ ઔદ્યોગિક વ્યવસ્થાતંત્ર સમગ્ર રાષ્ટ્રના સમાજ, અર્થ, કુટુંબ અને શિક્ષણમાં અદ્યતનીકરણ લાવે છે, શહેરીકરણ લાવે છે, વૈશ્વિકીકરણ લાવે છે. આ બધાં પરિવર્તનોના મૂળમાં આધુનિકીકરણ છે.

☆ ભારતમાં આધુનિકીકરણનાં પરિબળો

આધુનિકીકરણનાં પ્રેરક પરિબળો નીચે પ્રમાણે છે :

(1) **વૈજ્ઞાનિક અને ટેક્નોલોજીકલ** આવિષ્કારોને પ્રેરણ અને તેની વ્યવહારમાં (સમાજમાં અને ઉદ્યોગમાં) સ્વીકૃતિના પરિણામ-સ્વરૂપ ઝડપી ઔદ્યોગિકીકરણ.

(2) સ્વતંત્ર ભારતની વિવિધ રાજકીય વિચારસરણીઓની પરંપરાગત કે પ્રણાલીગત બાબતોમાં નવવિચારને સ્વીકૃતિ અને વૈશ્વિક દૃષ્ટિકોણનો સ્વીકાર.

(3) **શિક્ષણનો પ્રચાર અને પ્રસાર :** પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત, માધ્યમિક શિક્ષણની સુલભતા, વ્યાવસાયિક શિક્ષણને પ્રાધાન્ય, સૌને ઉચ્ચ શિક્ષણ જેવા માળખાગત વિકાસલક્ષી પરિવર્તનો.

(4) સમાજના નબળા વર્ગોને માટે રાષ્ટ્રીય સ્તરે તથા સ્થાનિક સ્તરે સુવિધાઓ : અનામત નીતિ, સ્કોલરશીપ, શિક્ષણદાતાઓનાં ભગીરથ કાર્યો વગેરે.

(5) **વૈશ્વિક નીતિ :** વિદેશો સાથે વ્યવહાર સરળતાને પરિણામે વ્યાપાર, શિક્ષણ, ઉદ્યોગ અને સમાજ વ્યવહાર બાબતોમાં આવેલાં પરિવર્તનો.

(6) રાજયવહીવટ અને રાષ્ટ્રીય કક્ષાએ નવી નીતિ તથા પ્રયોગો અને નવી સિસ્ટમના સ્વીકારને પરિણામે વાહનવ્યવહાર, પ્રત્યાયન, વિવિધ યોજનાઓ, વગેરે બાબતોમાં આગેકૂચ.

ઉપર્યુક્ત યાદી હજી પણ લાંબી થઈ શકે પરંતુ અહીં ઉદ્યોગ, ટેક્નોલોજી, સમાજની જે તે સમયમાં માગ, શિક્ષણ, રાજ્ય-રાષ્ટ્રની નીતિ, વૈશ્વિક દૃષ્ટિકોણ, જેવી પ્રમુખ બાબતોને જ મહત્ત્વની ગણેલ છે.

☆ આધુનિકીકરણ અને ભારત

આધુનિકીકરણ એ બહુલક્ષી પ્રક્રિયા છે.

ઔદ્યોગિક ક્ષેત્રે તે ઔદ્યોગિકીકરણમાં પરિણમે છે. તેના કારણે મોટા પાયે ઉત્પાદન થાય છે (યાંત્રિકીકરણ). ચોક્કસ સ્થળે નાણાં અને સાધનો એકઠાં થઈ એક કે એકથી વધુ ચોક્કસ ઉદ્યોગને પ્રોત્સાહન આપે છે (શહેરીકરણ).

રાજકીય ક્ષેત્રે જાગૃતિ અને સહભાગીપણું લાવે છે. એક સુ-રાજ્યને માટે સમાજની જરૂરિયાતો જેવી કે સ્વાસ્થ્ય, નિવાસ, ધંધા-રોજગાર વગેરે આપે છે. કાયદાનું અને સમાજ કલ્યાણનું લોકશાહી રાજ્ય સ્થપાય છે.

સામાજિક ક્ષેત્રે સૌને સમાન તક મળે છે. સમાનતાનો ખ્યાલ જુદા જુદા સમુદાયમાં-વર્ગોમાં આવે છે. પરંપરાગત જીવનશૈલીને બદલે મુક્ત વિચારવાળી, કૌશલલક્ષી, બુદ્ધિયુક્ત આચાર-વિચાર ધરાવતી જીવનશૈલી જોવા મળે છે. જન્મદત્ત સમાજસ્થાનને બદલે આવડત, કૌશલ, બુદ્ધિ સમાજમાં સ્થાન અપાવે છે.

શિક્ષણક્ષેત્રે સમાજસ્વીકૃત અભ્યાસક્રમ, કૌશલકેન્દ્રી પદ્ધતિઓ અને સામાજિકીકરણ લાવે છે. બુદ્ધિવાદી, તર્કનિષ્ઠ અને કૌશલયુક્ત એવો વિચારગત વિકાસ અને તે દ્વારા સામાજિક ધ્યેયો સિદ્ધ કરવાની કાર્યપ્રણાલી અપનાવવામાં આવે છે.

સાંસ્કૃતિક ક્ષેત્રે સંસ્કૃતિના સંરક્ષણનો સ્વીકાર થાય છે. તેના પરિવર્તનોનાં ભયસ્થાનો પરત્વે સમાજ જાગતિક દૃષ્ટિકોણ અપનાવે છે. સંસ્થા-સંસ્કૃતિનો જન્મ થાય છે. સંસ્થા-રક્ષક તરીકે સમાજ સાંસ્કૃતિક ધડતર તરીકેની જવાબદારીઓ સ્વીકારે છે.

ભારતમાં શિક્ષણનું આધુનિકીકરણ કેટલાક વિશિષ્ટ પ્રશ્નો સર્જે તે સ્વાભાવિક છે.

- ઔદ્યોગિકીકરણના પરિણામે શહેરીકરણ ગ્રામ્ય વિસ્તારોમાં ઘણા પ્રશ્નો સર્જે છે. સરકારી નીતિ આમાં મદદરૂપ થઈ શકે છે.
- સાર્વત્રિક શિક્ષણ અને ડીગ્રી ભૂખને કારણે શિક્ષિત બેકારી સર્જાય છે. શિક્ષણમાં વૈવિધ્યીકરણ થાય નહીં ત્યાં સુધી આ પ્રશ્ન રહેશે.
- શિક્ષણમાં સંખ્યાત્મક વિકાસ શિક્ષણમાં ઔદ્યોગિકીકરણ અને ખાનગી શિક્ષણને પ્રાધાન્ય આપે છે, પરિણામે શિક્ષણનું સ્વરૂપ વ્યવસાય તરીકે આગળ આવે. ગુણવત્તાના પ્રશ્નો સર્જાય. ચોક્કસ કાયદા જ આમાં મદદરૂપ થઈ શકે.
- પ્રૌઢશિક્ષણ, વિશિષ્ટ એવું વર્ગશિક્ષણ, જ્ઞાનની વિસ્તરતી ક્ષિતિજોને માટે યથાર્થ શિક્ષણ અને વિશેષ કરીને સમાજ શિક્ષણની વિશેષ જોગવાઈઓ ઊભી કરવી પડે.
- કુટુંબ, સમુદાય, રાજ્ય તેમજ રાષ્ટ્ર કક્ષાએ અગ્રતાઓ નક્કી કરવાના પ્રશ્નો સર્જાય. ક્ષેત્ર-ક્ષેત્ર વચ્ચેના અસમતુલીય વિકાસના પ્રશ્નો રહે. આધુનિકીકરણ એ પરિવર્તનની પ્રક્રિયા હોઈ કરવા પડતાં પરિવર્તનો અને આપમેળે થઈ જતાં પરિવર્તનો અદ્યતનીકરણ લાવે છે. શિક્ષણ અને વિશેષ કરીને સમાજશિક્ષણ જ તેને સાચી દિશા તરફ લઈ જઈ શકે.

☆ સંસ્કૃતિ, આધુનિકીકરણ અને વિચારશક્તિ

સંસ્કૃતિ અને આધુનિકીકરણ બન્ને વિચારશક્તિ સાથે સંકળાયેલાં છે. આ બન્નેના વિચારશક્તિ સાથેના સંબંધોને આપણે તપાસીએ.

સંસ્કૃતિ એ વિશાળ સંકલ્પના છે. સંસ્કૃતિમાં ધર્મ, સાહિત્ય, સંગીત, કળાઓ અને સ્થાપત્ય વગેરેનો સમાવેશ થાય છે. ધર્મ, સાહિત્ય, સંગીત, કળાઓ અને સ્થાપત્ય સાથે માનવની વિચારશક્તિ સંકળાયેલી છે. માનવ સદ્‌ભાગી છે કારણ કે માનવ વિચારશીલ પ્રાણી છે. માનવીની વિચારશક્તિ અદ્‌ભૂત છે. આ વિચારશક્તિને કારણે જ ધર્મના સિદ્ધાંતો વિકસ્યા છે. એટલું જ નહીં તેમાં પરિવર્તનો આવ્યાં છે. માનવ મન સતત વિચારશીલ છે. નવીનીકરણો (Innovations)ના મૂળમાં વિચારશક્તિ છે. મગજ વડે ગણતરી કરતા માનવની ગણતરી યંત્ર દ્વારા ન થાય ? એ વિચારે કમ્પ્યૂટરનો જન્મ થયો. કમ્પ્યૂટર આજે માનવ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં છવાઈ ગયું છે. વિજ્ઞાનની અનેક શોધો આ વિચારશક્તિ (Thinking power) કે તર્કશક્તિ (Reasoning power) ઉપર રચાઈ છે. ધર્મને આપણે વિજ્ઞાનની દૃષ્ટિએ ચકાસ્યો છે. કેટલીક બાબતો વિજ્ઞાનની ગુંજાશ બહારની છે એવું પણ વિચારશક્તિના કારણે જ સ્વીકાર્યું છે. ધર્મમાં આવતાં સાચાં પરિવર્તનો પણ આ વિચારશક્તિના પરિણામે છે. ચાર વેદોની રચના કે ઉપનિષદો, પુરાણો કે વેદાંત સાહિત્યની રચના, બૌદ્ધ ધર્મના સિદ્ધાંતો કે જૈન ધર્મના સિદ્ધાંતો પણ માનવની વિચારવાની શક્તિનું ઉદાહરણ છે.

આજના આધુનિકીકરણના પાયામાં વિજ્ઞાન છે અને વિજ્ઞાનના વિકાસના પાયામાં વિચારશક્તિ છે. માનવીએ અનેક સમસ્યાઓનો ઉકેલ વિચારશક્તિથી મેળવ્યો છે. આજે માનવે વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, મનોરંજન, આધુનિક સુખ-સુવિધાઓ પ્રાપ્ત કરી છે તેના મૂળમાં વિચારશક્તિ છે. માનવ પંખીની જેમ આકાશમાં ઊડી શકે છે. માછલીની જેમ પાણીમાં ઊંડે મુસાફરી કરી શકે છે. એક સ્થળે બનતી ઘટના ઘણે દૂર આવેલા અન્ય સ્થળેથી જોઈ શકે છે. આજે ખેતી આધુનિક બની છે. રોગો પર માનવે કાબૂ મેળવ્યો છે. આ બધાના મૂળમાં માનવની વિચારવાની શક્તિનો મહત્ત્વનો ફાળો છે. આજની પરિસ્થિતિ આપણને ઉત્કૃષ્ટ ભલે જણાય પણ હવે પછીનાં સો વર્ષ પછીની સ્થિતિ કાંઈક જુદી હશે કારણ માનવની વિચારશક્તિને કોઈ અંત નથી.

સારાંશ

✣ સમાજ

સમાજ એટલે પરસ્પર સંબંધ ધરાવતા વ્યવહારોનું આદાન-પ્રદાન કરતા અને પોતાના હક્ક અને હિસ્સાઓનું રક્ષણ કરતો માનવ સમૂહ. શિક્ષણ દ્વારા સામાજિક ધ્યેયની પૂર્તિ, નાગરિકતાની કેળવણી, સમસ્યા ઉકેલ દ્વારા પ્રગતિલક્ષી કાર્યો, વિશિષ્ટ શિક્ષણ તથા સમાજનું સંસ્કૃતિકરણનું કાર્ય સમાજમાં થાય છે. જ્યારે સમાજ અભ્યાસક્રમ ઘડતર, બાળકોનું સામાજિકીકરણ, સામાજિક ધ્યેયોની પૂર્તિ, અને સમાજની જરૂરિયાતો સંતોષે છે. આમ બન્ને પરસ્પર આધારિત છે.

✣ સંસ્કૃતિ

લોકોનું એક જૂથ, એક રાજય અથવા એક રાષ્ટ્રના સભ્યોની સામાજિક, બૌદ્ધિક, કલા, રાજયવહીવટ અને ઔદ્યોગિક વિકાસ વિષયક સિદ્ધિઓનો સરવાળો તે તેની સંસ્કૃતિ છે. કેળવણી સંસ્કૃતિનું સંરક્ષણ અને સંવર્ધન કરી જીવનવ્યવહારના નવા પ્રગતિકારક આયામો સૂચવી સંક્રમણનું કાર્ય કરે છે. ચોથું કાર્ય એટલે કે, પરિવર્તનના ઘોડાપુરની વચ્ચે સાંસ્કૃતિક સભાનતાનું કાર્ય જે પણ કેળવણી કરે છે.

✣ લોકશાહી

લોકશાહી એ of the people, for the people, by the people ચાલતી શાસન વ્યવસ્થા છે. જેના આધારસ્તંભો ચાર છે : સ્વાતંત્ર્ય, ન્યાયયુક્તતા, સમાન તક અને વ્યવહાર સ્વાતંત્ર્ય. લોકશાહી મૂલ્યો વ્યક્તિગત સ્વાયત્તતા આપે છે અને જીવન જીવવાની તરેહ શીખવે છે.

✣ આધુનિકીકરણ

તે એવી એક ગતિશીલ પ્રક્રિયા છે જે પરંપરાગત કે પ્રણાલીગત વ્યવહારો તરફ અને વિશિષ્ટ એવા સમકાલીન ધોરણો તરફ ગતિ કરે છે. તેનાં પ્રેરક પરિબળો વિજ્ઞાન અને ટેક્નોલોજી શિક્ષણનો પ્રસાર, સમાજના

નબળા વર્ગોને સુવિધા, વૈશ્વિકી સ્તરે ભારતનું પ્રગતિવાદી કાર્ય, શાસનનો પ્રગતિવાદી દૃષ્ટિકોણ, વગેરે છે. ઔદ્યોગિકીકરણને પરિણામે શિક્ષણની વ્યવસ્થાકીય, સંચાલકીય, સુવિધા તથા સ્રોત અને વ્યવહાર પ્રક્રિયામાં વિકાસોન્મુખ નવોન્મેષ જોવા મળે છે.

સ્વાધ્યાય

(1) ઔદ્યોગિકીકરણ બાદ શિક્ષણમાં પરિવર્તનોની યાદી આપો.

(2) વિકાસશીલ સમાજની શિક્ષણ પર અને શિક્ષણની સમાજ પર શી અસર હોય છે ?

(3) સંસ્કૃતિ અને કેળવણી વચ્ચેનો સંબંધ સ્પષ્ટ કરો.

(4) "લોકશાહી સમાજમાં વ્યક્તિગત સ્વાયત્તતા" પર ટૂંકનોંધ લખો.

(5) આધુનિકીકરણ એટલે શું ? આધુનિકીકરણનાં પ્રેરક પરિબળો કયાં કયાં છે ?

* * *

2.2 આધુનિક મૂલ્યોના સંદર્ભમાં કેળવણી

સમગ્ર વિશ્વમાં આજે શૈક્ષણિક તકોની સમાનતા અને સામાજિક ન્યાયની માગ ઊભી થઈ છે. આની પાછળનાં બે કારણો છે : (1) શિક્ષણની વૈશ્વિક સ્તરે 'એક માનવહક્ક' - 'A Human Right' તરીકેની સ્વીકૃતિ અને (2) માણસની સામાજિક - આર્થિક સ્તરે વિકાસની તીવ્ર ઇચ્છા. આમ શિક્ષણ નાત, જાત, જ્ઞાતિ, ધર્મના ભેદભાવ વિના એક મૂળભૂત હક્ક બને અને તે દ્વારા વ્યક્તિ સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક વ્યક્તિમત્તા ઊભી કરી શકે તે માટે સૌને શૈક્ષણિક તકોની સમાનતા બંધારણીય રીતે પ્રાપ્ત થાય છે.

ભારતીય સંવિધાનના આમુખમાં જ આ મુખ્ય ત્રણેય લોકશાહી મૂલ્યોને સ્પષ્ટ કરાયાં છે.

અમે ભારતના પ્રજાજનો આથી ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરીએ છીએ કે, ભારત એ સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક લોકશાહી રાષ્ટ્ર બને અને તેના બધા જ નાગરિકોને....

- સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય મળે. વિચાર, વાણી, માન્યતા અને ધર્મપૂજાની સ્વતંત્રતા મળે.

  Social, Economic and Political liberty of thought, expression, belief, faith and worship for justice.

- હોદ્દો અને તકની સમાનતા રહે અને તેમાં બઢતીની પણ સમાન તક હોય.

  Equality of status and of opportunity and to promote among them.

➤➤ Fraternity assuring the dignity of the individual and the unity and the integrity of the nation.

વ્યવહાર સ્વાતંત્ર્ય દ્વારા બધામાં ભાઈચારાની ભાવના વધે કે જેથી નાગરિક માત્રનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા પ્રસ્થાપિત થાય.

ભારતીય બંધારણમાં આ માટેની જોગવાઈ છે.

કલમ	જોગવાઈ
14	ન્યાયને સંલગ્ન બાબતો માટેની સર્વને સમાનતા
15	ધર્મ, કુળ, જ્ઞાતિ કે જન્મસ્થળના સંદર્ભમાં કોઈપણ પ્રકારના ભેદભાવ પર મનાઈ
16	જાહેર સંસ્થામાં નોકરી માટેની તકોની સમાનતા
17	અસ્પૃશ્યતાનું નિવારણ
18	બંધારણીય અમલ (ઈલાજ / સાધન)નો સર્વેને હક્ક
15(1), 15(3)	સ્ત્રીઓનું શિક્ષણ
29, 30	શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને વહીવટ કરવાનો લઘુમતીઓનો અધિકાર
25, 28	શૈક્ષણિક સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ અને ધાર્મિક પૂજા-અર્ચનાની જોગવાઈ
45	6 થી 14 વર્ષનાં બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ
46	સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના નાગરિકો માટે શિક્ષણ

2.2.1 સમતા અને સમાનતા

આપણા બંધારણમાં આપણે જ્ઞાતિ, ધર્મ, વર્ગ અને કોમની જેમ સ્ત્રી-પુરુષ પરત્વે ન્યાયિક સમતા (Equity) સ્થાપિત કરવાનું ધ્યેય સાકાર

કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. સમાજશાસ્ત્રના અધ્યયન, અધ્યાપન અને સંશોધનોમાં નારી અભ્યાસના પરિપ્રેક્ષ્યને સુગ્રથિત કરીને પુરુષ-પ્રધાનતાને સ્થાને સ્ત્રી-પુરુષ પરત્વે પરસ્પર સંતુલિત સમતા વિકસાવવાનું ધ્યેય રાખેલ છે. સ્ત્રી-પુરુષ પરત્વે અને પુરુષ સ્ત્રી પરત્વે સમાન અસ્તિત્વ અને સમતામૂલક વ્યવહારના સંસ્થાપનનું ધ્યેય સ્વીકારાયું છે. અહીં સમતાનો અર્થ બધાને વિકાસ માટેની મોકળાશ અને સમાન તક એવો થાય છે. ઘરમાં અને ઘર બહાર વિભિન્ન ક્ષેત્રોમાં ભૂમિકા અદા કરવા માટે સમાન તક પ્રાપ્ત થવી જોઈએ એ છે. બીજી રીતે કહીએ તો સ્ત્રીઓ અને પુરુષોને ક્યાંય (1) વંચિતતા, (2) ભેદભાવભર્યો વર્તાવ, (3) શોષણ અને (4) દમનનો ભોગ બનવું ન પડે. આ ચાર બાબતોનું પ્રમાણ જેમ જેમ ઘટે તેમ તેમ સમાજમાં સમતા વધી છે તેમ માની શકાય.

સમતા (Equity) શબ્દની સંકલ્પના કંઈક અંશે સ્ત્રીઓના અસ્તિત્વનો સ્વીકાર એ અર્થમાં પણ સ્વીકારાય છે. સદીઓથી રૂઢ બનેલી પુરુષ-પ્રધાન પિતૃસત્તામાં બદલાવ સ્ત્રીશિક્ષણને કારણે આવ્યો છે. નારીવાદના સંદર્ભમાં આ ચર્ચા આગળ વધારીએ તો તે એક એવું વૈચારિક ચિંતન છે જે નારીને (અલબત્ત, શોષિતોને પણ) શુદ્ધ જીવંત અસ્તિત્વ તરીકે સ્થાપવાની હિમાયત કરે છે. તેના પ્રત્યેની બૌદ્ધિક પ્રતિબદ્ધતાનો વિચાર રજૂ કરે છે. સમતા એ સ્વતંત્ર ઓળખ - (Identity)ના સંદર્ભમાં સમાનતા અને બૌદ્ધિકતા કે ક્રિયાશીલતાના સંદર્ભમાં સ્વીકારવાનું જ યથોચિત ગણાય.

સમાનતાનો અર્થ અહીં દરેક વ્યક્તિને પોતાના વ્યક્તિત્વના વિકાસ માટેની પૂરતી તકો પ્રાપ્ત થાય તેવો થાય છે. કોઈ જ્ઞાતિ કે વર્ગને આ માટે વિશેષ જોગવાઈ પ્રાપ્ત થતી નથી કે જે બીજાને માટે ન હોય. સૌને સમાન ધોરણે જ મળે છે અને પ્રત્યેક વ્યક્તિ તકોને સમાન ધોરણે ઝડપી શકે છે કે જે સમાનતા તરફ / પ્રગતિ તરફ લઈ જતી હોય. ભારતીય શિક્ષણ પંચે (1964-66) શિક્ષણના એક અગત્યના સામાજિક ધ્યેય તરીકે જાહેર કરેલ છે કે પછાત તેમજ અવિકસિત કોઈપણ વ્યક્તિ કે સમાજ સામાજિક ન્યાયની રૂએ પોતે પ્રતિભાના વિકાસ માટે -

પ્રગતિ માટે સમાન તકો મેળવી શકે છે. તેના કારણે જ નબળાનું શોષણ અટકી શકે છે.

શિક્ષણમાં સમાન તકનો અર્થ એકરૂપ શિક્ષણ નથી. આપણે જાણીએ છીએ કે કોઈપણ બે વ્યક્તિ સમાન કે એકરૂપ હોઈ શકે નહીં. તેઓ પસંદગી, વર્તનો, વલણો, અભિયોગ્યતા, માન્યતાઓમાં ભિન્ન હોવાના જ. આ દરેકને એકરૂપ શિક્ષણ આપવું તે કાર્ય નિષ્ફળતાને જ વરે. સમાન તકનો અર્થ તો એવો થાય છે કે ગરીબ કે તવંગર શિક્ષણની સિસ્ટમમાં સમાન રીતે પ્રવેશ મેળવી શકે છે અને તેના કાર્યોમાં કોઈપણ પ્રકારની બાધા વગર જોડાઈ શકે છે. આના માટેના તમામ ભૌતિક અવરોધો દૂર કરવામાં આવશે. જ્ઞાતિ કે ધર્મને શિક્ષણમાં જોડતા સમયે એક ચોક્કસ જરૂરિયાત તરીકે સ્વીકારવામાં નહીં આવે. પરિણામે વ્યક્તિની શક્તિ કે ક્ષમતા પ્રમાણે તેઓ પોતાનો વિકાસ બાધા વગર કરી શકશે.

2.2.2 શૈક્ષણિક તકોની સમાનતાની જરૂરિયાત

નીચેનાં કારણો આ માટે આપી શકાય :

(1) સમભુજ સમાજની રચના માટે આ પ્રથમ જરૂરિયાત છે. સમભુજ સમાજ એટલે એવો સમાજ કે જેમાં સમાનતા અને સામાજિક ન્યાય સર્વને માટે ધોરણ તરીકે સ્વીકૃત હોય. તેનું કોઈ એક અંગ, શાખા કે વિસ્તાર ખંડિત ન હોય.

(2) લોકશાહી સમાજમાં શિક્ષણ જ તમામ વ્યક્તિની તેમજ શૈક્ષણિક સંસ્થાઓની સફળતાનો આધાર છે ત્યારે શિક્ષણના સંદર્ભમાં તકોની સમાનતા સૌમાં સફળતાની પ્રાપ્તિ માટેનો વિશ્વાસ ઊભો કરે છે.

(3) શૈક્ષણિક તકોની સમાનતા રાષ્ટ્રના પ્રગતિમૂલક વિકાસની આગાહી કરે છે. શિક્ષણ એ તો રોકાણ છે. જો દરેક વ્યક્તિ શિક્ષણ મેળવવા માટે સમાન હક્કદાર હોય તો તેઓ વિકાસના માર્ગે નિઃશંક જશે અને પોતાની વ્યક્તિગત

ક્ષમતાના વિકાસ સાથે એક વિકસિત સમાજની રચના કરી શકશે.

(4) શૈક્ષણિક તકોની સમાનતાને કારણે રાષ્ટ્રના લોકોની તજ્ઞીયતાનો લાભ દેશને મળશે. જે લોકો શિક્ષણ મેળવશે તેની વિશેષ પ્રતિભા વિશેષ એવા ક્ષેત્રોમાં ઉપલબ્ધ બનશે અને પરિણામે સમાજ જ લાભાન્વિત બનશે.

(5) શૈક્ષણિક તકોની સમાનતા સમાજમાં જરૂરી માનવજરૂરિયાત અને તેના માટે ક્ષમતાયુક્ત વ્યક્તિઓનું નિર્માણ શક્ય બનાવશે અને આ બંને બાબતો પરસ્પર પૂરક બની રહેશે.

(6) લોકશાહીની સફળતાનો આધાર શિક્ષિત માનવ સમાજ છે. ભારત દેશમાં વસનારા સૌને શિક્ષણ મેળવવા અને વ્યવસાય પ્રાપ્તિમાં સમાન તક આપવામાં આવે તો જ લોકમતની કેળવણી થઈ શકશે.

☆ શૈક્ષણિક તકોની સમાનતાના સંદર્ભમાં મુશ્કેલીઓ

આપણા સમાજમાં વર્ગને સ્વીકારાયા છે. ઉચ્ચ, મધ્યમ અને નિમ્ન વર્ગને બદલે સમાજના ઉત્કૃષ્ટ લોકો, સામાન્ય સમાજ, ગરીબ સમાજ જેવા વર્ગો આર્થિક સ્તરને લઈને પડી ચૂક્યા છે, આ વર્ગના લોકો શિક્ષણની સિસ્ટમ પર છવાઈ જઈને સ્વતંત્ર એવી પ્રેક્ટિસ ઊભી કરી ચૂક્યા છે. રાજકુમારોની કોલેજ, મિશનરી સ્કૂલ્સ જેવી શિક્ષણ સંસ્થાઓ કે જે કોઈ એક સમુદાય, જ્ઞાતિ કે વર્ગ દ્વારા સ્વીકૃત હોય તેઓ અસમાનતા તરફ સિસ્ટમને દોરી જાય છે.

આ ઉપરાંત બીજા પણ કેટલાક પ્રશ્નો શૈક્ષણિક તકોની સમાનતાના સિદ્ધાંતોને અવરોધે છે :

(1) દેશના એવા કેટલાક વિસ્તાર છે કે જ્યાં પ્રાથમિક, માધ્યમિક કે કોલેજ કક્ષાના શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓ ઉપલબ્ધ ન હોય. આ અસમાનતા શૈક્ષણિક સંસ્થાઓની પર્યાપ્તતા ઊભી કરીને નિવારી શકાય.

(2) શૈક્ષણિક તકોની અસમાનતાનું બીજું એક કારણ ગરીબી છે. લઘુમતી તેમજ અન્ય કોમમાં પણ ગરીબ હોવાને કારણે શિક્ષણ ફી ભરી શકે નહીં અને પરિણામે શિક્ષણની સુવિધા સતત લાંબાગાળા સુધીની કે પર્યાપ્ત મેળવી શકે નહીં. આ માટે ફી નાબૂદી અને સ્કોલરશીપની જોગવાઈ હોવી જોઈએ.

(3) ગ્રામ વિસ્તારમાં અભ્યાસ કરતાં બાળકોની સરખામણી શહેરી વિસ્તારની સુવિધાજનક શાળામાં અભ્યાસ કરતાં બાળકો સાથે કરવામાં આવે ત્યારે ગ્રામ શાળાઓના વિદ્યાર્થીઓ હરીફાઈમાં નબળા પૂરવાર થાય છે. ઉચ્ચશિક્ષણ અને વ્યાવસાયિક કૉલેજોમાં અભ્યાસ કરતાં આ પ્રકારના વિદ્યાર્થીઓ વિશેષ કરીને વધુ સારું ભાવાવરણ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશની મુશ્કેલી અનુભવે છે. કેન્દ્રિય વિદ્યાલયોનું કાર્ય સીમિત હોઈ વિશેષ કરીને ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છતાં બાળકો આ પ્રકારની મુશ્કેલીઓ અનુભવે છે.

(4) ગ્રામ કે શહેરી ગમે તે વિસ્તારમાં રહેણાંક હોય પરંતુ કુટુંબ / માતા-પિતાનું પ્રેરણ પણ શિક્ષણમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. જે માતા-પિતા ભણેલાં નથી કે આર્થિક રીતે સાધન-સંપન્ન નથી તેઓ પોતાનાં બાળકોને અભ્યાસને લગતી સુવિધાઓ આપવામાં અને વિશેષ અભ્યાસ તરફ પ્રેરિત કરવામાં ઘણાં સામાન્ય પૂરવાર થાય છે જ્યારે શિક્ષિત કુટુંબ પોતાનાં બાળકોને શૈક્ષણિક તકોની સમાનતા ઝડપવા તરફ વિશેષ માર્ગદર્શન આપી શકે છે. સામાન્ય સંજોગોમાં આ બાબતનું નિવારણ હોઈ શકે નહીં સિવાય કે નબળા વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને વળતર સ્વરૂપે વિશેષ પ્રકારનું ભાવાવરણ આપવામાં આવે.

(5) ભારતીય પરિપ્રેક્ષ્યમાં શૈક્ષણિક અસમાનતા જાતીયતાના સંદર્ભમાં પણ જોવા મળે છે. આ દેશમાં હજુ પણ કેટલાંક કુટુંબોમાં સ્ત્રી શિક્ષણમાં એટલે કે કુટુંબમાં છોકરીને છોકરાને અપાય છે તેટલું પ્રેરણ પૂરું પાડવામાં આવતું નથી. સામાજિક બંધનો, રીતરિવાજો, વગેરેને કારણે કુટુંબમાં સ્ત્રીને પર્યાપ્ત અને પુરુષ સમકક્ષ સ્થાન મળતું નથી. તેને માટે વિશેષ શિક્ષણ વ્યવસ્થાતંત્ર ગોઠવાય.

(6) પછાત વર્ગો જેવા કે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય નબળા વર્ગોને પણ શિક્ષણમાં સમાન તકોના સંદર્ભમાં ભેદભાવ અનુભવાય છે. આ ભેદભાવ સામાન્ય એવા પ્રવેશ નિયમો કે ભરતી નિયમોના સંદર્ભમાં પર્યાપ્ત નથી તેને માટે સમાજમાં વિશેષ ધ્યાનાકર્ષક જોગવાઈઓ હોવી જોઈએ.

1986નું રાષ્ટ્રીય શિક્ષણ પંચ કે જે 1992માં વિશેષ રીતે વ્યવસ્થિત થયું, તેણે આ ભેદભાવ અને અસમાનતા દૂર કરવા માટે નીચેના વર્ગો માટે વિશેષ જોગવાઈઓનું સૂચન કરેલ છે : (1) સ્ત્રીઓ, (2) અનુસૂચિત જાતિ, (3) અનુસૂચિત જનજાતિ, (4) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ, (5) લઘુમતિ કોમ અને (6) શારીરિક ખોડખાંપણ ધરાવનાર.

☆ શૈક્ષણિક તકોની સમાનતા માટેની જોગવાઈઓ

સામાજિક ન્યાય, શૈક્ષણિક તકોની સમાનતા અને અસમાનતા ઘટાડવા માટે નીચે મુજબની જોગવાઈઓ કરી શકાય :

(1) સમાજના આર્થિક નબળા વર્ગોને માટે શિક્ષણ ફીની માફી

(2) સમાજના આર્થિક નબળા વર્ગોને માટે અભ્યાસ પુસ્તકો અને ગણવેશની ફી સુવિધા

(3) શૈક્ષણિક સંસ્થાઓમાં બુક-બેન્કની સગવડતા

(4) પ્રતિભાયુક્ત બાળકોને માટે પૂરતી સંખ્યામાં સ્કોલરશીપની યોજનાઓ

(5) સામાન્ય વ્યાજ દરે અભ્યાસ માટે આર્થિક લોનની સુવિધા

(6) જરૂરિયાતવાળા સમાજને માટે પરિવહન સુવિધા

(7) "અભ્યાસ દરમિયાન કમાઓ" – "Earning while learning" ની સુવિધા

(8) વિદ્યાર્થીઓને માટે વિશેષ અભ્યાસ પ્રેરકો

(9) ચોક્કસ સામાજિક વર્ગો માટે પ્રવેશની વિશેષ સુવિધા

(10) પછાત વિસ્તારને આર્થિક અને ટેકનિકલ બાબતોની વિશેષ સુવિધા

(11) વૈકલ્પિક અને ઇલાજ / સાધન સ્વરૂપી શિક્ષણ યોજનાઓ

(12) સામાન્ય અને નજદીકી શિક્ષણની યોજનાઓ

☆ **શૈક્ષણિક તકોની સમાનતા માટે શિક્ષણમાં કેન્દ્રીય આયોજનો**

શૈક્ષણિક તકોની સમાનતાના ધ્યેય માટે કેટલાંક વિશેષ પ્રકારનાં આયોજનો કેન્દ્રીય સ્તરે હાથ ધરવાં જોઈએ.

(1) પ્રૌઢ શિક્ષણની જોગવાઈનું પુનઃગઠન જરૂરી છે, જેને કારણે ચોક્કસ વિસ્તારના કુટુંબ આ બાબતોની જોગવાઈઓ જાણી લાભ મેળવી શકે અને વળી તેને કારણે શિક્ષણ પ્રત્યેના પૂર્વગ્રહો અને નબળા દૃષ્ટિકોણ બદલી શકાય. સમાજનો વિકાસ અને શિક્ષણનો સામાજિક સ્વીકાર તેને કારણે શક્ય બને.

(2) અનુસૂચિત જાતિ, જનજાતિ અને સામાજિક તથા શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત વિસ્તારો માટે વધુ અને વધુ સુવિધાઓ જાહેર કરવી જોઈએ. ઉપલબ્ધ સુવિધાઓ તેમના સુધી પહોંચાડવી જોઈએ અને સંસ્થાઓમાં તેમના માટે ઉચિત ભાવાવરણ ઊભું કરવું જોઈએ.

(3) મફત અને ફરજિયાત શિક્ષણની જોગવાઈ માટે વયમર્યાદા 14 વર્ષ સુધીની છે જ તેનું પાલન થાય તેવા સજ્જડ પ્રયાસો તમામ સ્તરે થવા જોઈએ.

(4) ઉચ્ચશિક્ષણના વ્યવસ્થાતંત્રને વધુ વ્યવસ્થિત અને ગુણવત્તાસભર બનાવવું જોઈએ કે જેથી તેની સમાજ સ્વીકૃતતા વધે.

(5) શિક્ષણનાં પંચોએ આ માટે (અ) પ્રાથમિક કક્ષાએ શિક્ષણ ફી નહીં, (બ) માધ્યમિક શાળાના આરંભે શિક્ષણ ફીનો ભાર નહીં અને (ક) ઉચ્ચશિક્ષણના સ્તરે દરેક વર્ષમાં સ્કોલરશીપ અને શિક્ષણ ફી માફીની વિશેષ સુવિધાઓ આપી પ્રતિભાયુકત બાળકોને 'ફી નહીં'ની યોજના પૂરી પાડવી જોઈએ.

(6) પ્રાથમિક કક્ષાએ શિક્ષણને પૂરક વિશેષ સુવિધાઓ મફત પૂરી પાડવી જોઈએ, જેમાં પાઠ્યપુસ્તકો, ગણવેશ, શૈક્ષણિક સાધનો, પૂરક માર્ગદર્શન સેવાઓનો સમાવેશ કરવો જોઈએ.

(7) પરિવહન સુવિધાઓ, ભણતાં-ભણતાં કમાવાની યોજનાઓ, સ્કોલરશીપની યોજનાઓ અમલમાં મૂકવી જોઈએ.

(8) વિવિધ રાજ્યોમાં શિક્ષણની જોગવાઈઓમાં તફાવત છે. કેન્દ્રીય સ્તરે શિક્ષણ માટેનાં આયોજનો, કાયદાઓ, વ્યવસ્થાતંત્ર વગેરેમાં સમાનતા લાવીને શૈક્ષણિક તકોની અસમાનતા દૂર કરવી જોઈએ.

2.2.3 સામાજિક ન્યાય અને શૈક્ષણિક તકોની સમાનતાના સંદર્ભમાં પ્રવર્તમાન સ્થિતિ

શૈક્ષણિક તકોની સમાનતાના સંદર્ભમાં ભારતમાં સામાન્ય માનવી અસમાનતા અનુભવે છે તેવો આક્ષેપ કરે છે. સરકારના અને વ્યવસ્થાતંત્રના આ માટેના ભરપૂર પ્રયત્નો અને યોજનાઓ હોવા છતાં શિક્ષણના પ્રશ્નો માટે સમાજને હંમેશાં ઘણું બધું કહેવાનું હોય છે. જો કે આમાં જે લોકોને લાભ પ્રાપ્ત થતો નથી તેવા ફરિયાદીની સંખ્યા વધુ

હોય છે, અને વળી તેમાંય સાચા હક્કદાર અને લાભ ન મળ્યો હોય તેઓની સંખ્યા ઓછી હોય છે. આ માન્યતા સામાજિક ન્યાયની વ્યવસ્થા પ્રત્યે હકારાત્મક અભિગમ હોય તે લોકો ધરાવે છે. છતાં પણ શૈક્ષણિક તકોની સમાનતાના અવરોધોની ચર્ચા અહીં અસ્થાને નથી.

(1) **વસતિ વધારો :** આઝાદી પછી ભારતીય વ્યવસ્થાતંત્રને સમાજ શિક્ષણ દ્વારા વસતિ વધારા પ્રત્યે રાષ્ટ્રના નાગરિકોનું ધ્યાન દોર્યું છે. પરંતુ કાયદાકીય જોગવાઈઓ નહીં હોવાને કારણે નાસમજ લોકોનો એક મોટો વર્ગ જુદા જુદા વર્ગોની સભ્ય સંખ્યામાં અસમતુલા સર્જે છે, પરિણામે જરૂરિયાતવાળા વર્ગને અસમાનતાના અનુભવો થાય છે.

(2) **બંધારણીય અમલ :** સામાજિક ન્યાયના સંદર્ભમાં બંધારણીય જોગવાઈઓ પૂરતી હોવા છતાં તેની કેટલીક છટકબારીઓનો લાભ લઈને કે શિક્ષણને એક વ્યાપારી સ્વરૂપ આપીને ધંધાકીય સ્વતંત્રતા તરીકે ચોક્કસ વર્ગ તકો ઝડપી શકે છે પરિણામે અસમાનતા અનુભવાય છે.

(3) **વર્ગભેદ :** શિક્ષણ દ્વારા વર્ગ નાબૂદીનો સ્વીકાર શિક્ષિત નાગરિકો કરે છે પરંતુ શિક્ષણ જ તેમને વિવિધ વર્ગો પાડવા માટે વૈચારિક દૃષ્ટિકોણ આપે છે. વર્ગોની શૈક્ષણિક, સામાજિક, આર્થિક, બાબતોમાં ભિન્નતા હોવાને કારણે વર્ગો-વર્ગો વચ્ચેના સંઘર્ષો રહે છે, જેના પરિણામે આ સંઘર્ષો તેમને વિવિધ જૂથો પ્રત્યે ગમો કે અણગમો ઊભો કરાવે છે અને તે અસમાનતા સર્જે છે.

(4) **શિક્ષણ પ્રત્યે ઉદાસીનતા :** શિક્ષણની વિવિધ યોજનાઓ જેવી કે મફત, સાર્વત્રિક અને ફરજિયાત શિક્ષણ, સૌને શિક્ષણ, સર્વ શિક્ષાઅભિયાન વગેરેનાં અમલીકરણ છતાં સમાજનો એક મોટો વર્ગ શિક્ષણ પ્રત્યે ઉપેક્ષા ધરાવે છે. શિક્ષણને સામાજિક સ્વીકૃતિ જરૂરિયાત મુજબ પ્રાપ્ત થતી

નથી. પરિણામે ચોક્કસ તકને માટે જે નિર્ણાયક બાબત હોય તેનો સામાજિક સ્તરે વિરોધ ઊભો થાય છે, જે અસમાનતાનો અનુભવ કરાવે છે.

(5) **શિક્ષણમાં હસ્તક્ષેપ :** વર્તમાન સમયમાં શિક્ષણમાં રાજકીય, પૈસાપાત્ર તથા વગદારનો હસ્તક્ષેપ જોવા મળે છે, પરિણામે સમાન તકોને આધારે પ્રવેશ તો મળે છે પરંતુ તે પ્રવેશ પસંદગી બાદ યથાર્થ બનતો નથી. શૈક્ષણિક તકોની અસમાનતાની વાત અહીંયાં સૈદ્ધાંતિક જ રહી જાય છે, વ્યવહારુ પૂરવાર થતી નથી.

2.2.4 ડૉ. આંબેડકરનું પ્રદાન

"આપણે પ્રથમ ભારતીય છીએ અને અંતે પણ ભારતીય છીએ, ભારતીય સિવાય બીજું કશું જ નથી." પ્રબળ દેશભક્તિથી છલકતું, આ વિધાન છે – ભારતીય ઇતિહાસમાં સુવર્ણ પૃષ્ઠસમું સ્થાન ધરાવનાર ડૉ. ભીમરાવ આંબેડકરનું. તેમણે કહેલું કે, "હું એક એવો આદર્શ સમાજ ચાહું છું જે સ્વતંત્રતા, સમતા અને બંધુત્વ પર આધારિત હોય." એવું કહેનાર તથા સમતા, સમાનતા માટે જીવનભર ઝઝૂમનાર બાબાસાહેબનું પ્રદાન ભલે ઇતિહાસ બંધારણના ઘડવૈયા, મહિલાઓના મુક્તિદાતા, દલિતોના હૃદય સમ્રાટ, અર્થશાસ્ત્ર અને કાયદાના પ્રકાંડ પંડિત તરીકે સ્વીકારે, પણ ખરા અર્થમાં તેમણે સમાનતાની સંકલ્પના અને વ્યવહાર ક્રિયા વિશ્વ સમક્ષ સ્પષ્ટ કરી છે. વ્યક્તિગત સ્વાયત્તતાને તેમણે સમાજમાં આગવું સ્થાન આપ્યું છે અને સૌને માટે સમાન તક માટે લાંબી લડત કરી છે. તેમના શબ્દો તેમના જીવન દ્વારા આ પ્રમાણે તારવવામાં આવ્યા છે :

➠ ડૉ. આંબેડકર વર્ણવ્યવસ્થાના કટ્ટર વિરોધી હતા. દલિતોના ઉદ્ધારક બની તેમને સમાજમાં સ્વાતંત્ર્ય, સમતા અને વ્યવહાર ક્રિયાને તેમણે વિશેષાધિકાર અપાવ્યા હતા.

- ડૉ. આંબેડકરનું યુગકાર્ય - બંધારણીય મૂલ્યો સમાનતા (દલિતોદ્ધારક), સૌને સમાન તક અને વાણી સ્વાતંત્ર્યમાં શ્રદ્ધા અને સમાજમાં તેનું પ્રસ્થાપનને ગણાવી શકાય.
- 'હું તમને સ્પષ્ટ કરવા માગું છું કે મનુષ્ય ધર્મ માટે નથી, પરંતુ ધર્મ મનુષ્યને માટે છે.'
- ડૉ. આંબેડકર 'ધ મેન ઓફ મુવમેન્ટ' તરીકે પ્રસ્થાપિત થયા. ભારતીય રાજ્યબંધારણની પ્રત્યેક કલમો, શબ્દો અને સિદ્ધાંતો તેમના ભારતીય સમાજના વ્યવહાર-વિશ્લેષણથી નિરૂપાયા છે. બંધારણનું આમુખ જ તેમની પ્રતિમા રજૂ કરે છે.

સારાંશ

✣ સમાનતા

સ્ત્રી અને પુરુષ પરત્વે વિકાસ માટેની મોકળાશ અને સમાન તક એ ભાવ સમતા છે. કોઈ બે સમૂહને વંચિતતા, ભેદભાવભર્યા વ્યવહાર, શોષણ અને દમનનો ભોગ બનવું ન પડે એ સમતાનું લક્ષ્ય છે.

✣ સમાન તક

કોઈપણ બે વ્યક્તિ સમાન કે એકરૂપ ન હોઈ શકે પરંતુ ગરીબ કે તવંગર શિક્ષણની સિસ્ટમમાં સમાન રીતે પ્રવેશી શકે, વ્યવસાયકર્મ કરી શકે અને તે માટે તમામ ભૌતિક અવરોધો દૂર કરવામાં આવે તે અર્થમાં સમાન તકનો નિર્દેશ છે.

✣ સામાજિક ન્યાય

સ્વાતંત્ર્ય, સમાન તક અને વ્યવહાર સ્વાતંત્ર્યના હક્કો એ સામાજિક ન્યાયના સૂચક છે. અહીં વિચાર, વાણી અને ધર્મપૂજાનું સ્વાતંત્ર્ય, શિક્ષણમાં સમાનતા,. હોદ્દો અને બઢતીની તક તેમજ દેશના કાયદા અને નીતિમત્તાને અવિરોધી એવી મનપસંદ કરવાની છૂટ દ્વારા વ્યવહાર સ્વાતંત્ર્ય - એ સામાજિક ન્યાય કહેવાય છે.

સ્વાધ્યાય

(1) અર્થ સ્પષ્ટ કરો : સમતા, સમાન તક અને સામાજિક ન્યાય.

(2) શૈક્ષણિક તકોની સમાનતાની જરૂરિયાત શી છે ?

(3) બંધારણીય મૂલ્યોના સંદર્ભમાં બંધારણની કોઈ એક જોગવાઈ લખો.

(4) ડૉ. આંબેડકરનું લોકશાહી મૂલ્યોના સંદર્ભમાં પ્રદાન દર્શાવો.

✲ ✲ ✲

2.3 બહુસંસ્કૃતિવાદ

ભારત દેશમાં અનેક ધર્મો અને સંસ્કૃતિ ધરાવનાર જનસમૂહ છે, અને રાજ્ય વ્યવસ્થાતંત્ર લોકશાહી છે. શિક્ષણનો મુખ્ય હેતુ લોકશાહી મૂલ્યોનું શિક્ષણ છે. સમતા, સમાનતા, વ્યવહાર સ્વાતંત્ર્ય, સર્વધર્મ સમભાવ, વગેરે લોકશાહી મૂલ્યોની ઓળખ અને તે પ્રકારની જીવનપ્રણાલી જીવતાં પ્રજાજનોને સંસ્કૃતિનું શિક્ષણ (ભારતીય સંસ્કૃતિનું શિક્ષણ) આપવાની ભલામણ શિક્ષણના બધા જ કમિશનોએ કરી છે. "રામધારી સિંહ દિનકરે 'સંસ્કૃતિ કે ચાર અધ્યાય' નામના પુસ્તકમાં લખ્યું છે કે, આજે જેને ભારતીય સંસ્કૃતિ કહીએ છીએ તે આર્ય, અનાર્ય, મુસ્લિમ અને યુરોપિયન એમ ચાર સંસ્કૃતિના સમન્વય થકી બનેલી છે. જો તમે કોઈ પણ ભારતીય ભાષાનું અધ્યયન કરશો તો તમને તેમાં સંસ્કૃત, ફારસી, અરબી અને અંગ્રેજી શબ્દો સ્વાભાવિક સ્વરૂપે ભળી ગયેલા જોવા મળશે."

આપણે પણ જુદા જુદા ધર્મો અપનાવતાં પ્રજાજનો વાતચીતનો પ્રારંભ કદાચ પોતપોતાની ભાષામાં કરીએ પણ વાર્તાલાપ હિન્દીમાં ફેરવાઈ જતાં સમય લાગતો નથી. અરે, આપણા રહેણાંક વિસ્તારમાં પણ વિવિધ ધર્મ પાળતા કુટુંબોના યુવાનો અને યુવતીઓ લગ્ન સંબંધથી જોડાય છે. લગ્ન કર્યા પછી સ્ત્રી મૂળ ધર્મ પાળી શકે તેવું ઉદાર વાતાવરણ ભારતનાં કુટુંબોમાં છે. લગ્નની પણ કેટલી બધી રીતો ? કહેવાય છે કે, હિન્દુ લગ્નના આઠ પ્રકાર છે, અને વળી અમુક પ્રકારનાં લગ્નો જ ધર્મ માન્ય ગણાય તેવી સ્થિતિ નથી. એક મહોલ્લામાં રહેતા વિવિધ ધર્મના લોકો ગણેશ સ્થાપનાના દિવસોમાં સાથે મળીને સાંજે ગણેશ આરતી કરે છે, ઈદના તહેવારે તે મહોલ્લામાં સાથે મળીને ઈદમુબારક કહેતા અને ગળે મળતા જોવા મળે છે. નાતાલની રજાઓ માણતા અને જાન્યુઆરીની પહેલી તારીખે 'હેપ્પી ન્યુ ઈયર'ની આપ-લે કરે છે. ટૂંકમાં, ધર્મ હિંદુ, ખ્રિસ્તી કે મુસ્લિમ અને ઉત્સવો ગમે તે ધર્મ વિશેષના હોય લોકો સાથે મળીને ઉજવે છે. ઉત્તરાયણમાં મુસ્લિમો પતંગ બનાવે છે, હિંદુઓ ઉડાડે છે.

મુસલમાનોના તાજીયા નીકળે ત્યારે હિંદુ યુવાનો તેમાં જોડાય છે. માતાઓ પોતાનાં બાળકને એ તાજીયાની નીચેથી લઈને નીકળે છે. હિંદુ મંદિરોના ઈશ્વરની પાલખી અન્ય ધર્મના લોકો ઉપાડે છે કે તેની રસ્સી ખેંચે છે. વિવિધ ધર્મના પ્રજાજનોનો આ સમન્વય ખરેખર બહુમુખી વસુંધરાનો ખ્યાલ સમાજમાં દૃઢ કરાવે છે.

ભારતનું આ દર્શન બહુસંસ્કૃતિવાદનું સ્વરૂપ રજૂ કરે છે.

વિવિધ ધર્મ - સંસ્કૃતિના લોકો સાથે રહે, પરસ્પર સંસ્કૃતિઓ પરત્વે આદર વ્યક્ત કરે, સંસ્કૃતિજન્ય વ્યવહાર પ્રણાલિ કોઈ પણ પૂર્વગ્રહ વિના સ્વીકારે અને ધર્મ નિરપેક્ષ દર્શનનો સ્વીકાર કરે તે વિચારસરણી બહુસંસ્કૃતિવાદ છે.

"પ્રત્યેક મહાન શિક્ષકે પોતાની પ્રતિભા દ્વારા સહનશીલતા, ન્યાય, નિર્ભીકપણું, ગૌરવ, પૂજયભાવ અને કરુણાનું શિક્ષણ પસંદ કરેલા વિષયવસ્તુ (સંસ્કૃતિ) દ્વારા આપ્યું છે તે માટે તેમણે ઈશુ, આંબેડકર, સુભાષચંદ્ર બોઝ, મહારાણા પ્રતાપ, બુદ્ધ કે મધર ટેરેસાના જીવનકાર્યોને 'માનવધર્મ' વિષયવસ્તુમાં સ્વીકારેલા હોય છે." ધર્મ અને સંસ્કૃતિ વૈવિધ્યને કારણે અભ્યાસના સમગ્ર વર્ષ દરમિયાન વિવિધ સંસ્કૃતિની મહાનતાને શિક્ષણકાર્ય દરમ્યાન શિક્ષક અભ્યાસક્રમમાં જોડે છે અને તે પ્રયત્ન ભલે પ્રત્યેક વિદ્યાર્થીઓને બહુસંસ્કૃતિની ઓળખ કરાવવાનો હોય પણ તે દ્વારા તે વિવિધ સંસ્કૃતિઓનો ઈતિહાસ, વિશેષતા અને ગૌરવને વિદ્યાર્થીઓ સમક્ષ તાદૃશ્ય કરે છે.

2.3.1 બહુસંસ્કૃતિનું શિક્ષણ

☆ **સંકલ્પના :**

બહુસંસ્કૃતિ શિક્ષણ (Multicultural Education) વિષયમાં નીચે દર્શાવેલાં પાસાંઓનો અભ્યાસ છે :

- માનવજાતનો પરિચય, લઘુમતી, સ્ત્રી શિક્ષણ, ધાર્મિક શિક્ષણ, જાત, કોમ, જાતિ અને વિવિધ ધર્મોનું ગૌરવ
- વિવિધ ભાષી જીવનવ્યવહાર અને બોલવા ચાલવામાં ભાષા

વૈવિધ્ય

- સંસ્કૃતિજન્ય અને વૈશ્વિક જાગૃતિ
- માનવ સંબંધો અને સંઘર્ષ નિવારણ

ઉપર્યુક્ત મુદ્દાઓ આ વિશિષ્ટ શિક્ષણ (Special Education)ના અભ્યાસના છે. બહુસંસ્કૃતિ શિક્ષણ (Muticultural education) એટલે વિશિષ્ટ એવા બાળકો માટેનું શિક્ષણ, વિવિધ માનવકુળ કે વંશનો પરિચય જાતિગત તફાવતો, સમાનતા - અસમાનતા, પૂર્વગ્રહો, વિશેષ સિદ્ધિઓ, અસ્તિત્ત્વનું દર્શન, વગેરે બાબતો બહુસંસ્કૃતિવાદનું વિષયવસ્તુ છે.

☆ બહુસંસ્કૃતિવાદ અંગેની ભ્રામક માન્યતાઓ

- હયાત એવી પ્રમુખ સંસ્કૃતિના સંદર્ભમાં અન્ય સંસ્કૃતિને અલગ રીતે રજૂ કરવી કે જેથી તેઓમાં રહેલા ભેદ સુસ્પષ્ટ થાય.
- બહુસંસ્કૃતિનો સ્વીકાર એ સમાજની જવાબદારી છે, સમૃદ્ધિ નહીં.
- આ વિશિષ્ટ શિક્ષણ માટે કોઈ સ્વતંત્ર પૂર્વનિર્ણિત ન હોય તેવા હેતુઓ અને અભ્યાસક્રમ હોય.
- વિવિધ જાતિ, પ્રજાતિ કે માનવવંશના વિદ્યાર્થીજૂથ માટે જ આ પ્રકારનું શિક્ષણ હોય.
- આ પ્રકારના શિક્ષણ માટે સર્વાંગીણ અને પૂર્વનિર્ણિત અભ્યાસક્રમ ન હોય.

ઉપર્યુક્ત ખોટી માન્યતાઓની સામે આ પ્રકારના શિક્ષણ માટે શિક્ષકે એક ચોક્કસ ફિલસૂફી વિકસાવવી જોઈએ, જેના સિદ્ધાંતો આ પ્રમાણે હોય :

- શિક્ષકે વિદ્યાર્થીઓની સંસ્કૃતિમૂલક ઓળખનો પરિચય મેળવવો જોઈએ અને પોતાના પૂર્વગ્રહોને તેમાં કદાપિ

જોડવા ન જોઈએ અને વિવિધ સંસ્કૃતિને અભ્યાસવી જોઈએ. વિવિધ સંસ્કૃતિઓનું દર્શન ભારતીય સંસ્કૃતિ છે તેમાં વિશ્વાસ કેળવવો જોઈએ.

- લોકોના કઠોર, નિર્દયી વ્યવહારને બદલવા પૂર્વગ્રહ, જુલમ કે ત્રાસ એ વિષયવસ્તુને ચોક્કસ પરિઘમાં અભ્યાસવો જોઈએ. માનવસમૂહને આ માટેનાં કારણથી મુક્તિ અપાવવી જોઈએ.
- વિદ્યાર્થીઓમાં ધનાત્મક સ્વસંકલ્પનાના વિકાસ માટે વિદ્યાર્થીઓના જીવનવ્યવહારમાંની સમાનતા અને એક્તાની પ્રવૃત્તિઓ તરફ ધ્યાન આપવું જોઈએ અને તે પરત્વેનો વિધાયક દૃષ્ટિકોણ અભ્યાસવો જોઈએ.
- બધા જ બહુસંસ્કૃતિ મૂલક સાહિત્યનો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે અને બધી જ જાતિ, પ્રજાતિઓ અને વિવિધ સંસ્કૃતિઓએ સંસ્કૃતિમાં યથાર્થ ફાળો આપ્યો છે તે જાણે તેમ સ્પષ્ટ કરવું જોઈએ.
- બહુસંસ્કૃતિ એ ભારતની આગવી ઓળખ છે. તે અભ્યાસક્રમમાં પ્રતિબિંબિત છે.

☆ બહુસાંસ્કૃતિકતાનો ઉદ્‌ભવ :

સંદેશાવ્યવહાર, વાહનવ્યવહાર, વિવિધ શાસન વ્યવસ્થા અને વિદેશની મુલાકાતો વગેરેના ફળ સ્વરૂપ બહુસાંસ્કૃતિકતાનો વિકાસ થયો છે.

ભારતમાં પહેલાં આર્ય સંસ્કૃતિ હતી. એ પહેલાં અનાર્ય સંસ્કૃતિ હતી. આ બે મળી ભારતીય સંસ્કૃતિ બની. આ પછી વિદેશી શાસકો આ દેશમાં આવ્યા. પ્રારંભમાં તો આ ટોળીઓ લૂંટ કરી, મંદિરો તોડી જતી રહેતી. પરંતુ કેટલાક શાસકો અહીં સ્થિર થયા. પરિણામે ઇસ્લામિક સંસ્કૃતિની અસર આપણી સંસ્કૃતિ પર થઈ. મુસ્લિમ શાસકોએ લગભગ ૫૦૦ વર્ષ શાસન કર્યું. આ મુસ્લિમ સંસ્કૃતિની ઘણી બાબતો આપણી સંસ્કૃતિમાં ઉમેરાઈ. ખાન-પાન, જીવનશૈલી, સાહિત્ય અને સ્થાપત્ય પર

તેની અસરો થઈ. આ પછી યુરોપીય પ્રજાઓ આ દેશમાં આવી. તેમાં અંગ્રેજો ભારતના શાસકો બન્યા. પ્રારંભમાં ઈસ્ટ ઇન્ડિયા કંપની અને તે પછી બ્રિટીશ શાસન આ દેશમાં આવ્યું. અહીં યુરોપિયન સંસ્કૃતિની અસર આપણી સંસ્કૃતિ ઉપર થઈ. અંગ્રેજી ભાષા ભારતીયો શીખ્યા. અંગ્રેજી સાહિત્યના પરિચયમાં આવ્યા. ભારતમાં ખ્રિસ્તી ધર્મનો ફેલાવો થયો. પોંડિચેરીમાં ફ્રેન્ચ શાસન અને દીવ, દમણ અને ગોવામાં પોર્ટુગિઝોનું શાસન હતું. આ બધી સંસ્કૃતિઓની અસર ભારતીય સંસ્કૃતિ ઉપર થઈ.

ઘણા ભારતીય વિદ્યાર્થીઓ ઇંગ્લેન્ડ અભ્યાસાર્થે ગયા. આના પરિણામે જ આઝાદીની લડતનાં મંડાણ થયા. ભારતીયો આમ તો પહેલેથી જ વિદેશના ઘણા દેશોમાં વેપારાર્થે જતા હતા. જો કે આ સંખ્યા ઓછી હતી. છતાં તે દેશોની સંસ્કૃતિઓની થોડી અસર આપણી સંસ્કૃતિ ઉપર થઈ. આજે તો ઇંગ્લેન્ડ ઉપરાંત અમેરિકા, રશિયા, ફ્રાન્સ, જર્મની, ચીન વગેરે દેશોમાં ભારતીયો અભ્યાસાર્થે ગયા છે. ઘણા ભારતીયો વિશ્વના ઘણા દેશોમાં જઈને વસ્યા છે. તે દેશની સંસ્કૃતિની અસર આપણી સંસ્કૃતિ ઉપર વત્તા ઓછા અંશે થઈ છે.

આજે ભારત ભાતીગળ સંસ્કૃતિ ધરાવતો એટલે કે બહુસાંસ્કૃતિક દેશ બન્યો છે. ભારતમાં હિન્દુ, મુસ્લિમ, પારસી, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ વગેરે ધર્મો પાળતા, વિવિધ ભાષાઓ બોલતા લોકો વસે છે. આમ ભારતીય સંસ્કૃતિ હવે બહુસાંસ્કૃતિક બની છે.

ભારતની શિક્ષણ વ્યવસ્થા પણ અંગ્રેજોએ ગોઠવેલી છે. સ્વાતંત્ર્ય પછી આપણે તેમાં પરિવર્તનો લાવ્યા છીએ, પરંતુ સમગ્ર માળખું ઇંગ્લેન્ડની શિક્ષણ વ્યવસ્થા જેવું જ છે.

2.3.2 બહુસંસ્કૃતિવાદ અને શિક્ષણ

આ પ્રકારના શિક્ષણના હેતુઓ આ પ્રમાણે હોય છે :

- શિક્ષકો અને વિદ્યાર્થીઓ વિવિધ સંસ્કૃતિ પ્રત્યે આદર કેળવે.
- શિક્ષણકાર્ય દરમિયાન વિવિધ સંસ્કૃતિના અભ્યાસની તકો પૂરી પાડવી.

- અભ્યાસક્રમના પ્રત્યેક વિષયવસ્તુને 'માનવ સંસ્કૃતિ'ના સંદર્ભમાં અધ્યયન - અધ્યાપનમાં સંકલિત કરવી.
- વિવિધ સંસ્કૃતિના નિર્દેશકો (ઉત્સવો, વ્યક્તિ વિશેષના જીવન કથનો, સંસ્કૃતિ સંવર્ધનમાં પ્રદાન, વગેરે)નું શિક્ષણ વ્યવહારમાં તાદશીકરણ કરાવવું.
- શાલેય પર્યાવરણને વિવિધ સંસ્કૃતિના સંરક્ષણ, સંવર્ધન અને સંક્રમણ માટે પ્રયોજવું.

ઉપર્યુક્ત હેતુઓની સિદ્ધિ માટે નીચે મુજબના **શિક્ષણ કાર્યક્રમો** શાળા કક્ષાએ યોજાવા જોઈએ :

(1) વિષયવસ્તુ આધારિત કાર્યક્રમ (Content Oriented Programmes)

સંસ્કૃતિમૂલક વિશેષ વ્યક્તિઓ અને તત્સંલગ્ન ઉત્સવો કે રાષ્ટ્રીય તહેવારના કારણ સ્વરૂપ ઘટનાઓનું વર્ષ દરમ્યાન વર્ગ કક્ષાએ વાચન અને જરૂર જણાય તો તે દરમિયાન તેમાં વિશેષ બાબતો, ચિત્રો કે પ્રસંગો ઉમેરવા. દા.ત. શીખ સંપ્રદાયના સંદર્ભમાં ગુરુ ગોવિંદસિંહ કે અન્ય પ્રતિભાઓનાં જીવનકથન, સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં શહીદ ભગતસિંહનો ફાળો, અમૃતસરનું સુવર્ણમંદિર વગેરે બાબતોનો અધ્યયનમાં સમાવેશ કરવામાં આવે. આ કાર્ય વિષયવસ્તુના શિક્ષણ સાથે સાથે બહુસંસ્કૃતિમૂલક વિષયવસ્તુનું સંક્રમણ કરવામાં મદદરૂપ થાય તેમ જ જે-તે સંસ્કૃતિની સિદ્ધિઓ અને વિશેષતાઓનો ભારતીય સંસ્કૃતિમાં ફાળો સ્પષ્ટ કરે છે. ડૉ. આંબેડકર, જગદ્‌ગુરુ શંકરાચાર્ય, સંત મધર ટેરેસાનું સાંસ્કૃતિક પ્રદાન અધ્યયનમાં જોડવું. આ કાર્યક્રમ અન્વયે વિવિધ સંસ્કૃતિ, સંસ્કૃતિ ગૌરવ અને સંસ્કૃતિ સંદર્ભિત વિશેષ યોગ્યતાને શિક્ષણમાં સ્થાન આપવું.

(2) વિદ્યાર્થીકેન્દ્રી કાર્યક્રમ (Student Oriented Programmes)

આ પ્રકારનો કાર્યક્રમ વિશેષ સવલતો મેળવતા અને મેળવવાની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતને સ્પષ્ટ કરવામાં

મદદરૂપ થાય છે. સંશોધન આધારિત અધ્યયન શૈલી, દ્વિભાષી કે ત્રિભાષી કાર્યક્રમ, વિશિષ્ટ સમાજની બોલી વિષયક સંશોધનોનો સાર, લઘુમતી કોમના વિદ્યાર્થીઓ કે બહેનો માટેના ખાસ કાર્યક્રમો કે તેમના શિક્ષણકેન્દ્રોમાંના વિદ્યાર્થીઓને માટેનું અધ્યયન પર્યાવરણ, મુલાકાત, વગેરે બાબતોનો સમાવેશ અહીં કરી શકાય.

(3) સમાજકેન્દ્રી કાર્યક્રમ (Socially Oriented Programmes)

આ પ્રકારનો કાર્યક્રમ સમાજના વિશેષ વર્ગો ગ્રામ્ય સમાજ, ઝૂંપડીઓમાં રહેતો સમાજ, વિવિધ જાતિઓના ચોક્કસ રહેઠાણ વિસ્તારનો સમાજ, આદિવાસી વિસ્તાર, રણ વિસ્તાર કે સમુદ્ર કાંઠે રહેતા સમાજના બાળકોની જીવનશૈલી, વ્યવસાય, તેમના વિશેષ એવા ગુણ લક્ષણોના અભ્યાસ અર્થે હાથ ધરી શકાય. શાળા પ્રવાસ -પર્યટન દ્વારા કે કોઈ સહપાઠી અધ્યયન યોજના કે પ્રોજેક્ટ હાથ ધરી આ પ્રકારની પ્રવૃત્તિઓ યોજી શકે.

(4) સામાજિક કેન્દ્રાભિમુખી કાર્યક્રમ (Social Centre - Oriented Programmes)

સમાજમાં વિવિધ સામાજિક કેન્દ્રો અસ્તિત્વમાં હોય છે કે જે સરકાર સંચાલન હેઠળ કે કોઈ સંસ્થાગત વ્યવસ્થાપન ધરાવે છે. દા.ત., આગાખાન ફાઉન્ડેશન પ્રેરિત અધ્યયન કેન્દ્ર, મસ્જિદ - મદ્રેસામાં ચાલતા શિક્ષણનાં કેન્દ્રો, સંસ્કૃત પાઠશાળા, લઘુઉદ્યોગ શિક્ષણ કેન્દ્રો વગેરે. આ પ્રકારના કેન્દ્રોમાં ચોક્કસ ધર્મ, કોમ, સંસ્કૃતિ - ઉપસંસ્કૃતિના સંદર્ભમાં પ્રવૃત્તિઓ થાય છે. આ પ્રવૃત્તિઓની વિદ્યાયક દૃષ્ટિકોણ ધરાવતી કામગીરી વિદ્યાર્થીઓને ધાર્મિક શિક્ષણ, કૌશલકેન્દ્રી શિક્ષણ, નારીવાદ વગેરે વિષયોનો પરિચય આપી શકે છે. શૈક્ષણિક ફિલસૂફીની વિસ્તરતી જતી ક્ષિતિજોનો આ અભ્યાસક્રમ ગણાય.

ઉપર્યુક્ત કાર્યક્રમ ઉપરાંત પ્રવર્તમાન સમયમાં આ પ્રકારના શિક્ષણમાં **વેબ-બેઈઝ શિક્ષણ કાર્યક્રમ** પણ અસ્તિત્વમાં છે : (1) Intercultural E-mail classroom Connections, (2) K-5

Cybertrail : Multicultural Curriculum Resources, (3) Multicultural Math, (4) Multicultral Pavalion વગેરે. આ બધી વેબસાઈટ કોઈ ચોક્કસ એવી સંસ્થાઓ દ્વારા ચલાવવામાં આવે છે જે શિક્ષકોને વિશિષ્ટ શિક્ષણ માટેની પ્રવૃત્તિઓમાં માર્ગદર્શન પૂરું પાડે છે. પેવેલિયન મિશન તે માટેના શૈક્ષણિક સ્રોત પૂરા પાડે છે. આ ઉપરાંત Multi-cultural studies from the social studies and school services, National Alliance for Media, Arts and culture અને National Civil Rights Museum વગેરે વેબસાઈટ પરથી અનુક્રમે સંશોધનો, રાષ્ટ્રીય ફિલ્મો અને મ્યુઝીયમની માહિતી પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત, An International Journal of Multimedia Studiesનું Journal પણ વેબસાઈટ પર ઉપલબ્ધ છે. અહીં આપેલા સ્રોત 'સર્ચ'થી સહેલાઈથી મળી શકે એમ છે, માટે વેબ એડ્રેસ દર્શાવ્યાં નથી.

શાળા કક્ષાએ બહુસંસ્કૃતિમૂલક વર્કશોપ કે સેમિનાર યોજીને શાળેય વિદ્યાર્થીઓને ખરા અર્થમાં ભારતીય સંસ્કૃતિનો પરિચય આપી શકાય.

2.3.3 બહુસંસ્કૃતિવાદી સમાજમાં શિક્ષણકાર્ય

"All students regardless of gender, social class ethnic, racial, cultural characteristics have equal opportunity to learn in school." – એટલે કે, જાતિ, સામાજિક વર્ગ, વંશ, પ્રજાતિ કે સંસ્કૃતિના સંદર્ભમાં અલગ તારવી શકાય તેવા વિદ્યાર્થીઓને શાળામાં સમાનતાના ધોરણે શિક્ષણ પ્રાપ્ત થાય એ જ આ વિચારસરણીનો આધારસ્તંભ છે. ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં પાંચ બાબતો અંગે સ્પષ્ટ મનોવલણ શિક્ષકોએ કેળવવું જોઈએ :

- સંસ્કૃતિ એ પ્રજાજીવનની લાંબાગાળાની અધ્યયન-નિષ્પત્તિ છે.
- સંસ્કૃતિ એ તાર્કિક રીતે જીવનમાં સંકલિત, ક્રિયાન્વિત અને ચોક્કસ એવો 'સમગ્ર'નો દૃષ્ટિકોણ ધરાવે છે.
- સંસ્કૃતિ સદા બદલાતી રહે છે, કોઈ સંપૂર્ણપણે સ્થિર નથી.

➳ પ્રત્યેક સંસ્કૃતિમાં એક 'મૂલ્ય તરેહ' હોય છે.

➳ સંસ્કૃતિ એ તાર્કિક રીતે જીવનાભિમુખ, વિશાળ અર્થમાં સંકલન માટે પ્રેરક અને દર્શનકેન્દ્રી હોય છે.

☆ **બહુસાંસ્કૃતિક શિક્ષણ (Multi-cultural Education)**

'New Path toward Democracy' નામના પુસ્તકમાં કેરોલીન વોન્ગા (2005) શિક્ષણ અને લોકશાહીના પુનઃ રોકણ માટે આ પ્રકારના શિક્ષણની હિમાયત કરીને કહે છે કે, વિશેષ કરીને વિવિધતા ધરાવતા દેશો (અમેરિકા : ગોરા અને કાળા પ્રજાજનો, ભારત : હિન્દુ અને મુસ્લિમ પ્રજાજનો) માટે શિક્ષણની આ દિશામાં શાળાઓ કે વિશિષ્ટ શાળાઓ આ પ્રકારના કાર્યક્રમો હાથ ધરી શકે :

(1) **સંકલિત વિષયવસ્તુ** (Content Intergration) – કે જેમાં વિવિધ સંસ્કૃતિના સંદર્ભમાં આધારભૂત ગ્રંથો, વાચન સાહિત્ય કે ચાર્ટ્સ ઉપલબ્ધ બને.

(2) **જ્ઞાન સર્જન** (Knowledge Construction) – કોઈ ચોક્કસ એવું દર્શન વિવિધ સંસ્કૃતિમાં પડેલું છે તેને આધારભૂત સ્વરૂપ આપી નવા જ્ઞાન કે જ્ઞાનકોશનું સર્જન કરવું. દા.ત. સમાનતા, સમતા અને ધર્મનિરપેક્ષતા મૂલ્યોના સંદર્ભમાં વિભાવના વિશ્લેષણ દ્વારા જ્ઞાનનું સર્જન કરી શકાય.

(3) **પૂર્વગ્રહ નિવારણ** (Prejudice Reduction) – પૂર્વગ્રહોને ઓછા કરવા માટે ચોક્કસ એવા પ્રસંગ આધારિત દ્વંદ્વાત્મક સંવાદ તૈયાર કરી શકાય. જેમ કે, ચોક્કસ ધાર્મિક ઉત્સવે થતાં તોફાનો રોકી શકાય કે નહિ એ વિષય પરનો સંવાદ પ્રસંગોચિત એવી અપેક્ષિત વર્તન તરેહ વિદ્યાર્થીને નથી શીખવાડતો પણ ધર્મનિરપેક્ષતા કે સાંપ્રદાયિક મીશનને વધુ સારી રીતે સ્પષ્ટ કરે છે.

(4) **સમતાભર્યું પદ્ધતિશાસ્ત્ર** (Equity Pedagogy) – અહીં વિવિધ સંપ્રદાયના સંદર્ભમાં કરવામાં આવતા ચોક્કસ એવા પૂજા-

અર્ચનની સમજ વિદ્યાર્થીઓને આપવી. નમાજ, દંડવત્ પ્રણામ, કન્ફેશન (કબૂલાતનામું) વગેરે બાબતોમાં શારીરિક નહીં પણ ઈશ્વર પાસેથી સમતા, શાંતિ કે જે શ્રદ્ધાપૂર્વક માગવામાં આવે છે, તેની અભિવ્યક્તિ છે, તે સ્પષ્ટ કરી શકાય છે.

(5) શાલેય સંસ્કૃતિનું સશક્તિકરણ (Empowering School Culture) – આ અર્થ શાલેય સાંસ્કૃતિક કાર્યક્રમો, વિશેષ પ્રવૃત્તિઓ અને વર્ગકક્ષાની શિક્ષકની પ્રવૃત્તિઓમાં જેમ ટેક્નોલોજીને મૂકીએ છીએ તેમ સંસ્કૃતિને કે તેના મૉડેલને કે તેની મૂર્તતાને વર્ગમાં / શાળામાં લાવી કાર્યક્રમોમાં વૈવિધ્ય, નવસર્જન કે સશક્તિકરણ લાવી શકાય તેમ દર્શાવે છે.

વિકસિત દેશોમાં ઉપર વર્ણવ્યા તે પાંચેય પ્રકારના આયામો બહુસંસ્કૃતિવાદના સંદર્ભમાં શિક્ષણ માટેના છે.

2.3.4 પરંપરાગત વિ. બહુસંસ્કૃતિવાદ શાળેય પ્રવૃત્તિઓ

આ માટેના માર્ગદર્શક સિદ્ધાંતો આ પ્રમાણે છે :

(1) પરંપરાગત શાલેય પ્રવૃત્તિમાં પ્રાર્થના એક આવશ્યક અને શાલેય કક્ષાએ પ્રથમ કાર્ય હોય છે. આ પ્રાર્થના પરંપરાગત અને રૂઢિવાદી હોય છે તેને બદલે શાળા કક્ષાએ વિવિધ ધર્મના સંદર્ભમાં (કદાચ પ્રમુખ ચાર ધર્મને જ નજર સમક્ષ રાખીએ) ગીતા શ્લોક, ઈસ્લામ, ખ્રિસ્તી કે અન્ય સાંપ્રદાયિક સ્તવન (જૈન, બૌદ્ધ, વગેરે)ને પ્રાર્થનામાં સ્થાન આપી શકાય.

(2) પ્રાર્થના બાદ સમાચારનું સ્થાન હોય છે. દૈનિકપત્રમાંથી જ વિવિધ ધર્મના હકારાત્મક સમાચાર, ઉત્સવનોંધ કે મહાપુરુષની વાણીને સમાવી શકાય.

(3) દરેક ધર્મના સંદર્ભમાં ધાર્મિક સ્થાન પર પૂજા-અર્ચનની ચોક્કસ તરેહ હોય છે. દા.ત. હિન્દુઓમાં યજ્ઞ કે આરતીને સ્થાન છે, ઈસ્લામમાં બંદગીને સ્થાન છે, તો ખ્રિસ્તી સમાંજ પાદરી સમક્ષ

એકરાર કરતા હોય છે. આ માટેની કાર્યાન્વિતી જે-તે સમાજના વિદ્યાર્થીઓ પાસે કરાવી તે ધર્મ / સંપ્રદાય પરત્વે આદર વ્યક્ત કરી શકાય.

(4) વિવિધ ધર્મ મંદિરોના શિલ્પ સ્થાપત્યનો પરિચય કે પ્રવાસ પર્યટન ધર્મ-દર્શનનો પરિચય કરાવી શકે. રામકૃષ્ણ મંદિર કે જ્યાં શિલ્પમાં ગર્ભદ્વાર, પ્રાર્થના (કે બંદગી) માટેનો પ્રાર્થના હોલ, સમગ્ર શિલ્પની ફરતા રહેલા ચાર મિનારા વગેરે બાબતો વિવિધ ધર્મના શિલ્પોનું ગૌરવ પ્રસ્થાપિત કરે છે તેવો સ્પષ્ટ ચિતાર વિદ્યાર્થીઓને મળે તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(5) સ્થાનિક ધર્મસ્થાનની મુલાકાત અને ધર્મગુરુઓનું ઉદ્‌બોધન શાળાકક્ષાએ પ્રસંગોચિત યોજી શકાય કે જે ધર્મ નિરપેક્ષતા તથા વિવિધ ધર્મ પ્રત્યેની ગૌરવાન્વિત બાબતોને વિદ્યાર્થીઓ સમક્ષ લાવી મૂકે.

(6) શાળા બોર્ડ વર્ષ દરમિયાન વિવિધ મહાપુરુષોની જયંતિ કેલેન્ડરમાં દર્શાવે છે અને તે દિવસે તેને અનુરૂપ વિશેષ કાર્યનું આયોજન કરી શકાય.

(7) કલ્ચરલ એજ્યુકેશનના સંદર્ભમાં માર્ગદર્શક રેખાઓ તૈયાર કરી શકાય. આ માર્ગદર્શક રેખાઓ શાળાએ જાહેર કરવી અને તે પ્રમાણેનું વ્યવસ્થાપન ગોઠવવું.

- તમારી પોતાની સંસ્કૃતિ અને વંશ સંદર્ભિત વિગત જાણવી.
- નૃવંશશાસ્ત્રના વિષયનો પરિચય મેળવવો.
- જાતિગત સંસ્કૃતિના સંદર્ભમાં પોતાની વર્તન તરેહ અને મનોવલણ અને અન્ય સંસ્કૃતિના સંદર્ભમાં વર્તન તરેહ અને મનોવલણ ઓળખવાં અને તે સંદર્ભમાં પરસ્પર હકારાત્મક દૃષ્ટિકોણ વિકસાવવો.
- 'વિદ્યાર્થીઓ ચોક્કસ રંગના જ હોતા નથી' - તેના સંદર્ભમાં

વિવિધ જાતિ, સંસ્કૃતિ અને કોમના વિદ્યાર્થીઓ સાથે લાગણીયુક્ત, સંવેદનશીલ જોડાણ પ્રસ્થાપિત કરવું.

- વર્ગખંડમાં વિવિધ સંસ્કૃતિમૂલક ધનાત્મક નિર્દેશો, ચિત્રો અને પ્રવૃત્તિઓ રજૂ કરવી.
- વર્ગકાર્ય દરમિયાન શાળામાં વિવિધ ધર્મની ચિત્રકથા, ફિલ્મ, વાર્તા, વીડિયો ટેઇપ, રેકોર્ડિંગ્ઝનો ઉપયોગ કરવો અને પાઠ્યપુસ્તકમાં રહેલા તેના સંદર્ભો રજૂ કરવા.
- યુ.એસ.એ.માં ખાસ કરીને પબ્લિક સ્કૂલ માટે એક આદેશ છે : "High expectations for all students alike." "દરેક વિદ્યાર્થીઓ માટે સમાનતાના સંદર્ભમાં ઉચ્ચ આકાંક્ષાઓ ધારણ કરવી એ સંસ્થાકીય મીશન સ્વીકારવું."
- માત્ર વિદ્યાર્થીઓ કે ધર્મ / સંસ્કૃતિ જ નહીં તેના માનવ સમાજ પ્રત્યે હકારાત્મક મનોવલણ વિકસાવવું અને તેના બાળકની શૈક્ષણિક સિદ્ધિમાં સફળતા માટે કોઈ પૂર્વગ્રહ ન રાખવો.

(8) શાળા મહાશાળા કક્ષાએ મલ્ટીકલ્ચરલ એજ્યુકેશન માટે રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ તૈયાર કરેલ સાહિત્ય વાચન સાહિત્ય તરીકે શાલેય વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ઉપલબ્ધ બનાવવું.

સારાંશ

✣ **બહુસંસ્કૃતિનું શિક્ષણ**

એક વેબાસાઈટ www.edchange.org કે જે Paul, C. Groski એ તૈયાર કરી છે. તેની ધ્યેય રેખા શિક્ષણમાં પરિવર્તન (Edchange), માટે પોતાની જાતને જાણ કરવી (informing ourselves), શાળાનું નવસર્જન કરવું (reforming our schools) અને વિશ્વમાં પરિવર્તન આણવું (transforming our world) – માં એક સરસ વિચાર રજૂ થયેલો છે.

સંકલ્પના : વિવિધતા કે વૈવિધ્ય ધરાવતા સમાજમાં સમાન, શૈક્ષણિક પર્યાવરણનું નિર્માણ એ આજના અધ્યયનનિષ્ઠ સમાજની માંગ છે. આ વિશિષ્ટ શિક્ષણ અભ્યાસક્રમ, શિક્ષક અને શિક્ષણ પ્રવૃત્તિઓને સાંકળે છે. વૈવિધ્ય ધરાવતા વિદ્યાર્થીઓ સામાજિક – આર્થિક વર્ગ, જાતિયતા, ધર્મ, જાતિ કે વંશ, નાગરિકત્વ, વંચિત કે બિનકૌશલધારી, સમૂહના હોય તો પણ આ વિશિષ્ટ શિક્ષણ માટે અલગ પાઠ્યક્રમ, પુસ્તક, ટીચિંગ મૉડેલ ન હોય પણ શિક્ષકની અભ્યાસક્રમની બહુસંસ્કૃતિના સંદર્ભમાં સમજ જ હોય.

શાળા કક્ષાએ પ્રવર્તમાન શિક્ષણ પ્રણાલીના સંદર્ભમાં વિશિષ્ટ શિક્ષણ માટેના પ્રયત્નો આ પ્રમાણે હોઈ શકે :



- વિદ્યાર્થીઓ કે જેની સંકુલ ઓળખ હોય. કૌટુંબિક જીવનશૈલી અને અધ્યયનશૈલીના પૂર્વાનુભવોયુક્ત પૂર્વગ્રહો ધરાવતા હોય.
- શિક્ષકો રાષ્ટ્રીય ધ્યેયોની સામાન્ય સમજ, રૂઢિગત અધ્યાપન તરેહ, સંકુલ સામાજિકીકરણ અને સર્વેસર્વા સ્વનું મનોવલણ ધરાવતા હોય.
- પાઠ્યપુસ્તક કે જેમાં સંકલ્પના, સિદ્ધાંતો અને તથ્યોનું ઔપચારિક વર્ણન હોય.

- શિક્ષકનું વ્યાખ્યાન, પાઠ્યપુસ્તકનું જ દૃઢીકરણ, પરીક્ષામાં ઉત્તીર્ણ થવું તે ધ્યેય શિક્ષણ પ્રક્રિયાનું હોય.

ઉપર્યુક્ત ચારેય બાબતોમાં નવસર્જન એ જ મલ્ટીકલ્ચરલ એજ્યુકેશન છે.

✤ **પ્રવૃત્તિઓ**

(1) વિદ્યાર્થીઓની સંસ્કૃતિને આદર અને તેમના સંસ્કૃતિમૂલક વર્તનોને વર્ગમાં સ્વીકૃતિ, (2) શિક્ષકોને અભ્યાસક્રમની ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં વિષયવસ્તુની ઓળખ અને તાલીમ, (3) વિષયવસ્તુમાં સમાવિષ્ટ રાષ્ટ્રીય મૂલ્યો કે જે સંસ્કૃતિમૂલક છે તેનું નૂતન પદ્ધતિએ વિષયવસ્તુ વિશ્લેષણ અને (5) નૂતન પદ્ધતિશાસ્ત્ર : મૉડેલ્સ ઑફ ટીચિંગ દ્વારા શિક્ષણ પ્રક્રિયા.

✤ **ઉપયોગ**

વિશિષ્ટ શિક્ષણ લોકશાહી મૂલ્યો સમાનતા, ઐક્ય, નાગરિકત્વની તાલીમ આપે છે.

સ્વાધ્યાય

(1) મલ્ટીકલ્ચરલ એજ્યુકેશન (બહુસંસ્કૃતિમૂલક શિક્ષણ) એટલે શું ?

(2) બહુસંસ્કૃતિમૂલક શિક્ષણના કાર્યક્રમો કયા કયા હોઈ શકે ?

(3) મલ્ટીકલ્ચરલ એજ્યુકેશનની જરૂરિયાત વર્ણવો અને તેની શાલેય પ્રવૃત્તિઓ વર્ણવો.

(4) મલ્ટીકલ્ચરલ એજ્યુકેશનના સંદર્ભમાં એક પ્રવૃત્તિનું આયોજન વર્ણવો.

* * *

2.4 શૈક્ષણિક ફિલસૂફીની વિસ્તરતી ક્ષિતિજો

પ્રસ્તુત એકમના સંદર્ભમાં આપણે રાષ્ટ્રવાદ, આંતરરાષ્ટ્રીયતા વાદ અને બિનસાંપ્રદાયિકતાનો અભ્યાસ કરીએ. આ વિષયમાં નારીવાદ, અનુઆધુનિક્તાવાદ, બહુસંસ્કૃતિવાદ વગેરે એકમોને પણ ગણાવી શકાય.

2.4.1 રાષ્ટ્રવાદ

ભારત લોકશાહી દેશ છે. લોકશાહીના સંરક્ષણ અને સંવર્ધન માટે લોકશાહીનાં મૂલ્યો સમાનતા, સૌને સમાન તક, સામાજિક ન્યાય વગેરેના શિક્ષણને શાળા–મહાશાળા કક્ષાએ સ્થાન અપાયું છે. સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ દ્વારા ભારતના નાગરિકોમાં રાષ્ટ્ર પ્રત્યેની ભાવના એટલે કે રાષ્ટ્રવાદને સમર્થન મળ્યું છે. મારો દેશ, મારું રાષ્ટ્ર અને તેના ગૌરવની વાતો ઘણી થઈ છે. સંકુચિત રાષ્ટ્રવાદને પણ જ્ઞાનના વિસ્ફોટને કારણે આપણે દૂર હડસેલ્યો છે અને તેના સ્થાને આપણે રાષ્ટ્રીય ઐક્યની વિચારસરણી અપનાવી છે. ભારત જેવા અનેકવિધ વિભિન્નતા ધરાવતા રાષ્ટ્ર માટે પ્રાચીનકાળથી સંતો, મહાત્માઓ અને પ્રગતિવાદીઓએ રાષ્ટ્રવાદનું બીજાંકુરણ ખરા અર્થમાં થાય તે માટે ભગીરથ પ્રયાસો કર્યા છે. 'वसुधैव कुटुम्बकम्' ના આધારવાક્ય 'सहनावक्तु सहनौभुनक्तु'ની વ્યવહાર ક્રિયા અને - "ભારત મારો દેશ છે, બધા ભારતીયો મારાં ભાઈ બહેન છે...." જેવાં પ્રતિજ્ઞાપત્રો દ્વારા રાષ્ટ્રીય ઐકયની ઋચાઓ કાશ્મીરથી કન્યાકુમારી સુધી પ્રસરાવી છે. ભારતીયોના મનમાં એકતા જન્મે અને પ્રજા જાતિગત તેમજ સંસ્કૃતિ - ઉપસંસ્કૃતિના ભેદભાવો ભૂલીને मेरा भारत महान સ્વીકારી ભાવાત્મક ઐક્ય કેળવે તે જરૂરી છે. તેને સામાન્ય અર્થમાં રાષ્ટ્રવાદ કહીએ અને વિશેષ અર્થમાં રાષ્ટ્રીય ઐક્ય કહીએ છીએ.

સાંપ્રત પરિસ્થિતિમાં રાષ્ટ્ર સમક્ષ અનેક પડકારો ઊભા થયા છે. ભાષાવાદનો ભસ્માસુર, જાતિ કે જ્ઞાતિવાદની અણગમતી લીલા,

આતંકવાદની ઉગ્રતા, સંકીર્ણ એવો પ્રાંતીય ભેદભાવ, ધાર્મિક કટ્ટરવાદ વગેરે પડકારો સામે શાંતિ અને સુલેહયુક્ત જીવન માટે જરૂરી છે રાષ્ટ્રવાદ - Nationalism આજે કોમ, જ્ઞાતિ, જાતિ, પ્રદેશ, લિંગ, ધર્મ, સંપ્રદાયના ભેદભાવો ભૂલીને હૃદયનું ઐક્ય, લાગણીઓનું ઐક્ય, વ્યવહાર પ્રણાલીનું ઐકય જરૂરી છે. આપણા રાષ્ટ્રની એક આગવી ઓળખ કે જે કલા, સાહિત્ય, સ્થાપત્ય, દર્શન, સમાજ વગેરેમાં દૃષ્ટિગોચર થાય છે તેનો શિક્ષણ દ્વારા પ્રસાર કરવો તે વિચારસરણી રાષ્ટ્રવાદી વિચારસરણી છે અને તે જ રાષ્ટ્રીય ઐક્ય લાવી શકશે. આ સંકલ્પનાને શબ્દ આપીએ.

Nationalism is more philosophical or emotional rather than external or organizational term. આ વિષય વધુ તાત્ત્વિક (વિચારસરણી) કે ભાવાત્મક (વ્યવહાર પ્રણાલિ) છે બાહ્ય કે સંગઠનાત્મક (પ્રવૃત્તિ) નથી.

☆ **રાષ્ટ્રવાદી વિચારસરણી એટલે .....**

- રાષ્ટ્ર પ્રત્યેની સંપૂર્ણ વફાદારી અને રાષ્ટ્રીય સમૃદ્ધિનું ગૌરવ.
- લોકોને પોતાના વિચારભેદ યોગ્ય રીતે અને નિર્ભિકતાથી રજૂ કરવાનો અને વિચારભેદ ધરાવવાનો અધિકાર.
- વિવિધ પ્રજાજનોમાં પ્રવર્તતા આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ભેદભાવને સ્વીકારીને સહિષ્ણુતા કેળવી તે વિશેષતાઓને આદર આપવો.
- આંતરસામુદાયિક સમજ, પરસ્પર સદ્‌ભાવના અને સન્માન સાથે રાષ્ટ્રના ગૌરવનો અહેસાસ અનુભવવો.
- રાષ્ટ્ર પ્રત્યે વ્યક્તિ નિરપેક્ષ સામુદાયિક સિદ્ધિઓને આદર આપવો અને તેનું સંરક્ષણ અને સંવર્ધન કરવું.

આ વિચારસરણીની આવશ્યકતા છે, કારણ કે –

- તેનાથી પ્રજાના જુદા જુદા સમૂહો વચ્ચેના ભેદભાવ દૂર થાય છે.

- પ્રજાના સમૂહો એકબીજાના દૃષ્ટિકોણને સમજવાની વૃત્તિ કેળવે છે.
- ભાવાત્મક એકતાથી રાષ્ટ્રીય ઐક્ય સ્થપાય છે.
- રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ટકી રહે છે.
- પ્રજા વચ્ચે સંપ, સહકાર, સહિષ્ણુતા, સહાનુભૂતિની ભાવના કેળવાય છે.
- લોકો પરસ્પર અનુકૂલન સાધી ભાઈચારાની ભાવનાથી રહે છે.
- ધર્મ, સંપ્રદાય કે વર્ગ વચ્ચેના સંઘર્ષો થતા નથી.
- રાષ્ટ્રનું વિભાજન થતું નથી.
- પ્રજાજનોમાં નિષેધાત્મક વ્યવહાર પ્રણાલી ઊભી થતી નથી.
- રાષ્ટ્રની અખંડિતતા જોખમમાં મુકાતી નથી.
- રાષ્ટ્રમાં ભાષાવાદ, કોમવાદ, ધાર્મિક ઝનૂન કે પ્રદેશવાદ દેખાતો નથી.

☆ રાષ્ટ્રવાદ અને મૂલ્યાભિમુખતા

મૂલ્યોના શિક્ષણ માટે ભારતીય સંસ્કૃતિની વિશેષતાઓ એટલે કે ગૌરવ રાષ્ટ્રીય ઐક્યના આધારસ્થંભો બની રહે. રાષ્ટ્રવાદ મૂલ્યાભિમુખતાનો દૃષ્ટિકોણ વિકસાવે છે.

સામાજિક : સર્વધર્મ સમભાવ / વિવિધતામાં એકતા

નૈતિક : નિષ્કામ કર્મ / માનવતાવાદ, નિષ્ઠા, વિશ્વાસ પાલન

બૌદ્ધિક : વેદાંત / વિવિધ શાસ્ત્રાર્થ

કલા : નટરાજ સૌંદર્ય / ગણેશ-પ્રારંભ

આધ્યાત્મિક : બ્રહ્મનો સ્વીકાર / વેદ - ઉપનિષદ્

ભૌતિક : શિલ્પ સ્થાપત્ય / આદાન-પ્રદાનનું વૈવિધ્ય

વિવિધ ધર્મ ધરાવતા રાષ્ટ્રીય નાગરિકો જ્યારે ધર્મોત્સવ ઉજવે છે ત્યારે વિવિધ ધર્મના લોકો સાથે મળીને ઉત્સવને ગરિમાપૂર્ણ બનાવે છે. હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈના દેવસ્થાનોમાં સમગ્ર માનવસમૂહ વિવિધ સંસ્કૃતિ - ઉપસંસ્કૃતિના સંરક્ષણ અને સંવર્ધન દર્શાવી વિવિધતામાં એક્તા પ્રદર્શિત કરે છે. બૌદ્ધિક અને કલા વિષયક સંસ્કૃતિ પરત્વે આદર વ્યક્ત કરે છે અને આધ્યાત્મિક સિદ્ધિઓના પાયામાં ભૌતિક સિદ્ધિઓને સગર્વ અપનાવે છે એ જ છે રાષ્ટ્રવાદના જીવનાભિમુખ આધારસ્તંભો. કવિવર રવીન્દ્રનાથ ટાગોરે આ રાષ્ટ્રીય એક્તાનું મહત્ત્વ દર્શાવતાં જણાવ્યું છે કે –

"Indian Culture (કે The Nation) is a full-bloomed lotus. In whose very petal flows the culture of different type and if one of the petals is distorted or remain underage, under developed the beauty of the flower gets impaired."

"ભારતીય સંસ્કૃતિ એક સંપૂર્ણપણે વિકસિત સુવાસ પ્રસરાવતું કમળ છે, જેની પ્રત્યેક પાંખડી વિવિધ ઉપસંસ્કૃતિની મહેકને પ્રસરાવે છે ... વળી તેમાંની એકાદ પાંખડી પણ અવિકસિત, વિકૃત કે કાચી ઉંમરની હોય તો પુષ્પનું સૌંદર્ય ન્યૂનતા ધારણ કરે છે." આ અર્થમાં સર્વ કોમ, જાતિ, ધર્મ, સંપ્રદાય, વગેરનું વિકસિત હોવું તે રાષ્ટ્રીય ધર્મ તરીકે સ્વીકારેલ છે.

☆ રાષ્ટ્રીય એકતા સામેના પડકારો

રાષ્ટ્રીય એક્તાનો પાયો મજબૂત કરવા માટે રાષ્ટ્રવાદનો વિધાયક દૃષ્ટિકોણ વિકસાવવો જરૂરી છે, તે માટે –

(1) **સંકુચિત પ્રદેશવાદ છોડી,** પ્રાદેશિક હિતોને તિલાંજલી આપી રાષ્ટ્ર વિભાજનનો વિચાર દૂર થવો જોઈએ.

(2) **કોમવાદને** તિલાંજલી આપવી જોઈએ. ભારતમાં જાતિ, કોમ, સંપ્રદાયની ભિન્નતાઓ છે. આ બધા વર્ગોની

અંતર્ગત રહેણીકરણી, રીતરિવાજો, પ્રણાલિકાઓ અને પરંપરાઓને એકસૂત્રમાં બાંધવા જોઈએ.

(3) **ધાર્મિક ઝનૂન જ પ્રજાને વિભક્ત કરે છે** માટે પ્રજાએ પૂર્વગ્રહોની દીવાલને તોડી પાડવી જોઈએ.

(4) **આર્થિક અસમાનતા વર્ગવિગ્રહ જન્માવે છે.** આ માટે સૌને સમાન તક અને સામાજિક ન્યાયના મૂલ્યોનું શિક્ષણ ઔપચારિક અને અનૌપચારિક સંસ્થાઓએ આપવા માટે કટિબદ્ધ થવું જોઈએ.

(5) **ભ્રષ્ટાચારયુક્ત રાજકારણનો વિરોધ કરી** ખરા અર્થમાં લોકશાહી શાસન આપે તેવી સંસ્થાઓ ગ્રામ, તાલુકા, જિલ્લા અને રાષ્ટ્રીય કક્ષાએ હોય તે માટે જરૂરી લોકમાનસ કેળવાય તેવા પ્રયત્નો થવા જોઈએ.

(6) **રાષ્ટ્રીય મૂલ્યોની ઉપેક્ષા** રાષ્ટ્રીય અસ્મિતા, દેશપ્રેમ, લાગણીઓનું ઐક્ય, ભાઈચારો વગેરે સામે નિષેધાત્મક અસર ઊભી કરે છે એટલે આ સંદર્ભમાં રાષ્ટ્રવાદને પોષણ આપવું જોઈએ.

(7) **જીવનમૂલ્યોના ધોવાણને** કારણે રાષ્ટ્રીય એકતા સાધી શકાતી નથી. પ્રામાણિકતા, સહિષ્ણુતા, સંપ, પરસ્પર આદર, કર્તવ્યનિષ્ઠા, ફરજોને મહત્ત્વ, વગેરે નૈતિક મૂલ્યો દેશના પ્રજાજનોને ગળથૂંથીમાં મળવા જોઈએ.

☆ રાષ્ટ્રીય એકતાના વિકાસમાં શિક્ષણનો ફાળો

શિક્ષણ એ લોકશાહીનો શ્વાસ છે. રાષ્ટ્રીય એકતાનું માધ્યમ શિક્ષણ જ હોઈ શકે, ઉપદેશ કે કાયદો નહીં. નવી શિક્ષણનીતિમાં આ સંદર્ભમાં શિક્ષણના ક્ષેત્રે ઘણા નવવિચાર પ્રવેશ્યા છે.

અભ્યાસક્રમના જુદા જુદા વિષયો ભાષા, ઇતિહાસ, ભૂગોળ, સમાજશાસ્ત્ર વગેરે દ્વારા બાળકોને વિવિધ ભાષાઓ અને તેની કૃતિઓનો

રસાસ્વાદ કરાવવાની હિમાયત કરવામાં આવી છે. પ્રાંતિય શિક્ષણના સ્રોતોનો મહત્તમ ઉપયોગ શિક્ષણમાં થાય તેવી યોજનાઓ અમલમાં મુકાઈ છે. હું ગુર્જર ભારતવાસી, મીલખાસીંગ, સારે જહાँ સે અચ્છા હિન્દોસ્તાँ હમારા । એ શ્રેષ્ઠ ઉદાહરણો રાષ્ટ્રને માટે ગૌરવપ્રદ છે. ઇતિહાસના વિષયમાં રાષ્ટ્રીય ચળવળ, વિવિધ રાજયોના સ્વાતંત્ર્ય સેનાનીઓ, દેશભક્તિ અને રાષ્ટ્રપ્રેમનાં ગીતો અને રાષ્ટ્રીય તહેવારોમાં બધા જ રાજયનું વિશેષ પ્રતિનિધિત્વ રાષ્ટ્રવાદના ગૌરવને પ્રજજવલિત રાખે છે.

ભૂગોળના વિષયમાં ભૌગોલિક રહેણાંક કે વસાહતો, ભૌગોલિક પરિસ્થિતિ, વિવિધ ભૌગોલિક વિસ્તારનું લોકજીવન અને ઉત્સવો સમગ્ર રાષ્ટ્રના માનવજીવનને એકસૂત્રમાં બાંધે છે. આ ઉપરાંત રાષ્ટ્ર બંધારણ દ્વારા નાગરિકતાની કેળવણી અને સ્થાનિક સંસ્થાઓનું બંધારણ નાગરિકશાસ્ત્રમાં શીખવવામાં આવે છે. વિજ્ઞાન અને કલાઓના શિક્ષણમાં રાષ્ટ્ર ગૌરવ તાદેશ થાય છે. પછી તે ચિત્ર, નૃત્ય, શિલ્પ હોય કે વિજ્ઞાનની શોધ અને શોધકો. આમ રાષ્ટ્રીય એકતાનો પાયો નાખવામાં શિક્ષણનો ફાળો સવિશેષ છે.

રાષ્ટ્રીય એકતા એ લોકશાહીની ઇમારતની આધારશિલા છે. રાષ્ટ્રની અખંડિતતા એ લોકશાહીના અને પરસ્પર સમભાવ અને સદ્‌ભાવ એ વ્યવહાર ક્રિયા લોકશાહીના વિકાસને પ્રેરક છે.

2.4.2 આંતરરાષ્ટ્રીયતાવાદ (સાર્વત્રિકવાદ)

☆. ભૂમિકા

આંતરરાષ્ટ્રીયતા એ એક ભાવના છે. આ લાગણીએ લોકોના મનમાં આંતરરાષ્ટ્રીયતાવાદ નામે એક વિચારસરણી ઊભી કરી. આંતરરાષ્ટ્રીયતાવાદ એ એક Philosophical theory છે, જે તાત્ત્વિક, સામાજિક, વૈચારિક, આર્થિક અને વ્યવહારુ માન્યતાઓ ધરાવે છે. પ્રવર્તમાન સમયમાં આ વિચાર (Theory) ને બહોળું સમર્થન પ્રાપ્ત થઈ રહ્યું છે, જેના વૈચારિક આધાર આ પ્રમાણે છે.

- **तात्त्विक :** वसुद्यैव कुटुम्बकम् । सर्वभूतेषु येनैकं भाव... । अमृतस्य पुत्राः ।
- **सामाजिक :** शांतिथी जीवो अने अन्यने शांतिथी जीववा दो. Live and let Live.
- **वैचारिक :** विश्वनो आजें मुद्रालेख छे : वैश्विक भाईचारो. Universal brotherhood is the motto of today's world.
- **मनोवैज्ञानिक :** युद्धो मानवीनां मनमां पेदा थाय छे, आथी शांतिना संरक्षणो पण मानवीनां मनमां ज पेदा करवा रह्या.
- **आर्थिक :** ज्ञान / संस्कृति / आविष्कार / संपन्नताना जनकनो व्याप व्यक्ति, कुटुंब, समाज के राष्ट्र पूरतो मर्यादित नहीं, पण वैश्विक छे.
- **व्यवहारु आधार :** The only way to exist is co-exist. अस्तित्व टकावी राखवा माटे एक ज बाबत जरूरी छे अने ते सहअस्तित्व.

युनेस्कोना (1949)ना एक परिसंवादमां मानवीय ज्ञान अने संस्कृतिने जाति, धर्म, संप्रदाय अने प्रादेशिकताथी पर निष्पक्ष अने तटस्थताथी जोवानी तेम ज मूलववानी जरूरियातना संदर्भमां रजू थयेला निबंधोमां उपर्युक्त आधार वाक्यो रजू थयां. बे विश्वयुद्धोना विनाशना आंकडाओ एटलुं तो स्थापित करी दीधुं छे के संकुचित आक्रमक राष्ट्रीयताने जडमूळथी उखेडी नाखवी जोईओ. वैयक्तिता तेना सामान्य स्वरूपे एक भयानक ज़ेर छे. व्यक्तिगत लालसाने पोषवी ओ एक हिंसक विचार छे, जे व्यक्तिने, समाजने अने विशाळ अर्थमां राष्ट्रने नुकसानकारक छे.... अने एटले ज जरूरी छे व्यक्ति-व्यक्ति वच्चे परस्पर सहकार, वर्तन-व्यवहारमां एकवाक्यता अने सहअस्तित्वनो ख्याल. व्यक्ति - व्यक्ति वच्चेना धर्म (व्यवहार)नुं फलक समाज, राष्ट्र अने वैश्विक स्तरे स्वीकारीओ ते जरूरी छे. **सामाजिक नैतिकता, राष्ट्रीय**

ओकय अने आंतरराष्ट्रीय समज ओ आंतरराष्ट्रीयतावादना त्रण आधारस्तंभो छे.

☆ आंतरराष्ट्रीयता वादनो अर्थ :

आंतरराष्ट्रीयतावाद ओ विविध देशोना नागरिको वच्चे दृष्टिमां समभाव, वर्तन-व्यवहारमां सद्भाव अने आर्थिक, राजकीय अने पर्यावरणने लगता सार्वत्रिक प्रश्नोना उकेल माटे सहकारात्मक अभिगमनी विचारसरणी छे.

1. समभाव शब्द व्यक्ति-व्यक्तिने समान दृष्टिकोणथी जोवाय एवो हेतु व्यक्त करे छे. प्रत्येक मानवनुं तेना समाज अने संस्कृतिना संदर्भमां अस्तित्व छे. आ अस्तित्वने आदरपूर्वक स्वीकारवुं. मानवीने मानवी तरीके ज निहाळवो. कोईपण चोक्कस पासाना संदर्भमां तेमने अलग पाडवाना के अलग जोवा नहीं ते समभाव छे. प्रत्येक मानवना एक ज आत्म-तत्त्वनो स्वीकार ओ ज समभाव.
2. सद्भावनो अर्थ सारो भाव एवो थाय छे. मानवीय संबंधोमां पायानो ख्याल सामाजिक नैतिकता छे. समाज साथेनुं नीतिमय आचरण के जेमां सारापणानो भाव होय ते ज सद्भाव. व्यक्ति, जे समाजमां जीवे छे ते समाजना पूर्व-प्रस्थापित धोरणोने जे-ते संस्कृतिना संदर्भमां व्यक्तिओ स्वीकारेलां छे तेना माटे ते ज साचुं छे अने सारुं छे. विविध देशोना नागरिको आ प्रत्येकने साचुं / सारुं तरीके स्वीकारे ते आंतरराष्ट्रीयता छे.
3. विश्वना प्रत्येक देश पोतानां आर्थिक, राजकीय, पर्यावरणने लगता प्रश्नो धरावे छे. आ प्रश्न मात्र जे-ते देश पूरतो सीमित न रहे पण तेने वैश्विक सार्वत्रिक प्रश्न गणी तेने उकेलवा माटेना प्रयासो आंतरराष्ट्रीय स्तरे बधा देशो साथे मळीने करे तेवो सहकारात्मक अभिगम अपनाववो जोईओ. कोई प्रश्न जे-ते देशनो ज

છે એવી સંકુચિત રાષ્ટ્રીયતા આંતરરાષ્ટ્રીયતાને હાનિકારક છે, તે આંતરરાષ્ટ્રીયતાવાદની ફિલસૂફી છે.

4. Internationalism is way of looking at world-issues that goes beyond national boundries.
રાષ્ટ્રીય પરિસીમાની બહાર જઈને વિશ્વના પ્રશ્નો ઉકેલવાની માગ આ ફિલસૂફીની છે. ઉપર (1.3)માં કહ્યા પ્રમાણે સંકુચિત રાષ્ટ્રીયતાને આ વિચારસરણી સ્વીકારતી નથી.

5. આંતરરાષ્ટ્રીયતાવાદ એ એક એવી વિચારસરણી છે કે જે દેશ-દેશ વચ્ચેના લોકો વચ્ચે પરસ્પર સહકાર, વર્તન વ્યવહારમાં એકવાક્યતા અને વિવિધ પ્રશ્નોના ઉકેલ માટેનો વૈશ્વિક ખ્યાલ છે.

6. Internationalism is a feeling that the individual is not only a member of his state but a citizen of the world.

7. આંતરરાષ્ટ્રીયતાવાદ એવાં જીવન મૂલ્યો રજૂ કરે છે કે જુદાં જુદાં રાષ્ટ્રના માનવીઓનામાં સહઅસ્તિત્વ દ્વારા જ જીવવાની ભાવના દૃઢ કરવા માટે છે.

☆ **આંતરરાષ્ટ્રીયતા વાદનું દર્શન :**

કોઈપણ દેશના લોકોને રાષ્ટ્રીયતા કે સંસ્કૃતિના ભેદભાવ વગર નિષ્પક્ષ અને તટસ્થ રીતે જોવા અને તેમનાં વર્તન - વ્યવહારોને શાંતિભર્યા સહઅસ્તિત્વના સંદર્ભમાં મૂલવવાં.

ઉપર્યુક્ત દર્શન અન્ય રાષ્ટ્રોના લોકોના જીવન, રહેણીકરણી તેમજ તે સંદર્ભમાં ઇતિહાસ, ધર્મ અને ફિલસૂફીનો પૂર્વગ્રહયુક્ત અભ્યાસ કરવા પ્રેરે છે. જેમાં (i) આંતરરાષ્ટ્રીય સંગઠનોના હેતુઓ, બંધારણનું જ્ઞાન અને કાર્યપ્રણાલિ, (ii) વિવિધ દેશોની ભાષા, સાહિત્ય, કલાની અભિવ્યક્તિમાંની વિશેષતા, (iii) વિવિધ રાષ્ટ્રના આર્થિક પાસાંના આયોજન અને વ્યવહારોની સમજ તથા (iv) પ્રત્યેક રાષ્ટ્રના અવરોધક પરિબળો સામે એક થવાના અભિગમોનું શિક્ષણ સમાવિષ્ટ છે.

☆ **આંતરરાષ્ટ્રીયતા વાદના હેતુઓ :**

(1) વૈશ્વિક નાગરિકત્વના સૈદ્ધાંતિક ખ્યાલને સ્વીકારવો.

(2) માનવીય હક્કો માટેની જાગૃતિ માટે વિશ્વભરમાં સભાનતા કેળવવી.

(3) વિવિધ દેશો વચ્ચે રાજકીય, આર્થિક અને પર્યાવરણીય કટોકટી દરમ્યાન સહકારાત્મક અભિગમ કેળવવો.

(4) વૈશ્વિક શાંતિની જરૂરિયાત સ્પષ્ટ કરવી.

(5) સંકુચિત રાષ્ટ્રવાદ, આણ્વિક હથિયારો અને યુદ્ધોથી થતા વિનાશને રોકવો.

☆ **ઉપર્યુક્ત હેતુઓની સિદ્ધિ થતા લાભો :** (1) માનવીય જિંદગીને જાતિ, ધર્મ, સંપ્રદાય અને પ્રાદેશિકતાથી પર અવલોકવાનું સૂચવે છે. (2) પ્રત્યેક વ્યક્તિ પોતાના અસ્તિત્વ માટેનો હક્ક સમજતા જાય અને જીવન જીવવા માટે રોટી, કપડાં અને મકાન મેળવી શકે તેવો સહકારાત્મક ભાવ સૂચવે છે. (3) જાતિવાદ, સાંપ્રદાયિકતાવાદ, પ્રાદેશિકતાવાદ અને રાષ્ટ્રવાદના સીમાડાઓ તોડીને માનવજીવનના વિસ્તારને સ્વીકારે છે. (4) પ્રત્યાયન અને પરિવહનની હરણફાળને કારણે વિશ્વના દેશો પાડોશી બન્યા છે ત્યારે શાંતિભર્યા સહઅસ્તિત્વની જરૂરિયાત સ્પષ્ટ કરે છે. (5) દેશો-દેશો વચ્ચેની લડાઈનાં કારણો શોધી સાથે મળીને નવસર્જન અને નવવિચારને અપનાવવા તરફનો નિર્દેશ કરે છે.

☆ **આંતરરાષ્ટ્રીયતાની જરૂરિયાત**

વિશ્વયુદ્ધો, કુદરતનો પ્રકોપ, અને દેશ-દેશ વચ્ચેનાં યુદ્ધો જેવી આપત્તિઓએ એ તો પ્રસ્થાપિત કરી દીધું છે કે વ્યક્તિગત લાલસા અને સંકુચિત આક્રમક રાષ્ટ્રીયતાને જડમૂળથી ઉખેડી નાખવી જોઈએ. વિવિધ દેશોની શસ્ત્રો પાછળની આંધળી દોડ અને તે માટેનો ખર્ચ જે-તે દેશના વિકાસના ભોગે છે. માનવજીવનના અસ્તિત્વને સમગ્રતયા જોઈએ તો, માનવે શું કર્યું ? વર્ડઝવર્થના શબ્દોમાં કહીએ તો, 'What man has made for man.' - માનવીએ માનવ કેરું કર્યું શું જગમાં ? ... ચાલો

નરી આંખે દેખાતા વિકાસને જોઈને પ્રગતિને વખાણીએ પણ World without war - યુદ્ધ વિનાનું જીવન નથી રચી શક્યા. હિંસાને તો વિસ્તારી છે. પ્રકૃતિ, વિશ્વ, અન્ય માનવી અને જાત સાથે હિંસા આચરવામાં આપણે અગ્રેસર છીએ. અને એટલે જ હવે ... શાંતિનાં સંરક્ષણો રચવાની જરૂરિયાત ઊભી થઈ છે.

આંતરરાષ્ટ્રીયતાની જરૂરિયાતનાં કારણો આ પ્રમાણે છે : (1) સામાજિક ગતિશીલતા, (2) જીવનપ્રગતિ સૂચક વૈશ્વિક કાર્યો, (3) આંતરઅવલંબન, (4) વિશ્વસંસ્કૃતિ, (5) સંસ્થાગત કાર્યો, (6) જ્ઞાનનો વિસ્ફોટ, (7) સહઅસ્તિત્વનો સ્વીકાર .... વગેરે.

ઉપરોક્ત કારણોને હવે આપણે વિગતવાર જોઈએ.

- **સામાજિક ગતિશીલતા :** વ્યક્તિ એક સ્થાનથી ઊઠીને અન્ય સ્થાને જાય છે. અન્યનો સ્વીકાર જ તેને આ ગતિશીલતા અર્પે છે. કુટુંબ, સમાજ અને દેશમાંથી વ્યક્તિ પરદેશમાં વસવાની નેમ રાખે છે. આંતરરાષ્ટ્રીયતાની ભાવના જ તેને વિકાસના માર્ગે આગળ વધારશે અને સામાજિક ગતિશીલતાનો હેતુ સિદ્ધ થશે.
- **જીવનનાં પ્રગતિસૂચક કાર્યો :** સંશોધનો, આરામદાયક સગવડતાઓ એ બધું જ સૌનું છે, કોઈ એકનું કે એક રાષ્ટ્રનું નથી તે પ્રતિપાદિત કર્યું છે. નવનિર્માણમાં ફાળો સૌનો છે એ જોતાં આ કાર્યો વૈશ્વિક કાર્યો છે. જીવનની પ્રગતિ -વિકાસ માટે સૌએ સાથે રહેવાનું છે. સૌના વિચારો અને કાર્યોને જોડીને ચાલવાથી જ પ્રગતિ શક્ય છે.
- **આંતરઅવલંબન :** વિવિધ રાષ્ટ્રો પોતાના દેશની જરૂરિયાત માટે અવલંબન ધરાવે છે. રાષ્ટ્રીય સ્તરે સીમેન્ટ, ખાદ્યપદાર્થ, પાણી વગેરેની સુવિધાઓ વિવિધ રાજ્યોના ઐક્યને કારણે શક્ય બને છે. રાષ્ટ્રના સીમાડાઓ દેશ-દેશ વચ્ચે વિસ્તર્યા છે અને આંતરઅવલંબન જરૂરી બન્યું છે. પરિવહનની હરણફાળે વૈશ્વિક સ્તરે આ આંતરઅવલંબન શક્ય બનાવ્યું છે. રમકડાંઓ, કાપડ, અનાજની હેરફેર આંતરરાષ્ટ્રીય સ્તરે શક્ય બનતાં પ્રત્યેક રાષ્ટ્રને સગવડતાઓ અને વિકાસ સુલભ બન્યો છે.

- **વિશ્વસંસ્કૃતિ :** સમગ્ર વિશ્વ માનવતાવાદની એક સંસ્કૃતિને પોષી રહ્યું છે. કાર્યમાં વ્યસ્ત લોકોમાં સહકારાત્મક મનોવલણ વિકસી રહ્યું છે. દેશ-દેશની રહેણીકરણીના સિદ્ધાંતોનું ગ્રહણ, ધારણ અને સંક્રમણ આપણી જીવનશૈલીમાં પડવા માંડ્યું છે. આ વૈશ્વિક સંસ્કૃતિના અભિયાનમાં આંતરરાષ્ટ્રીયતા જ જળસિંચન કરી શકે.
- **સંસ્થાગત કાર્યો :** યુનો, યુનેસ્કો, યુનિસેફ જેવી સંસ્થાઓએ આંતરરાષ્ટ્રીયતાના ખ્યાલની જરૂરિયાત સ્પષ્ટ કરી છે. યુનો દેશ-દેશ વચ્ચેના શાંતિના સંદર્ભમાં પ્રશ્નો / વાદ - વિવાદના ઉકેલની જરૂરિયાત સ્પષ્ટ કરે છે. યુનેસ્કો શિક્ષણ, સંસ્કૃતિ અને વિજ્ઞાનની સાર્વત્રિક રૂપરેખા આપી વિવિધ દેશોને માર્ગદર્શન આપે છે. યુનેસ્કો વિવિધ દેશની જરૂરિયાત ઓળખી સ્વાસ્થ્ય, શિક્ષણ અને વિકાસ કાર્યો ચોક્કસ વર્ગને કે જે-તે દેશને સૂચવે છે અને તેમાં મદદ કરે છે.
- **જ્ઞાનનો વિસ્ફોટ :** પ્રત્યાયન અને પરિવહને વિવિધ દેશોના શોધ-પ્રયાસોને સરળતાથી પ્રસાર પૂરો પાડ્યો છે. સાહિત્ય, કલા, એન્જિનિયરિંગ, ઇલેક્ટ્રોનિકના ક્ષેત્રમાં રહેલું જ્ઞાન અન્યો માટે સ્ટેપિંગ સ્ટોન (પગ મૂકીને આગળ વધવાની જગ્યા) પુરવાર થાય છે. થોડા જ કલાકમાં જ્ઞાનનું એક સ્વરૂપ સાર્વત્રિક બની જાય છે અને સર્વગ્રાહી પણ, જે લોકોને જીવનમાં નવી દિશા પૂરી પાડે છે.
- **સહઅસ્તિત્વનો સ્વીકાર :** માનવ જ્ઞાન, વિકાસ, પ્રગતિ અને સંસ્કૃતિની નવી દિશા ચારેકોર અવલોકી રહ્યા છે ત્યારે તેના મનમાં ચોક્કસ ભાવ પોષાય છે કે જે શાંતિભર્યા સહઅસ્તિત્વને પ્રેરે છે. આ ભાવના કુટુંબમાં તેણે જોઈ છે અને જીવતાં જીવતાં રાષ્ટ્રમાં પણ સહઅસ્તિત્વની ભાવના મૂલવી છે, પરિણામે વૈશ્વિક સ્તરે શાંતિભર્યા સહઅસ્તિત્વને તે સ્વીકારવા તૈયાર થઈ રહ્યો છે અને તે જ તેને વિકાસના માર્ગે લઈ જશે તેમ માનતો થયો છે.

☆ આંતરરાષ્ટ્રીય સમજને અવરોધક પરિબળો

આંતરરાષ્ટ્રીયતા એ માનવીની માનસિક ભાવના છે જે વિસ્તરે તેમાં વ્યક્તિનું અને સમગ્ર સમાજનું ભલું છે. સામાજિક નૈતિકતા, રાષ્ટ્રીય ઐક્ય અને આંતરરાષ્ટ્રીય સમજનાં મૂલ્યો દૃઢ થાય તો આ ભાવના હકીકત બને અને સ્વપ્ન ન રહે. આંતરરાષ્ટ્રીયતાને અવરોધતાં પરિબળો : (1) વૈયક્તિક માનસિકતા છે, (2) રાષ્ટ્રીય સંકુચિતતા છે અને (3) આંતરરાષ્ટ્રીય વિવાદ પણ છે.

વૈયક્તિક પરિબળો તરીકે વ્યક્તિની અમર્યાદિત લાલસાઓ, જેવી કે – (i) આર્થિક લાલસા, (ii) પ્રતિષ્ઠા, (iii) સત્તા ભૂખ અને પરિણામ સ્વરૂપ (iv) આતંક વગેરે છે. વિજ્ઞાન અને ટેક્નોલોજીએ માનવીનો વિકાસ શક્ય બનાવ્યો છે પણ માનવી સ્વભાવગત વધુ અને વધુ લાલસાઓ રાખતો જાય છે. જે આર્થિક, પ્રતિષ્ઠાગત અને સત્તાના સંદર્ભમાં છે. આ લાલસાઓ તેને અન્યનું શોષણ, માનહાનિ અને સત્તા મેળવવા માટે ઘર્ષણ તરફ ધકેલે છે જે સામાન્ય ઘર્ષણથી શરૂ થઈ હિંસા સુધી વિસ્તરે છે. પરિણામે આતંક સર્જાય છે કે માનવી આતંકને સ્વીકારે છે. આ લાલસાઓ પરિણામ સ્વરૂપ શાંતિમય સહઅસ્તિત્વને નડે છે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે નિર્બંધ સ્વાતંત્ર્ય, પ્રેમ અને જીવનવ્યવહાર નકારાત્મક હોય તો સામાજિક નૈતિકતા ન રહે અને તે પહેલાં રાષ્ટ્રીયતા અને અંતે આંતરરાષ્ટ્રીયતાને અવરોધક પૂરવાર થાય.

વ્યક્તિનો સમૂહ એટલે સમાજ અને સમાજ રાષ્ટ્ર સમૂહમાં પરિણમે છે. રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેની વિષમતાઓ જેવી કે આર્થિક, કૃષિ વિષયક, આણ્વિક વગેરે પાસાંઓમાં હોય છે. આ અસમતાઓ રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચે સિદ્ધાંતોમાં અને વર્તન વ્યવહારોમાં સંકુચિતતા પેદા કરે છે, પરિણામે રાષ્ટ્ર જ અન્ય રાષ્ટ્રને ત્રાસ આપનારું બની જાય છે જેને આપણે ત્રાસવાદ કહીએ છીએ. આમ, આંતરરાષ્ટ્રીયતાને અવરોધક પરિબળ (i) રાષ્ટ્રીય વિષમતાઓ, (ii) સંકુચિત રાષ્ટ્રીયતા અને (iii) ત્રાસવાદ છે.

આંતરરાષ્ટ્રીય સંઘ કેટલીક વખત રાષ્ટ્ર-રાષ્ટ્ર વચ્ચેના સેતુને મર્યાદિત કરવાનું ચોક્કસ કારણોસર સ્વીકારે છે. જેમ કે આણ્વિક સામગ્રી,

શસ્ત્ર સરંજામ વગેરે બાબતોમાં સમાનતા લાવવાના પ્રયાસ સ્વરૂપ સંઘ કેટલાંક રાષ્ટ્રોને આંતરરાષ્ટ્રીય સમજના સંદર્ભમાં ફરજિયાતપણે આદેશ આપે છે. આ પ્રકારના આદેશ કોઈ રાષ્ટ્ર ન સ્વીકારે તો તેના સ્વીકાર માટે રાષ્ટ્રસમૂહ બે ભાગમાં વહેંચાઈ જાય છે. આ તણાવ આંતરરાષ્ટ્રીયતાને જોખમરૂપ છે. એ દૃષ્ટિએ (i) સહઅસ્તિત્વનો અસ્વીકાર, અને (ii) આંતરરાષ્ટ્રીય સ્તરે સર્વસ્વીકૃત સિદ્ધાંત પ્રત્યેની વફાદારી નહીં, તે અવરોધક પરિબળ છે.

☆ આંતરરાષ્ટ્રીયતા અને શિક્ષણ

ભૌતિક, સામાજિક, સાંસ્કૃતિક વાડાબંધીના દિવસો હવે પૂરા થઈ ગયા છે. પૂર્વ અને પશ્ચિમ એટલે કે દેશ અને પરદેશ હવે એકબીજાથી નજીક આવી રહ્યા છે. શાંતિમય સહઅસ્તિત્વનો આ વિચાર આંતરરાષ્ટ્રીયતાનો આધાર છે. શિક્ષણ દ્વારા જ આંતરરાષ્ટ્રીયતાની ભાવના વિકસાવી શકાય.

- **શિક્ષણ પ્રક્રિયા :** કાર્યોમાં સહકારાત્મક અભિગમ, સામૂહિક આંતરક્રિયા, અભ્યાસના વિશાળ કેન્દ્રબિંદુઓ, વૈચારિક વિશાળતા સાથે મુક્ત અભિવ્યક્તિની તક અને વ્યાપક વિશ્વભાવના માટે શિક્ષણ હોય.
- **શાળા પર્યાવરણ :** માનવીય વ્યવહારો, વિદ્યાર્થી-શિક્ષક સંબંધો, સ્વ-સંચાલન, હેતુકેન્દ્રી કાર્યક્રમોને મહત્ત્વ હોય અને તે પ્રત્યેનું હકારાત્મક વલણ હોય.
- **અભ્યાસક્રમ :** સમાજશિક્ષણ, વિવિધ દેશના સાહિત્યનો અભ્યાસ, ઇતિહાસ, સમાજશાસ્ત્ર અને ભૂગોળના વૈશ્વિક વિષયવસ્તુને આવરી લેતા પ્રોજેક્ટ, યુદ્ધ અને ઘર્ષણ તરફ ઘસડી જનારા પરિબળોનો અભ્યાસ અને પૂર્વેના ઘર્ષણોના પરિણામોની ચર્ચા અભ્યાસક્રમમાં હોય. સંયુક્ત રાષ્ટ્રસંઘ અને તે પ્રકારની સંસ્થાઓ અંગેની માહિતી, બિનસાંપ્રદાયિકતા, નારીવાદ વગેરે - વિચારસરણીઓનો પરિચય, નાગરિકત્વનો ખ્યાલ, મહાપુરુષોના

જીવનકવનો, વિજ્ઞાન, કલા જેવા વિષયો શાંતિ માટેના શિક્ષણને આવરી લેતું વિષયવસ્તુ હોય.

- **શિક્ષણ પદ્ધતિ :** જૂથ પદ્ધતિએ શિક્ષણ, સ્વ-શિક્ષણ માટે પુસ્તકો, ટેક્નોલોજી, મુલાકાતો વગેરેનો ઉપયોગ અને સામાજિક પ્રોજેક્ટ કાર્ય દ્વારા અધ્યયન હોય.
- **શિક્ષક :**
  (1) આંતરરાષ્ટ્રીયતામાં શ્રદ્ધા ધરાવનારો હોય.
  (2) વિવિધ દેશોની સંસ્કૃતિ, સમાજવ્યવસ્થા, સિદ્ધિ, પરસ્પરાવલંબનનું જ્ઞાન હોય.
  (3) તટસ્થ અને નિષ્પક્ષ રીતે રજૂઆત તથા વિચાર કરી શકે તેમ હોય.
  (4) બાળકોને સર્વ પ્રકારના ઝનૂનથી મુક્ત કરી શકે.
  (5) શિક્ષણને સમર્પિત હોય.
- **શાળા કાર્યો :** આંતરરાષ્ટ્રીયતાની ફિલસૂફીને સ્વીકારતી શાળા આ પ્રકારનાં કાર્યો હાથ ધરી શકે.
  - આંતરરાષ્ટ્રીય વ્યક્તિઓનાં પ્રવચનો, સિદ્ધિઓ, કાર્યપ્રણાલીથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવા.
  - વિશ્વના દેશોનો પરિચય કરાવવો.
  - વિશ્વની તવારીખો, વ્યક્તિ વિશેષો, શોધ-શોધક : ડૉ. જેનર - શીતળા / મેડમક્યુરી - રેડીયમ / એલેકઝાંડર ફ્લેમિંગ - પેનેસિલિનની માહિતી વિદ્યાર્થીઓને આપવી.
  - વિદ્યાર્થીઓને UNO, UNESCO, WHO, વિશ્વઅદાલત, લીગ જેવી સંસ્થાઓનો પરિચય કરાવવો.
  - વિશ્વમાં બનતી ઘટનાઓની માહિતી એકઠી કરવી અને ચર્ચાસભા ગોઠવવી.

- આંતરરાષ્ટ્રીયતા માટે વિવિધ સ્તરે થતા પ્રયાસોની માહિતી પૂરી પાડવી અને તેમાં ભાગીદારી નોંધાવવા પત્ર મૈત્રી, સેમિનાર, આંતરરાષ્ટ્રીય મહોત્સવ યોજવા.
- વિશ્વની સંસ્કૃતિનો વિદ્યાર્થીઓને ખ્યાલ આપવો.
- ગીતાંજલિ : કવિવર ટાગોર / ગીતાપ્રેમ થોરો / શાકુંતલ : ગેટે / શેક્સપિયરનાં નાટકો / કોઈનો લાડકવાયો - મેઘાણી અને Somebody's Darling - મીસીસ લોકોસ્ટેટનું કાવ્ય / Unto the last - રસ્કિનનું પુસ્તક અને ગાંધીજી / પૂર્વ અને પશ્ચિમનો સેતુ - वोल्गा से गंगा - જર્મન પંડિત મેકસમૂલર / જયોર્જ ગેમાવો : Twinkle..... વગેરે ઉદાહરણો અને જ્ઞાનચર્ચા આંતરરાષ્ટ્રીય સમજ વિકસાવવામાં મદદરૂપ થાય.

2.4.3 બિનસાંપ્રદાયિકતા

Oxford - ઑક્સફર્ડ શબ્દકોશ અનુસાર, "બિનસાંપ્રદાયિકતા એટલે "એવી વિચારધારા કે જેમાં નૈતિકતા સંપૂર્ણપણે વર્તમાન જીવનની સુખાકારી પર આધારિત હોય અને ઈશ્વરની માન્યતાનાં તમામ કારણોથી પર હોય." ચેમ્બર્સ શબ્દકોશ તેનો અર્થ આપતાં કહે છે, "આ માન્યતા પ્રમાણે રાજ્ય, નીતિઓ, કેળવણી વગેરે ધર્મથી સ્વતંત્ર છે." તે જ રીતે વેબસ્ટરના શબ્દકોશ મુજબ, "બિનસાંપ્રદાયિકતા એટલે એવી માન્યતા કે, ધર્મ અને દૈવી બાબતો રાજ્યની કામગીરીમાં પ્રવેશે નહિ." આ અર્થમાં બિનસાંપ્રદાયિક રાજ્યનો કોઈ ધર્મ હોઈ ન શકે અને રાજ્ય દરેક ધર્મને આદર આપે. એ દૃષ્ટિએ આપણે બધા જ ધર્મો અને માન્યતા તરફ સરખા આદરમાં માનીએ છીએ...." **— સી. એલ. આનંદ**

આ પ્રકરણનું વિષયવસ્તુ રાવલ નટુભાઈ વિ. ના પુસ્તક કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ **(2011)**, અમદાવાદ - નીરવ પ્રકાશનમાંથી લીધેલ છે. આ વિષયના અન્ય વિષયવસ્તુ એકમો માટે આ પુસ્તકનો અભ્યાસ કરવાની ભલામણ છે.

ભારતમાં વિવિધ કોમના લોકો વસે છે. તેઓ જુદા જુદા ધર્મોનું પાલન કરે છે. અહીં હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, પારસી, જૈન જેવી વિવિધ જાતિઓ વસે છે અને તેઓ તેમના ધર્મનું પાલન કરે છે. વિવિધ ધર્મો પાળનારી બધી પ્રજાઓ પોતાના ધર્મોને સર્વોચ્ચ સ્થાન આપે છે અને ક્યારેક પોતાનો ધર્મ અન્ય ધર્મો કરતાં શ્રેષ્ઠ છે, તેવી માન્યતાને લીધે ધાર્મિક ઝનૂનનો ભોગ થઈ પડે છે. આ સંઘર્ષ માત્ર વૈચારિક ન રહેતાં ક્યારેક હિંસાત્મક સ્વરૂપ ધારણ કરે છે. માનવીઓની કત્લ થાય છે, ધર્મસ્થાનોમાં તોડફોડ થાય છે અને વિવિધ ધર્મ પાળતા લોકો વચ્ચે વૈમનસ્ય સર્જાય છે. ભારત જેવા વિશાળ દેશમાં સમાનતા, સ્વતંત્રતા, બંધુત્વ જેવાં લોકશાહી મૂલ્યોનો સ્વીકાર કરવામાં આવ્યો છે ત્યાં આવી ધાર્મિક કટ્ટરતાને લીધે રાષ્ટ્રની એકતા અને અખંડિતતાને હાનિ પહોંચે છે. આઝાદીના છ - એક દાયકા પછી પણ આ ધાર્મિક કટ્ટરતા જોવા મળે છે ત્યારે પ્રજાજીવનમાં 'બિનસાંપ્રદાયિકતા'ના મૂલ્યના પ્રતિસ્થાપનની માંગ ચારેય તરફથી ઊઠી રહી છે. વિશ્વનો આધુનિક વિચારપ્રવાહ ધાર્મિક અને આધ્યાત્મિક શિક્ષણની તરફેણ કરે છે. ધર્મ એ પ્રજાનું ધારક અને ચાલક બળ છે, સમાજ જીવનનું નિયંત્રક બળ છે, ત્યારે સર્વધર્મ સમભાવ અને સર્વ માનવ સદ્‌ભાવને વરેલી ધર્મ નિરપેક્ષતા અથવા બિનસાંપ્રદાયિકતાને વૈશ્વિક સ્તરે સ્વીકૃતિ મળેલ છે.

☆ અર્થ

બિનસાંપ્રદાયિકતાનું અર્થઘટન આ પ્રમાણે છે :

- ધર્મનો કે ધાર્મિકતાનો અભાવ કે અનુપસ્થિતિ નહિ, પરંતુ સર્વધર્મ પ્રત્યે આદર અને સન્માન.
- બિનસાંપ્રદાયિકતા એટલે ધાર્મિક સહિષ્ણુતા, અન્ય ધર્મોના અસ્તિત્વનો સ્વીકાર અને અન્ય ધર્મો પ્રત્યે પોતાના ધર્મ જેટલો જ આદર અને એટલું જ સન્માન.
- બિનસાંપ્રદાયિકતા એટલે સર્વધર્મ સમભાવ.

- બિનસાંપ્રદાયિકતા એટલે વિવિધ ધર્મ પાળતા નાગરિકો પ્રત્યે સદ્‌ભાવ.
- બિનસાંપ્રદાયિકતા કે ધર્મ નિરપેક્ષતા એટલે વિવિધ ધર્મો અને વિવિધ ધર્મો પાળતી પ્રજાઓના સહઅસ્તિત્વનો સ્વીકાર.
- બિનસાંપ્રદાયિકતાની ભાવના એટલે કોઈ પણ વ્યક્તિ કે જૂથના ધાર્મિક સ્વાતંત્ર્યનો સ્વીકાર અને સન્માન.
- બિનસાંપ્રદાયિકતા એટલે કોઈપણ પ્રકારના ધાર્મિક ભેદભાવ કે પૂર્વગ્રહ કે પક્ષપાત વિના કોઈપણ ધર્મ કે ધાર્મિક સંપ્રદાયને અનુસરતી વ્યક્તિ કે જૂથ તરફ સમાનતા અને સહાનુભૂતિનું વલણ.

ઉપર્યુક્ત વિચાર-પ્રણાલી (1) સર્વધર્મ સમભાવ, (2) વિવિધ ધર્મના વ્યક્તિના સહઅસ્તિત્વનો સદ્‌ભાવ સહિત સ્વીકાર, (3) વિવિધ ધર્મોના ઉદાત્ત તત્ત્વની ઓળખ અને (4) રાષ્ટ્રના માનવસમૂહમાં રહેલી વિવિધ ધર્મપરાયણતામાં - વિવિધતામાં એકતા પરત્વે સન્માન સૂચવે છે.

☆ બિનસાંપ્રદાયિકતાના શિક્ષણની જોગવાઈ

બિનસાંપ્રદાયિકતાની ભાવનાના વિકાસ માટે શિક્ષણની વ્યવસ્થા, વ્યવહાર અને પ્રણાલી અંગે વિવિધ કમિશનોએ ભલામણો સૂચવી છે.

રાધાકૃષ્ણન્ કમિશને (1948) સૂચવ્યું છે કે : (1) શિક્ષણ સંસ્થાઓમાં પ્રાર્થના અને ધ્યાનને સ્થાન હોવું જોઈએ. (2) વિદ્યાર્થીઓને વિવિધ ધર્મ-પુરુષોનાં જીવનચરિત્રો અને મહાન કાર્યોથી પરિચિત કરવા. (3) વિવિધ ધર્મોના ઉત્તમ તત્ત્વો (ગૃહીતો) નો તુલનાત્મક અભ્યાસ કરવો.

પ્રકાશ સમિતિએ (1950) : (1) શિક્ષણ વ્યવસ્થામાં પ્રારંભિક કક્ષામાં જુદા જુદા ધર્મોના મહાન સંતપુરુષોના જીવનચરિત્રોનો અભ્યાસ અને (2) વિવિધ ધર્મોના તત્ત્વજ્ઞાનનો તુલનાત્મક અભ્યાસ કરાવવા ઉપરાંત નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યોની ખિલવણી પર ભાર મૂકેલ છે.

કોઠારી કમિશને (1964) સૂચવ્યું છે કે : (1) વિદ્યાર્થીઓને મૂળભૂત નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો જેવાં કે સત્ય, પ્રામાણિકતા, સામાજિક ઉત્તરદાયિત્ત્વ, જીવદયા, દુઃખી અને દરિદ્રો તરફ સહાનુભૂતિ અને વૃદ્ધો પ્રત્યે આદર, વગેરે મૂલ્યોનું શિક્ષણ આપવું. (2) આ મૂલ્યોના શિક્ષણ માટે ચોક્કસ સમય નિર્ધારિત કરવો. (3) વિશ્વના બધા જ ધર્મોનાં ઉચ્ચ તત્ત્વોને અભ્યાસક્રમમાં સ્થાન આપવું. (4) મહાન ધાર્મિક અને આધ્યાત્મિક નેતાઓનાં જીવનચરિત્રોનો અભ્યાસ કરાવવો. (5) યુનિવર્સિટી અને ઊચ્ચશિક્ષણ ક્ષેત્રે વિવિધ ધર્મોના સિદ્ધાંતોનું તુલનાત્મક અધ્યયન થાય તેવો પ્રબંધ કરવો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (1986) એ મૂલ્યોના શિક્ષણની હિમાયત કરી છે. તેમાં ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યોની ખિલવણી દ્વારા સર્વધર્મ સમભાવ અને રાષ્ટ્રીય એકતા સાથે બિનસાંપ્રદાયિકતાના સંદર્ભમાં ચોક્કસ શિક્ષણ યોજનાઓ, શિક્ષણ પ્રવૃત્તિઓ અને સહઅભ્યાસ પ્રવૃત્તિઓની હિમાયત કરી છે.

☆ બિનસાંપ્રદાયિક શિક્ષણનું સ્વરૂપ અને લાક્ષણિકતાઓ

લોકશાહી દેશ ભારતમાં શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક કેળવણી આપવા સંબંધી રાજ્યબંધારણમાં કેટલીક જોગવાઈઓ કરવામાં આવી છે. તેમાં બંધારણની 19મી કલમ દરેક નાગરિકને પોતાને યોગ્ય લાગતા ધર્મના પાલનની સ્વતંત્રતા આપે છે. બંધારણની 22મી કલમ કોઈપણ ધર્મ કે સંપ્રદાયના વિકાસ માટે જેનો ઉપયોગ થતો હોય તેવો કોઈપણ જાતનો કર ભારતના નાગરિક પાસેથી વસૂલ કરવાનો પ્રતિબંધ ફરમાવે છે. બંધારણની 22 મી કલમ રાજ્યના ધાર્મિક શિક્ષણ અંગેનું વલણ સ્પષ્ટ કરે છે. તે દર્શાવે છે કે, રાજ્યના ફંડમાંથી જેનો સંપૂર્ણ નિભાવ થતો હોય તેવી સંસ્થામાં ધાર્મિક શિક્ષણ આપી ન શકાય. રાજ્યના અનુદાનથી ચાલતી સંસ્થાઓ જો ધાર્મિક ટ્રસ્ટની હોય તો રાજ્ય તેને વાલીઓની અનુમતિથી આવા શિક્ષણ આપવાની જોગવાઈ અંગે પરવાનગી આપે છે. પરંતુ, કોઈપણ વિદ્યાર્થીને ધાર્મિક શિક્ષણ લેવાની શાળા કે સંસ્થા ફરજ

પાડી શકે નહિ. આમ, કોઈપણ શિક્ષણ સંસ્થામાં જ્યાં વિવિધ ધર્મોનાં બાળકો અભ્યાસ કરતાં હોય ત્યાં ચોક્કસ ધર્મના શિક્ષણને સ્થાન ન હોઈ શકે. તે માટે બિનસાંપ્રદાયિકતાનું શિક્ષણ આપવું અનિવાર્ય થઈ પડે છે. તે માટે શાળા કક્ષાએ નીચે મુજબની પ્રવૃત્તિઓ યોજી શકાય :

- વિવિધ ધર્મના ધાર્મિક ઉત્સવ અંગે વિદ્યાર્થીઓને માહિતી આપવી અને તેની ઉજવણીનું પ્રત્યક્ષ કે પરોક્ષ નિદર્શન કરવું.
- વિવિધ ધર્મના ધર્મગુરુઓ કે મહાપુરુષોનાં જીવન અને કાર્યોનો પરિચય આપવો.
- વિવિધ ધર્મોના કેન્દ્રવર્તી વિચાર, આધારવાક્યોની વિદ્યાર્થીઓને જાણ કરવી.
- વિવિધ ધર્મના તુલનાત્મક અધ્યયન કર્તાઓને "વિદ્યાર્થીઓ વિવિધ ધર્મો પ્રત્યે આદર અને સન્માન કેળવે"તે હેતુસર વાર્તાલાપ ગોઠવવો.
- કોમી અને સાંપ્રદાયિક એકતા પ્રતિપાદિત કરતી વાર્તાઓનું તેમ જ કાવ્યોનું શિક્ષણ આપવું.
- માનવજીવનના ઉત્કર્ષ માટે વિવિધ ધર્મના સંસ્થાપકોના ઉદ્દેશો, ધર્મપુરુષોની શહીદી આધારિત કૃતિઓ જણાવવી.
- વિવિધ ધર્મના ધર્મસ્થાનોના સંદર્ભમાં પ્રવાસ-પર્યટનો ગોઠવવાં.

બિનસાંપ્રદાયિકતાના શિક્ષણ માટે શૈક્ષણિક સંસ્થાઓના માનવબળનાં મનોવલણો, પર્યાવરણની ધર્મનિરપેક્ષતા અને જાહેર વૈવિધ્યસભર એવા તે માટેના કાર્યક્રમોનું મહત્તમ યોગદાન હોય છે.

સારાંશ

✤ રાષ્ટ્રવાદ

આ વ્યક્તિમાં રહેલી કોઈ બાહ્ય કે સંગઠનાત્મક વૃત્તિ નથી,

રાષ્ટ્રના નાગરિકોમાં પ્રવર્તતી સમતા, સમાનતા અને ભાવાત્મક એકતા એટલે કે રાષ્ટ્રીય ઐક્યની વિચારસરણી છે. આ વિચારસરણીને કારણે ધર્મ, સંપ્રદાય કે વર્ગ વચ્ચેના સંઘર્ષો થતા નથી અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા ટકી રહે છે. પ્રવર્તમાન સમયમાં (1) સંકુચિત પ્રદેશવાદ, (2) ધાર્મિક ઝનૂન, (3) આર્થિક અસમાનતા, (4) ભ્રષ્ટાચારયુક્ત રાજકારણ, (5) રાષ્ટ્રીય મૂલ્યોની ઉપેક્ષા અને (6) જીવનમૂલ્યોનાં કથળતાં ધોરણ જેવા અવરોધો વચ્ચે શિક્ષણ દ્વારા જ આ વિચારસરણી સમાજમાં વિકસાવી શકાય. શિક્ષણનો અભ્યાસક્રમ રાષ્ટ્રીય સિદ્ધિઓ કે જે વિવિધ ધર્મોની ફિલસૂફી, વિવિધ વંર્ગોના વિશેષ - વ્યક્તિઓ, વિવિધ ધર્મોના ઉત્સવો, ધર્મસ્થાનકોની કલા વગેરેનો પરિચય અને સમજ બાળકોમાં વિકસાવી રાષ્ટ્રવાદની વિચારસરણી દૃઢ કરી શકાય.

✤ આંતરરાષ્ટ્રીયતા વાદ

તે એક એવી વિચારસરણી છે જેમાં દેશ-દેશ વચ્ચેના લોકો વચ્ચે પરસ્પર સહકાર, વર્તનવ્યવહારમાં એકતા અને વિવિધ પ્રશ્નોના ઉકેલ માટેના વૈશ્વિક ખ્યાલો સમાવિષ્ટ છે. પ્રવર્તમાન સમયમાં તે માટે પ્રત્યેક દેશ વિશેષ પ્રયત્નો કરી રહ્યો છે. - હમણાંનો જ એક પ્રયત્ન પેરિસમાં મળેલ પર્યાવરણ પ્રદૂષણ દૂર કરવાના કરારમાં વિશ્વના પ્રત્યેક દેશે સંમતિ બતાવી છે. (કોન્ફરન્સ ઓફ પાર્ટીઝ નવે.- 2015, પેરીસ). તાપમાનમાં વધારો 1.5 અંશ સેલ્સીયસ સુધી મર્યાદિત રાખવાનો પ્રયાસ સૌ કરશે... શિક્ષણ દ્વારા એટલે કે અભ્યાસક્રમ, શિક્ષણ પ્રક્રિયા, શિક્ષક પ્રવૃત્તિઓ અને વિશેષ એવા શાળેય કાર્યો આંતરરાષ્ટ્રીયવાદની વિચારસરણીને પ્રોત્સાહન આપી શકે.

✤ બિનસાંપ્રદાયિકતા વાદ

બિનસાંપ્રદાયિકતા એટલે કે સર્વધર્મ સમભાવ, વિવિધ ધર્મોના નાગરિકો પરત્વે સદ્‌ભાવ, વિવિધ ધર્મોના દર્શન પ્રત્યે આદર અને કોઈપણ પ્રકારના ભેદભાવ, પૂર્વગ્રહ કે પક્ષપાત વિના પ્રત્યેક ધર્મનું સન્માન. વિવિધ શૈક્ષણિક કમિશનોએ આ માટે ધાર્મિક અને આધ્યાત્મિક મૂલ્યના શિક્ષણની

હિમાયત કરી છે. આ માટે શાળાએ વિવિધ ધર્મના સામાન્ય પરિચય, દર્શન અને વ્યવહાર પ્રણાલીને આધારિત શાલેય પ્રવૃત્તિઓ યોજવી જોઈએ.

☆ આ અંગે ટાગોર અને કૃષ્ણમૂર્તિના વિચારો

✤ ટાગોર

રાષ્ટ્રભાવના, આંતરરાષ્ટ્રીય ભાવના અને બિનસાંપ્રદાયિકતા અંગેના ટાગોરના વિચારો ખૂબ સ્પષ્ટ હતા. તેઓ સમૂહ જીવન અને સમાજસેવા બન્નેને મહત્ત્વ આપતા. તેમનો રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રપ્રેમ વિશેના વિચારો અનુકરણીય હતા. ભારતનું રાષ્ટ્રગીત 'જનગણ મન અધિનાયક જય હે' રવીન્દ્રનાથ ટાગોરે રચ્યું હતું. શિક્ષણ દ્વારા વિદ્યાર્થીમાં ઉત્કૃષ્ટ રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રપ્રેમ વિકસવો જોઈએ. તે ગ્રામોદ્ધાર અને ગ્રામ નવનિર્માણમાં અટલ વિશ્વાસ ધરાવતા હતા. આ દ્વારા જ ગ્રામ નવનિર્માણ કરી શકાય તેવું તે માનતા હતા. ડૉ. એચ. બી. મુકરજીના મતાનુસાર ટાગોર આધુનિક ભારતના શિક્ષણના પુનરુત્થાનના પયગંબર હતા.

તેમના મતાનુસાર શાળાને વૈશ્વિક ચેતનાનો સ્પર્શ થવો જોઈએ. તેઓ ભારતીય સંસ્કૃતિના પ્રેમી હોવા છતાં પૌર્વાત્ય અને પશ્ચિમી સંસ્કૃતિના સમન્વયના હિમાયતી હતા. તેમને ભારતીય સાહિત્ય, વેદો, ઉપનિષદો પરત્વે પ્રેમ હતો. તેમ છતાં પાશ્ચાત્ય સંસ્કૃતિના ઉત્તમ તત્ત્વો સ્વીકારવાં જોઈએ, એવું તેઓ માનતા હતા.

તેઓ વાસ્તવવાદી હતા. તેમજ કુટુંબ બ્રહ્મસમાજ સાથે સંકળાયેલું હતું. તેઓ વસુધૈવ કુટુમ્બકમ્‌માં માનતા હતા. સમગ્ર વિશ્વ એક પરિવાર બને એવી તેમની માન્યતા હતી.

આમ, રવીન્દ્રનાથ ટાગોર રાષ્ટ્રભાવના, આંતરરાષ્ટ્રીય સમજ અને બિનસાંપ્રદાયિકતા એ ત્રણેય બાબતોના પ્રખર હિમાયતી હતા.

શિક્ષણનું કાર્ય ઉપરોક્ત ત્રણેય ભાવનાઓ વિદ્યાર્થીઓમાં વિકસાવવાનું છે. શાળામાં આ ત્રણેય બાબતો વિકસાવે એવી પ્રવૃત્તિઓ થવી જોઈએ. શાળાના વિષયો દ્વારા પણ આ ભાવનાઓ વિદ્યાર્થીના મનમાં પ્રસ્થાપિત થવી જોઈએ.

✤ શ્રી જે. કૃષ્ણમૂર્તિ

શ્રી જે. કૃષ્ણમૂર્તિ ભારતના મહાન તત્ત્વચિંતક હતા. તેઓ દૃઢપણે માનતા કે પૌર્વાત્ય અને પશ્ચિમી તત્ત્વચિંતનનો સમન્વય થવો જોઈએ. તેઓ રાષ્ટ્રભાવના અને રાષ્ટ્રપ્રેમના હિમાયતી હતા.

તેમનો અભ્યાસ ઇંગ્લેન્ડ અને ફ્રાન્સમાં થયો હતો. એટલે જ તેઓ આંતરરાષ્ટ્રીય સમજના હિમાયતી હતા. તેઓ વ્યક્તિ અને સમાજના વિકાસને મહત્ત્વ આપતા હતા. તેમનું ચિંતન સંકીર્ણ નહીં પરંતુ વિશાળ હતું. વૈશ્વિક માનવ સંબંધોની તે તરફેણ કરતા હતા.

ભારત જેવા વિવિધ ધર્મો પાળતા દેશમાં બિનસાંપ્રદાયિકતાનો વિકાસ ખૂબ મહત્ત્વનો છે, એવું તે દૃઢપણે માનતા. શિક્ષણ દ્વારા સંકુચિત ધાર્મિકતા નહીં પણ વિશાળ બિનસાંપ્રદાયિકતાના અભિગમનો વિકાસ થવો જોઈએ એવું તે માનતા હતા.

આમ જે. કૃષ્ણમૂર્તિ રાષ્ટ્રપ્રેમ અને રાષ્ટ્રભાવના, વિશાળ આંતરરાષ્ટ્રીય સમજ, ઉદારતાપૂર્ણ બિનસાંપ્રદાયિકતા એમ ત્રણેય બાબતોના પ્રખર હિમાયતી હતા.

સ્વાધ્યાય

(1) વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રવાદની વિચારસરણી વિકસાવવી શા માટે જરૂરી છે ?

(2) આંતરરાષ્ટ્રીયતા વાદ એટલે શું ? આ વિચારસરણી વિકસાવવા વૈશ્વિક સ્તરે શા પ્રયત્નો થાય છે ?

(3) બિનસાંપ્રદાયિક શિક્ષણનું સ્વરૂપ અને લાક્ષણિકતાઓ શી છે ?

✲ ✲ ✲

અભ્યાસક્રમ આધારિત વિશેષ માહિતી

✯ જ્ઞાનમીમાંસાની સંકલ્પનાઓ :

જ્ઞા સંસ્કૃત ધાતુ ઉપર બનેલો શબ્દ જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય.

✤ જ્ઞાન :

જે બાબત, પદાર્થ, ઘટના, પ્રસંગ, વ્યક્તિ કે સમૂહ બાબતે જાણીને તેનાથી માહિતગાર થવાય અને તેના જેવી જ બીજી કોઈ ઘટના કે પદાર્થ, પ્રસંગ બને તેમાં કામે લગાડી શકાય તેવા પાયાના અનુભવોનું સારરૂપી તત્ત્વ. જેમ કે, સ્વર્ગ, પૃથ્વી, પાતાળ વિશે માહિતી મેળવી જ્ઞેય કેવી રીતે જુદાં પડે તે બાબત સમજી ધાર્મિક ગ્રંથો, પાઠ્યપુસ્તકમાં મૂકાયેલા પાઠ, આપણી પૃથ્વી, પૃથ્વીના પેટાળમાં રહેલ ખનિજ તત્ત્વો, સ્વર્ગની કેટલીક સંકલ્પનાઓ વિશે ચોક્કસ બાબતો સમજી આગળ અભ્યાસ કરતા રહેવું.

✤ જ્ઞાતા :

જેના જેના વિશે જાણવું હોય તે જાણવા માટે તત્પરતા, સમજ અને દૃઢમનથી વાચન, લેખન, પૂછપરછ, અવલોકન કે વીજાણુ માધ્યમની સહાયથી કામ કરતો રહી માહિતી મેળવતા રહે ને તથ્ય જાણવાની કોશિષ કરતા રહીને જાણીને જ જંપે તેવો વ્યક્તિ 'જ્ઞાતા' કહેવાય. એટલે કે જ્ઞાન મેળવનાર, શોધ કરનારા વૈજ્ઞાનિકો સાચા અર્થમાં જ્ઞાતા ગણી શકાય.

✤ જ્ઞેય :

ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યું છે કે, જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય તત્ત્વજ્ઞાનીઓ માટે ખૂબ જ અગત્યનાં છે. જેના વિશે સંપૂર્ણ જાણવું છે તે જ્ઞેય ગણાય. જેમ કે, કોઈ વિદ્યાર્થી તેના અભ્યાસક્રમમાં આવતી પરમાત્મા, પ્રકૃતિ, પંચતત્ત્વો, ઘનતા, પરાવર્તન, ઘનમૂળ જેવી સંકલ્પનાઓ સમજવી હોય ત્યારે તે વ્યક્તિ, પરમતત્ત્વ કે પ્રક્રિયા એના માટે 'જ્ઞેય' ગણાય છે. જે વ્યક્તિએ વ્યક્તિએ જુદુ હોઈ શકે.

✯ જ્ઞાન અને માહિતીમાં રહેલો તફાવત :

ભૂકંપ થવાનાં કારણો, તેનાથી થતું નુકસાન, બચવાના ઉપાયો

જાણવા ને તે રીતે બીજાને માહિતગાર કરવા, સમજાવવું તે જ્ઞાન છે. પરંતુ ચોમાસામાં પડેલો વરસાદ ગુજરાત રાજ્યમાં 22 ઈંચ, અમરેલીમાં 31 ઈંચ – ભૂકંપની તીવ્રતા 7.3, 3000 લોકોના જીવ બચાવી લીધા. – 500 કિ.મી. ઝડપે વાવાઝોડું ફૂંકાયું. – ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં 2,00,000 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી, 1,07,000 પાસ થયા. – આ બધી માહિતી છે, જે ચોક્કસ માત્રા કે માપમાં જ હોય છે.

(1) અધ્યયન અને તાલીમ :

અધિ + ઈ - ની તરફ જવું, પ્રેરિત થવું એટલે કે શીખવું, સમજવું. એટલે કે વર્ગખંડ હોય કે ઘર, બસમાં કે મંદિર કે કોઈપણ સ્થળે, એક જગ્યાએ બેસીને કે હરતાં ફરતાં ઇન્દ્રિયોના ઉપયોગથી વાંચી, લખી, સાંભળીને કે પ્રશ્ન પૂછીને જે માહિતી મેળવી તેનો ઉપયોગ કરવા કટિબદ્ધ થવું અને સફળતા મેળવવી, આ પ્રક્રિયાને અધ્યયન કહેવાય છે.

(2) તાલીમ :

To train – કરેલા અધ્યયનથી કોઈપણ ખાસ કાર્ય કરવામાં પ્રાવિણ્ય મેળવવા કરવી પડતી પ્રેક્ટિસ એ તાલીમ છે. જેમ કે કોઈ કાવ્ય શીખ્યા પછી તેને ગાવું હોય ત્યારે રાગ, તાલ અને વાજિંત્રો સાથે તાલમેલ બેસાડવા જે મહાવરો કરવો પડે તે તાલીમ છે.

બી.એડ્.માં વર્ગખંડમાં વિદ્યાર્થીઓને ભણાવવા જતાં પહેલાં કૉલેજમાં સાહેબો તરફથી જે .... કેમ બોલવું ? શું બોલવું, ક્યારે સાધનોનો ઉપયોગ કરવો તે શીખવવામાં આવે અને વિદ્યાર્થીઓ વારંવાર તેનો ઉપયોગ કરી શીખે તે તાલીમ છે. કોઈપણ વ્યવસાયમાં પ્રાણિવ્ય મેળવવા આપવામાં આવતો મહાવરો એ તાલીમ છે. નૃત્યાંગના બનવું, નર્સ કે ડૉક્ટર બનવું, ડ્રાઈવર, પાયલોટ, નાવિક, એકટર પૂરતી તાલીમથી જ બની શકાય છે. આમ અધ્યયન – જાતે જ શીખ્યા કરવું અને તાલીમ – તેમાં ઘણો તફાવત છે, જે બન્નેને સમજી આગળ વધે તે સફળ થાય છે.

(3) વિચારશક્તિ (તર્ક) અને માન્યતા :

વિચારશક્તિ એટલે કે કોઈપણ પ્રવૃત્તિ, ઘટક, પ્રક્રિયા, બનાવ,

વસ્તુ ને જોયા કે સાંભળ્યા પછી આનું આમ જ કેમ બન્યું ? જો તેને બીજી રીતે જોડીએ તો, તેના માટે આગળથી વધુ પ્રેક્ટિસ કરાવી હોય તો પરિણામ વધારે લાવી શકાય. દા.ત. આપણું પ્રાકૃતિક પર્યાવરણ દૂષિત થતું જ જાય છે. Use and throwનો વધુને વધુ ઉપયોગ થતો જ જાય છે. પુનઃ પર્યાવરણ શુદ્ધિ જેવી કેટલીય સમસ્યાઓ આપણી સામે વકરતી જાય છે ત્યારે શું શું કરવું તે વિચારવું, તે વિચાર છે ને આ વિચારશક્તિથી જ નવી-નવી શોધો શક્ય બને છે. અને તે માટે કરાતા તર્ક..... શા માટે આટલી ગંદકી થાય છે ? પરિણામ ઓછું કેમ ? ખુરશી તો લાકડું જ કેમ ? અત્યારે તો પ્લાસ્ટિક, સ્ટીલ, વાંસની સોટીઓ, જાડા કપડાની બનેલી ખુરશીઓ બને છે ને તેમાંથી બીજું ઘણું બની શકે તે વિચારવું તે જ્ઞાનનું દ્વાર છે.

☆ માન્યતાઓ :

વ્યક્તિ પોતે પોતાની જાત માટે, બીજા માટે, સફળતા મેળવવા માટે, સામે જે દેખાતું હોય, જેમની સાથે કામ કરવાનું હોય, વર્ગખંડની વાત કરીએ તો સફળતા મેળવવામાં વિદ્યાર્થીપક્ષે, શિક્ષકપક્ષે કઈ ફરજો બજાવવી, બન્નેમાં કયા ગુણો જરૂરી છે. પૂરતી હાજરી રહે તે માટે કરવાની બાબતોમાં શિક્ષક, આચાર્યો, વાલી, સરકાર, સંચાલકો ને ખુદ વિદ્યાર્થી શું માને છે તે જાણી અભ્યાસ કરીએ ત્યારે માન્યતા પિછાણી કહેવાય ને નકારાત્મક માન્યતાઓ હોય તે બદલી હકારાત્મકતામાં માનતો થાય તો સાચા અર્થમાં શિક્ષણ શક્ય બને છે. જેમ કે વર્તમાન સમયમાં ઘેર બેસીને જ ભણી શકાય તેવી માન્યતાને બદલે વર્ગખંડમાં ભણવાથી બરાબર ઘડાઈએ છીએ એમ માનતા થાય તે સાચું શિક્ષણ છે.

☆ પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ :

અધ્યયન પ્રક્રિયાને સફળ બનાવવા જે-તે વિષયને અનુરૂપ પ્રવૃત્તિઓ કરાવવાથી વિદ્યાર્થીઓની જ્ઞાનેન્દ્રિયો તેમાં જોડાય છે જેથી તેને રસ પડે છે, તે સક્રિય બને છે અને સ્વયં શીખતો જાય છે... જેમ કે, 0 થી 9ના અંકોના ઉપયોગથી બે અંકથી માંડી લાખોની રકમ શીખી શકાય

છે. મોબાઈલમાં જ 3 × 1 = 3 એમ 2, 3 વગેરે અંકોના ગુણાકાર કરી ઘડિયો બનાવતાં શીખે છે, વેઢાનો ઉપયોગ કરી રમતાં રમતાં પૂરો ઘડિયો યાદ કરતા શીખે છે અને મૂળાક્ષરો - શબ્દોને ચિત્રોનાં જોડકાં જોડી વાક્યો બનાવી તે પ્રમાણે ક્રિયા કરતા શીખે છે. આ રીતે શીખેલું દૃઢ બને છે.

વર્ગખંડમાં જ નાનાં નાનાં વાક્યોમાં સંવાદો ગોઠવી પંદરમી ઑગસ્ટ, રક્ષાબંધન, તંદુરસ્ત રહેવા માટેની તકેદારી, વિવેકાનંદનું જીવન-કવન જેવા વિષયો ઉપર નોંધ કરાવી શકાય છે. અભિનય દ્વારા ગીત, કાવ્યો યાદ રહે છે અને પાઠોને વાર્તાની જેમ હાવભાવ સાથે વચ્ચે વચ્ચે પ્રશ્નો પૂછીને શીખવવાથી અધ્યયન - અધ્યાપન વધુ સરળ બને છે અને વિદ્યાર્થીઓની ધારણશક્તિ, સ્મૃતિશક્તિ, ઝડપ અને શીખવાની તત્પરતા વધતી જાય છે અને સફળતા મળે છે.

☆ શોધ પદ્ધતિ :

કોઈપણ કાર્યમાં સફળતા ન મળે, જોઈએ તે રીતે પૂરું ન થાય, મહેનત કરવા છતાં પણ પરિણામ ન મળે. જેમ કે રાત-દિવસ જાગીને વાંચનાર, મહેનત કરનાર વિદ્યાર્થી કે કોઈ ઉદ્યોગપતિ, વૈજ્ઞાનિક કે સાહિત્યકારની પૂરતી પ્રગતિ ન દેખાય ત્યારે આવું કેમ થાય છે, માનીને તેના મૂળ સુધી પહોંચવાની પ્રક્રિયા શોધ પદ્ધતિ છે અને આ રીતે અધ્યયન પ્રક્રિયામાં મૂળ તત્ત્વ શોધી, સાચી દિશામાં આગળ વધવાનું પ્રોત્સાહન મળતું રહે છે અને એમાંથી સર્જાય છે ફળસ્વરૂપ મન ઇચ્છિત પરિણામ, જેની સમાજ અને દુનિયા નોંધ લે છે. જેમ કે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાને સરળ, રસપ્રદ અને ચેતનવંતી બનાવવા માટે શોધાયેલ વીજાણુ સાધનો L.C.D., E-mail, What's Up ઝડપી સંદેશાની આપ-લે, પતંગની દોરીથી બચવા આજે સ્કૂટર-બાઈક પર લગાડાતા લંબચોરસ સળિયા – આ બધું શોધ પદ્ધતિને આભારી છે.

☆ શિક્ષણમાં સંવાદનું મહત્ત્વ :

શિક્ષણ દ્વિમુખી પ્રક્રિયા છે જેમાં વિદ્યાર્થી અને શિક્ષકો વચ્ચે વર્ગખંડમાં સંવાદ રચાય છે, ઘરમાં માતા-પિતા-બાળકો વચ્ચે, પતિ-પત્ની

વચ્ચે, આચાર્ય-શિક્ષક-સંચાલક વચ્ચે અને ક્યાંય પણ જાઓ સજીવો વચ્ચેના સંવાદોથી જીવન ગતિશીલ બને છે.

પશુ-પ્રાણીઓ પણ પોતાના માલિકો સાથે ચોક્કસ પ્રકારના અવાજ સાથે સંવાદ રચે છે ને ત્યારે તેના માલિક તેમને ખાણ, ઘાસચારો, પાણી પૂરું પાડે છે.

ગીતામાં અર્જુન અને શ્રીકૃષ્ણ વચ્ચેનો સંવાદ, મહાભારતમાં એકલવ્ય અને દ્રોણગુરુ, કર્ણ અને અર્જુન, કુંતા માતા અને કર્ણના સંવાદો.

રામાયણમાં દશરથ રાજા અને કૈકેયી વચ્ચે, કૈકેયી અને મંથરા વચ્ચે, કૈકેયી અને રામ, રામ અને સીતા, સીતા અને લક્ષ્મણ, પેલો ધોબી - ધોબણનો સંવાદ, રાવણ અને મંદોદરી, વિભિષણ, અંગદ, સીતાજી અને હનુમાન સાથેના સંવાદો.

દીને-ઈ-લાહી ધર્મ સ્થાપનાર મોગલ બાદશાહ અકબરનો તેની રાણી (બેગમ) જોધા સાથે, તેના દરબારના રત્નો સાથેના સંવાદો જાણે-અજાણે મૂલ્યો શીખવે છે.

12-1-1863માં જન્મેલા દિવ્યપુરુષ વિવેકાનંદજીના અમેરિકામાં યોજાયેલ વિશ્વધર્મ પરિષદમાં વ્યાખ્યાન પછી સભાજનો સાથેના સંબંધો, તો યરવડા જેલમાં ગાંધીબાપુના - મહાદેવભાઈ તેમજ સરદાર પટેલના સંવાદો જીવનમાં સાચી ક્ષમતા અને શ્રદ્ધા ભરે છે. આ જ રીતે વર્ગખંડમાં શીખવાતા પાઠોમાં આવતા સંવાદો હાવભાવ સાથે રજૂ કરવામાં આવે ત્યારે પેલી અપરમાને બિમાર કુસુમાયુધ કહે છે – "મા... મા... હું મારી ખરી માને બોલાવું છું" ત્યારે તેની મા બોલી ઊઠે છે, "બેટા એ હું જ તારા માટે પાછી આવી છું" અને તેની સાથે જ છાતીએ ચાંપી સૂઈ જાય છે... ને સર્જાય છે સાચી માની મૂર્તિ જે આજે જરૂરી છે.

વર્ગખંડમાં થતા સંવાદો :

વિદ્યાર્થી : Teacher અહીં મારે ખોટું જ પડે છે જુઓ ને ?

Teacher : લાવ.. લાવ બેટા તારે ખોટું પડે જ નહિ હું છું ને.

વિદ્યાર્થી : લ્યો, ત્યારે મને શીખવી દો ને ! શું ખોટું છે ?

Teacher : જો બેટા આ સંખ્યામાં જ હજારના સ્થાનની શૂન્ય મૂકાઈ જ નથી. જો હવે... આંકડા સાત થવા જોઈએ. 15,10,005 ગણી જો ને બેટા...

વિદ્યાર્થી : હા... હા... Teacher, હવે ભૂલ નહિ થાય. બીજા બે ગણીને બતાવી દઉં છું...

(આ છે વર્ગના સંવાદો) પછી ભલે ને ગમે તે વિષયના હોય સફળ થાય જ.

કેળવણીની સામાજિક આધારશિલાઓ

☆ સમાજ એટલે શું ?

તેની સંકલ્પના ? સારી રીતે સમજીએ, સારી રીતે કલ્પના કરીને સમજીએ એટલે સંકલ્પના. જિંદગીમાં સ્વામી વિવેકાનંદજીના કહેવા પ્રમાણે જો કોઈપણ બાબતમાં સફળ થવું, સમાજને ઉપયોગી કામ કરવું છે, આનંદવર્ધક અને હિતલક્ષી પ્રવૃત્તિઓ વિકસાવવી છે તો સદાય જાગૃત મનથી પૂર્ણ કરી શકાય તેવી કલ્પનાઓ કરતા જ રહેવું ને પછી તે પરિણમે છે સારા પરિણામમાં...

સમાજ એટલે ...

સંમાર્જ સંસ્કૃત શબ્દ છે... સારી રીતે સફાઈ કામ કરવું, **સંમાર્જયતિ ઇતિ સમાજ** । સમાજ તેની સાથે રહેતા લોકોની વ્યક્તિમત્તા, વૃત્તિઓ, વિચારો, રહેણીકરણી, ખાનપાન, નીતિમત્તા, બોલચાલ વગેરેમાં સુધારો લાવવાના જાગૃત પ્રયાસો કરતો જ રહે છે... ને એટલે જ તો... જ્યારે...

કોઈ સમયે સમાજના કોઈપણ વ્યક્તિ દ્વારા ન થવાનું થઈ જાય ત્યારે....

સમાજના લોકો શું કહેશે ? સમાજનો વિચાર તો કરવો હતો ? સમાજમાં શું મોં બતાવીશું ? મારે સમાજમાં રહેવાનું છે. જેવા ઉદ્‌ગારો વ્યક્તિના મોંમાંથી સરી પડે છે. આ બાબત આજે પણ સમાજનું પોતાનું મહત્ત્વ શું છે તે દર્શાવે છે.

જો કે આંતરસમાજના વ્યવહારો, પરસ્પર સંબંધો વધવાથી નવી પેઢીમાં સમાજની પકડ ઓછી થતી જાય છે તેની નોંધ લેવી જોઈએ.

ત્રણ અક્ષરથી બનેલ **'સમાજ'** શબ્દમાંથી કાનો કાઢીને વાંચીએ ત્યારે શબ્દ બને છે **'સમજ'**. આજે કોઈપણ સમાજને ટકાવી રાખવા, સમૃદ્ધ કરવા, ગતિશીલ રાખવા, વિકસિત બનાવવા જરૂર છે સમાજના દરેક સભ્યની સમજની. જ્યાં સમજ છે ત્યાં વિખવાદ, **ઈર્ષ્યા**, વેરઝેર કે ખોટા રીતરિવાજો **નથી** ટકતા અને તેથી સમાજ આગળને આગળ વધતો જ રહે છે. એટલે જ તો કહેવાયું છે કે...

- સ – સમજ અને સહિષ્ણુતા સાથે
- મા – માનવ-માનવ સાથેના માન અને ઉષ્માભર્યા સંબંધો
- જ – જન્મે, વિકસે ને સચવાય.

અને આ રીતે એક મજબૂત સંગઠન બને જ્યાં પ્રત્યેક વ્યક્તિને પોતાપણું લાગે, દુઃખ દૂર થાય ને સુખ અનુભવાય.

"સામાજિક સંબંધોનું જ્ઞાન જ સમાજ છે."

સંબંધો ત્રણ પ્રકારના છે જેનાથી માનવ વ્યવહાર સુદૃઢ બને.

(1) ભૌતિક સંબંધો :

થાળી - વાટકી, ખુરશી - મેજ, ચોક - ડસ્ટર

ટી.વી. - રિમોટ, કમ્પ્યૂટર - સીડી, પ્રિન્ટર, C.P.U.

લેપટોપ - ચાર્જર, દાળ - ભાત, રસ - રોટલી - પૂરી

જેવા સંબંધો માનવજીવનમાં ઘણા જ જરૂરી છે. જેના ઉપયોગથી જ માનવ વિકાસ શક્ય છે, જે વાપરવાની ક્ષમતા જરૂરી છે.

(2) કાર્યાત્મક સંબંધો :

સૂર્યોદય - કમળનું ખીલવું, પક્ષીઓનો કલરવ, માનવજગતનું પથારી છોડી કામે લાગવું, ચંદ્રોદય - ભરતી-ઓટ, વરસાદ - ધરતી - ઘાસ - લીલી વનસ્પતિ ઉગવી, - અતિ વરસાદ - પૂર - વિનાશકતા, ધરતીકંપ - જવાળામુખી, પૃથ્વી ઉપર પ્રકોપ - વિનાશકતા

આ બધાં વિશે જાણવું અને ચેતીને ચાલવું જરૂરી છે. પ્રમાણસરથી જીવન ચાલે છે. તેના પ્રકોપથી માનવસંહાર થાય.

(3) કૌટુંબિક સંબંધો :

જન્મ થયા પછી કુટુંબથી શરૂ થતા સંબંધો જુદી જુદી જગ્યાએ જુદા જુદા સ્વરૂપે વ્યક્તિને ઘડતા રહે છે.

જન્મને લીધે - પુત્ર, પુત્રી ત્યારબાદ પતિ-પત્ની, ભાઈ-બહેન, માતા-પિતા, દાદા-દાદી, શ્વસુર પક્ષે - પુત્રવધૂ - જમાઈ - સાસુ - સસરા - દિયર, દેરાણી, જેઠ, જેઠાણી .... જેટલા વધુ તેટલા સચવાય તો સમૃદ્ધ જીવન બને.

(4) વ્યાવસાયિક સંબંધો :

પ્રત્યેક પ્રકારના નાના મોટા વ્યવસાયો, નોકરી, વ્યાપાર, ઉદ્યોગો, ફેરિયા, લારીઓવાળા, ગુરુ, વિદ્યાર્થી, આચાર્ય, શિક્ષકો, ધર્મગુરુ, બેંક, દવાખાનું જેટલી સંસ્થાઓ તેટલા સંબંધો વિકસે ને તેની સાથે ચાલી સંબંધો જાળવતાં જાળવતાં સફળ વ્યક્તિત્વ બનાવવાનું તે શિક્ષણનો મુખ્ય ધ્યેય છે.

આવા સંબંધો ધબકતા રહે, હાસ્ય સાથે વધતા રહે, ક્યાંક તૂટે, નવા બંધાય, વિસ્મરણ થાય, ઘર્ષણ થાય, ઉષ્મા, હૂંફ મળે ને સમાજિકરણ થતું રહે ને વ્યક્તિત્વ ઘડાતું રહે.

સમાજનું મહત્ત્વ .... તેનું દર્શન ક્યાં ક્યાં થાય છે ?

સવારે ઊઠી નિત્યક્રમ પરવારી પોતાના કામમાં મગ્ન રહેનાર વ્યક્તિને, બાળક કે વિદ્યાર્થીને જરૂર પડે સમાજનો લાભ મળે છે – અચાનક કોઈ બીમાર પડે, લગ્નપ્રસંગે, નાના મોટા સામાજિક પ્રસંગે અને મૃત્યુપ્રસંગે, ક્યાંક સિદ્ધિ મળે ત્યારે સમાજ વ્યક્તિ માટે મનુષ્યનો રક્ષક, મિત્ર અને માર્ગદર્શક બની પડખે રહી સાંત્વના, સહકાર અને લાગણી પૂરી પાડે છે.

☆ **સમાજને મૂલ્યવાન બનાવવા માટે :**

- સદાચાર કેળવવો, સદાચારની અમાપ શક્તિમાં વિશ્વાસ રાખવો.

- જેના પ્રત્યે ઈર્ષ્યા કે વેરભાવ કે ક્રોધ થાય તે ભાવ વ્યક્ત ન કરતાં ઈર્ષ્યા અને સંદેહનો નાશ કરી સદ્‌ભાવ અને સમતા દર્શાવવી.
- જે સદ્‌માર્ગે ચાલે છે એવા લોકોની જાણ થાય તો તેને શક્ય તેટલી મદદ કરી ખુદ આપણે પણ સત્કર્મો કરતા રહેવું.

☆ **ડૉ. બાબાસાહેબ આંબેડકરનું શિક્ષણમાં પ્રદાન :**

ભારતીય સંવિધાનના ઘડવૈયાઓમાં મોખરે રહેનારા ડૉ. બાબાસાહેબ આંબેડકરના માનવા પ્રમાણે **સમન્યાય - સમાનતા** આવી જ જાય છે. લોકશાહીમાં પ્રત્યેક વ્યક્તિ પોતાની રીતે જ સ્વતંત્ર રહે, વિચારે, કોઈપણ ધર્મ પાળે, કોઈપણ પ્રકારનું શિક્ષણ મેળવે, કોઈપણ વ્યવસાય કરે તેની સંપૂર્ણ સ્વતંત્રતા છે અને કોઈપણ જ્ઞાતિ, જાતિ કે ધર્મના ભેદભાવ વિના સમાજના બધા જ નાગરિકોને સમાન સ્વતંત્રતા તથા અધિકાર પ્રદાન કરવાનો સિદ્ધાંત છે અને તેથી જ....

1891, 14 એપ્રિલના રોજ પિતા રામજી સકપાલ અને માતા ભીમાબાઈના ખોળે ચૌદમા સંતાન તરીકે જન્મેલા. ચૌદમાંથી બે ભાઈઓ **બલરામ** અને **આનંદરાવ**, તેમજ બે બહેનો **મંજુલા** અને **તુલસી** જ જીવિત રહ્યાં હતાં. જે તે સમયની આપણા દેશની તબીબી સ્થિતિ અને દલિત કોમની દશાનાં દર્શન કરાવે છે.

સતારા સ્કૂલમાં ભણતા ભીમરાવ ખૂબ જ તેજસ્વી હોવાથી આંબેડકર નામના બ્રાહ્મણ ગુરુએ તેના ઉપર પ્રસન્ન થઈ **ભીમરાવ** નામ સાથે આંબેડકર જોડી દીધું અને ત્યારથી ડૉ. ભીમરાવ આંબેડકર નામથી ઓળખાયા એ જ એમની તેજસ્વિતા સાબિત કરી આપે છે.

જે માનવતાના ઇતિહાસમાં અગ્રગણ્ય મહાપુરુષોમાં અગ્ર હરોળમાં સ્થિત રહ્યા હતા તેવા બાબાસાહેબ આંબેડકરે બાળપણથી કચડાતા સમાજ પર થતા છૂત - અછૂતનો પ્રકોપ અનુભવ્યો હતો અને તેથી જ તેમને પોતાની પ્રખર બુદ્ધિ, ક્ષમતા, દૃઢ મનોબળ અને કામ કરી પીડિતોને ન્યાય આપવાની લગનીના કારણે પ્રજાસત્તાક રાજ્યનું બંધારણ ઘડવામાં મોખરે

રહ્યા હતા અને તેમને ખાસ કરીને ન ગણી શકાય તેટલી જ્ઞાતિઓ - જાતિઓ - પેટાજ્ઞાતિઓ - ઉતરતી ચઢતીમાં છૂઆછૂતની પ્રથાને નાબૂદ કરાવી હતી ને સમન્યાય અને સમાનતા માટે રાત-દિવસ એક કરી 1950ના બંધારણમાં અસ્પૃશ્યતા નિવારણનો કાયદો દૂર કરાવાયો હતો. હિંદુ ધર્મમાં રહેલ ઊંચ-નીચના ભેદને દૂર કરવા સતત મથી રહેલા આંબેડકરે 1935માં હિન્દુ ધર્મ છોડી બુદ્ધં શરણં ગચ્છામિ કહીને બૌદ્ધ ધર્મ અપનાવી લીધો અને ત્યારપછી તેમાં જ ખૂબ જ ઊંડાણથી રસ લઈ તેનો અભ્યાસ કરતા રહ્યા અને 5 ડિસેમ્બર 1956 સુધી જૈન નેતાઓ - બૌદ્ધ નેતાઓ સાથે ચર્ચાઓ કરતા રહ્યા - તુલનાઓ કરી ને પછાત વર્ગને સમાનતા અપાવવા મથતા જ રહ્યા. છેલ્લે ઊંઘી ગયા અને 6 ડિસેમ્બર 1956 વહેલી સવારે તેઓનો આત્મા આ દુનિયા છોડી ગયો અને અમર થઈ ગયા.

☆ ઔદ્યોગિકીકરણની ઐતિહાસિક અસરો :

પહેલાં જોઈએ તો ખાસ બે શબ્દોને સમજવા પડે.

- ઉદ્યોગો પરથી ઔદ્યોગિક અને
- ઇતિહાસ પરથી ઐતિહાસિક

આપણે સૌ જાણીએ છીએ કે પુરાતનકાળમાં આપણો ભારત દેશ ગૃહઉદ્યોગોથી ધમધમતો અને તેથી જ વિદેશી પ્રજા ભારત તરફ આકર્ષાઈ ને આપણો દેશ ગુલામીમાં જકડાયો. પરંતુ સૌ દેશભક્તો, વીર શહીદો, હોશિયાર ભારતીય જવાનોના સહિયારા પ્રયાસથી દેશ લાંબા આંદોલન પછી સ્વતંત્ર બન્યો અને ભારતમાં એકદમ ઔદ્યોગિકીકરણની માત્રા વધી જેના કારણે હાલ ઇતિહાસ બદલાયો.

- ગૃહઉદ્યોગો તૂટવાથી ગામડાં તૂટ્યાં પરિણામે ખેતી, પશુપાલનને અસર થઈ. લોકોનું શહેર તરફ સ્થળાંતર થતું ગયું.
- શહેરની વસતી ગીચ બની, ગંદકી વધી, બેકારી વધી, રોગચાળો વધ્યો, ખેતીની આવક ઘટતાં આજે મોંઘવારીના ઇતિહાસનો વિક્રમ સ્થપાયો છે.

- મોટા ઉદ્યોગોને કારણે જમીનો વેચાઈ, ગોચરો તૂટ્યાં, ખેડૂતોએ જમીન વેચી, મજૂર બન્યા અને આપઘાતનો સમય આવ્યો, જે મોટો ઇતિહાસ બની રહ્યો છે.
- રાજયશાસન બદલાયું, નદીઓ બંધાઈ, ડેમ બન્યા, નહેરો બની, ફરવાનાં સ્થળો વધ્યાં, લોકો જમીનના પૈસાના કારણે એશઆરામી બન્યા, દુષ્કૃત્યો વધ્યાં, અનૈતિક કાર્યો વધ્યાં, જેની અસર ભવ્ય ઇતિહાસ ઉપર પડી.
- મોટાં કારખાનાં, મિલોથી પર્યાવરણ દૂષિત થવા લાગ્યું. ઋતુચક્રો બદલાયાં અને જમુના નદીના કિનારે બંધાવેલ ઐતિહાસિક ઇમારતનો નાશ થાય તેવી અસર થવા લાગી, જે મોટી ઐતિહાસિક અસર છે.
- સાબરમતીથી વટવા, મણિનગર, કલકત્તા, બિહાર અને મુંબઈમાં પ્રવેશીએ ત્યારથી ઉદ્યોગોને લીધે જે જમીન બગડી છે, જે ઝૂંપડપટ્ટી વિસ્તરી છે તે આપણા દેશની મોટી ઐતિહાસિક અસર છે. જેની વિચારણા કરી સુધાર લાવવો અત્યંત આવશ્યક છે.

ઇતિહાસમાં લખાનારી હકારાત્મક બાબતો :

- વિશ્વમાં વિખ્યાત પ્રથમ ગુણવત્તા ધરાવતા ગોળ, ખાંડ અને મરીમસાલા વિશ્વમાં જવા લાગ્યા જેની દેશના ઇતિહાસમાં નોંધ લેવાય છે.
- વિશ્વમાં પ્રથમ 100માં આવતા ધનાઢ્યોમાં આપણા દેશના 10 ઉદ્યોગપતિઓને સ્થાન મળ્યું છે, જેની ઇતિહાસે નોંધ લેવી જ રહી.
- ધનાઢ્ય ધીરુભાઈ અંબાણીના સુપુત્રો શ્રી અનિલ અંબાણી અને શ્રી મુકેશ અંબાણીની સંપત્તિની વિશ્વમાં નોંધ લેવાઈ છે. મુંબઈમાં 30 માળના પોતાના બંગલાની વિશ્વએ નોંધ લીધી છે.
- ઉદ્યોગોને કારણે IT વધ્યું અને ટેક્નોલોજીના ઉપયોગ વધતાં E-learning, E-class, E-lectures, E-shopping જેવા

ખ્યાલો વિકસ્યા છે જેનો ચોખ્ખો નફો જનતાને થાય છે, જે ઐતિહાસિક ઘટના છે.

- રાજા-મહારાજાઓ, નવાબોના રાજમહેલોમાં સંગ્રહાલયો, હોટેલ, બાગ-બગીચા અને જોવા માટેનાં સ્થળોનું અસ્તિત્વ થયું અને Foreigners જોવા, અભ્યાસ કરવા આવવા લાગ્યાં જેની અસર ઇતિહાસ પર પડી અને વર્તમાન ઇતિહાસ ઘનાઢ્યો તેમજ રાજમહેલોનું નગર એવો બન્યો.
- ભારતના ઉદ્યોગપતિ વધુ સુખી થતા ભારત બહાર જ વધુને વધુ ધંધાર્થે ફરવા લાગ્યા. આત્મીયતા, આત્મવિશ્વાસ વધતો જ રહ્યો જેની આજે પણ વિશ્વ એ નોંધ લીધી છે અને તેના કારણે આંતરજ્ઞાતિય અને આંતરસાંસ્કૃતિક લગ્નો થયાં અને સમાજ બન્યો.
- નદીઓ, દરિયો, અન્ય જળમાર્ગો બંધાવા લાગ્યા અને હવાઈ માર્ગની શરૂઆત થઈ અને જવા-આવવા માટે બીજા માર્ગોની શરૂઆત થઈ.
- ક્યાંક ક્યાંક જિલ્લા પંચાયતોની શાળાઓમાં By e-mail થી કોઈપણ સમાચાર આપવામાં આવતાં, ક્યાંક ક્યાંક ખાસ મુશ્કેલી ઊભી થઈ અને શહેરમાં રહીને દૂર આવેલ ગામડાંઓની જિલ્લા પંચાયતની શાળાઓમાં નોકરી માટે જાય છે.
- ઔદ્યોગિકરણના લીધે શીખવાનું સરળ બન્યું, શિક્ષકની અસર ઓછી જણાવા લાગી અને શિક્ષકવિહીન વર્ગ ક્લાસની અસર જણાય છે જે જનતાને બધી જ બાજુથી નુકસાનકર્તા છે કારણ અહીં eye contact નથી, તેથી જે લાગણી થવી જોઈએ તે શક્ય બનતું નથી.
- ઉદ્યોગોને કારણે આર્થિક સદ્ધરતા વધીને મોટા ઉદ્યોગપતિઓએ self-education (self-finance)માં ઝંપલાવ્યું. મોટી મોટી Educational Institutes બની અને થોડાક વર્ષોમાં શિક્ષિત

બેકારી વધી ને આજે ભારતના ઇતિહાસમાં બેકારીને લીધે મરતા, આપઘાત કરતા વિદ્યાર્થીઓની ગણતરી વધુ થવા લાગી છે.

- ઉદ્યોગપતિઓએ મન માન્યા પગારો આપ્યાં, લોભામણાં વેતનોની લાલચમાં સ્થિર થયેલ સરકારી સંસ્થાઓના માણસો વધુ લાલચે આવી સંસ્થાઓમાં સલાહકારના સ્થાને ગોઠવાતા ગયા.
- વધુ પડતાં શિક્ષિતોને કારણે માંગ કરતાં પૂરવઠો વધતાં બધે જ સહાયક ભરતી થઈ અને તેની અસર કામ ઉપર પડી જ છે.
- ઉદ્યોગોને કારણે દેશો સાથેના સંબંધો મજબૂત થતાં સંસ્કૃતિમાં બદલાવ આવ્યો છે. ખાનપાન, રહેણીકરણી, બોલચાલ, પહેરવેશમાં બદલાવ આવી રહ્યો છે. મૂલ્યોનું ધોવાણ થઈ રહ્યું છે અને એક જુદો જ ઇતિહાસ બની રહ્યો છે.

બિનસાંપ્રદાયિકતા

☆ **સંપ્રદાય :**

કોઈપણ ધર્મને વિભાજિત કરતાં નાનાં નાનાં સંપ્રદાય બને છે, જે લોકોને ભારે અસર કરે છે, વાડાબંધી કરે છે અને ચોક્કસ પ્રકારના નિયમોમાં બાંધી બીજાના ધર્મ પ્રત્યે અનાદરનું સિંચન કરે છે જેના હોવાથી કોઈપણ જાતની દિવાસળી સિવાય પણ આગ ભભૂકી ઊઠે છે ને ક્યારેક તો કોઈક એવું નિંદનીય દુષ્કૃત્ય બને છે તેનાથી બચવા સૌ સલામત રહે તે માટે જ આપણા દેશનું બંધારણ **બિનસાંપ્રદાયિક** છે. એટલે કે બધા જ લોકો પોતાની ઇચ્છા પ્રમાણે કોઈપણ સંપ્રદાયમાં રહીને પોતાનું જીવન વિતાવી શકે અને એટલે જ તો લોકો પોતાનું જ સારું એમ માની બીજાને ધિક્કારે છે. તેથી બિનસાંપ્રદાયિકતાના સાચા અર્થને જાણી સમજી જીવન જીવાય તો પોતાની જાત સાથે સૌનું કલ્યાણ થાય.

જેમ કે, જુદા જુદા ધર્મમાં માનનારા હોવા છતાં એક વાત ચોક્કસ કરી છે કે –

हिंद देश के निवासी सभी जन एक हैं,
रंग रूप वेश भाषा चाहे अनेक है ॥
हिन्दु मुस्लिम सीख इसाई गुरखा मद्रासी
धर्म है अनेक उनकी मंझिल तो एक हैं ॥

એટલે કે પ્રત્યેક રાજ્યમાં હજારો લોકો જુદા જુદા વર્ગમાં જુદા જુદા સંપ્રદાયમાં વહેંચાયા છે પણ ગુજરાત રાજ્ય જેમ એક છે તેમ બધાં જ રાજ્યો એક છે ને (જેમ જુદી જુદી રસોઈ પીરસેલી થાળી એક જ ગણાય છે તેને ભોજન પીરસ્યું તેમ કહેવાય છે.) તે રીતે આપણા 29 રાજ્યોમાં ફેલાયેલ ભારત દેશ અનેક સંપ્રદાયોમાં હોવા છતાં એક જ છે. તેમના દિવ્યપુરુષો તેમને જોડી રહ્યા છે, પ્રેરી રહ્યા છે અને આમ સાચા અર્થમાં બિનસાંપ્રદાયિકતા જળવાઈ રહે છે.

વર્ગખંડમાં પ્રવેશ વખતે જ 20 થી 25 જ્ઞાતિ જેટલા વિદ્યાર્થીઓ સાથે ભણે છે તે પણ જુદા જુદા પંથને માન આપે છે છતાં શિક્ષણના સમયે બધા જ એક જ બનીને કામ કરે છે. પેલા ઘેઘૂર વૃક્ષ ઉપર રાત પડે ને જાત-જાતનાં પંખીઓ વિશ્રામ લે, કલબલ થાય ને થોડીક જ વારમાં શાંત થઈ જાય તેમજ અનેક સંપ્રદાયવાળો આપણો ભારત દેશ જે-તે તારીખ, તિથિએ આવતો ધાર્મિક, રાષ્ટ્રીય કે સામાજિક પ્રસંગોને ઉજવવાનો અધિકાર જે-તે સંપ્રદાયને આપી રહ્યો છે અને તેથી જ વિવિધતામાં એકતાવાળો આપણો ભા–રત સદાય પ્રકાશમાં રત્ રહેનારો દેશ પોતાની ગરિમા સાચવીને કામકાજ કરતો જ રહે છે. એ બધું જ ભારતની શાણી પ્રજાને લીધે શક્ય બને છે. કારણ, દેશના બંધારણમાં ક્યાંય દબાણ નથી કે ધર્મની બાબતમાં આમ જ કરવું, ને તે ન કરવું એમ ક્યાંય કહ્યું નથી, બધા જ સ્વતંત્ર છે પોતાની રીતે.

* * *

સંદર્ભસૂચિ

- રાવલ નટુભાઈ વી. (2011). કેળવણીની તાત્ત્વિક અને સમાજશાસ્ત્રીય આધારશિલાઓ, અમદાવાદ : નીરવ પ્રકાશન.
- જોષી, હરિપ્રસાદ (2006). કેળવણીના સામાજિક પાયા, રાજકોટ : લેખક.
- આનંદ, સી. એલ. અને અન્ય (1984). વિકસતા ભારતમાં શિક્ષક અને શિક્ષણ : ભાગ-1, 2, 3, ગાંધીનગર : ગુજરાત રાજ્ય.
- શાહ, ક્રાન્તિ (1983). ટોફલર કથિત ત્રીજું મોજું, વડોદરા : યજ્ઞ પ્રકાશન.
- જોષી, હરિપ્રસાદ (2000). શૈક્ષણિક તત્ત્વજ્ઞાન, રાજકોટ : લેખક.
- Chaube, S. P. and Akhilesh Chaube (1981). **Philosophical and Socilogical Foundation of Education,** Agra : Vinod Pustak Bhandar.
- દવે (શાસ્ત્રી), જયેન્દ્ર (2013, ચતુર્થ આવૃત્તિ). કેળવણીના તાત્ત્વિક આધારો, અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, ગુજરાત રાજ્ય.
- દવે (શાસ્ત્રી), જયેન્દ્ર (1978). શિક્ષણ-દર્શન પરિભાષા કોશ, વલ્લભવિદ્યાનગર: સરદાર પટેલ યુનિવર્સિટી.
- પાઠક, પ્રા. વિ. (1964). પ્લેટોનું આદર્શનગર, અમદાવાદ : ગુજરાત વિધાનસભા.
- ત્રિવેદી આર. એસ., દવે (શાસ્ત્રી), જયેન્દ્ર અને પટેલ, મોતીભાઈ મ. (1978) જહોન ડ્યૂઈની શૈક્ષણિક વિચારધારા, અમદાવાદ : મે. બી. એસ. શાહ પ્રકાશન.
- જોષી, હરિપ્રસાદ (2011). શૈક્ષણિક ફિલસૂફીની વિસ્તરતી ક્ષિતિજો (અધ્યયન સાહિત્ય), રાજકોટ : લેખક.

- જાદવ, સુનીલ (2013). ડૉ. આંબેડકર ધ મેન ઑફ મુવમેન્ટ, રાજકોટ : દલિત સેવાસંઘ.
- દોંગા, નનુભાઈ (2005). માહિતી અને માહિતી ટેક્નોલોજિ : એક પરિચય, રાજકોટ : નિજિજન સાયકો સેન્ટર.

* * *